THE INDIAN EVIDENCE ACT

ACT NO 1 OF 1872

हिंदुस्थाननो पुरावानो आकट

सन १८७२ नों आकट १ लो.

सन् १८७२ ना आकट १८ माथी सुधारवामां

आवेलो ते सुद्धांत थोडी टीका साथे

शा० लल्लुभाइ सुरचंदे

छपावी प्रसिद्ध कर्यो.



अमदावादमां

"अमदावाद समाचार प्रेसमां" शा० हीलुभाई दलपतरामे छाप्यो.

संवत १९४६ सन १८८९.

कीमत रु. १-०-० एक.

હિંદુસ્થાનનાં ગવરનર જનરલ ઈનકૌંસીલનો નીચે લખેલો આક્ટ તા૦ ૧૫ મી માર્ચ સન ૧૮૭૨ ના રોજ ગવરનર જનરલસાહેબે મંજુર કરયો અને તે સર્વે લોકોને જાહેર કરવાં સારૂ ઇંડિયાના ગેઝોટમાં તા૦૧૬ મી માર્ચ સન ૧૮૭૨ ને રોજ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

સન ૧૮૭૨ નો આક્ટ ૧. લો ૧૮ માના સુધારા સાથે.

(હિંદુસ્તાનનો પુરાવનો આક્ટ.)

अनुक्रमणिका.

કલમ.

કલમ.

પુછવા બાબત.

૧૫૬ લગતી હકીકતના પુરાવાને પુષ્ટી અને [illegible] પુછી શકાય છે

૧૫૭ [illegible]

૧૫૮ [illegible]

૧૫૯. યાદદાસ્ત તાજી કરવા બાબત, સાહેદ યાદદાસ્ત તાજી કરવાને નકલ ક્યારે જોઈ શકે છે.

૧૬૦. કલમ ૧૫૯ માં કહેલા દસ્તાવેજમાં લખેલી હકીકતનો પુરાવો.

૧૬૧. યાદદાસ્ત તાજી કરવાના કામમાં લીધેલા દસ્તાવેજ બાબત સામા પક્ષકારના હક વિશે.

૧૬૨. દસ્તાવેજ હાજર કરવા બાબત દસ્તાવેજને તરજુમો કરવા બાબત.

કલમ.

૧૬૩. દસ્તાવેજ નોટીસ કરીને હાજર કરાવ્યો હોય તેને પુરાવામાં ગુજારવા બાબત.

૧૬૪. નોટીસ ઉપરથી દસ્તાવેજ ગુજારવાની ના કહી હોય તે દસ્તાવેજ પુરાવામાં ગુજારવા બાબત.

૧૬૫. સવાલ પુછવાનો તથા દસ્તાવેજ રજુ કરવાનો હુકમ કરવાનો જડજને કેટલો અખત્યાર છે તે બાબત.

૧૬૬. જુરીના અથવા આસેસરના સવાલ પુછવાના અખત્યાર બાબત.

ભાગ ૧૧ મો—નહી લેવા યોગ્ય પુરાવો લીધો હોય તથા લેવા યોગ્ય પુરાવો નહી લીધો હોય તે બાબત.

૧૬૭. લેવા યોગ્ય પુરાવો નહી લીધો હોય. અથવા નહી લેવા યોગ્ય પુરાવો લીધો હોય તેટલા સબબ ઉપરથી ફરી તજવીજ કરવાનો હુકમ કરવો નહી.

सन १८७२ नो हिंदुस्ताननो पुरावानो आकट.

ઉદ્દેશ. પુરાવાનો કાયદો એ [illegible] ૧૫. ને દુરસ્ત કરવો યોગ્ય [illegible] ઠરાવવામાં આવે છે:—

ભા ૧ લો.

હકીકતનું લાગુપણું.

પ્રકરણ ૧—પ્રથમના વિષય.

ન્હાનું નામ [illegible]

આકટ ક્યાં લાગુ છે. કોર [illegible] લાગુ છે; પરંતુ હરકોઈ કોર્ટને અથવા અમલદારને આફીડેવીટ લખી આપવામાં આવે તેને, અથવા લવાદની રૂબરૂ જે કામ ચાલે તેને તે લાગુ નથી.

તે ક્યારેઅમલમાં આવશે. એ આકટ તારીખ પેહેલા સપ્ટેબર સન ૧૮૭૨ને રોજ અમલમાં આવશે.

ટીકા.—આ કાયદો કોઈ કોર્ટ અગર અમલદારને 'આફીડેવીટ' લખી આપવામાં આવે તેને અને લવાદની રૂબરૂ જે કામ ચાલે તેને લાગુ નથી. અને તે શિવાય બધા કામને લાગુ છે, એવું આ કલમથી ઠરાવેવામાં આવ્યું છે.

આફીડેવીટો વિશે હિ. કા. ક. ૧૯૪–૧૯૭ અને લવાદની રૂબરૂના કામો વિશે હિ. કા. ક. ૫૦૬–૫૨૬ જુઓ.

ક્યા કાયદા રદ કરયા. ૨. સદરહુ તારીખે તથા તે તારીખથી નીચે લખેલા કાયદા રદ કર્યા છે:—

(૧.) [illegible] હોય તેવા કોઇ પણ સ્ટાટયુટ, [illegible] જે પુરાવાના નિયમો હોય તે તમામ.

(૨.) "સન ૧૮૬૧ ના હિંદુસ્તાનની કોન્સીલના આકટની" કલમ ૨૫ મુજબ જે નિયમોને, તથા કાયદા, તથા કાનુનોને, કાયદા જેટલી યોગ્યતા મળી હોય તેવા સર્વે નિયમો, તથા કાયદા, તથા કાનુનો, આ આકટમાં જે બાબતો સબંધી ઠરાવ કર્યો છે તે બાબતો વિશે જેટલા હોય તેટલા, તથા

(૩.) આ આકટના પરીશીષ્ટમાં જે આકટો બતાવ્યા છે તે સદરહુ પરીશીષ્ટના ત્રીજા કોષ્ટકમાં બતાવ્યા છે તેટલા.

પરંતુ બ્રિટિશ ઇંડીયાના કોઈ પણ ભાગમાં કોઇ પણ સ્ટાટયુટ, આકટ, અથવા કાયદો ચાલુ હોય તે આકટથી સ્પષ્ટ રીતે રદ કરવામાં આવ્યો નહી

હોય, તો તેમાંના કોઈ પણ ઠરાવમાં આ આક્ટમાં લખેલી કોઇ પણ વાતથી કમપેશ થએલું સમજવું નહી.

ટીકા. આ કલમની ૧ લી રકમથી પુરાવાની બાબતનો કોઇ પણ ઈંગ્રેજી નિયમ લાગુ પાડવાને હવેથી કોર્ટોને મનાઈ થાય છે.

અર્થ. ૩. આ આક્ટમાં નીચે લખેલા શબ્દો તથા શબ્દપ્રયોગો વાપરવામાં આવ્યા છે, તેનો અર્થ નીચે લખ્યા મુજબ ઠરાવ્યો છે; પરંતુ વાકયના તથા વિષયના સબંધ ઉપરથી તે વિરૂદ્ધ ઈરાદો માલુમ પડે તો સદરહુ પ્રમાણે અર્થ કરવો નહી.

"કોર્ટ". "કોર્ટ" એ શબ્દમાં સર્વે જડજોનો, તથા માજીસ્ટ્રેટોનો, તથા લવાદ શિવાય બીજા જે સખસોને પુરાવો લેવાનો કાયદા મુજબ અધિકાર હોય, તે સર્વે સખસોનો સમાવેશ થાય છે.

"હકીકત" "હકીકત" એ શબ્દનો અર્થ નીચે મુજબ ઠરાવ્યો છે, અને તેમાં નીચે લખ્યા પ્રમાણેની બાબતોનો સમાવેશ થાય છે:—

(૧.) હરકોઈ વસ્તુ, વસ્તુની સ્થીતી અથવા એક વસ્તુનો બીજી વસ્તુ સાથેનો સબંધ, જેનું જ્ઞાન ઈંદ્રીયોવડે થઈ શકે એવું હોય તે;

(૨) મનની જે સ્થિતિનું ભાન કોઈ સખસને હોય તેવી હરકોઇ સ્થિતિ.

દ્રષ્ટાંતો.

(અ) અમુક વસ્તુઓ અમુક રીતે અમુક ઠેકાણે ગોઠવેલી છે, એ એક હકીકત છે.

(બ.) અમુક વાત કોઈ એક માણસે સાંભળી અથવા જોઈ, એ એક હકીકત છે.

(ક.) એક માણસ અમુક શબ્દો બોલ્યો, એ એક હકીકત છે.

(ડ.) કોઇ માણસનો અભિપ્રાય અમુક છે, અથવા તેનો ઇરાદો અમુક છે, અથવા તે શુદ્ધબુદ્ધિથી કામ કરે છે કિંવા કપટથી કરે છે, અથવા તેણે અમુક શબ્દનો અમુક અર્થ સમજીને તેનો ઉપયોગ કર્યો છે, અથવા ઈંદ્રીયોવડે મનમાં અમુક પદાર્થનો [illegible] વા છે, એ હકીકત છે.

(ઈ.) [illegible], એ એક હકીકત છે.

"લગતી" [illegible]

માં [illegible]

હોય, ત્યારે હકીકત મજકુ સદરહુ બીજી હકીકતને લગતી છે એમ સમજવું.

"મુદ્દાની હકીકત." "મુદ્દાની હકીકત" એ શબ્દપ્રયોગનો અર્થ નીચે મુજબ થાય છે, તથા તેમાં નીચે મુજબની બાબતોનો સમાવેશ થાય છે:—

કાંઇ હક, અથવા જવાબદારી, અથવા અશક્તતા છે કિંવા નથી, એવી કોઈ મુકદ- [illegible] કિંવા [illegible] માત્ર [illegible] પડે તે હકીકતને મુદ્દાની હકીકત કહેવી.

ખુલાસો.—દિવાની કામ ચલાવવાની રીત બાબતના જેના તે વખતના ચાલુ કાયદા પ્રમાણે કોઈ દિવાની કોર્ટ, કોઈ હકીકત બાબત મુદ્દા દફતરમાં નોંધે તેવા મુદ્દાના જવા-

બમાં જે હકીકત સ્થાપન કરવાની હોય કિંવા જે હકીકતનો ઈનકાર કરવાનો હોય, તે હકીકતને પણ મુદ્દાની હકીકત સમજવી.

દૃષ્ટાંતો.

અ. ના ઉપર બ. નું ખુન કરયાનું તોહમત છે.
અ. ઉપરની તજવીજમાં નીચે લખેલી હકીકત મુદ્દાની હકિકત હોઈ શકે;
અ. એ બ. નું મોત નીપજ્યું.
અ. નો ઈરાદો બ. નું મોત નીપજાવાનો હતો.
બ. એ અ ને ભારે તથા આકસ્મીક ક્રોધ ઉત્પન્ન કરયો હતો.
જે કૃત્યથી બ. નું મોત થયું તે કૃત્ય કરતી વખતે દિવાનગીના સબબથી પોતે કેવું કામ કરે છે તે બ. જાણી શક્તો નહોતો.

"દસ્તાવેજ". "દસ્તાવેજ" એ શબ્દરૂ કોઈ પણ બાબત સમજવી, જે બાબત કોઈ પણ વસ્તુ ઉપર અક્ષર, અંક, કે ચીન્હરૂ, અથવા એ માંહેના એકથી વધારે સાધનો વડે, સુમજાતી અથવા બયાન કરેલી હોય, અને જે સાધનો તે બાબતના દસ્તાવેજી દાખલા રાખવા સારૂ વાપરવાનો ઇરાદો કરયો હોય, અથવા વપરાય.

દૃષ્ટાંતો.

કોઈ લખાણ એ દસ્તાવેજ છે.
જે શબ્દો કરસાના છાપથી અથવા શિળા છાપથી છાપ્યા હોય, અથવા ફોટોગ્રાફ ઉપર થી લીધા હોય, તે શબ્દો દસ્તાવેજ છે એમ સમજવું.
દેશનો નકશો કિંવા પ્લાન એ દસ્તાવેજ છે.
ધાતુના પત્રા ઉપર અથવા પથરા ઉપર કોતરેલા લેખ દસ્તાવેજ છે.
નીંદાનું હાસ્યકારક ચિત્ર એ દસ્તાવેજ છે.

"પુરાવો" "પુરાવો" એ શબ્દનો અર્થ નીચે લખ્યા મુજબ ઠેરાવ્યો છે, તથા તેમાં નીચે લખ્યા મુજબની બાબતોનો સમાવેશ થાય છેઃ—
[illegible] સંબંધે કોર્ટ પોતા- [illegible] અથવા જે મજ- [illegible]
એ મુજબ કહેલા મજકુરને મુખજુબાની પુરાવો કેહેવો;
(૨.) જે દસ્તાવેજ કોર્ટને તપાસવા સારૂ હાજર કરવામાં આવે તે સર્વે;
એવા દસ્તાવેજને દસ્તાવેજી પુરાવો કેહેવો.

"સાબીતથઇ." જ્યારે કોર્ટની રૂબરૂ જે બાબતો રજુ હોય તે ઉપર વિચાર કરતાં અમુક હકીકત બનેલી છે એવું કોર્ટના માન્યામાં આવે. અથવા કોર્ટની નજરમાં એમ આવે કે તે હકીકત બની છે એ વાત એવી તો સંભવિત છે કે અમુક તેજ કામની કેફિયત જોઈને કોઈ સમજદાર માણસે હકીકત મજકુર બની છે એવી ધારણા ઉપર અમલ કરવો જોઈએ, ત્યારે તે હકીકત સાબિત થઈ એમ સમજવું.

"ગેરશાબીત" જ્યારે કોર્ટની રૂબરૂ જે બાબતો રજુ હોય તે ઉપર વિચાર કરતાં

થય." — અમુક હકીકત બનેલી નથી એવું કોર્ટના માન્યામાં આવે, અથવા કોર્ટની નજરમાં એમ આવે કે તે હકીકત બની નથી એ વાત એવી તો સંભવિત છે કે અમુક તેજ કામની કેફિયત જોઈને કોઈ સમજદાર માણસે હકીકત મજકુર બની નથી એવી ધારણા ઉપર અમલ કરવો જોઈએ, ત્યારે તે હકીકત ગેરશાબિત થય એમ સમજવું.

"નાશાબિત થઈ." — જ્યારે કોઈ હકીકત શાબિત થઈ ન હોય અથવા ગેરશાબિત થઈ ન હોય, ત્યારે તે નાશાબિત થઈ એમ કેહેવું.

ટીકા—ફરીયાદ કરવાનો હકક બતાવવાને વાસ્તે કાયદાની અથવા હકિકતના વિચારમાં લેવાના જે મજકુરો તે વાદીએ સ્પષ્ટ રીતે કેહેવા જોઈએ. તે વિચારમાં લેવાના મજકુરો જરૂરના સમજવા.

પુરાવની વાખ્યામાં દિવાની કામ ચલાવવાની રીતીના કાયદાના ઠરાવ મુજબ કમીશનથી પુરાવ લેવાનો હોય તેનો સમાસ થાય છે. પરંતુ પોલીસ સાક્ષી તપાસે તેનો સમાસ થતો નથી. (ક્રની ગ્રહામ. પાનુ. ૫)

મુદ્દાના સબંધમાં સન ૧૮૮૨ના આકટ ૧૪ માનું પ્રકરણ ૧૧ મું જુઆ.

" અનુમાન કરવાને મુખ્ત્યારછે." — ૪. અમુક હકીકત બની છે એવું અનુમાન કરવાને કોર્ટ મુખત્યાર છે, એમ આ આકટમાં જ્યારે ફરમાવ્યું હોય, ત્યારે તે હકીકત ગેરશાબિત કરવામાં ન આવે તો, તથા જ્યાંહાં સુધી ગેરશાબિત ન થાય ત્યાંહાં સુધી તે હકીકત શાબિત થઇ છે એવું માનવાને, અથવા તની શાબિતી માગવાને કોર્ટ મુખત્યાર છે.

અનુમાન કરવું. — અમુક હકીકત બની છે એવું કોર્ટે અનુમાન કરવું, એવું જ્યારે આ આકટમાં ફરમાવવામાં આવ્યું હોય, ત્યારે કોર્ટે તે હકીકત ગેરશાબિત કરવામાં ન આવે તો, તથા જ્યાંહાં સુધી ગેરશાબિત ન થાય ત્યાંહાં સુધી તે શાબિત થઇ છે એમ માનવું.

"નિર્ણયકાર્ક શાબિતી." — એક હકીકત બીજી હકીકતની નિર્ણયકાર્ક શાબિતી છે, એવું આ આકટમાં [illegible] તો સદરહુ [illegible] હકીકત [illegible] નહી.

ટીકા—[illegible] નીથી તેની ખોળ થાય છે [illegible] જામાં માલમ પડે, અને તે બાબત તે સખસ કાંઇ જવાબ આપી શકે નહીંતો તે ચોર છે અગર તું માલ ચોરાએલો છે એવું જાણ્યાં છતાં તેણે રાખ્યો છે, એવું અનુમાન થાય છે.

ભાગ ૨ જો—હકીકતના લાગુપણા વિશે.

મુદ્દાની કિંવા લગતી હકીકતોનોપુરાવોઆપી શકાય છે. — ૫. પ્રત્યેક મુદ્દાની હકીકત બની છે કિંવા બની નથી તેનો તથા જે [illegible] એવું આ આકટમાં નીચે ઠરાવવામાં આવ્યુ છે તેવી [illegible]

ખુલાસો.—દિવાની કામ ચલાવવાની રીત બાબતના જેના તે વખતના ચાલુ કાયદાના કરકોઈ ઠરાવ ઉપરથી કોઈ એક સખસને એકાદી હકીકતનો પુરાવો આપવાનો હકક ન હોય તો, તે હકીકતનો પુરાવો સખસ મજકુર આ કલમ ઉપરથી આપી શકે છે, એમ સમજવું નહીં.

દ્રષ્ટાંતો.

(અ.) મોત આણવાના ઈરાદાથી બ. ને ડંગોરે વતી મારીને તેનું ખુન કરવા બાબત અ. ના ઉપર તજવીજ ચાલે છે.
સદરહુ તજવીજની બાબતે નીચે લખેલી હકીકત મુદ્દાની હકીકત છે:—
અ. એ બ. ને ડંગોરે વતી મારયો.
અ. એ બ. નું મોત સદરહુ પ્રમાણે માર મારીને આણ્યું.
અ. નો ઇરાદો બનું મોત આણવાનો હતો.

(બ) એક વાદી જે ખત ઉપર પોતે આધાર રાખે છે તે ખત તે પોતાની સાથે લાવી ને મુકદમાની પેહેલી રજુઆતની વખતે હાજર કરવાને સારૂ પોતાની પાસે તઈયાર રાખતો નથી. કામ ચાલ્યા પછી બીજે વખતે પછાડીથી દિવાની કામ ચલાવવાની રીત બાબતમા કાયદામાં જે નિયમો ઠરાવ્યા છે તે નિયમની વિરૂદ્ધ બીજી રીતે વાદીથી ખત મંજકુર આ કલમ ઉપરથી હાજર કરી શકાય છે, અથવા તેનો મજકુર સાબિત કરી શકાય છે, એમ સમજવું નહીં.

ટીકા—જે દસ્તાવેજો ઉપર વાદી આધાર રાખતો હોય તે પેહેલી રંજુઆતે રજુ કરે નહી તો, આ કલમ પ્રમાણે બીજી રજુઆતે રજું કરી શકતો નથી, અને તે દીવાની કા. કલમો ૫૯–૬૨–૬૩–૧૨૮–૧૩૯ અને ૧૪૦માં લખેલા ઠરાવને પ્રાપ્ત થાય છે.

જેહકીકતએક જ પ્રકરણનું અંગ હોય તે હકીકત લગતી છે.

૬. જે હકીકતો મુદ્દાની ન હોય પણ તેનો કોઈ મુદ્દાની હકીકત સાથે એવો સબંધ હોય કે, તે એકજ પ્રકારનું અંગ યાને એકજ કાર્ય નો ભાગ છે, તો તે હકીકતો લગતી છે એમ સમજવું; પછી તે એકજ ઠેકાણે તથા એકજ વખતે બની હોય, કિંવા જુદે જુદે વખતે તથા જુદે જુદે ઠેકાણે બની હોય તેની ચિંતા નહીં.

દ્રષ્ટાંતો.

(અ.) બ. ને માર મારીને તેનું ખુન કરયું એવું તોહમત અ. ઉપર છે. અ. કિંવા બ. કિંવા પાસે ઉભેલા લોકોએ, મારતી વખતે અથવા ત્યાર પેહેલાં કિંવા પછી થોડીવાર ઉપર, એવું જમે તે કાંઈ કહ્યું અથવા કરયું, કે તે કેહેવું અથવા કરવું એ સદરહુ ખુનના પ્રકરણ કિંવા કાર્યનું અંગ યાને ભાગ હોય, તો તે કેહેવું અથવા કરવું લગતુ છે એમ સમજવું.

(બ.) હથીયારબંધ લોકોએ બ
ડાઈ કરયાનુ તોહમત અ.
રયો, તથા લસકરના ઉપર હલ્લા કરસ્યા, તથા કેદખાનાં ફોડ્યાં સદરહુ હકીકતો બની તે સર્વે જગાએ અ. હાજર ન હોય તોપણ તે હકીકતો બન્યાની વાત લગતી છે, કારણ કે એકંદરે જે પ્રકરણ યાને કાર્ય થયું તેના તે અંગ યાને ભાગ છે.

(ક) કાંઈ કાગળ પત્ર લખવામાં આવ્યા હતા તે પૈકી એક પત્રમાં આબરૂ લેવાનું લખાણ કરવા બદલ અ. એ બ. ઉપર દાવો કર્યો છે. જે બાબત ઉપરથી સદરહુ આબરૂ લેવાનું લખાણ ઉત્પન્ન થયું તે બાબતમાં પક્ષકારો મજકુરે એક બીજાને જે પત્રો લખ્યા હોય તે પત્રો જે સદરહુ લખવામાં આવેલા જે કાગળ પત્રમાં આબરૂ લેવાનું લખાણ છે તે કાગળપત્રમાંના પાને તેના ભાગ હોય, તો તેમાં ખુદ સદરહુ આબરૂ લેવાનું લખાણ ન હોય, તોપણ તે સર્વે લગતા છે.

(ડ) અમુક માલ બ. ની પાસેથી મંગાવ્યો હતો તે અ. ને સ્વાધિન કરવામાં આવ્યો હતો કે નહીં એવી તકરાર છે. માલ વચમાં દરમ્યાન કેટલીએક સખસોને એક પછી એક અનુક્રમે સ્વાધિન કરવામાં આવ્યો હતો. સદરહુ દરએક માણસને માલ સ્વાધિન કર્યો એ દરએક હકીકત લગતી છે.

[illegible] અમુક હકીકત [illegible] ખરી રીતે તે [illegible] એ નક્કી કરવાનું કામ કોર્ટનું છે.

જે હકીકતમુદ્દાની હકીકતનું પ્રયોજનકિંવા કારણકિંવા ફળ થવા જે બાબત.

૭. જે હકીકતો લગતી કિંવા મુદ્દાની હકીકતનું પ્રત્યક્ષ કિંવા બીજી રીતનું પ્રયોજન અથવા કારણ, અથવા ફળ માને પરિણામ હોય, અથવા વસ્તુઓની જે સ્થિતિને સબબે હકીકત મજકુર બની તે સ્થિતિ હોય, અથવા જે ઉપરથી હકીકત મજકુર બનવાને કિંવા કરવાને પ્રસંગ મળી આવ્યો તે હકીકતો લગતી છે, એમ સમજવું.

દૃષ્ટાંતો.

(અ) તકરાર એવી છે કે અ. એ બ. ની પાસેથી આહરણ કરયું કે નહીં, અપહરણ થયુ [illegible]

(બ [illegible]

ખુન થયું તે ઠેકાણે અથવા તેનજદીક જમીનની ઊપર વળગા ઝુપીનાં નિશાનૂ પડયાં છે, એ હકીકત લગતી છે.

(ક). તકરાર એવી છે કે અ. એ બ. ને ઝેર દીધું કે નહીં.

ઝેહેર આપ્યાથી જે ચિન્હો થાય છે તે ઝાગાઉ બ ની તબિયતની સ્થિતિ કેવી હતી તથા બ ની ટેવ શી હતી, જે અ.ને વાકેફ હતા તેથી ઝેહેર આપવાની સધિ મળી, એ હકીકતો લગતી છે.

[illegible]

જ્યારે આવા સબંધના આધારથી અનુમાન કરવાનું હોય ત્યારે જે જે રીતીએ સબંધ બતાવવામાં આવે તે દરેક રીતી સાબેત થવી જોઇએ, અગર તે કામની હકીકત પ્રમાણે પુરાવે તેવો સંબંધ છે, એ જોવામાં સાવધગીરી રાખવી જોઇએ.

હેતુ તૈયારી તથા પ્રથમની કિંવા પાછળની વર્તણુંક. ૮. જે હકીકત ઉપરથી મુદ્દાની કિંવા લગતી હકીકતોનો કારણ હેતુ કિંવા તૈયારી માલમ પડે, અથવા જે હકિકત સદરહુ મુજબનો હેતુ કિંવા તૈયારી હોય, તેવી હરકોઈ હકીકત લગતી છે, એમ સમજવું.

હરકોઈ મુકદ્દમાને અથવા કામને સબંધે અથવા તે માંહેની મુદ્દાની કિંવા લગતી હકીકતને સબંધે, એવા મુકદ્દમાના અથવા કામના હરકોઈ પક્ષકાર અથવા પક્ષકારના હરકોઈ મુખત્યારની વર્તણુંક, તથા કાંઈ ગુન્હા બદલ કાંઇ પણ કામ ચાલતું હોય તે ગુન્હો જે સખસના ઉપર અથવા વિરૂદ્ધ બન્યો હોય તે સખસની વર્તણુંક, લગતી છે; પરંતુ એવી વર્તણુંક ઉપરથી કોઈ મુદ્દાની અથવા લગતી હકીકત થયેલી હોવી જોઈએ. અથવા તે હકીકત ઉપરથી તેવી વર્તણુંક થયેલી હોવી જોઈએ; પછી તે વર્તણુંક તે હકીકતના પ્રથમની હોય કિંવા પાછળની હોય તેની ચિંતા નહી.

ખુલાસો ૧ લો—કોઈ જાહેર કરેલા મજકુરનો સમાવેશ આ કલમમાં "વર્તણુંક" શબ્દ વાપરેલો છે તેમાં થતો નથી; પણ સદરહુ મજકુર જાહેર કરીને તેની સાથે કાંઇ જાહેર કરેલા મજકુર શિવાય બીજાં કૃત્યો કીધાં હોય તથા તે કૃત્યોનો તે મજકુર ઉપરથી ખુલાસો થતો હોય, તો તેવા મજકુરનો સમાવેશ "વર્તણુંક" એ શબ્દમાં થાય છે; પરંતુ આ આકટની બીજી કોઈ પણ કલમ મુજબ કોઈ જાહેર કરેલો મજકુર લગતો હોય તો તેને આ ખુલાસા ઉપરથી બાધ થતો નથી.

ખુલાસો ૨ જો—જ્યારે કોઈ સખસની વર્તણુંક લગતી હોય, ત્યારે જે મજકુર તેને અથવા તેની રૂબરૂ તથા તે સાંભળી શકે એવી રીતે કેહેવામાં આવે, અને તે મુજબ કેહેવાથી સદરહુ વર્તણુંકમાં કાંઇ ફેર પડે એવું હોય તો, તે મજકુર લગતો છે એમ સમજવું.

દ્રષ્ટાંતો.

(અ) બ. નું ખુન કર્યા બાબત અ. ના ઉપર તજવીજ ચાલે છે.
અ. એ ક. નું ખુન કરયું હતું, તથા અ. એ ક. નું ખુન કરયું છે એ વાત બ. ને માલમ હતી, તથા પોતાને જે વાત માલમ હતી તે વાત પ્રગટ કરવાની ધાસ્તી આપીને અ. ની પાસે પૈસા કઢાવવાનું બ. એ પ્રયત્ન કરયું હતું, એ હકીકતો લગતી છે.

(બ) પઈસા વસુલ કરવા સારૂ અ. એ બ. ઉપર એક ખત ઉપરથી દાવો માંડયો છે. ખત લખી આપ્યાનો બ. ઇનકાર કરે છે.
જે વખતે તકરારી ખત થયાનું કેહે છે તે વખતે બ. ને અમુક કારણ સારૂ પઈસાની જરૂર હતી, એ હકીકત લગતી છે.

(ક) બ. ને ઝેહેર ખવરાવીને તેનું ખુન કર્યા બદલ અ. ના ઉપર તજવીજ ચાલે છે.
બ. ને જે ઝેહેર ખવરાવવામાં આવ્યું છે તેજ જાતનું ઝેહેર અ. એ બ. ના મારવા પેહેલાં મેળવ્યું હતું, એ હકીકત લગતી છે.

(ડ). તકરાર એવી છે કે અમુક દસ્તાવેજ અ. નું મૃત્યુપત્ર છે કે નહીં.
તકરારી મૃત્યુપત્રમાં જે બાબતના ઠરાવ કર્યા છે તે વિશે જે તારીખે સદરહુ તકરારી મૃત્યુપત્ર થયું તે તારીખની પેહેલાં થોડા દિવસ ઉપર અ. એ કાંઇ તપાસ કરી હતી તથા મૃત્યુપત્ર મજકુર કરવાની બાબતમાં તેણે વકીલની સલાહ લીધી હતી.

તથા તેણે બીજાં મૃત્યુપત્રના ખરડા કરાવ્યા હતા, પરંતુ તે તેણે પસંદ કર્યા નહી. એ હકીકતો લગતી છે.

(ઈ). અ. ના ઉપર એક ગુન્હો કર્યાનું તોહમત છે.

ગુન્હો કર્યાનું કેહેવામાં આવે છે તેની પેહેલાં કિંવા તે વખતે કિંવા તે પછી અ. એ એવો પુરાવો આણ્યો કે તે ઉપરથી મુકદમાની હકીકતનું સ્વરૂપ અને પોતાને ફાયદો થાય એવું બને, કિંવા તેણે પુરાવાનો નાશ કર્યો કિંવા છુપાવ્યો, કિંવા જે સખશે સાહેદ હોત તે સખસોને હાજર થવાનો અટકાવ કર્યો કિંવા તે ગેરહાજર રહે એવી તજવીજ કરી, કિંવા ગુન્હા મજકુર બાબત ખોટી સાહેદી આપવાનું કોઇ સખસોને શિખવ્યું, એ હકીકતો લગતી છે.

(ઉ). તકરાર એવી છે કે અ. એ બ. ની પાસેથી અપહરણ કરયું કે નહી.

બ. ની પાસેથી અપહરણ થયા પછી ક. એ અ. ની રૂબરૂ એમ કહ્યું કે "જે માણસે બ. ની પાસેથી અપહરણ કરયું છે તે માણસને શોધી કાઢવા સારૂ પોલીસના માણસ આવે છે," તથા એમ કહ્યા પછી લાગલોજ અ. નાશી ગયો, એ હકીકતો લગતી છે.

(ગ) તકરાર એવી છે કે અ. ને બ. ના રૂપીયા દસહજાર દેવા છે કે નહી.

અ. એ [illegible] રૂપીયા [illegible] ના રૂબરૂ તથા તે સાં- [illegible] છું કે અ. ઉપર ભરોંસો [illegible] નરનું છે" અને અ. કાંઇ [illegible] છે.

(ઘ). તકરાર એવી છે કે અ. એ ગુન્હો કર્યો છે કે નહી.

ગુન્હેગારને શોધી કાઢવા બાબતની ચોકસી ચાલી છે એવી સુચનાનું પત્ર પોહોંચ્યા પછી અ. છુપાઇ બેઠો છે એ હકીકત તથા પત્રમાં લખેલો મજકુર, એ હકીકત લગતી છે.

(ચ). અ. ઉપર કોઇ એક ગુન્હો કર્યાનું તોહમત છે.

જે ગુન્હાનું તોહમત છે તે ગુન્હો બન્યા પછી અ. છુપાઇ બેઠો, અથવા ગુન્હો મ- [illegible] મેળવેલા પદાર્થ અ. ના કબ- [illegible] વાપરવા સરખી હોય કિંવા [illegible] હકીકતો લગતી છે.

(જ). [illegible]

સદરહુ કલમ મુજબનો સ[illegible]

ફરીયાદ કરી એ હકીકત, તથા જે બીના ઉપરથી તથા જે સબબે લખીને ફરીયાદ મજકુર કરી, એ હકીકત લગતી છે.

ફરીયાદ કર્યા વગર ઓરત મજકુરે એવું કહ્યું કે કોઇ સખસે મ્હારી સાથે બળાત્કાર સંભોગ કર્યો એ હકીકત આ કલમ પ્રમાણે વર્તણુંક તરીકે લગતી નથી; પરંતુ તે નીચે મુજબ હોય તો લગતી થઇ શકે છે.

કલમ ૩૨ મીની રકમ (૧) મુજબ મરતી વખતના ઈકરાર તરીકે હોય તો, અથવા, કલમ ૧૫૭ મુજબ પુષ્ટિકારક પુરાવા દાખલ હોય તો.

(ફે). તકરાર એવી છે કે અ. ની ઊપર અપહરણ થયું છે કે નહીં.

સદરહુ કલમ મુજબનું અપહરણ થયા પછી થોડી વારે તેણે ગુન્હા વિશેની ફરીયાદ કરી એ હકીકત. તથા જે બાના ઊપરથી તથા જે લખાણ કરીને ફરીયાદ મજકુર કરી તે હકીકત લગતી છે.

ફરીયાદ કર્યા શિવાય તેણે એવું કહ્યું કે મારી પાસેથી અપહરણ થયું એ હકીકત આ કલમ મુજબ વર્તણુંક તરીકે લગતી નથી; પરંતુ તે નીચે મુજબ હોય તો તે લગતી થઈ શકે છે.

કલમ ૩૨ની રકમ (૧) મુજબ મરતી વખતના ઈકરાર તરીકે હોય. તો, કિંવા કલમ ૧૫૭ મુજબ પુષ્ટિકારક પુરાવા તરીકે તે હોય તો.

ટીકા—દસ્તાવેજના પક્ષકારોનો ખરેખરો ઇરાદો નક્કી કરવાના કામમાં એ દસ્તાવેજ થયા પછી તેમણે શું કર્યું છે, તે બાબતનો પુરાવ લગતો છે. આ નિયમ ૩૦ વર્ષ ઉપરાંતના જુના લેખોને પણ લાગુ પડે છે. રાબર્ટ વાટસન કંપની વિ. મોહેશ નારાયણરાય (૨૪ વી. રી. પાનું. ૫૧–૧૭૮) વિગેરેના ઠરાવો જુઓ.

આ કલમમાં જે હકીકત કૃત્યને જોડાએલી અને જેથી તે કૃત્યનો ખુલાસો થાય છે તેટલી હકીકતનોજ ફક્ત સમાસ થાય છે. બીજી જુદી જુદી હકીકત આ કાયદાની જુદી જુદી કલમોમાં બતાવવામાં આવી છે, માટે કોઇ ઓરત પોતાના માં બાપ અગર બીજા સખસને જઈ ફરીયાદ કરે કે મારી સાથે બળાત્કાર સંભોગ કરયો, તો ફરીયાદ કર્યાની વાત અને ફરીયાદમાં જે કહ્યું તે બાબત લાગતી હકીકત છે. પરંતુ તેણે ફરીયાદ કર્યા વગર ફક્ત કહ્યું હોય કે મારી સાથે સંભોગ કરયો હતો તે કાંઇ આ કલમ પ્રમાણે પુરાવમાં લેઇ શકાતું નથી. પછી તે આ આક્ટના બીજા કોઈ ઠરાવ પ્રમાણે લઇ શકાતું હોય તો તે લેવાય.

લાર્ડ ટેનડરડન કહે છે કે જે માણસને મ્હોડે રૂબરૂમાં કાંઈ કેહેવામાં આવે, તે જો તે કબુલ કરતો ના હોય તો તેણે કેટલેક દરજ્જે તે કેહેવું ઉલટાવવું જોઇએ. ટેલરકૃત પ્રમાણુશાસ્ત્રની કલમ ૭૩૫

આ આક્ટની કલમ ૧૦ અને ૮ ના દાખલા (ગ) પ્રમાણે બુદ્ધિપુર્વક મહાવ્યથાના આરોપના કામમાં જે સખસને ઈજા થઈ હોય તેણે તે ઈજા થયા પછી ત્રાહીતને કહેલું હોય તો, તે પુરાવમાં દાખલ કરવા લાયક હકીકત છે. (ઈ. લા. રી. ૧૦ ક. પાનું. ૩૦૨)

લગતી હકીકતના ખુલાસાને સારૂ અથવા તેને કામમાં આણવા સારૂ જે હકીકતની જરૂર હોય તે બાબત.

૯.. કોઇ મુદ્દાની કિંવા લગતી હકીકતનો ખુલાસો કરવા સારૂ કિંવા તેનો કામમાં પ્રવેશ કરાવવા સારૂ જે હકીકતની જરૂર હોય તે હકીકત, અથવા કોઈ મુદ્દાની કિંવા લગતી હકીકત ઊપરથી જે ધારણા નિકળતી હોય તેને જે હકીકત ઊપરથી મજબુતી મળતી હોય કિંવા તે રદ થતી હોય તે હકીકત, અથવા હરકોઇ વસ્તુ કિંવા સખસને ઓળખવું એ વાત લગતી હોય તો તે એક રૂપતા જે હકીકત ઉપરથી સ્થાપન થતી હોય તે હકીકત, અથવા હરકોઈ તકરારી કિંવા લગતી હકીકત જે વખતે કિંવા જે ઠેકાણે બની તે વખત કિંવા ઠેકાણું જે હકીકત ઉપરથી મુકરર થતું હોય તે હકીકત, અથવા સદરહુ પ્રમાણેની હરકોઇ હકીકત જે પક્ષકારોની બની તે પક્ષકારોનો સબંધ જે હકીકત ઉપરથી માલમ પડે તે હકીકત, એ સર્વે હકીકતો સદરહુ કામ સારૂ તેની જરૂર હોય તેટલે દરજ્જે લગતી છે, એમ સમજવું.

દ્રષ્ટાંતો.

(અ.) તકરાર એવી છે કે અમુક દસ્તાવેજ અ.નું મૃત્યુપત્ર છે કે નહી.
તકરારી મૃત્યુપત્રની તારીખે અ.ની મિલકતની તથા તેના કુટબની સ્થિતી કેવી હતી એ હકીકત લગતી છે.

(બ.) ફ્રજેતી થાય એવી વર્તણુંક અ. ચાલ્યો એવો આરોપ મુકીને આબરૂ લીધા બાબત અ.એ બ. ઉપર દાવો કરયો છે. બ. એવું કેહે છે જે જેવાત આબરૂ લેવા જેવી કેહેવામાં આવે છે તે વાત સાચી છે.
તકરારી આબરૂ લેવા જેવી વાત પ્રગટ કરી તે વખતે સદરહુ પક્ષકારોની સ્થિતી તથા સબંધ કેવી રીતના હતા એ હકીકત મુદ્દાની હકીકતના કામમાં પ્રવેશ કરાવવા સારૂ લગતી છે.
તકરારી આબરૂ લેવાની વાત જોડે સબંધ ન હોય એવી બાબતમાં કાંઈ ટંટો અ. તથા બ. ની દરમીયાન હોય, તે ટંટાની તપસીલવાર હકીકત લગતી નથી; પરંતુ કાંઈ ટંટો હતો એ હકીકત ઉપરથી અ. તથા બ. વચ્ચેનાં સંબંધમાં કાંઈ ફેર પડતો હોય તો, તે ટંટો હતો એ હકીકત લગતી છે,

(ક.) અ. ઉપર એક ગુન્હો કર્યાનું તોહમત છે.
ગુન્હો મજકુર થયા પછી થોડી વારે અ. પોતાના ઘરમાંથી છુપી રીતે નાશી ગયો, એ હકીકત કલમ આઠ મુજબ મુદાની હકીકતો ઉપરથી પછવાડેથી વર્તણુંક થઈ, એવા સબંધથી લગતી છે.
જ્યારે તે ઘર છોડીને ગયો ત્યારે જે ઠેકાણે તે ગયો તે ઠેકાણે તેને એકાએક જરૂરી કામ આવી પડયું હતું એ હકીકત, તે એકાએક ઘર મુકીને ગયો એ હકીકતના ખુલાસાને સારૂ લગતી છે.
જે કામને સારૂ તે ગયો તે કામની તપસીલવાર હકીકત લગતી નથી, પરંતુ કામ [illegible]

(ડ.) [illegible]

એવું કહેલું હતું કે "હું તમને છોડીને જાઉંછું તે એ કારણથી કે બ.એ મને વધારે સારી નોકરી આપવાનું કહ્યું છે." ક ની વર્તણુંક મુદ્દાની હકીકત તરીકે લગતી છે. તે વર્તણુંકનો ખુલાસો કરવા સારૂં કપલ્યું બોલવું લગતી હકીકત છે.

(ઈ) અ ઉપર ચોરી કર્યાનું તોહમત છે. તેણે ચોરીનો માલ બ.ને આપ્યો એવું જોવામાં આવ્યું. બ. એ તે અ. ની સ્ત્રીને આપ્યો, એવું પણ જોવામાં આવ્યું. બ. માલ આપતી વખતે એમ કેહે છે કે " અ. કેહે છે કે આ તમો છુપાવી રાખો." સદરહુ બ. નું બોલવું લગતુ છે, કારણ કે જે હકીકત પ્રકરણ થાને કાર્ય મજકુરનું અંગ થાને ભાગ છે, તે હકીકતનો તે ઉપરથી ખુલાસો થાય છે.

(ફ) હંગામો કરયા બાબત અ. ઉપર તજવીજ ચાલે છે, અને એવું શાબીત થયું છે કે લોકોના એક ટોળાની અગાડી આગેવાન તરીકે તે ચાલતો હતો. સદરહુ લોકોના

ટોળાએ કરેલા પોકાર જે પ્રકારનું એ કૃત્ય બન્યું તેના ખુલાસાને સારૂ લગતા છે.

ટીકા— કાંઈ હકીકતથી ખુલાસો થાય તેવું હોય, ત્યારે જે સખસના વિરૂદ્ધ તે કહેવામા આવે તેણે તે સાંભળી હોય કિંવા નહી, અને તે તે વખતે હાજર હોય કિંવા નહી, પણ તે પુરાવમાં લેઈ શકાય છે. એવું ડ. ઈ અને ફ. ઉદાહરણ ઉપરથી જણાય છે. (ક્નીંગહામ. પાનું.૧૬).

ઈ. દ્રષ્ટાંત. એક કામમાં ક. એ હકીકત કહી હોય અને બીજા કામમાં ખ. એ કહેલી હોય તે પુરાવ તરીકે અમુક કૃત્યની સાથે કહેવામાં આવી છે, એમ કરી દાખલ કરવા લાયક છે, પણ તે કારણ. અ. અગર બ. ને અસર થાય તે પ્રમાણે ચાચાઇનું નથી. તેવું કેહેવાથી પક્ષકારોને અસર થવાને કાંઈ આધારવાળો પુરાવ જોઇએ.

જે પુરાવ બીજી રીતે દાખલ થઈ શકે તેવો ના હોય, તે કોઈ કોઇ વખતે ઓળખાણની બાબતને વાસ્તે દાખલ કરવા લાયક થઈ શકે છે. (નૉર્ટનની ટીકાનું પાનું. ૧૧૯).

ગુન્હો કરવા ને સંપ કીધો હોયતેવા કોઈ સખસેતે લોકો નાસામાન્યહેતુ સબંધી કાંઇક કહ્યું અથવાકરયું હોય,તેબાતત.	૧૦. કાંઈ ગુન્હો કિંવા દાવો ચાલવા લાયક અપકારનું કૃત્ય કરવા સારૂ બે અથવા વધારે સખસોએ સંપ કીધો છે, એવું માનવાને યોગ્ય કારણ હોય ત્યારે સદરહુ સખસો પેકી કોઇ એક સખસે તે લોકોના સામાન્ય ઇરાદાને સબંધે ઈરાદો મુજકુર પ્રથમ તેમાંના હરકોઈ એક સખસે કીધા પછી કાંઇ કહ્યું કિંવા કરયું કિંવા લખ્યું હોય તો, એવો સંપ કરનાર હરકોઇ સખસ સંપ મજકુરમાં સામિલ હતો તે બતાવવા સારૂ, તેમજ સદરહુ મુજબ સંપ થયો છે એવું શાબિત કરવાને સારૂ, સદરહુ કહેલી, કરેલી, અથવા લખેલી વાત જે સખસોએ સંપ કરયાનું માન્યામાં હોય તેવા પ્રત્યેક સખસ વિરૂદ્ધ લગતી છે.

દ્રષ્ટાંત.

(અ.) રાણીની વિરૂદ્ધ લડાઈ કરવા સારૂ સંપ કરવામાં આવ્યો છે તેમાં અ. સામિલ થયો છે એવું માનવાને યોગ્ય કારણ છે.

જે કારણને સારૂ સદરહુ સંપ થયો છે તે કારણને વાસ્તે બ. એ યુરોપથી હથીયારો મંગાવ્યાં, તથા તેજ કારણને સારૂ ક. એ કલકતા મધ્યે પૈસા એકઠા કરયા, તથા સંપ મજકુરમાં સામિલ થવા ડ. એ મુંબાઇમાં લોકોને સમજાવ્યા, તથા જે કામ કરવાનો વિચાર છે તે કરવું યોગ્ય છે એવા વાદના લખેલાં કાગળો ઈ. એ આગ્રામાં પ્રસિદ્ધ કરયા, તથા જે પૈસા ક. એ કલકતા મધ્યે એકઠા કરયા હતા [illegible] હેવાલનો [illegible] એ બાતિ [illegible] સારૂ લગતી છે; પછી તે સર્વે હકીકતોથી અ. અજાણ્યો હોય તથા જે સખસોએ હકીકત મજકુર મુજબ કરયું તે સખસોને અ. ઓળખતો ન હોય, તથા અ. સંપ મજકુરમાં સામિલ થયો તેની અગાડી અથવા તે સંપમાંથી નિકળી ગયો ત્યાર પછી સદરહુ હકીકતો બની હોય તેની ચિંતા નહીં.

ટીકા—(૧ આ કલમ ગુન્હાને કિંવા દાવો કરવા લાયક અપકૃત્ય કરે તેને, સંપ કરનારાઓને તથા સહપ્રવેશ કરનારાઓને લાગુ થાય છે; (૨) પુરાવો લેતા પેહેલાં સંપ ક-

રયો હોય તો એ વાત માનવાને યોગ્ય કારણ હોવું જોઈએ. (૩) કાયદા વિરૂદ્ધ કામમાં ..ડેલા સખસોનો સબંધ બતાવવામાં આવ્યા પછી એ સંપના હરેક અગ્ગુતે કાંઈ ક-ર્યું [illegible] છે; પછી તે સ-[illegible] અથવા કહ્યું તે [illegible] ર્યું હોય તે તથા જે કહ્યું [illegible] મજકુરમાં સામેલ થ-યો તે પેહેલાં અથવા તે સંપમાંથી નીક[illegible] લેઈ શકાય છે, (૫), સંપ. મજકુરના [illegible] પુરવણીમાં લખ્યો ન હોય તોપણ પુરાવામાં લેવાય છે. આ છેલ્લો નિયમ ઈંગ્લાંડમાં ચાલે તેથી ઉમદો છે. આ બધી બાબતમાં ટેલરસાહેબના પોતાના ગ્રંથની કલમ ૫૨૬, ૫૩૪ જુઓ.

વળી આ બાબતમાં મુખજબાની અને લખેલો મજકુર તથા થએલા કૃત્ય વિશેની વાતોમાં જે ભેદ છે તે પણ લક્ષમાં રાખવો જોઈએ, કેમકે જે કૃત્ય થએલાં તેની પાછળ નહિ કહેલી વાતોથી ખુલાસો થતો નથી, દુરસ્ત થતું નથી, તેમ તે જુદુ પણ થતુ નથી. એક સખસ આવી મસલતમાં બનેલી હકીકત પોતાનો મીત્ર જે તેમાં સામેલ નહી હોય તેને લખે તો, તે બાબત આ બીજા વિરૂદ્ધ થતી નથી, પરંતુ તે લખનારની વિરૂદ્ધ પુરાવ થાય છે (નાર્ટનસાહેબની ટીકા પાનું ૧૨૩)

હકીકત બીજીરીતે લગતી ન હોય તો તે ક્યારે લગતી સમજવી.

૧૧. જે હકીકત બીજી કાંઈ રીતે લગતી ન હોય, તે જો નિચે મુજબની હોય તો લગતી છે, એમ સમજવું.

(૧.) હરકોઈ મુદ્દાની કિંવા લગતી હકીકતથી તે વિરૂદ્ધ હોય તો;

(૨.) હરકોઈ મુદ્દાની કિંવા લગતી હકીકત બન્યાનો ઘણો સંભવ છે કિંવા સંભવ નથી એવું, તથા નહી બન્યાનો ઘણો સંભવ છે કિંવા સંભવ નથી એવું, સ્વતંત્ર રીતે તે ઉપરથી, અથવા બીજી હકીકત સાથેના તેના સબંધ ઉપરથી માલમ પડે એવી હોય તો;

દ્રષ્ટાંતો.

(અ.) તકરાર એવી છે કે, અ. એ કલકત્તા મધ્યે અમુક દીવસે ગુન્હો કરયો કે નહી. સદરહુ તારીખે અ. લાહોર મધ્યે હતો એ હકીકત લગતી છે.

જે વખતે ગુન્હો થયો તે અરસામાં ગુન્હો થયો તે ઠેકાણેથી અ. દુર હતો, તેથી કરીને તેણે ગુન્હો કરયાની વાત અશક્ય નથી પણ ઘણી અસંભવિત છે, એ હકીકત લગતી છે.

(બ.) તકરાર એવી છે કે અ. એ ગુન્હો કરયો છે કે નહીં.

કેફિયત એવી છે કે ગુન્હો મજકુર અ, બ, ક, અથવા ડ. એઓ પૈકી કોઈ એકે કરેલો હોવો જોઈએ. ગુન્હો મજકુર બીજો કોઈ સખસ કરી શકે એમ ન્હોતું એવું, તથા તે બ, ક, અથવા ડએ કરેલો ન્હોતો, એવુ જે હકીકત ઉપરથી માલમ પડે તે પ્રત્યેક હકીકત લગતી છે.

ટીકા—કનીંગહામસાહેબ કેહે છે કે આ કલમના **અર્થને** અયોગ્ય રીતે બોહોળો કરેવા નહીં, કારણ કે તેમ કરવામાં આવે તો આ કાયદામાં લગતી હકીકત બાબતના જે નિયમ છે તે બધા નહી સરખા જેવા થઈ જાય, અને આ કલમજ મુખ્ય ગણાય, માટે તે બાબત સંભાળ રાખવી જોઇએ. ઊદાહરણો ઉપરથી જણાય છે કે વિરૂદ્ધ એટલે અમુક હકીકત અશક્ય હોય તે, જેમકે એક માણસ બે જગાએ એકી વખતે હોઈ શકતો નથી. ઘણું અસંભવિત એટલે અશક્ય નહીં, પણ તેથી બીજા દરજ્જાની હકીકત હોય છે.

નુકશાનનાદાવામાં જે હકીકતઊપરથીકોર્ટ નુકશાનની રકમ મુકરરકરીશકેતે હકીકત લગતીછે.

૧૨. જે મુકદમામાં નુકશાનનો દાવો કરેલો હોય તે મુકદમામાં કેટલું નુકશાન આપવું જોઈએ, એ જે હકીકત ઊપરથી કોર્ટ મુકરર કરી શકે તે હકીકત લગતી છે.

ટીકા—નાણાના જે અવેજથી વાદીને સંતોષ થાય છે અને જે વાદી દાવો જીતીને મેળવી શકે છે તે નુકશાન છે. નાણા વસુલ કરવાના હકકમાં અને જે રકમ વસુલ કરવાની હોય તેમાં ભેદ છે, તે સમજવાની જરૂર છે, નુકશાનનુ માપ એટલે જે હકીકત જોઈ નુકશાનની રકમ વસુલ કરવાની છે તે નુકશાનનું માપ છે;" કાલેટ આન ટાર્ટ કલમ ૩૪૨.

નુકશાનની બાબતમાં માણુસની યોગ્યતાને સબંધ રહેલો હોય તો, તે બાબતમાં કલમ ૫૫ જોવી. આબરૂના નુકશાનની ફરીયાદમાં દ્વેષબુદ્ધી શાબેત થવાને તથા નુકશાનની ભારે રકમ અપાવવાને તે ફરીયાદ થતા પેહેલાં અગૂર પાછળથી બીજુ લાયબલ થાય તેવું પ્રતીવાદીનુ બોલવું પુરાવમાં દાખલ થઇ શકે છે, તેમજ જે હકીકતથી પ્રતીવાદીનું કૃત્ય શુદ્ધ અંતઃકર્ણનુ અને દ્વેષબધી વિનાનું માલમ પડે, તે હકીકત લગતી હકીકત તરીકે પુરાવમા લેઈ શકાય છે.

મી. ટેલરસાહેબ કહે છે કે 'નુકશાન એછું કરાવવાની બાબતમાં પ્રતીવાદી એવો પુરાવ ગુજારી શકે છે કે તકરારી બાબત પ્રસિદ્ધ કરવામાં આવી તે વખતે વાદીના મનમાંજ અદેશો હતો કે મારી ચાલને નુકશાન લાગે તેવુ મેં કામ કરેલું કિંવા નહીં, કારણ કે વાદી જયારે નુકશાન માગે ત્યારે તેણે બતાવવાનું છે કે હું આબરૂવાળો છું.

હકકકિંવારિવાજવિશે તકરારહોયતો કયાહકીકતલગતી છે.

૧૩. હરકોઈ હકક કિંવા રિવાજ છે કે નથી એ બાબત જ્યારે તકરાર હોય ત્યારે નિચે લખેલી હકીકત લગતી છે એમ સમજવુ.

(અ) જે કાર્ય ઊપરથી તકરારી હકક કિંવા રિવાજ ઊત્પન્ન થયો હોય, અથવા તે ઊપર દાવો બતાવવામાં આવ્યો હોય, અથવા તેમાં કાંઇ ફેરફાર થયો હોય અથવા તે કબુલ રાખવામાં આવ્યો હોય, અથવા તે છે એમ કેહેવામા આવ્યું હોય, અથવા તેનો ઈનકાર કરવામા આવ્યો હોય, તે કાર્ય અથવા જે કાર્ય એવું હોય કે હકક કિં-

વા રિવાજ મજકુર હોય, તો કાર્ય મજકુર થયું ન હોય, તો તે કાર્ય.

(બ.) હક્ક કિંવા રિવાજ મજકુર ઊપર દાવો બતાવવામાં આવ્યો હોય, અથવા તે કબુલ રાખવામાં આવ્યો હોય, અથવા તેને અમલમાં આણ્યો હોય, અથવા તેને અમલમાં આણતાં તકરાર ઉઠી હોય, અથવા અમલમાં આણ્યો એમ કેહેવામાં આવ્યું હોય, અથવા તેના અમલથી વિરૂદ્ધ કાંઇ કીધું હોય, એવા અમુક દાખલાઓ બન્યા હોય તે દાખલા.

દ્રષ્ટાંતો.

તકરાર એવી છે કે અ. નો હક્ક એક માંછલી પકડવાની જગો ઉપર છે કે કેમ. એ માંછલી પકડવાની જગા અ [illegible] તે જગા અ. ના બાપે ગીરો મુકવાન [illegible] અ. ના બાપે બીજાને પછવાડેથી આપ્યાની વાત, તથા અ. ના બાપે હક્ક મુજબ અમલ કર્યાના અથવા તે પ્રમાણે અમલ કરતાં અ. નાં પાડોશીએ અટકાવ કર્યાના અમુક દાખલા બન્યા હોય તે દાખલા, એ સર્વે લગતી હકીકતો છે.

ટીકા—આ કલમ ખાનગી તેમજ સાર્વજનિક હક્કો તથા રીવાજોને લાગુ કરવાના ઇરાદે કરેલી છે, એમ દ્રષ્ટાન્ત ઉપરથી જણાય છે.

ભોગવટા અગર રીવાજ પ્રમાણેના હક્ક બળવાન થવાને કેટલી લાંબી મુદતથી તે છે, તે યાદ પણ ના હોય તેટલી લાંબી મુદતના તે હોવા જોઈએ. એટલે કે સામાન્ય નિયમ પ્રમાણે તે રીવાજ અમુક મુદત ઉપર નહી હતો, એવા મુખજબાનીનો અગર લખેલો પુરાવ ગુજારી શકાયજ નહીં, અને તે એટલી લાંબી મુદતથી ચાલતો આવે છે કે જેથી તે વિરૂદ્ધ માણુસની યાદદાસ્ત હોયજ નહી. બેસ્ટકૃત ગ્રંથની આવૃતિ ૨ જી પાનુ ૪૬૭

ટાર્ટશાસ્ત્રની કલમ ૨૧૭ મીમાં કહેલું છે કે કેટલાક ઘણા નીરાકાર અને સામાન્ય હક્કો છે, અને તે ઉપર હુમલા કરવાથી નુકશાન થાય છે. કોઇ કોઈ વખતે તેનો 'ઇઝમેન્ટ' માં સમાસ થાય છે. પણ જ્યારે જમીનમાંથી નફો લેવાના બીજા હક્ક હોય છે ત્યારે તે તેથી જુદો પડે છે.

વ્યાપારીઓના સામાન્ય રીવાજ અને અમુક ધંધાના ખાસ રીવાજમાં ફરક છે. 'ધંધાનો રીવાજ' એટલે અમુક ધંધાનો રીવાજ સમજવો, અને તે દ્રષ્ટાંતોથી શાબોત કરી આપવો જોઇએ. ફક્ત અભીપ્રાઈ પુરાવા ચાલે નહી.

જે હકીકતઉપરથી મનની અથવા શરીરની કિંવા શરીરના સુખદુઃખની સ્થિતિ માલમ પડે તે હકીકત બાબત.

૧૪ ઇરાદો, કિંવા જ્ઞાન, કિવા શુદ્ધબુદ્ધિ, કિવા ગફલત, કિંવા બેફિકરાઇ, કિંવા કોઇ અમુક સખસના ઊપરનો દુષ્ટ ભાવ કિંવા સદભાવ, એના જેવી મનની હરકોઈ સ્થિતિ છે એવું જે હકીકત ઉપરથી માલમ પડે તે હકીકત, અથવા શરીરની કિંવા શરીરના સુખ દુઃખની હરકોઇ પ્રકારની સ્થિતિ છે એવું જે હકીકત ઉપરથી માલમ પડે તે હકીકત લગતી છે; તે એવે પ્રસંગે કે જ્યારે એવી મનની અથવા શરીરની કિંવા શરીરના સુખ દુઃખની સ્થિતિ છે કે નહીં એ વાત મુદ્દાની અથવા લગતી હોય ત્યારે.

ખુલાસો—કોઈ હકીકત ઉપરથી મનની કાંઇ લગતી સ્થિતિ છે એવું માલમ પડે છે, એ કારણને લીધે હકીકત મજકુર લગતી હોય ત્યારે તે હકીકત ઉપરથી જે અમુક

બાબતની તકરાર ચાલતી હોય તે બાબતને સબંધે સદરહુ સ્થિતિ છે એમ માલમ પડવું જોઇએ, સામાન્ય રીતે એવી સ્થિતિ હોય છે એમ માલમ પડવું જોઈએ નહીં.

દૃષ્ટાંતો.

(અ.) અ. ઉપર એવું તોહમત છે કે તેણે ચોરાએલો માલ જાણીને ચોરીનો માલ લીધો. ચોરીની અમુક જણસ તેના કબજામાં હતી એવું શાબિત થાય છે.

સદરહુ વખતે તેના કબજામાં ચોરીની બીજી ઘણી જણસો હતી એ હકીકત લગતી છે, કારણ કે ઉપરથી એવું દેખાય છે કે જે જણસો તેનાં કબજામાં હતી તે દર એક તથા સર્વે ચોરીની હતી એવું તેને માલમ હતું.

(બ.) અમુક શિક્કો ખોટો છે એવું શિક્કો મજકુર આપતી વખતે માલમ છતાં તે શિક્કો બીજાને દગલબાજીથી આપ્યો એવું તોહમત અ. ઉપર છે.

જ્યારે સદરહુ શિક્કો અ. એ આપ્યો ત્યારે તેની પાસે બીજાં ખોટા ઘણા હતા, એ હકીકત લગતી છે.

(ક.) પોતાનો કુતરો ઘણો કરડકણો છે એમ બ. ને માલમ છે તે બ. ના કુતરાએ કરેલા નુકશાન બાબત અ. એ બ. ના ઉપર દાવો કર્યો છે.

અગાડી ક્ષ, ય. તથા જ્ઞ. ને કુતરો મજકુર કરડયો હતો અને તેઓએ તે બાબત બ. આગળ ફરીયાદ કરી હતી, એ હકીકત લગતી છે.

(ડ) તકરાર એવી છે કે જે માણસને એક હુંડીનું નાણું આપવાનું હતુ તેનું નામ ખોટું લખ્યું હતુ તે વાત હુંડી શીકારનાર અ. ને માલમ હતી કે નહી.

એ પ્રમાણે લખેલી બીજી હુંડીઓમાં જેને રૂપીયા આપવાનું લખ્યું તે સખસ જો ખરો હોત તો તેણે હુંડીઓ મજકુર અ. ને જે વખતે મોકલી હોત તે વખતની અ- [illegible] એ હકીકત, જે સખસને તકરારી હુ- [illegible] ખોટો છે એવી માહિતી અ. ને હતી એવું બતાવવાને સારૂ લગતી છે.

(ઈ) બ ની આબરૂને હાનિ થાય એવા ઈરાદાથી કાંઈ આરોપની વાત પ્રગટ કરીને બ ની આબરૂ લીધાંનુ અ. ઉપર તોહમત છે.

અ. નો બ. ઉપર દુષ્ટભાવ છે એવું બતાવનારી કોઈ વાતો પેસ્તર પ્રગટ કર્યાની હકીકત લગતી છે.

બ ની આબરૂને [illegible]

અ [illegible]

[illegible]

તો અ. નો ઇરાદો બ ની આબરૂને હાની કરવાનો ન્હોતો, એવું બતાવવાને સારૂ લગતી છે.

(ફ) અ. એ દગલબાજીથી બ ને એવું બતાવ્યું કે ક. દાર છે, તે ઉપરથી ક. જે નાદાર છે તે ઉપર બ. એ લેણચાઈને ભરોંસો રાખ્યો, તેથી નુકશાન થયું તે બાબત અ. એ બ ઉપર દાવો કર્યો છે.

ક. દાર છે એવું જ્યારે અ એ કહ્યું ત્યારે ક ના પાડોશીઓ તથા જે લોક તેની સાથે વ્યાપાર રોજગારનું કામ પાડતા તેઓ ધારતા હતા કે ક. દાર છે, એ હકીકત, અ. એ જે બતાવ્યું તે શુદ્ધબુદ્ધિથી બતાવ્યું એવું બતાવવા સારૂ લગતી છે.

(ગ.) [illegible]નો માલેક અ છે તે ઘર ઊપર કાંઈ કામ બ એ ક. નામના કોન્ટ્રાક્ટરના હુકમથી કર્યું તે કામની કીમત લેવાને સારૂ અ ઉપર બ. એ દાવો કર્યો છે.
અ. નો જવાબ એવો છે કે બ. એ જે કરાર કર્યો તે ક. જોડે કર્યો છે.
તકરારી કામને સારૂ અ. એ બ. ને પૈસા આપ્યા છે એ હકીકત લગતી છે, કારણ કે
ને ઉપરથી એવું શાબિત થાય છે કે અ. એ શુદ્ધબુદ્ધિથી તકરારી કામ કરવાનો બંદોબસ્ત કરવાનું ક. ના સ્વાધિનમાં આપ્યું હતું—સબબ ક. પોતાની તરફથી બ. જોડે કરાર કરી શકતો હતો. અ. ના મુખત્યાર તરીકે કરાર કરવાનું ન્હોતુ
[illegible] મત અ. ઊપર તોહમત
[illegible] ઉપયોગ કરશે ત્યારે
ખરો માલીક મળી શકતો નથી એવું તે શુદ્ધબુદ્ધિથી માનતો હતો કે નહીં.
મિલકત મજકુર ખોવાઇ ગયાની ખબર સર્વે લોકોને અ જે ઠેકાણે રહે છે તે ઠેકાણે આપવામાં આવી હતી, એ હકીકત તેનો ખરો માલીક મળી શકતો નથી એવું શુદ્ધબુદ્ધિથી અ. માનતો ન્હોતો એમ બતાવવાને સારૂ લગતી છે.
ક એ મિલકત મજકુર ખોવાયાની વાત સાંભળીને તે ઉપર ખોટો દાવો કરવાની ઈચ્છાથી તેણે કપટથી સદરહુ ખબર આપી છે એવું અ. જાણતો હતો, અથવા એવું માનવાને તેને કારણ હતું, એ હકીકત લાગતી છે, કારણ કે તે ઉપરથી એમ માલમ પડે છે કે સદરહુ ખબર આપ્યાની વાત અ. ને માલમ હતી, એટલા ઊપરથી તેની શુદ્ધબુદ્ધિ ગેરશાબિત થઈ શકતી નથી.
(આઈ) અ. ના ઊપર એવું તોહમત છે કે બ. ને મારી નાખવાના ઈરાદાથી તેના ઉપર ગોળી મારી. અ. એ અગાડી બ. ઊપર ગોળી મારી હતી, એ હકીકત અ. નો ઈરાદો બતાવવાને સારૂં શાબિત કરી શકાય છે. અ. એ બ. ને ધમકીના પત્રો પેસ્તર મોકલ્યા.
(જ [illegible] મોકલ્યા અ. એ બ. ને
[illegible] નો ઈરાદો બતાવવાને

(કે) તકરાર એવી છે કે પોતાના અ. બ. ઊપર નિર્દયપણું કર્યાનો અ તકસીરવાર છે કે નહી.
જે નિર્દયપણું કીધાની તકરાર છે તે પહેલા અથવા પછી થોડે વખતે એઓના દિલનો વિચાર એક એક તરફ કેવા હતો તેનુ જે કાંઈ ભાષણ થયુ હોય, તે લગતી હકીકત છે.
(લ) તકરાર એવી છે કે અ. નું મોત ઝેહરથી થયું છે કે કેમ
અ. બીમાર હતો તે દરમ્યાન તેણે પોતાના રોગના ચિન્હ બાબત જે મજકુર કહ્યો હોય તે લગતી હકીકત છે.
(મ.) અ ના આયુષ્યનો વીમો ઉતાર્યો ત્યારે તેની તબિયતની સ્થિતિ કેવી હતી એ વિશે તકરાર છે.
સદરહુ વખતે અથવા તે અરસામાં અ એ પોતાની તબિએત બાબત જે મજકુર કહ્યો હોય તે લગતી હકીકત છે.
(ન.) જે ગાડી વપરા[illegible]
[illegible] આપી તેથી અ. [illegible]

તે ચાડીમાં જે ઉપર હતી તે બીજે પ્રસંગે અ. ના ખ્યાન ઉપર આણી હતી, એ હ-કીકત લગતી છે.

જે ચાડીઓ બ. બાડે આપતો હતો તેમાં ગફલત કરવાની તેની રીત હતી, એ હકીકત લગતી નથી.

(બો.) ઇરાદા પુર્વક બ.ને ગોળી મારીને તેને મારી નાખ્યાથી અ. તું ખુન કર્યા બ-દલ અ. ના ઉપર તજવીજ ચાલે છે.

અ. એ બીજે પ્રસંગે બ. ના ઉપર ગોળીઓ મારી હતી, એ હકીકત અ. ને ગોળી મારવાનો અ. નો ઇરાદો બતાવવાને સારૂ લગતી છે.

લોકોને મારી નાખવાના ઇરાદાથી તેઓના ઉપર ગોળી મારવાની અ. ની રીત હતી, એ હકીકત લગતી નથી.

(પ.) એક ગુન્હો કર્યા બાબત અ. ના ઉપર તજવીજ ચાલે છે.

સદરહુ ગુન્હો કરવાનો કાંઈ ઇરાદો દેખાઈ આવે એવું તે કાંઈ બોલ્યો હતો, એ હ-કીકત લગતી છે.

સદરહુ જાતના ગુન્હા કરવાની સામાન્ય રીતે તેના મનની વૃત્તિ છે એમ દેખાઈ આવે, એવું તે કાંઇ બોલ્યો હતો એ હકીકત લગતી નથી.

ટીકા—ધ્યાન, ઇરાદો ઇત્યાદી મનની સ્થિતિ છે તે આપની રૂબની તપાસ જે ફોજદા-રી કામમાં ચાલતી હોય તેમાં ઘણીજ અગત્યની બાબત છે, તેમજ દિવાની કામમાં પણ જ્યાંહાં 'લાયબલ'ના કામમાં કપટ, દ્વેષબુદ્ધિવાળો ઇરાદો વિગેરેનો સ્વાલ હોય ત્યાંહા તે ઘણી અગત્યની છે.

કેદી એવું કબુલ કરે કે જે તોહમતનો મારા ઉપર આરોપ રાખવામાં આવેલો છે તેવો ગુન્હો મેં આગળ એક વખત કરેલો હતો, અને આવા ગુન્હા કરવાનું મારું વલણ છે તો, તે પુરાવમાં લેઈ શકાતું નથી. (નાર્ટનસાહેબની ટીકા પાનું. ૧૩૧ થી ૧૪૦)

એક પરબુદાસ ઉપર વાયદાચીઠી બનાવ્યાનું તોહમત હતું, અને બીજા ચાર પ્રતીવા-દીઓ ઉપર આ ગુન્હામાં મદદગારી કર્યાનું તોહમત હતું. તોહમતદારો પૈકીના એકના ક-બજામાં આશરે ૧૫૦ કાગળો માલમ પડ્યા તે બનાવટી દસ્તાવેજો છે, એવું કહેવામાં આવ્યું હતું, તેમાં ઠરાવવામાં આવ્યું કે આ કાગળો યોગ્ય રીતે પુરાવમાં દાખલ કરયા છે. (મુ. હા. રી. વા. ૧૧ પાનું. ૯૦)

કાઈકૃત્યથયું તે આકસ્મિક થયુંકિંવા ઇરા દાપુર્વકથયું એ વી તકરાર વિ ષેની હકીકત બાબત.

૧૫. કોઈ કૃત્ય આકસ્મિક થયું છે કિંવા ઇરાદા પુર્વક થયું છે એવી તકરાર જ્યારે હોય, ત્યારે તે કૃત્યની જેવા બીજા ઘણા બનાવો બન્યા છે તેમાંનું કૃત્ય મજકુર એક ભાગ છે, અને તે પ્રત્યેક બનાવમાં સદરહુ કૃત્ય કરનાર સખસ સામિલ હતો, એ હકીકત લગતી છે.

દ્રષ્ટાંતો.

(અ.) જે રકમને સારૂ પોતાના ઘરનો વીમો ઊતરાવ્યો છે તે રકમ મેળવવાના હેતુથી અ. એ ઘર મજકુર બાળી મુકયું, એવું તોહમત તેના ઉપર છે.

અ. ઘણા ઘરોમાં અનુક્રમે રહયો હતો, તથા તે દરએક ઘરનો તેણે વીમો ઊતરાવ્યો હતો, તથા તે દરએક ઘરમાં આગ લાગી હતી, તથા સદરહુ દરએક આગ લાગ્યા પછી અ. ને જુદા જુદા વીમાવાળાની દુકાનમાંથી રૂપીઆ મળયા હતા, એ હકીકતો જે આગો લાગી તે આકસ્મિક ન્હોતી એ બતાવવાને સારૂ લગતી છે.

(બ.) બ. ના દેણુદાર પાસેથી પૈસા લેવાના કામ ઊપર અ. ને રાખ્યો છે. જે રકમો તેને પોહોંચે તેની નોંધ એક ચોપડીમાં કરી રાખવાનું અ. નું કામ છે. અમુક પ્રસંગે જેટલી રકમ તેને ખરેખરી પોહોંચેલી તે કરતાં કમી રકમ તેણે નોંધી છે.
તકરાર એવી છે કે એ ખોટી નોંધ આકસ્મિક થઈ છે કે ઇરાદા પુર્વક થઇ છે.
બીજી રકમો અ. એ તેજ ચોપડીમાં નોંધી છે તે ખોટી છે, તથા તે ખોટી નોંધ દરએક કામમાં અ. ના ફાયદાની છે, એ હકીકત લગતી છે.

(ક.) અ. ના ઊપર એવું તોહમત છે કે તેણે દગલબાજીથી એક ખોટો રૂપીઓ બ. ને આપ્યો.
તકરાર એવી છે કે જે રૂપીયો આપ્યો તે આકસ્મિક આપ્યો કે કેમ.
બ. ને રૂપીયો આપવાની થોડીવાર પેહેલાં અથવા થોડીવાર પછી અ. એ ખોટા રૂપીયા ક. ડ, તથા ઇ, ને આપ્યા છે, એ હકીકત અ. ને જે રૂપીઓ આપ્યો તે આકસ્મિક આપ્યો નથી એ બતાવવાને લગતી છે.

ટીકા—આ કલમ પ્રમાણે હકીકત ઘણી દુરની છે કિંવા નહી, અને તે દરેક હકીકત સાથે સબંધવાળી છે કિંવા નહી તે પુરાવમાં લેવાને નક્કી કરવાનું કામ ન્યાયાધીશનું છે.

કામની પદ્ધતિ ક્યારે લગતી સમજવી. ૧૬. અમુક કૃત્ય બન્યું છે કે નહીં એવી તકરાર હોય, ત્યારે જ્ને કામની એવી કોઇ સાધારણ પદ્ધતિ હોય કે તે પ્રમાણે સદરહુ કૃત્ય સ્વાભાવિક રીતે થવું જોઇએ, તો તે પદ્ધતિ છે એ હકીકત લગતી છે.

દ્રષ્ટાંતો.

(અ.) તકરાર એવી છે કે અમુક પત્ર રવાને થયું હતું કે કેમ.
સર્વ પત્રો અમુક ઠેકાણે મુકયા હોય તેઓ તેને ટપાલમાં લઇ જાય એવી કામની સાધારણ પદ્ધતિ હતી, તથા અમુક પત્ર તે ઠેકાણે મુકયુ હતું, એ હકીકતો લગતી છે.

(બ.) તકરાર એવી છે કે અમુક પત્ર અ ને પોહોંચ્યો છે કે નહી. તે પત્ર હમેશની પદ્ધતિ મુજબ ટપાલમાં નાંખ્યું હતું, તથા ડેડલેટર આફીસમાંથી તે પાછું આવ્યું નથી, એ હકીકતો લગતી છે.

ટીકા—આ કલમ અનુમાન કરવાના વિષય સાથે વધારે નિસ્બત રાખે છે. તેનાં બંને દ્રષ્ટાંતો સારાં ખુલ્લાં છે. દ્રષ્ટાંત અ. પ્રમાણે એક વાત બનવા ઊપરથી બીજી વાત બન્યાનું અનુમાન લેવાય છે. આ નિયમના સબબથી બંને વાતો એકજ કામના ભાગ થઇ પડે છે, અને તેથી આ બાબતો કલમ ૬ મુજબ પણ લગતી થાય.

મી. ફીલ્ડસાહેબ કેહે છે કે કોઇ કાગળ ઊપરની ટપાલની છાપ તે વખતે તથા તે જગોએ એ કાગળ ટપાલમાં હતો, એમ બતાવવાને પ્રથમ દર્શનિક પુરાવ છે.

અંગીકારે બાબત.

અંગીકારએ કહે શું. ૧૭. જે મુખજુબાની કહેલા કિંવા દસ્તાવેજમાં લખેલા મજકુર ઊપરથી હરકોઈ મુદ્દાની કિંવા લગતી હકીકત સબંધી હરકત તથારણા

થાય, તથા જે નિચે લખેલા સખસોમાંથી હરકોઈ સખસે નિચે લખેલી કેફિયતને સબંધે કહયો હોય કિંવા લખ્યો હોય, તે મજકુરને અંગીકાર સમજવો.

ટીકા—લેખી અને મુખજબાનીની કબુલતો શિવાય, પક્ષકાર પોતાની વર્તણુંકથી પણ કબુલતો કરે છે.

કબુલત એ શબ્દને ઠેકાણે છે. કબુલત, દિવાની કામમાં જે કરવામાં આવે છે તેને માટે અને ફોજદારી કામમાં તોહમતવાળો જે કરે છે તેને સારુ ઈંગ્રેજીમાં જુદા જુદા શબ્દો છે.

આ કાયદાની કલમ ૧૭ થી ૨૩ સુધીમાં ફક્ત અંગીકાર શબ્દ વાપરેલો છે, તે બધી કલમો ઘણું કરીને દિવાની કામોમાં ઉપયોગી છે. ૨૪ થી ૩૦ સુધીની ફોજદારી ગુન્હા સંબધી છે.

કામના પક્ષકાર અથવા તેનામુખત્યારેકરેલો અંગીકાર.

૧૮. કામના કોઇ પક્ષકારે કહેલો મજકુર, અથવા એવા કોઈ પક્ષકારે પોતાની તરફથી સદરહુ મજકુર કહેવાનો સ્પષ્ટ રીતે કિંવા ગર્ભીત રીતે કોઇ મુખત્યારને અખત્યાર આપ્યો છે, એવું કામ મુજકુરની કેફિયત ઊપરથી કોર્ટ ગણતી હોય, તેના મુખત્યારે કહેલો કિંવા લખેલો મજકુર, અંગીકાર છે એમ સમજવું.

પ્રતિનિધિના સબંધે દાવો કરનાર સખસે કરેલો અંગીકાર

જે પક્ષકારોએ પ્રતિનિધિના સબંધથી દાવો કરયો હોય, અથવા જે પ- [illegible] કાર છે એમ સમજવું.

દાવાના વિષયમાં જે સખસનો હક્ક હોય તેણે કીધેલો અંગીકાર.

(૧.) જે વિષય બાબત કામ ચાલે છે તે વિષય ઊપર જે સખસનો માલીકીનો હક્ક હોય, અથવા તેમાં તેનો કાંઇ પૈસા સબંધીનો હક્ક હોય, તે સખસોએ સદરહુ મુજબના હક્કવાળા સખસો તરીકે કહેલો કિંવા લખેલો મજકુર; અથવા

જે સખસથી હક્ક પ્રાપ્ત થયો હોય તે સખસે કીધેલો અંગીકાર.

(૨.) જે વિષય બાબત દાવો ચાલ્યો છે તે વિષય ઊપરનો હક્ક તે દાવાના પક્ષકારોને જે સખસોથી મળેલો હશે, તે સખસોએ કહેલો કિંવા લખેલો મજકુર.

જો સદરહુ મજકુર કેહેનારા સખસોનો હક્ક ચાલુ હોય તે દરમીયાનમાં તેઓએ કહ્યો હોય કિંવા લખ્યો હોય તો, તે અંગીકાર છે.

ટીકા—મી. ટેલરસાહેબ કહે છે કે જેટલે દરજ્જે મુખ્ય તરફથી એજંટને અખત્યાર હોય તેટલે દરજ્જે એજંટનું કહેવું તેના મુખ્યને બંધનકારક છે, સબબ એજંટ અને નોકરોની કહેલી હકીકત તેમને આપેલા અખત્યાર પૈકી છે કિંવા નહીં તે જોવાની સંભાળ રાખવી જોઇએ.

એજન્ટ કાંઈ કોઈ અગર કૃત્ય કરે તો તે બાળકને બંધનકારક નથી, કારણ કે બાળક એજન્ટ નીમી શકતું નથી, ટેલરકૃત પ્રમાણ શાસ્ત્રની કલમ ૧૪૧.

વડીલોની કબુલત તેમના વારસોને બંધનકારક છે. ઈનામ આપનાર બક્ષીસ આપનારની કબુલતો જેને ઈનામ અને બક્ષીસ આપવામાં આવે, તેને બંધનકારક થાય છે.

[illegible] રીતે અનામમાં બાગના દસ્તાવેજમાં પ્રતીવાદીએ પોતાની લખેલી હકીકતમાં તે [illegible] લખ્યાં [illegible] તેમાં જે કરારો હતી તે કબુલ કરી. તેમાં ઠરાવવામાં આવ્યું કે તે કરાર લખી આપ્યાની બીના સાબેત કરવાને તથા તે પુરાવામાં રજુ કરવાને વાદીને જરૂર નથી. (ઈ. લા રી. ૫ મું ૧૪૩.)

જે સખસોની સ્થિતિ મુકદ્દમાના પક્ષકારની વિરૂદ્ધ સાબીત કરવાની જરૂર છે તેવા સખસોએ કહેલો કિંવા લખેલો મજકુર

૧૯ જે સખસોની સ્થિતી કિંવા જવાબદારી, કોઈ મુકદ્દમામાંના કોઈ પક્ષકાર વિરૂદ્ધ છે કે નહી એવા સબંધથી સાબીત કરવાની જરૂર છે, તેવા સખસો પોતે જો કાંઈ દાવો માંડે અથવા તે સખસોના ઉપર જો બીજો કોઈ દાવો માંડે, તે મુકદ્દમામાં સદરહું સ્થિતિ કિંવા જવાબદારીને સબંધે, સખસો મજકુરે કહેલો કિંવા લખેલો કોઈ મજકુર, તેઓને પોતાને વિરૂદ્ધ હોવાથી લગતો હોય તો, તે મજકુર સદરહુ સખસોએ સદરહુ મુકદ્દમામાં કહયો હોય કિંવા લખ્યો હોય, ત્યારે તે મજકુર અંગીકાર છે એમ સમજવું; પણ સખસો મજકુર સદરહું સ્થિતિમાં કાયમ હોય કિંવા તેની સદરહું જવાબદારી ચાલુ હોય તે દરમિયાનમાં સદરહુ મજકુર તેઓએ કહયો હોય અથવા લખ્યો હોય તો.

દ્રષ્ટાંત

ખ. ના તરફથી ભાડું વસુલ કરવાનું અ. પોતાને માથે લે છે.

અ. ને જે ભાડું ક. ના તરફથી આવવાનું હતું તે અ. એ વસુલ કર્યું નહી, સબબ બ. એ અ. ઉપર દાવો કર્યો છે.

બ. નું ક. પાસેથી કાંઈ ભાડું લેહેણું હતું એ વાતનો અ. ઈનકાર કરે છે. બ. નું પોતાની પાસે ભાડું લેહેણું હતું એવો ક. નો કહેલો કિંવા લખેલો મજકુર અંગીકાર છે; અને ક. ની પાસેથી બ. નું ભાડું લેહેણું હતું એ વાતનો જો અ. ઈનકાર કરતો હોય તો, સદરહુ મજકુર અ. ના વિરૂદ્ધ લગતો છે.

ટીકા—હિંદુસ્તાનમાં જુઠી કબુલાતો લેહેવાથી મેળવી શકાય છે, માટે આ કલમથી થોડું કપટ થવાનો રસ્તો ખુલ્લો છે, એમ કાંઈ સંભવતું નથી. (નાર્ટનસાહેબની ટીકા પ્રાનું. ૧૪૯)

અ. તથા બ. ને ક. નું મજીઆરૂં દેવું છે, પરંતુ ક. એકલા અ. ઉપર દાવો કરે છે. અ. એ તકરાર કરી કે હું એકલો જવાબદાર નથી, તેમ આ કામમાં એકામતે એકાજુતેની જવાબદારી નથી, સબબ બ. ને સહપ્રતીવાદીમાં સામેલ કરવો જોઈએ. બ. ની આ મજીઆરી જવાબદારી બાબતની કબુલત અ. તથા ક. ની વચમાં લાગવી હકીકત છે. (ટેલર કૃત ગ્રંથની કલમ. ૬૮૮)

જે સખસને પ્રકારે સ્પષ્ટ

૨૦. તકરારી બાબત સબંધી કાંઈ માહિતી જે સખસો પાસેથી મેળવવાનું મુકદ્દમાના હરકોઈ પક્ષકારે સ્પષ્ટ રીતે બતાવ્યું હોય, તે સખસોએ કહેલ

રીતે કહવાલો કિંવા લખેલો મજકુર અંગીકાર છે એમ સમજવું

આપોહોયતે સખસનો કરેલો અંગીકાર.

દ્રષ્ટાંત.

તકરાર એવી છે કે અ. એ બ ને વેચેલો ઘોડો મજબુત છે કે નહીં.
અ. બ.ને કેહે છે કે, "જઈને ક. ને પુછો, ક. મી તે બાબતુ સર્વે માલમ છે."
ક. એ મજકુર કહયો હોય તે અંગીકાર છે.

ટીકા—મી. ટેલરસાહેબ કેહે છે કે ન્યાય અને નીતીના પ્રારણુંસર જે પક્ષકાર તે વિરૂધ બોલનો હોય તેને શીરે તે વિરૂદ્ધ બતાવવાનો બોજો નાંખ્યો, અને તે કેહેવામાં કેહેનારની ચુક અચર કપટ છે એવું બતાવવામાં નાં આવે ત્યાં સુધી તેને પુછનાર પક્ષકાર ઉપર તે બંધનકારક છે, એમ ઠરાવવું જોઈએ. (ફીલ્ડસાહેબનું ટીકા પાનું ૫૮).

જેમાણુસેઅંગીકાર કરયો હોય તેનીવિરૂદ્ધ અથવા તેના તરફેનમાં અંગીકાર લગતો છે કે શી રીતે.

૨૧. જે સખસે કાંઈ અંગીકાર કીધેલો હોય તે સખસ વિરૂદ્ધ અથવા હક્ક સંબંધીના તેના પ્રતિનિધિની વિરૂદ્ધ તે અંગીકાર લગતો છે તથા તે શાબિત કરી શકાય છે, પરંતુ જે સખસે તે અંગીકાર કીધો હોય તેનાથી અથવા તેના તરફથી અથવા તેના હક્ક સબંધીના પ્રતિનિધિથી નીચે બતાવેલી બાબત શિવાય બીજી બાબતમાં અગીકાર મુજકુર શાબિત કરી શકાતો નથી.

(૧.) જ્યારે અંગીકાર એવા પ્રકારનો હોય કે તે કરનાર સખસ મરણ પામ્યો હોય તો, તે કલમ ૩૨ મુજબ ત્રાહીત સખસોની વચે ચાલતા કામમાં લગતો થાય, ત્યારે તે અંગીકાર જે સખસે કરયો હોય તેનાથી અથવા તેના તરફથી તે શાબિત કરી શકાય છે.

[illegible]

હોય તે વખતે અથવા અરસામાં કેહેવામાં અથવા લખવામાં આવ્યો હોય, તે મજકુરને રૂપે જ્યારે કોઇ અંગીકારે હોય, તથા જ્યારે તે મજકુર કેહેવામાં અથવા લખવાની સાથે એવી વર્તણુંક થઇ હોય કે સદરહુ કેહેવું કિંવા લખવું ખોટું છે એ તે ઉપરથી અસંભવિત માલમ પડે ત્યારે સદરહુ અંગીકારની શાબિતી તે અંગીકાર કરનાર સખસથી અથવા તેની તરફથી કરી શકાય છે.

(૩.) કોઈ અંગીકાર, અંગીકાર તરીકે નહી, પણ બીજી રીતે લગતો હોય તો, તે અંગીકાર જે સખસે કીધો હોય તેનાથી અથવા તેના તરફથી શાબિત કરી શકાય છે.

દ્રષ્ટાંતો.

(અ. અ. તથા બ. વચે તકરાર એવી છે કે અમુક ખત બનાવટનુ છે કે નહીં. અ. નું કેહેવું એવું છે કે તે ખરૂં છે, તથા બ. નું કેહેવું એમ છે કે તે બનાવટનું છે.

સદરહુ ખત ખરૂં છે એવો મજકુર બ. એ કહ્યો અથવા લખ્યો હોય, તેની શાબિતી અ. થી કરી શકાય છે; તથા ખત મજકુર બનાવટનું છે એવો મજકુર અ. એ કહયો

અથવા લખ્યો હોય તેની શાબિતી બ.થી કરી શકાય છે; પરંતુ તકરારી ખત ખરૂં છે એવો મજકુર અ. એ પોતે કહયો અથવા લખ્યો હોય તેની શાબિતિ બ. થી કરી શકાતી નથી, તેમજ તે બનાવટનું છે, એવો મજકુર બ. એ કહયો અથવા લખ્યો હોય તેની શાબિતી બ. થી કરી શકાતી નથી.

(બ.) અ. એક વાંહાણનો ટંડેલ છે તેના ઉપર એવા તોહમત બદલ તજવીજ ચાલે છે કે તેણે એક વાંહાણ ભાગી નાંખ્યું.

વાંહાણને તેના યોગ્ય માર્ગની બાહાર લઈ જવામાં આવ્યું હતું, એ બતાવવાને સારૂ પુરાવો આપવામાં આવ્યો છે.

પોતાના હમેશના કામને પ્રસંગે અ. એ રાખેલી એક ચોપડી તે હાજર કરે છે, તે ઉપરથી એવું દેખાય છે કે દરરોજ બનાવો વગેરે જે જાહેર કર્યા પ્રમાણે તેનું અવલોકન કરવામાં આવતું તે સર્વે તેમાં લખી રાખ્યું છે, તથા તે ઉપરથી એવું માલમ પડે [illegible] જવામાં આવ્યું ન્હોતું; [illegible] મણું પામ્યો હોત તો સદરહુ [illegible] ૩૨ ની રકમ (૨) મુજબ

(ક.) કલકત્તામા અ. એ એક ગુન્હા કર્યા છે એવું તેના ઉપર તોહમત છે.

તેણે પોતે લખેલું એક પત્ર તે હાજર કરે છે; તે પત્રમાં લાહોર મુકામે તે દિવશે તારીખ નાંખેલી છે તથા જે તારીખ નાંખેલીછે તે તારીખની લાહોરની પોસ્ટઆફીસની છાપ તે પત્ર ઉપર છે.

[illegible]

(ડ.) માલ ચોરીનો છે એવું જાણ્યા છતાં તે લીધા બાબત અ. ના ઊપર તોહમત છે.

સદરહુ માલની જે કિંમત છે તે કિંમતના અંદર તે વેચવાની તેણે ના કહી હતી, એવું શાબિત કરવા તે માગે છે.

સદરહુ મજકુર અંગીકાર છે, તોપણ તેની શાબિતી અ. કરી શકે છે, કારણ કે મુદ્દાની હકીકત ઉપરથી જે વર્તણુક ગઈ તેનો ખુલાસો તે ઉપરથી થાય છે.

(ઇ.) ખોટો શિક્કો છે એવું માલમ છતાં ખોટા શિક્કો પોતાના કબજામાં દગલબાજીથી રાખ્યાનું તોહમત અ. ઉપર છે.

અ. એવી હકીકત શાબિત કરવા કહે છે કે શિકકો મજકુર ખોટો છે કે નહી એ વિશેનો મને સંશય પડવાથી તે શિક્કાની પરિક્ષા નાણાં પારખનાર એક સખસ પાસે મેં કરાવી, અને તેણે પરીક્ષા કરીને મને એવું કહ્યું કે શીકકો મજકુર ખરો છે.

સદરહુ છેવટના ઉપલ્યા દ્રષ્ટાંતમાં કહેલા કારણોને લીધે અ.એ હકીકતો શાબિત કરી શકે છે.

ટીકા—આ કલમ પ્રમાણે પક્ષકારે આગળ કહેલી હકીકત જ્યારે બીજી કહેલી હકીકત એવી હોય કે તેના સાચાપણા બાબત ઘણો સંભવ હોય, ત્યારેજ ફક્ત પુરાવામાં દાખલ થઇ શકે છે.

કલમ ૧૮ ૧૯, અને ૨૦ મુજબ થએલા અંગીકારો આ કલમમાં તથા કલમ ૧૯, ૨૦ માં બતાવેલા સખસો વિરૂદ્ધજ લેવાય છે, પણ કલમ ૩૨ માં કહેલા અંગીકાર આખી દુનીયાં વિરૂદ્ધ થઈ પડે છે.

અપ્રક્રિયાધિકાર બાબતના રીવાજ વિશે વાજીબુલઅર્જનું તૈયાર કરેલું તથા શાહેદી કરેલું દફતર કાયદા પ્રમાણે પ્રથમ દર્શનિક પુરાવ છે. (ઈ. લા. રી. ૨ અ. પાનું ૭૮૬)

દસ્તાવેજનામજકુરબાબતનો મુખજુબાનીઅંગીકારકર્યારેલ-તોસમજવો.

૨૨. દસ્તાવેજના મજકુર બાબતનો મુખજુબાની અંગીકાર લગતો નથી; પરંતુ એવા દસ્તાવેજના મજકુરનો દોયમ પુરાવો આ આકટમાં હવે પછી કહેલા નિયમો પ્રમાણે આપવાનો પોતાનો હકક છે, એવું જે પક્ષકાર સદરહુ મુજબ શાબિત કરવા માગતો હોય તે બતાવે તો તથા બતાવે ત્યારે, અથવા જે દસ્તાવેજ હાજર કર્યો છે તેના ખરાપણા વિશે જો તકરાર હોય તો, સદરહુ મુજબની દસ્તાવેજના મજકુર બાબતના અંગીકાર લગતો છે.

ટીકા—હિંદુસ્તાનના શાહેદીઓની કહેલી હકીકત ઊપર ભરૂંસો રાખવો એ ભયંકર છે, માટે આ કલમ ડાહાપણથી કરવામાં આવી છે. આ કલમ પ્રમાણે દસ્તાવેજનો મતલબ શો છે તે સ્વાલ નથી, પણ અમુક દસ્તાવેજ સાચો છે કિંવા નહી તે છે.

દિવાનીકામમાંઅંગીકારકેવે પ્રસંગેલગતાહોય છે.

૨૩. કોઇ એક અંગીકારનો પુરાવો આપવો નહી એવી સ્પષ્ટ શરત કરીને અંગીકાર મજકુર કરવામાં આવ્યો હોય તો, અથવા સદરહુ અંગીકાર એવી કેફિયત ઉપરથી કરવામાં આવ્યો હોય કે, તે કેફિયત ઉપરથી કોર્ટને એવી ધારણા થાય કે અંગીકાર મજકુરનો પુરાવો આપવો નહી, એ પ્રમાણે તે કામના પક્ષકારોએ એક મત થઈ ઠરાવ કરયો છે તો, દિવાની કામોમાં તે અંગીકાર લગતો નથી.

ખુલાસો—કોઇ પણ બારીસ્ટર કિંવા પ્લીડર કિંવા આટરની કિંવા વકીલને કલમ ૧૨૬ [illegible] ની શાહેદી આપવ[illegible] નહી.

ટીકા—કાયદા કરનારનો આ કલમ કરવાનો હેતુ સુનિતીના કારણસર છે, કારણ કે આવો ઠરાવ ના હોય તો મુકદમાઓનું ખાનગી સમાધાન કરવાનો કાંઈ પણ ઈલાજ થઈ શકે નહી.

ટેલરકૃત ગ્રંથની કલમ ૭૨૦ માં કહેલું છે કે, દરેક માણસને પોતાને સલાહ શાંતી ખરીદ કરવાને કાંઈ હરકત નહી થતાં તેમને પરવાનગી આપવી જોઈએ.

ફોજદારી કામમાંલાલચકિંવાં ધમકી કિંવાવચન ઊપરથીકીધેલી કબુલત.

૨૪. કોઈ ફોજદારી કામમાં કોઇ તોહમતવાળા સખસે કરેલી કબુલત કોઈ અધિકારવાળા સખ્સ તરફથી તે તોહમતવાળા ઉપરના તોહમતને સબંધે મળેલી લાલચ કિંવા ધમકી કિંવા વચન ઊપરથી કરવામાં આવી છે એવું કોર્ટની નજરમાં આવે; તથા તે લાલચ કિંવા ધમકી કિંવા વચન કોર્ટના અભિપ્રાયમાં એવાં હોય કે પોતાના ઉપર જે કામ ચાલે છે તે કામને સબંધે પોતાને સદરહુ મુજબ કબુલત કર્યાથી સંસાર વિષયનો [illegible]

[illegible] ધમકી કિંવા વચન ઊપરથી મળ્યા છે, તો કબુલત મજકુર સદરહુ ફોજદારી કામમાં લગતી નથી.

ટીકા—કબુલતો બે પ્રકારની છે. એક 'જ્યુડીશીયલ' અને બીજી 'એક્સટ્રા જ્યુડીસીયલ'. કોર્ટની રૂબરૂ તપાસની દરમિયાનમાં જે કબુલત કરવામાં આવેલી હોય તે જ્યુડીશીયલ કબુલત છે. માટે જે [illegible] માલમ પડે નહી તો, તે મુળમાંથી કાંઈ [illegible] છે, એમ સમજવું.

મી૦ નાર્ટનસાહેબ [illegible] ઈરાદાથી અગર ચુકને લીધે કરવામાં આવે છે. જે ચુકને લીધે કરવામાં આવે છે તે હકીકતની અગર કાયદાની ચુકને લીધે કરવામાં આવે છે. ભુલ પણ બે પ્રકારની હોય છે: (૧) હકીકતની, (૨) કાયદાની.

ત્રણ સબબોથી ખોટી કબુલતો અપાય છે. (૧) થોડી કબુલત મળે કે તરતજ તે કબુલત લે છે (૨) કહેવાતો અર્થ જુદો હોય અને કબુલતો, (૩) અધુરી કબુલતથી પણ કબુલત લેવાય છે. જેમકે (૧) ચોરીના કેસમાં મીલકત લીધાનું કબુલ કરી તેની સાથે લેઈ જવા પોતાને હકક હતો એ વાત છુપાવે ત્યારે અધુરાપણાને લીધે ખોટી કબુલત લીધી એમ ગણાય (૨) આવી કબુલતો જીલ્લાની પોલીસ આગળ આપે છે કે તરત તેઓ કબુલત મળવાની આતુરતાથી તેમની સહી લે છે.

આ કલમમાં દ્રષ્ટાંતો નથી માટે તે કલમમાં બતાવેલી બાબતો શી રીતે લાગુ કરવી તે ઈંગ્રેજી પ્રમાણશાસ્ત્રના નિયમો જોવાથી સારી રીતે સમજવામાં આવે.

પોલીસઅમલદારની રૂબરૂ કીધેલી કબુલત પુરાવમાં લેવી નહી.

૨૫. હરકોઈ પોલીસ અમલદારની આગળ કરેલી કબુલત હરકોઈ ગુન્હાના તોહમતવાળા સખસ વિરૂદ્ધ સાબિત કરવી નહીં.

ટીકા—ગુન્હો માલમ પડે તેવી કબુલત અગર બાતની જબરાઈથી કઢાવવાથી ફો. કાયદાની કલમ ૩૩૦, ૩૩૧ પ્રમાણે ગુન્હો થાય છે. જે સખસ પોતાની ખુશીથી કબુલત આપે તેને પોલીસ અટકાવ કરી શકતાં નથી.

કેસરે હિંદ વિ. દેવીપ્રસાદ (ઈં. લૉ. રી. ૬ ક. ૫૩૦)ના કામમાં પ્રીન્સેપસાહેબે ઠરાવ્યું છે કે, કેદી પકડાતા પેહેલાં તેણે પોલીસ આગળ કરેલો અંગીકાર પુરાવમાં લેઈ શકાય છે.

તોહમતવાળાને પકડતા પેહેલાં પોલીસ અમલદારની રૂબરૂ તે તોહમતવાળાએ જે કબુલત કરેલી હોય, તે પુરાવમાં દાખલ કરવા લાયક છે. (ઈં. લૉ. રી. ૬ ક. પાનું ૫૩૦)

પોલીસના હવાલામાં તોહમતવાળો હોય તે વખતે તેણે કરેલી કબુલત પુરાવામાં ગણવી નહીં.

૨૬. હર કોઈ સખસ કોઈ પોલીસ અમલદારના હવાલામાં હોય તે દરમિયાનમાં તેણે કરેલી કબુલત, કોઈ પણ માજીસ્ટ્રેટની પ્રત્યક્ષ રૂબરૂ કીધી ન હોય તો, તેને સદરહુ સખસની વિરૂદ્ધ સાબિત કરવી નહીં.

ટીકા—જુના ક્રી. પ્રો. કલમ ૪૫ મીમાં ઠરાવેલું છે કે આ કલમ પ્રમાણે જે

માજીસ્ટ્રેટની રૂબરૂ કબુલત આપવામાં આવે તે માજીસ્ટ્રેટને કબુલતવાળા ગુન્હાની તપાસ કરવાને હકુમત હોવી જોઈએ, એમ કાંઇ જરૂર નથી.

જે ... હકીકત પુરાવમાં લેઇ શકાય છે, અને તેનો ... પાનું ૧૨)

તોહમતવાળા સખસે બતાવે લા મજકુરનો અથવા તેનીકી ધેલી કબુલતનો જેટલો ભાગતે મજકુરઅથવા કબુલત ઊપરથી શોધી કાઢેલી હકીકત સાથે સબધ રાખતો હોયતે ટલો શાબિત કરી શકાયછે.

૨૭. પરંતુ એવું ઠર્યુ છે કે કોઈ સખસની ઊપર કાંઇ ગુન્હાનું તોહમત મુકયું છે, અને તે સખસ પોલીસ અમલદારના હવાલામાં છે, તે સખસ પાસેથી કાંઇ ખબર મળી તે ઊપરથી કાંઇ હકિકતનો શોધ લાગ્યો છે, એવી જુબાની પડે ત્યારે, એવી ખબરમાંનો જેટલો ભાગ ખબર મજકુર ઉપરથી શોધી કાઢેલી હકીકત સાથે સ્પષ્ટ રીતે સબંધ રાખતો હોય તેટલો ભાગ શાબિત કરી શકાય છે, પછી તે ખબર કબુલત પણ એવી હોય કિંવા ન હોય તોપણ.

ટીકા--કબુલત શોધ થયા પેહેલાંથી હોવી જોઈએ. રાણી વિ. કમાલ ફકીર (૧૭ સધરલંડ વી. રી. પાનું ૫૦)

પોલીસ અમલદારની રૂબરૂ જે હકીકત તોહમતવાળાએ કહેલો હોય તે ઉપરથી પત્તો લાગેલો હોય તો, તે બાબતમાં જેટલી અવસ્ય કરીને જરૂર હોય તેના કરતાં એક શબ્દ પણ તે પોલીસ અમલદારને શાક્ષી આપવાને આ કલમના ઠરાવ પ્રમાણે કોઈ પણ ન્યાયાધીશે પરવાનગી આપવી નહી જોઈએ. આ કલમનો હેતુ મોઘમ કબુલત લેવાનો નથી, પણ જે સખસની રૂબરૂ તે કબુલત કરવામાં આવી હોય તેનો અમુક ભાગ ફક્ત જે બાબત તે સખસ શાક્ષી આપતો હોય તે નક્કી કરવાને જરૂરની હોય તેટલીજ લેવી જોઈએ. (ઈ. લા. રી ૧૧ ક. પાનું ૬૩૫)

લાલચકિંવા ધમકી કિંવા વચનથી મન ઉપર થયેલી અસર ખશી ગયાપછીકરેલીકબુલતલગતી છે.

૨૮. કલમ ૨૪ મીમાં બોધ કરયા મુજબની લાલચ કિંવા ધમકી કિંવા વચનથી મન ઉપર થએલી અસર કોર્ટના અભિપ્રાયમાં જે વખતે પુરી દુર થઈ હોય, તે વખત પછી સદરહુ કલમમાં બોધ કરયા મુજબની કબુલત કરવામાં આવી હોય, તો તે કબુલત લગતી છે એમ સમજવું.

ટીકા—લાલચથી થએલો અસર ખરી રીતે બંધ થએલો હતો, અને કબુલત કરનાર

ના મનમાં બીલકુલ અસર નહી હતો તેવો મજબુત અને સખત પુરાવ જોઈએ. સબબ પેહેલી કબુલત જે અસરથી કરવામાં આવી હોય તે અસર બીજી કબુલત વખતે બીલકુલ નહી હતો, એવું જો તે બીજી કબુલત પુરાવમાં દાખલ કરવી હોય તો મજબુત રીતે સાબેત થવું જોઈએ, એવુ પાટીસન જસ્ટીસે કહેલું છે.

જ્યાંહાં જડજની ખાત્રી થશે કે અસર ખરેખર બંધ પડી છે, તો પછી કબુલત પુરાવમાં લેવા હરકત નથી. રાણી વિ. શીવરાનાર (ફ્રાસ્ટ એન્ડ ફીનલે પાનું. ૮૩૬)

બીજીરીતેકબુ
લતલગતી હો
યતોકબુલતગુ
પ્ત રાખવાનુ
વચન હતું એ
વિગરેકારણોથી
થી તેકબુલત
ગેરલગતી થ-
તી નથી.

૨૯. એવી કબુલત જો બીજી રીતે લગતી હોય તો, માત્ર તે ગુપ્ત રાખવાના વચન ઉપરથી કીધાના સબબથી, અથવા તે મેળવવાને સારૂ તોહમતવાળાની સખસ સાથે ફરેબ કરવાથીજ તે કીધાના સબબથી, અથવા તોહમતવાળો છાકટો હતો તે વખતે તે કીધાના સબબથી, અથવા જે સવાલોના જવાબ દેવાની તેની ફરજ ન્હોતી, તે સવાલો ગમે તે રૂપે હોય તો [illegible] અથવા એવી કબુલત કરવા- [illegible] વી કબુલાયતનો પુરાવો આપી [illegible] સબબથી, તે કબુલત ગેર લગતી

ટીકા—આ કલમ પ્રમાણે તોહમતવાળાને નીચે પ્રમાણે પાંચ બાબતોથી તે અસર થએલો હોય, તોપણ તે કબુલત નાબુદ થતી નથી; એટલે (૧) ગુપ્ત રાખવાનું વચન,
[illegible]

માજીસ્ટ્રેટની રૂબરૂ કરેલી કબુલત પાછી ખેંચી લેવામાં આવે તોપણ તે તોહમતવાળા વિરૂદ્ધ પુરાવ છે. (૪સ. ક્રી. ૨. પાનું ૧૯)

"કેદીએ પોતાની ખુશીથી જે કબુલત આપી હોય તે પુરાવ છે, પછી તેને ચેતવણી આપવામાં આવી નહીં હોય તેની ચિંતા નહીં"

ઊંઘમાં કહેલો મજકુર પુરાવમાં લેવાતો નથી. (૫સી. એન્ડ પી. પાનું. ૩૧૮)

જેસખસેકબુ
લતકરેતેનેવિશે
નીતથાતેજગુ
નાસારૂબીજાસ
ખસોનીએકઠી
તજવીજચાલી
હોયતેવાબીજા
સખસોવિશેની
કબુલતશાબિત
થાય તો તે કબુ

૩૦. જ્યારે એકજ ગુન્હાને સારૂ એકથી વધારે સખસો ઉપર એકઠી તજવીજ ચાલતી હોય, અને જ્યારે તે સખસો પૈકી એક જણાએ પોતાને વિશે તથા તે સખસોમાના બીજા કોઈ સખસને વિશે કીધેલી કબુલત શાબિત થાય, ત્યારે જે સખસે તે કબુલત કીધી હોય તેની વિરૂદ્ધ, તેમજ સદરહુ બીજા સખસની વિરૂદ્ધ તે કબુલત વિચારમાં લેવાને કોર્ટ મુખત્યાર છે.

કુલવિચારમાં
લેવા બાબત.

દ્રષ્ટાંતો.

(અ.) ક.નું ખુન કરયા બાબત અ. તથા બ.ના ઉપર એકઠી તજવીજ ચાલે છે. "બ. એ તથા મેં મળીને ક.નું ખુન કર્યું છે" એવું અ.એ કહ્યાનું શાબિત થાય છે. એનું પરીણામ બ. વિરૂદ્ધ શું થાય છે, એનો વિચાર કરવાને કોર્ટ મુખત્યાર છે.

(બ.) ક.નું ખુન કરયા બદલ અ. ઊપર તજવીજ ચાલે છે. ક.નું ખુન અ. તથા બ. એ કરયું એવું બતાવવાનો તથા "અ. તથા મેં મળીને ક.નું ખુન કરયું છે" એવું બ એ કહ્યું હતું, એ બતાવવાનો પુરાવો હાજર છે.

સદરહુ કહેલા મજકુર બાબતનો વિચાર અ. વિરૂદ્ધ કોર્ટથી કરી શકાય નહી, કારણ બ. ના ઊપર અ.ની સાથે એકઠી તજવીજ ચાલતી નથી.

[illegible]

લેતા [illegible]

જોઇએ [illegible]

ગુન્હાને માટે ઇનસાફ થતો હોય. આ ત્રણ શરતો પુરી પડે ત્યારે તે કબુલત બીજા વિરૂદ્ધ ફક્ત વિચારમાં લેઈ શકાય એમ ઠરાવ્યું છે.

મી॰ નાર્ટનસાહેબ કેહે છે કે આ કલમથી એક માણસે કરેલી કબુલત બીજાને અસર કરે, એ ખરેખર ભય ભરેલો ધારો છે.

કેટલાક સખસોની એકજ ગુન્હા બાબત એકઠી તપાસ થઇ હોય, તેમાં એક સખસ ગુન્હો કબુલ કરે ને તેની પુસ્ટીમા પ્રત્યંતરી પુરાવ હોયા શિવાય તે કબુલત હોવાથી ફકત બીજાને ગુન્હેગાર ઠરાવી શકાતા નથી. રાણી વિ રામચંદ (ઈં લા. રી. ૧ અ. પાનું. ૬૭૫)

મેળાપીની શાક્ષી અને કબુલત વચેના તફાવત ધ્યાનમાં રાખવા લાયક છે. જુઓ. ક્રી. પ્રો. ક. ૩૪૭ અને ૩૪૯. મેળાપીની શાક્ષી સોગંદ ઊપર જાહેર રીતે લેવાય છે. કલમ. ૧૩૩

અંગીકારનિ- ૩૨. જે બાબતોનો અંગીકાર કરવામાં આવ્યો હોય તે બાબતોનો તે
ર્ણયકારકપુરા- અંગીકાર નિર્ણયકારક [illegible] પછી જે હ-
વાનથી,પણતે શાવો બતાવ્યા છે તે [illegible] જેવો
નોઆમલપ્રતિ- થઈ શકે છે.
બંધના જેવો
થાય.

ટીકા—દિવાની કામમાં બે પક્ષકારોએ મળી જઈ ત્રીજા પક્ષકારને હરકત કરવાના ઇરાદાથી કબુલત કરેલી હતી, ત્યાર પછી તેના તે પક્ષકારોની વચમાં બીજો દાવો થયો તેમાં તે પક્ષકારોનું હિત એક બીજા વિરૂદ્ધ હતું, તેમાં ઠરાવવામાં આવ્યું કે આ બીજા કામમાં સદરહુ પેહેલા કામમાં જે હકીકત મળી જઇ કેહેવામાં આવી છે, તે ત્રીજા પક્ષકારને હેરાન કરવાના ઇરાદાથી જુઠી કેહેવામાં આવી છે, એમ બતાવી શકાય છે. (૫ વી. રી. સી. રૂ. ૨૦૫)

ટેલરસાહેબના અંગ્રેજી કલમ ૬૫૫, [illegible]માં કહેલું છે કે જે હકીકતમાં કબુલત હોય તે તમામ હકીકત સામે લેવી જોઇએ, કારણ કે જો તેમાંની કાંઈ હકીકત પક્ષકારને

માહક આવે તેવી હોય, પરંતુ તેના વિરૂદ્ધ તેણે શું કબુલ કરેલું છે તે જોવાનો હેતુ હોય છે. માટે બધી હકીકત જોવી જોઈએ કે તે ઉપરથી સાચું શું છે તેનું અનુંમાન કરવામાં આવે.

મનુષ્યની વર્તણુંક ઉપરથી પણ કબુલત થાય છે જેમકે, અમુક દસ્તાવેજો દબાવી રાખવામાં આવે તો, તે ઊપરથી તે દસ્તાવેજોનો મજકુર તે દબાવી રાખનાર પક્ષકાર વિરૂદ્ધ છે એવી કબુલત થાય છે. જુઓ આ આકટની કલમ ૧૧૪ નું દૃષ્ટાંત ગ.

જે [illegible] તેવા સખસોએ [illegible]

જેઓમ[illegible]માલ્યોહોય કિંવા મળી શકતો નહોય તેણેતથા બીજાસખસેલગતીહકીકતનો કહેલો કિંવા લખેલો મજકુર કેવે પ્રસંગે લગતીહકીકતછે.

[illegible] જે સખસ મળી શકતો ન હોય તેણે, કિંવા શાહેદી આપવાને જે સખસ અશક્ત થયો હોય તેણે કિંવા ઘણો વખત લાગ્યા શિવાય અથવા ઘણું ખર્ચ કરયા શિવાય જે સખસને હાજર કરાતો ન હોય અને મુકદમાની કેફિયત ઉપરથી તેમ કરવું કોર્ટને વ્યાજબી દેખાતું ન હોય તેણે, લગતી હકીકતનો મોહે કહેલો કિંવા લખેલો મજકુર તેજ જાતે નિચે લખેલા કામમાં લગતી હકીકત છે એમ સમજવું.

તેમજકુરમોતના કારણવિશે હોય ત્યારે.

(૧.) પોતાના મોતના કારણ બાબત કિંવા જે કાર્યના પરીણામમાં પોતાનું મૃત્યુ થયું તે કાર્યથી કોઈ પણ બિના બાબત કોઈ સખસે જ્યારે કાંઈ મજકુર કહ્યો હોય અથવા લખ્યો હોય ત્યારે, જે કામમાં તેના મર્ણની તકરાર નિકળી હોય તે કામમાં, સદરહુ મજકુર લગતો છે.

જે વખતે સદરહુ મજકુર કેહેવામાં કિંવા લખવામાં આવ્યો હોય તે વખતે પોતાનું મર્ણ આવ્યું છે એવો તે કેહેનાર કિંવા લખનાર સખસના મનમાં ભાસ હોય કિંવા ન હોય. તોપણ તથા જે કામમાં તેના મર્ણ વિશેની તકરાર હોય તે કામ ગમે તે પ્રકારનું હોય તોપણ સદરહુ પ્રમાણેનો મજકુર લગતો છે.

અથવા કામને પ્રસંગે કહેલો કિંવા લખેલો હોય ત્યારે.

(૨.) સદરહુ મજકુર જ્યારે એવા સખસે હમેશ મુજબ અને પોતાના કામને પ્રસંગે કહ્યો કિંવા લખ્યો હોય ત્યારે, તથા વિશેષે કરીને પોતાના કામને હમેશ મુજબને પ્રસંગે કિવા પોતાના ધંધા રોજગારનું કામ ચલાવવામાં રાખેલી ચોપડીમાં કાંઇ નોંધ કિવા ટિપ્પણ તેણે કરી રાખ્યું હોય તે રૂપે, અથવા પૈસા, કિવા માલ, કિંવા દસ્તાવેજ, કિંવા કોઇપણ જાતની મિલકત પોંહોંચ્યાની પોહોંચ લખી હોય કિવા તે ઉપર સહી કરી હોય તે રૂપે, અથવા જે દસ્તાવેજનો ઊપયોગ વેહેપારમાં કરવામાં આવતો હોય ને તે તેણે લખ્યો હોય કિંવા તેના ઊપર સહી કરી હોય તે રૂપે, અથવા જે પત્ર કિંવા બીજો કાંઇ દસ્તાવેજ ઊપર તે હમેશ તારીખ નાંખતો હોય અથવા લખતો હોય અથવા તે ઉપર સહી કરતો હોય તે પત્ર કિવા દસ્તાવેજની તારીખને રૂપે સદરહુ મજકુર હોય ત્યારે તે લગતો છે.

અથવા કેહે-

(૩.) જે સખસે સદરહુ મજકુર કહ્યો કિવા લખ્યો હોય તે સખસના

નારના હિત વિરૂદ્ધ હોય ત્યારે.

પેશા આબતના કિંવા માલિકી બાબતના હિત વિરૂદ્ધ તે મજકુર હોય ત્યારે તથા જ્યારે કહેલો કિંવા લખેલો મજકુર ખરો હોય તો તેના ઉપર તે ઉપરથી ફોજદારીમાં ફરીયાદ કિંવા નુકશાન બદલનો દાવો ચાલે કિંવા ચાલત એવું હોય ત્યારે, સદરહુ મજકુર લગતો છે.

અથવા તેમાં સાર્વજનિક પ્રકિવારિવાજ કિંવા સામાન્યફાયદા સંબંધી અભિપ્રાયઆપ્યો હોયત્યારે.

(૪.) કાંઇ સાર્વજનિક હક અથવા રિવાજ અથવા કાંઇ સાર્વજનિક કિંવા સામાન્ય ફાયદા સંબંધી બાબત હોય તો તે સદરહુ મજકુર કેહેનાર કિંવા લખનાર સખસને માલમ હોય, એ હક અથવા રિવાજ, અથવા બાબત છે કે નહીં તે વિશેનો તે સખસનો અભિપ્રાય જ્યારે સદરહુ મજકુરમાં આપેલો હોય ત્યારે, તથા સદરહુ હક અથવા રિવાજ અથવા બાબત વિશે તકરાર ઉત્પન્ન થઈ તેના પેહેલાં જ્યારે તે મજકુર કેહેવામાં કિંવા લખવામાં આવ્યો હોય ત્યારે, તે મજકુર લગતો છે.

અથવા સગપણ વિશે હોય ત્યારે.

(૫.) જ્યારે સદરહુ મજકુર [illegible] દત્તકપણાનું સગપણ એ વિશે [illegible] માહિતી હોવાને વિશેષ સાધનો તે મજકુર કેહેનાર કિંવા લખનાર સખસને હતાં એમ હોય ત્યારે, તથા તકરારી બાબતની તકરાર ઉત્પન્ન થઈ તેની પેહેલાં તે મજકુર કેહેવામાં કિંવા લખવામાં આવ્યો હોય ત્યારે તે મજકુર લગતો છે.

અથવા મરી ગએલા સખસના મૃત્યુપત્ર માંકિંવા ખત માંતેબતાવ્યો હોય ત્યારે.

(૬.) જ્યારે સદરહુ મજકુર કોઈ મરી ગએલા સખસોના કાંઇ રક્ત કિંવા લગ્ન કિંવા દત્તકપણાના સગપણ વિશે હોય, અને તે મજકુર જે કુટુંબનો તે મરનાર સખસ હતો તે કુટુંબના કોઇ કાર્ય સંબંધી કાંઇ મૃત્યુપત્ર અથવા લેખ થયો હોય તેમાં, અથવા તે કુટુંબની કોઈ વંશાવળીમાં, અથવા કોઈ કબરના પથરા ઉપર અથવા તે કુટુંબના લોકોની તસ્વીર ઉપર અથવા જે વસ્તુ ઉપર એવો મજકુર બહુ કરીને બતાવવામાં આવતો હોય તેવી બીજી કોઇ વસ્તુ ઉપર બતાવ્યો હોય ત્યારે, તથા તકરારી બાબતની તકરાર ઉત્પન્ન થઇ તેના પેહેલાં તે મજકુર બતાવ્યો હોય ત્યારે તે મજકુર લગતો છે.

કિંવા કલમ ૧૩ રકમ (અ) માંકહેલા કાર્ય બાબતહોવતો.

(૭.) જ્યારે સદરહુ મજકુર કલમ ૧૩ ની રકમ (અ)માં કહેલા કાર્ય સંબંધી કાંઇ લેખ, કિંવા મૃત્યુપત્ર કિંવા બીજો દસ્તાવેજ થયો હોય તેમાં લખેલો હોય ત્યારે તે લગતો છે.

અથવા તેઘણા સખસોએ કહ્યો કિંવાલખ્યો હોય,અને તે ઉપરથી તકરારી બાબતને લાગુ

(૮.) જ્યારે સદરહુ મજકુર ઘણા સખસોએ કહ્યો કિંવા લખ્યો હોય, અને તકરારી બાબતને લાગુ હોય એવા તે સખસોના દિલના કિંવા મનના વિચાર તે ઉપરથી માલમ પડતા હોય ત્યારે તે લગતો છે.

તેઓના વિષયનો સંબંધ પ્રકાશ પાડનાર.

દૃષ્ટાંતો.

(અ.) તકરાર એવી છે કે બ. એ અ.નું ખુન કરયું છે કે કેમ; કિંવા જે કાર્યના દરમીઆનમાં ક. સાથે બળાત્કાર સંભોગ કરવામાં આવ્યો હતો તે કાર્યમાં જે કામ થયું તેથી અ.નું મરણ થયું, ત્યારે તકરાર એવી છે કે અ.ના ઉપર બ. એ બળાત્કાર કર્યો હતો કે કેમ; કિંવા

તકરાર એવી છે કે અ.ની વિધવાનો દાવો બ. નામદાર ચાલે એવી રીતે અ.ને બ. એ મારી નાંખ્યો કે કેમ.

તકરારી ખુન, તથા બળાત્કાર સંભોગ, તથા દાવો ચાલવા લાયક અપકારનું કૃત્ય, એ વિષે જે મજકુર અ એ પોતાના મોતના કારણ સંબંધી કહ્યા હોય કિંવા લખ્યા હોય, તે મજકુર લગતી હકીકત છે એમ સમજવું.

(બ.) અ.નો જન્મ કઈ તારીખે થયો એ વિષે તકરાર છે.

એક મરણ [illegible]

એવી નોંધ કરી [illegible]

યો હતો અને ત્યાં તેને છોકરાનો પ્રસવ કરાવ્યો હતો; એ હકીકત લગતી છે.

(ક.) તકરાર એવી છે કે અ. અમુક તારીખે કલકત્તે હતો કે કેમ.

એક મરણ પામેલા સોલિસિટરે, પોતાના કામને પ્રસંગે નિયમપુર્વક રાખેલી રોજનીશીમાં એવું લખી મુક્યું છે કે, અમુક કામ બાબત અ.ની જોડે વિચાર કરવાને સારૂ તે પોતે કલકત્તા મધ્યે અમુક દીવસે અમુક ઠેકાણે અ. ને ત્યાં ગયો હતો. એ હકીકત લગતી છે.

(ડ.) તકરાર એવી છે કે અમુક વાહાણ મુંબઈના બંદરમાંથી અમુક તારીખે હંકાર- [illegible]

[illegible] તે પેઢીના એક મરણ પામેલા ભાગીયાએ પોતાના લંડનના આડતીઆના ઉપર માલ મોકલ્યો હતો તેને પત્ર લખ્યું હતું, તેમાં એવું લખ્યું હતું કે વાહાણ મજકુર અમુક તારીખે મુંબઈ બંદરેથી હંકારવામાં આવ્યું હતું; એ પત્ર લગતી હકીકત છે.

(ઈ.) તકરાર એવી છે કે અમુક જમીનનું ભાડું અ. ને આપ્યું છે કે કેમ.

પોતે સદરહુ ભાડું અ ના તરફથી લીધું છે, તથા તે અ.નો હુકમ આવતાં સુધી પોતાની પાસે રાખ્યું છે, એવું બ.ના એક મરણ પામેલા ગુમાસ્તાએ લખેલું પત્ર મુકદમાને લગતી હકીકત છે.

(ફ.) તકરાર એવી છે કે અ.નું લગ્ન બ. સાથે કાયદેસર રીતે થયું છે કે કેમ.

તેઓનું લગ્ન પોતે એવી બીનાઓમાં કરાવ્યું હતું કે તે લગ્નનો સમારંભ કરનો એ ગુન્હો થતો હતો, એ પ્રમાણેનો એક મરણ પામેલા પાદરીએ કહેલો કિંવા લખેલો મજકુર લગતો છે.

(બં.) અ. નામનો એક માણસ મળી શકતો નથી તેણે અમુક તારીખે એક પત્ર લખ્યો છે કે કેમ એ વિશેની તકરાર છે તેણે એક પત્ર લખ્યો હતો તે ઉપર તેજ તારીખ નાંખેલી છે, એ હકીકત લગતી છે.

(ઘ.) એક વાંહાણ ભાગ્યું તેનું કારણ શું એ તકરાર છે.

ટંડેલને હાજર કરી શકાતો નથી; તેણે એક પ્રોટેસ્ટ કર્યો છે, તે લગતી હકીકત છે.

(આઈ.), તકરાર એવી છે કે અમુક રસ્તો સાર્વજનિક માર્ગ છે કે કેમ.

રસ્તો સાર્વજનિક છે એવું ગામના એક મરણ પામેલા મુખીએ કહેલો કિંવા લખેલો મજકુર એ લગતી હકીકત છે.

(જ.) અમુક બજારમાં અમુક તારીખે દાણાનો ભાવ શો હતો તેની તકરાર છે. પોતાના હમેશના કામને પ્રસંગે એક મરણ પામેલા વાણીયાએ સદરહુ ભાવ બાબત મજકુર કહેલો અથવા લખેલો હોય, તે લગતી હકીકત છે.

(કે.) અ. મરણ પામ્યો છે તે બ. નો બાપ હતો કે કેમ એવી તકરાર છે.

બ. મારો છોકરો છે એવે અ. એ કહેલો કિંવા લખેલો મજકુર લગતી હકીકત છે.

(લ.) તકરાર એવી છે કે અ. ના જન્મની તારીખ કઇ છે.

અ. ના મરણ પામેલા બાપે પોતાના સ્નેહીને અ. નો જન્મ અમુક તારીખે થયાની ખબરનો પત્ર લખ્યો હોય, તે લગતી હકીકત છે.

(મ.) તકરાર એવી છે કે અ. તથા બ. એઓનું લગ્ન થયું છે કે કેમ, તથા તે ક્યારે થયું છે.

એક ટિપ્પણની ચોપડીમાં બ. ના મરણ પામેલા બાપ ક. એ એવું લખી મુકયું છે કે અ. સાથે પોતાની છોકરીનું લગ્ન અમુક તારીખે થયું છે એ લગતી હકીકત છે.

(ન.) (નંધાનું હાસ્યકારક એક ચિત્ર દુકાનની એક બારીમાં પ્રસિદ્ધ મુક્યું છે, તે ચિત્રમાં આબરૂ લેવા જેવી વાત બતાવ્યા બદલ અ. એ બ. ના ઉપર દાવો કર્યો છે. તકરાર એવી છે કે ચીત્ર મજકુર મળતું આવે છે કે કેમ, તથા તે ચીત્રનો પ્રકાર આબરૂ લેવા જેવો છે કે કેમ. તમાસગીર લોકોની ઠઠ જમી હતી, તેઓએ સદરહુ બાબત જે કાંઇ ટિકા કરી હોય તેની સાબતી કરી શકાય છે.

ટીકા—આ કલમ ઘણી અગત્યની છે, અને તેનો પુરે પુરો અર્થ સમજવા સારૂ તેનો ઘણી કાળજીથી અભ્યાસ કરવાની જરૂર છે.

આ કલમમાં વગર સોગને જે હકીકત કહેલી હોય તે બાબતમાં કયાં પ્રસંગે અમર બીજા દરજ્જાનો પુરાવ ગણી લેઈ શકાય છે, તે બતાવેલું છે

કોઈ સખસે પોતાના મોતના કારણ બાબત કિંવા જે કાર્યના પરીણામમાં પોતાનું મૃત્યુ થયું તે કાર્યની કોઈ પણ બીના બાબત કાંઈ મજકુર કહ્યો હોય અથવા લખ્યો હોય તો, તે પુરાવમાં લેઈ શકાય છે, એટલા કારણથી કે તેવો મજકુર જે પ્રસંગે કહેવામાં અગર લખવામાં આવે છે તે પ્રસંગની ગંભીરતાથી તે મજકુરના સાચાપણાની ખાત્રી થાય છે. કોઇ પણ માણસ પોતાના અંતની વખતે પોતાના મોંમાં જુઠાણું રાખી જાય નથી.

નાર્ટનસાહેબ કહે છે કે લોકનું સત્ય થવાને મૃત્યુ વખતે કહેલો મજકુર પુરાવમાં લેવાની ખરેખરી જરૂર છે, નહી તો ગુન્હા થશે.

કનીંગહામસાહેબ કેહે છે કે મરતી વખત કહેલો મજકુરં જે હોય તે શિવાયનો મજકુર મરનારે કહેલો હોય તો, તે જ્યાં સુધી લગતો છે એમ બતાવવામાં ના આવે ત્યાં સુધી પુરાવમાં લેઈ શકાતો નથી.

જીલ્લાની અંદરથી જ્યારે કોઈ સખસને સદર સ્ટેશનમાં લાવવામાં આવે છે ત્યારે તે સન ૧૮૭૨ ના ૧૦ માના બાબ ૨૫ માના ઠરાવ પ્રમાણે તોહમતવાળાની માજીસ્ટ્રેટની રૂબરૂ રીતસર જુબાની લેવી પડે છે, પછી તે સખસ મરણ પામે તો તે બાબતના કામના પુરાવમાં તે જુબાની લેવામાં આવે છે.

ઈંગ્રેજી ભાષા પ્રમાણે જે સબંધી રકમ હોય તે હકીકત બન્યાંની સાથેજ લખવી જોઈએ, નહીતો તે પુરાવમાં દાખલ થઈ શકતી નથી.

કનીંગહામસાહેબ કેહે છે કે આ કલમ પ્રમાણે તે રકમના મજકુર બાબત વે રકમ [illegible]

[illegible]

[illegible]

રંતુ તેના ઉપર કેટલું વજન રાખવું તે બાબત તે કામમાં આવે છે.

નાર્ટનસાહેબ કેહે છે કે હિત વિરૂદ્ધ કહેલો મજકુર ત્રણ પ્રકારનો છે. (૧) પૈસા [illegible] જાતની સ્વતંત્રતા તથા મીલકત સબંધી [illegible] અને તે કેહેનાર અગર લખનાર ઉપર ફોજદારીમાં ફરીયાદ અગર નુકશાનીનો દાવો ચાલે કિવા આલત એવું હોય તે.

લખેલો મજકુર જે પક્ષકારના હાથનો કેહેવામાં આવતો હોય તે તેના હાથ દસકતનો છે, અગર તેના આપેલા અખત્યારથી લખેલો છે એવું તે પુરાવમાં લેતાં પેહેલાં સાબેત થવું જોઈએ.

નાર્ટનસાહેબ કેહે છે કે આ દેશમાં વારંવાર એવું બને છે કે મુદતના કાયદાની હરકત ના થાય તે કારણસર વ્યાજ ચોંહોચ્યાની પોહોંચ જુના ખત ઉપર લખે છે. આ મજકુર [illegible] કે તે મજકુર [illegible] તેના વિરૂદ્ધ છે. [illegible] અને તે નીચે તેની સહી હોવી જોઈએ એમ જરૂર નથી, પણ થોડો અગર ઘણો તેના હાથથી લખેલો હોય, પછી તે નીચે તેની સહી ના હોય તોપણ તે પુરાવમાં લેઇ શકાય છે.

સાર્વજનિક અને સામાન્ય હકક વિગરેમાં તફાવત છે. "સાર્વજનિક" શબ્દ સરકારના દરેક અંગભુતને લાગુ થાય છે, અને સામાન્ય શબ્દોનો અર્થ કાંઇ કમ થાય છે, એટલે ઘણા લોકોને લાગુ થાય છે.

બરક્લી પીરેજના કામમાં સર જે. મોન્સફીલ્ડે કહેલું છે કે સાધારણ હકકો બાબત પડોશમાં જેમ સ્વભાવિક રીતે વાત થાય છે, તેમજ કુટંબના વેહેવાર બાબત પક્ષકારોના સગાઓમાં વાત થાય છે, માટે આવી બાબુંત વાતચીત કરતાં જે કાંઇ નીકળે તે સાચું છે, એમ અનુમાન થવું જોઈએ. વળી બાપે અમુક પક્ષકારને પોતાના ઓરસ છોકરા પ્રમાણે ઉછેરયો એવું સાબેત થાય તો, તેણે તે પોતાનો ઓરસ છોકરો છે એમ હરરોજ કહયા બરાબર થાય છે

હિંદુઓમાં જન્માક્ષર જે થાય છે તે આ રકમ પ્રમાણે પુરાવમાં લેઇ શકાય છે. કબ્રસ્થાન જેવા લેખો હોય તે નકલોથી શાબેત થઈ શકે છે. કલમ ૬૫ ની રકમ ૩ તથા કલમ ૩ માં દસ્તાવેજની વાખ્યા જોવી.

વંશાવળી બાબતનો પુરાવ હમેશાં સાવધગીરીથી લેવાનો છે.

ખાનગી હકક અસલના કબજાના પુરાવથી શાબેત થઈ શકે છે માટે અસલના દસ્તાવેજો તેઓ સાચા હોય અને યોગ્ય કબજામાંથી આવેલા હોય તો, તે ખાનગી હકક શાબેત કરવાને પુરાવમાં લેવામાં આવે છે.

સ્થાવર મીલકતનો કબજો લેવાના દાવામાં વાદીને તેની માએ જન્માક્ષર આપેલા. અને જે તેના કુટુંબના માણસોએ જોએલા અને તેના લગ્નની વખતે ઉપયોગમાં લીધેલા, તે જન્માક્ષર વાદીએ પુરાવમાં ગુજારવા માંડયા, પણ તે જન્માક્ષરમાં તેનું નામ નહોતું તે જન્માક્ષર અગર તે ઉપરનો શેરો કોણે લખેલો તે વાદી કહી શકયો નહી. તેમાં ઠરાવવામાં આવ્યું કે આ કલમ પ્રમાણે તે જન્માક્ષર પુરાવમાં દાખલ કરવા લાયક નથી. (ઈં. લા. રી. ૯ ક. પાનું ૬૬૩)

પ્રામીસરીનોટની રૂપીઆના દાવામાં પ્રતીવાદીની તકરાર ન્હાની વય વિષેની હતી. પ્રતીવાદીના બાપે એકસાક્ષીનું પોતાના દીકરાની ઉમર વિષે કહેલું, તેમાં ઠરાવવામાં આવ્યું કે પ્રતીવાદીના જવાબની પુષ્ટીમાં પ્રતીવાદીની વય બાબત તેના બાપનું સદરહુ કહેલું છે તે પુરાવમાં દાખલ કરવા લાયક નથી. (ઈં. લા. રી. ૧૩ ક. પાનું ૪૨)

પેસ્તરના ઇનસાફી કામમાં યદા પ્રમાણે આપેલો પુરાવો ક્યારે લગતો હોય

૩૩. એકાદ ઇનસાફી કામમાં, કિંવા જે સખસને પુરાવો લેવાનો કાયદા પ્રમાણે અધિકાર હોય, તે સખસની હુજુર કોઇ શાહેદે શાહેદી આપી હોય તે શાહેદીમાં લખેલી હકીકત ખરી છે કે કેમ, તે વાત પાછળથી બીજું કોઇ ઇનસાફી કામ ચાલ્યું હોય તેમાં કિંવા સદરહુ પ્રથમ ચાલેલા કામના પાછલ્યા ભાગમાં શાબિત કરવાને સારૂ સદરહુ પ્રથમ આપેલી શાહેદી લગતી છે; તે એવે પ્રસંગે કે જ્યારે શાહેદ મજકુર મરણ પામ્યો હોય, કિંવા મળી નહી શકતો હોય, કિંવા શાહેદી ... દુર રાખ્યો હોય, કિંવા ઘણો વખત ... ખસને હાજર કરી શકાતો નહી હોય, અને મુકદમાના કેફીયત ઉપરથી તેમ કરવું કોર્ટને વાજબી દેખાતું ન હોય, ત્યારે.

પરંતુ કામ મજકુર તેજ પક્ષકારો કિંવા હકક સબંધીના તેમના પ્રતિનિધિઓ વચ્ચે ચાલેલું હોવું જોઈએ.

તથા ઉલટ તપાસણી કરવાનો હકક તથા સંધી પ્રથમના કામમાં સામા પક્ષકારને મળેલાં હોવા જોઈએ.

તથા પ્રથમના કામમાં તથા પાછલ્યા બીજા કામમાં તકરારી મુદા મુખ્ય વાતે એકજ હોવાં જોઈએ.

ખુલાસો—ફોજદારી કામની તજવીજ કિંવા ચોકશી એ ફરીયાદી તથા તોહમતવાળા વચ્ચેનું કામ છે, એવો આ કલમનો અર્થ છે એમ સમજવું.

ટીકા—આ કલમ પ્રમાણે એકલા જુડીશીયલ કામમાજ સાક્ષી આપવી જોઈએ એમ

નથી. આ કલમમાં કાંઈ પણ કારણથી હરકત આવતી ના હોય તો માજીસ્ત્રેટે પોતાના મુલકી અખત્યારથી લીધેલી જુબાની પણ કામ આવે છે.

કાયદા પ્રમાણે હરેક સાક્ષીને સોગન ઉપર તપાસવા જોઈએ, માટે તે સાક્ષી સોગન ઉપર તપાસવામાં આવ્યો હતો કે નહી તે સાબેત થવું જોઈએ.

આ કલમ જે સાક્ષી ગેરહાજર હોય તેને લાગુ થાય છે. જ્યારે શાહેદી હાજર હોય ત્યારે તેણે જે આગળના ફોજદારી કામમાં શાહેદી આપેલી હોય તે આ કાયદાની કલમ ૧૫૫ની [illegible]

કમીટ કરનાર માજીસ્ત્રેટની રૂબરૂ જે શાહેદી લેવામાં આવેલી હોય છે તેમની જુબાનીયો સેશનકોર્ટમાં પુરાવમાં લેઈ શકાય છે, તેમજ તે કાયદાની કલમ ૫૦૯ પ્રમાણે જે ડાક્ટરની જુબાની લેવામાં આવેલી હોય તે હરકોઈ તપાસમાં પુરાવમાં લેવામાં આવે છે અને કોર્ટને યોગ્ય કારણ હોય તો તે શાહેદી ઉપર સમન્સ કરી તપાસી પણ શકે છે.

ક્રી. પ્રો. કોડની કલમ ૫૦૩ પ્રમાણે કમીશનથી શાહેદી લેવામાં આવે તે પણ પુરાવમાં દાખલ થઈ શકે છે.

જો સાક્ષી હયાત હોય પણ જાણે મરી ગયો હોય તેમ મળી શકતો ના હોય તો, તેની જુબાની તેના તેજ પક્ષકારો વચ્ચે પુરાવ તરીકે વાંચી શકાય છે, પણ જે પક્ષકાર તે જુબાની પુરાવમાં આપવા માગતો હોય તેણે સોગન ઉપર એમ કહેવું જોઈએ કે હું તેને જોઈ શકતો નથી, અને તે ક્યાંહાં છે તે મારા સાંભળવામાં પણ આવી શકતું નથી.

[illegible] તો તે મરણ પા- [illegible]

[illegible] જુબાનીયો પુરાવમાં લેઈ શકાય છે, પણ તે ઉપર અમલદારની સહી જોઈએ.

કોઈ સખસ શરીરે એવી રીતે માંદો હોય કે તે હવે પછી કોઈ પ્રસંગે કોર્ટમાં હાજર થઈ શકે નહી તેવી આશા ના હોય તો, ફોજદારી કામમાં વ્યાજબીરાહે તેની જુબાની પુરાવમાં લેઈ શકાય છે. તેમજ કોઈ માણસ કાયમ ખાટલે વશ થએલો હોય તો તેની જુબાની પણ લેઈ શકાય છે. પરંતુ થોડી મુદતની મંદગી હોય તો તેથી મુકદમાની તપાસ બંધ રાખવાનું કારણ થાય છે.

વિશેશ પ્રસંગે કહેલો કિંવા લખેલો મજકુર.

હિસાબની ચોપડીયોમાંની નોંધ ક્યારે લગતી હોય છે.

૩૪. કામને પ્રસંગે નિયમપુર્વક રાખેલી હિસાબની ચોપડીઓમાં કરેલી નોંધ જે બાબત વિશે કોર્ટને ચોક્શી કરવાની હોય તે સબંધી હોય તો તે લગતી છે; પરતુ માત્ર સદરહુ મજકુર એકલો કોઈ સખસ ઉપર જવાબદારી નાખવાને સારૂં પુરતો પુરાવો છે એમ સમજવું નહીં.

દ્રષ્ટાંતો.

(અ.) અ. એ બ. ના ઉપર એક હજાર રૂપીયાનો દાવો કરયો છે, તથા એ રકમ બ. પાસે

પોતાની લેહેણી છે એવું બતાવવાને સારૂ પોતાના હિસાબની ચોપડીયોમાંથી રકમો બતાવે છે; એ રકમો લગતી છે; પરંતુ કરજ મજકુર શાબિત કરવાને સારૂ બીજો પુરાવો ન હોય તો તે બસ નથી.

ટીકા—જીલ્લાઓની અંદર પક્ષકારે પોતાની મેળે પોતાના ચોપડામાં મજકુર લખેલો હોય તો, પોતાનો દાવો શાબેત ગણવાને તે બસ થાય છે.

સન ૧૮૫૫ ના આકટ ૨ જાની કલમ ૪૩ માં જે ઠરાવ હતો તેજ ઠરાવ આ કલમમાં છે. તેમા ઠરાવ હતો કે રીતસર રાખેલા ચોપડા પ્રત્યંતરી પુરાવ છે, અને સ્વતંત્ર પુરાવ નથી.

જે હકીકત મુદ્દાની નથી તેમ કોઈ પણ કલમ મુજબ લગતી નથી, તે હકીકત વિશેનું નામું કામ લાગશે નહી.

હમેશાંનું કામ ચલાવવવાની રીતીના રીતસર રાખેલા ચોપડામાં લખેલી હકીકત આ કલમમાં બતાવ્યા પ્રમાણે લગતી હકીકત છે, તોપણ અમુક બાબતની તે હરકત ના હોય તો તેવા ચોપડા ઉપરથી તે લાગતી હકીકત છે, એમ અનુમાન થતું નથી. (ઈં. લા. રી. ૧૦ ક. પાનું ૧૦૨૪)

જેકામકરવાનું કાયદામાંફર માવવામાં આવ્યું હોયતે કામ કરવાને પ્રસંગે સરકારી દફતરમાં જે નોંધકરી હોયતે ક્યારે લગતીસમજવી.

૩૫. તકરારી કિંવા લગતી હકીકત જેમાં બતાવેલી હોય એવી નોંધ કોઇ પણ સાર્વજનિક કિંવા બીજી સરકારી ચોપડીમાં કિંવા રજીષ્ટરમાં કિંવા દફતરમાં હોય, અને તે નોંધ કોઇ સરકારી નોકરે પોતાનું સરકારી કામ કરવાને પ્રસંગે કરી હોય, કિંવા જે દેશમાં સદરહુ ચોપડી કિંવા રજીષ્ટર કિંવા દફતર રાખવામાં આવ્યું હોય તે દેશના કાયદામાં જે કામ કરવાનું વિશેષે કરીને ફરમાવ્યું હોય તે કામ કરવાને પ્રસંગે હરકોઇ બીજા સખસે કરેલી હોય, તો તે નોંધ સ્વતઃ લગતી હકીકત છે એમ સમજવું.

ટીકા—સેટલમેન્ટ આફીસર અને ગામના અમલદારોએ જે મજકુર લખેલો હોય તે આ કલમ પ્રમાણે પુરાવ છે, તેમજ જન્મ, મોત અને લગ્ન વિગરે સબંધી રજીસ્ટ્રારે રેજીસ્ટરના જે મજકુર લખેલો હોય, અને તે બાબતની તકરાર હોય તો, તે પણ લગતો મજકુર છે.

સન ૧૮૬૬ ના આકટ ૧૦માની કલમ ૬૧ પ્રમાણે ઇન્સ્પેકટરોના રીપોર્ટની નકલ હોય, અને તે ઊપર કંપનીનો શેરા હોય તો, તે તેમના અભિપ્રાય બાબતનો એક પુરાવ છે.

સન ૧૮૫૦ ના આકટ ૨૭ માની કલમ ૪ પ્રમાણે જે સર્ટીફીકટ જીલ્લાકોર્ટથી જે સખસને આપવામાં આવેલ હોય, તે તેના પ્રતીનીધીપણા બાબત નિશ્ચેકારક પુરાવ છે. કનીંગહામસાહેબની ટીકા પાનું ૫૪)

કંપની બંધ કરવામાં આવે ત્યારે તેની તમામ બુકોમાં લખેલી હકીકતના સાચાપણા બાબત પ્રથમ દર્શનીક પુરાવ થાય છે. (નર્ટનસાહેબની ટીકા પાનું ૨૦૦)

ખાલસા કરવાના 'ચીતા' જો ખાલસા કરવાનું પ્રોસીડીંગ ન હોય તો ત્રીજા પક્ષકારે વિરૂદ્ધના હક્ક વિશે નિશ્ચયકારક પુરાવ થતા નથી. (ઈં. લા. રી. ૧૪ ક. પાનુ ૧૨૦).

નુકશા તથા પ્લાન એકયા રે લગતા છે.

૩૬. પ્રસિદ્ધ કરેલા દેશના નકશા કિંવા ચાર્ટ સર્વે લોકોને વેચવા સારુ બહુ કરીને રાખવામાં આવતા હોય તેમાં, અથવા સરકારના હુકમથી દેશના જે નકશા કિવા પ્લાન કરવામાં આવ્યા હોય તેમાં, એવા દેશના નકશામાં કિંવા ચાર્ટમાં કિંવા પ્લાનમાં જે બાબતો બહુ કરીને હમેશ દર્શાવવામાં કિંવા લખવામાં આવતી હોય તે બાબતો સબધીનો, કોઈ તકરારી કિવા લગતી હકીકતનો મજકુર બતાવ્યો હોય, તે મજકુર સ્વત: લગતી હકીકત છે.

ટીકા [illegible] પુરાવમા દાખલ [illegible]

રામનારાયણ વિ૰ મોહુરાયચંદ્ર બાનરજી (૧૯ વી. રો૰ ૨૦૨) ના કામમાં જસ્ટીસ માર્કબીસાહેબે ઠરાવ્યું છે કે આવા નકશાને કોઇપણ રીતે પુસ્ટી આપવાની જરૂર છે કે નહી તે વિષે કાંઇ પૂણું નિયમ [illegible]

(ઈ. લા. રી. [illegible]) [illegible], હુકમનામુ કરવાને બસ પુરાવ નથી.

સાર્વજનિક પ્રકારની હકીકત બાબત કોઇ આકટમાં અથવા સરકારી જાહેરનામામાં મજકુર લખ્યો હોય તે લગતો છે.

૩૭ સાર્વજનિક પ્રકારની કોઈ હકીકત બની છે કે નહી એ બાબત જ્યારે કોર્ટને અભિપ્રાય બાંધવાનો હોય, ત્યારે પાર્લમેન્ટના કિવા હીંદુસ્તાનના ગવરનર જનરલ ઇનકોન્સીલના, કિંવા મદ્રાસના કિવા મુંબાઈના ગવરનર ઇનકોન્સીલના કિંવા બંગાળાના લેફટેનન્ટ ગવરનર ઈનકોંસીલના કોઈ પણ [illegible] તિ છાંપેલા પત્ર ઉપરથી સમજાય તેવા છાપેલા પત્રમાં છાપેલા, સરકારના જાહેરનામા માંહેના કોઈ ઉદ્દેશરૂપી લખાણમાં સદરહુ સાર્વજનિક પ્રકારની હકીકત બન્યાનો કિંવા ન બન્યાનો જે કાંઇ મજકુર લખેલો હોય તે મજકુર લગતી હકીકત છે.

ટીકા—આ કલમ પ્રમાણે જે હકીકત બાબત કોર્ટને અભિપ્રાય બાંધવાનો છે, તે સાર્વજનિક પ્રકારની હોવી જોઇએ.

ટેલરસાહેબ કહે છે કે જો સરકારી દસ્તાવેજનો મજકુર 'ઈસ્યુ' ને લગતો હોયતો, તે પ્રથમ દર્શનિક અમર નિર્ણયકારક પુરાવ તરીકે ઘણુંકરીને પુરાવમાં દાખલ કરવા લાયક છે, અને ઘણાક કામમાં તો તે દસ્તાવેજમાં આરંભના પ્રવેશ તરીકે મજકુર લખેલો હોય તો પણ પુરાવ થાય છે.

હિંદુસ્તાન બગર કલકતાના ગેઝેટમાં ઈગ્રેજ સરકાર તથા સરહદ ઉપર તોફાની મુસલમાનો વચ્ચે દુશમનાઇ સબંધીનો સરકારી પત્ર છે, સબબ તે ગેઝેટો પુરાવમાં દાખલ થઈ શકે છે. (નાર્ટનસાહેબની ટીકા પાનું. ૨૦૧–૨૦૨)

ગામના વહીવટ પ્રમાણે જે કર વસુલ થઈ શકતો હોય, અને તે સેટલમેન્ટ આશીસરે દફતરમાં દાખલ કરયો હોય તો, તે રીવાજ બાબતનો અગત્યનો પુરાવ છે, પણ તે નિશ્ચેકાર્ક પુરાવ નથી (ઈ. લા. રી. ૨ અ. પાનું ૪૯).

કાયદાનીચોપડીમાંલખેલો મજકુર.

૩૮. કોઇ દેશના કોઇ કાયદા બાબત જ્યારે કોર્ટને અભિપ્રાય બાંધવાનો હોય, ત્યારે સદરહુ દેશની સરકારના હુકમથી અમુક ચોપડી છપાઇ છે કિંવા પ્રસિદ્ધ થઇ છે, તથા તેમાં સદરહુ કાયદા લખેલા છે, એવું તે ચોપડી ઉપરથી સમજાય તેવી ચોપડીમાં લખેલો સદરહુ કાયદાનો મજકુર તથા સદરહુ દેશની કોર્ટોએ કરેલા ઠરાવ કોઈ ચોપડીમાં આપ્યા છે એવું જે ચોપડી ઉપરથી સમજાય તે ચોપડીમાં આપેલા ઠરાવ, એ બેઉ લગતા છે.

ટીકા—જે કાયદાઓનો કોર્ટોમાં ઉપયોગ [illegible] આવે છે તે કાયદા તે [illegible] ન્યાયની રૂઈએ ધ્યાનમાં રાખવા જોઇએ, સબબ ને [illegible] નથી, પરંતુ પરરાજ્ય અને આપણા કોલોનીઝ [illegible] ગાર સખસોથી સાબેત થવા જોઈએ. (કલમ. ૪૫ જોવી.)

કહેલા કિંવા લખેલા મજકુરનો કેટલો ભાગ શાબિત કરવો જોઇએ.

કહેલોકિંવાલખેલો મજકુર વાત ચીતનો, કીંવાદસ્તાવેજનો,કિંવાચોપડાનો,કિંવા અનુક્રમે રાખેલા પત્રો કિંવા કાગળોનો, ભાગ હોયતો કીયો પુરાવો આપવો જોઇએ.

૩૯. જે મજકુરનો પુરાવો આપવામાં આવતો હોય તેવો હરકોઇ મજકુર જ્યારે તે મજકુર કરતાં લાંબા બીજા કોઇ મજકુરનો કિંવા કોઈ વાર્તાચિતનો કિંવા કોઇ છુટા દસ્તાવેજનો ભાગ હોય ત્યારે, અથવા જ્યારે સદરહુ મજકુર જે દસ્તાવેજ કોઇ ચોપડીનો કિંવા સબંધવાળા અનુક્રમે રાખેલા પત્રો કિંવા કાગળોનો ભાગ હોય તે દસ્તાવેજમાં લખ્યો હોય ત્યારે, તે મજકુરનો પ્રકાર તથા તે ઉપરથી થતું પરિણામ તથા જે બીના ઉપરથી તે કહેવામાં કિંવા લખવામાં આવ્યો હોય તે બીના પુરતી રીતે સમજવાને સારૂ, સદરહુ લાંબા મજકુરનો કિંવા વાતચિતના કિંવા દસ્તાવેજના કિંવા ચોપડીના કિંવા અનુક્રમે રાખેલા કાગળો અથવા પત્રોના જેટલા ભાગની તે અમુક કામમાં કોર્ટને જરૂર લાગે તેટલાજ ભાગનો પુરાવો આપવો; જાસ્તી ભાગનો પુરાવો આપવો નહીં.

ટીકા—ચોપડા અથવા દસ્તાવેજોમાં આવેલી બદ્ધી હકીકત પુરાવામાં લેવાથી ઇનસાફના કામમાં નકામી અડચણ પડે અને ફોગટ વખત ગુજરયા જેવું થાય, માટે ખરેખર (૧) તે મજકુરનો પ્રકાર (૨) તેનું પરિણામ અને (૩) જે કેફીયતના આધારે તે કહેવામાં કિંવા લખવામાં આવેલો હોય તે બદ્ધિ બીના લેવી.

જસ્ટીસ બોસાનકવેટસાહેબે કહ્યું છે કે "જો પ્રાસીક્યુટર કોઇ કેદીનું કહેવું પુરાવમાં વાપરવા ધારે તો, તેણે તે બધું કહેવું લેવું જોઇએ. એક ભાગ પસંદ કરે અને બીજો ભાગ છોડી દે એમ બની શકે નહીં, અને જો તેથી વિરૂદ્ધ બાજે પુરાવ ના હોય તો એ કહેવું ખરૂં માનવું જોઇએ, પણ કેદીનું આખું બોલવું પુરાવમાં મુકયા બાદ તેમાંનો કાંઈ ભાગ ખોટો [illegible] અને પછી એ કહેવું [illegible]

મી. ટેલરસાહેબ કહે છે કે એક પક્ષકાર ઉપર સામા પક્ષકારે કાગળો લખેલા હોય, તે કાગળોના સામા પક્ષકાર ઉપર જવાબ આવેલા હાય તે, તે સામા પક્ષકાર પાસે હોય તો તે રજુ કરયા શિવાય અગર રજુ કરવાને દરખાસ્ત કરયા શિવાય તે પુરાવમાં ગુજારી

શકાય છે. પછી તે વ્યવહાર સમજવાને બીજા પક્ષકાર જવાબ ગુજરાયા બાદ તે જવાબના કાગળો તે પુરાવામાં ગુજારી શકે છે.

વળી તેઓ કહે છે કે કેદીની કબુલતના બધા ભાગ ઉપર સરખું વજન રહે એમ કાંઇ નિયમ નથી. જો પુરતુ કારણ હોય ... ભાગ ખરો માને અને તેના લાભનો ભાગ કાઢી નાંખે, તે વિરૂદ્ધ ... થયે. ન હોય તોપણ ફીકર નહીં. લાભનો ભાગ ખોટો છે, એમ માનવાને બીજા કારણો હોય તો બસ છે.

ઈનસાફી કોર્ટોના ફેંસલા ક્યારે લગતા સમજવા તે બાબત.

બીજી વખત ૪૦. કોઈ કોર્ટ કામ એકદાવાની ફરયાદી સાંભળવી કે નહીં, કિંવા કોદાવો થતાં ... કઈ એક તજવીજ ચલાવવી કે નહીં, કિંવા જ્યારે તકરાર હોય ત્યારે, જે થવા તજવીજ ફેંસલો કિંવા હુકમ કિંવા હુકમનામું થયાના કારણને લીધે સદરહુ ફરિયાદ ચાલતી અટકાવવી, દાવો સાંભળવાને કિંવા સદરહુ તજવીજ ચલાવવાને કાયદાથી કોર્ટને અટકાવ વવાને સારૂ પેરત પોહોંચતો હોય, તે ફેંસલો કિંવા હુકમનામું થયું છે, એ વાત લગતી હકીકત છે.

રનો ફેંસલો લ...

ગતીહકીકતછે.

ટીકા—સ્ટીફનસાહેબ કહે છે કે જે બાબતના ફેંસલા હોય, તે બાબતનું વધારે કામ ચલાવવાને તે ફેંસલાથી પરીણામે અટકાવ થાય છે, તે બાબત આ કલમ ૪૦-૪૧માં જાણી બુજીને છોડી દેવામાં આવી છે.

દિવાની કામમાં સન ૧૮૭૭ ના ૧૦ મા કાયદાની કલમ ૧૩ એ સારી રીતે નિયમ બતાવે છે. તે શિવાય કલમ ૧૨, ૧૩, ૪૩, ૧૦૩ અને ૩૭૧ એ નિયમ સાથે અગત્યનો સબંધ ધરાવનાર છે.

મી. ટેલરસાહેબ કહે છે કે પક્ષકારો દ્વારે થએલા જજમેન્ટથી જે બાબતનો નિયમ કરવામાં આવેલો હોય તે બાબતમાં તે નિયમ નિર્ણયકારક છે. વળી તેઓ કહે છે કે ફોજદારી કામમાં થએલો ફેંસલો દિવાની કામમાં પુરાવ નથી.

એક શખ્સ ઉપર ... ની બીજી સ્થાનોમાં બંધનકારક નથી ... જોઇએ.

સુંબાળથી ઇસ્યુ બાબત વિચાર કરવો જોઈએ. જે ઈસ્યુ બીજા કામમાં જોવાનો હોય તે ઈસ્યુ પ્રથમના કામમાં એકલોજ હોવો જોઇએ, એમ કાંઈ જરૂર નથી. પ્રથમના કામમાં તે ઇસ્યુ બીજા ઈસ્યુની સાથે હોય તોપણ તેની કાંઈ હરકત નથી.

કોર્ટોની ... જે વાત ખાસ બાબતલ કરી ના હો... અને જેટલી સફાઈથી બતાવવામાં આ... હકુમત છે.

પરરાજ્યના સ્વતંત્ર ફેંસલા સદરહુ રીતે બંધનકારક છે, અને ગુણદોષની બાબતમાં તે આખરના છે. તે ફેંસલાની બાબતમાં કપટ, અગર બેઊ પક્ષકારની એક મસલત અગર હકુમતની ખામી અગર પક્ષકારોની ખામીને લીધે વાંધો લઈ શકાય છે.

પ્રથમ જે કામ ચાલેલું હોય તેમાં અને બીજા કામમાં તેનો તેજ ગુન્હો હોય તો, પ્રથમના કામનો ફેંસલો બીજા કામમાં બંધનકારક થાય છે.

સન ૧૮૬૪ ના આક્ટ ૫ મા પ્રમાણે મામલતદારે કરેલો ફેંસલો નિશ્ચયકારક પુરાવ નથી.

સન ૧૮૫૯ ના આક્ટ ૮ માની કલમ ૨૪૬ ના ઠરાવ પ્રમાણે જે હુકમ કરવામાં આવ્યો હોય, તે જો કાયદા પ્રમાણે મુદતની અંદર પાકો દાવો કરી રદ કરાવેલો ના હોયતો, તેમાં જે પક્ષકારો હોય તેને તે બંધનકારક અને નિશ્ચેકાર્ક છે. (ઈં. લા. રી. ૧ અ. પાનું ૩૮૧)

પ્રોબેટ વિગરે સબંધીના અધિકારથી કીધેલા ફેંસલા.

૪૧. કોઈ કાયદેસર સબંધ કોઈ સખસને છે કિંવા નથી, અથવા કોઈ સખસનો કોઈ અમુક વસ્તુ ઉપર હકક છે કિંવા નથી, એ વાત જ્યારે લગતી હોય, ત્યારે પ્રોબેટ સબંધીના, કિંવા લગ્ન સબંધીના, કિંવા સમુદ્ર ઉપરના, કિંવા નાદારી સબંધીના પોતાના અધિકારનો અમલ ચલાવતાં કોઇ [illegible] નામું કરયું હોય, અને તે [illegible] અથવા તેની પાસેથી છીનવી [illegible] કક છે એમ ઠરાવ્યું હોય, [illegible] ઠરાવ્યું હોય અને તે હકક કોઈ બીજા [illegible] સખસનો [illegible] હોય તો [illegible] માં છે એમ સમજવું.

જ્યા [illegible] અમલમાં આવ્યું ત્યારે તે ઉપરથી આપેલો સદરહુ કાયદેસર સબંધ ઉત્પન્ન થયો એ હકીકતની,

તથા જે કાયદેસર સબંધ ઉપર સદરહુ કોઈ સખસનો હકક તે ફેંસલામાં ઠરાવ્યો હોય, તે હકક જે વખતે તે સખસને વિશે ઉત્પન્ન થયાનું ફેંસલા કિંવા હુકમ કિંવા હુકમનામા મજકુરમાં ફરમાવ્યું હોય, તે વખતે હકક મજકુર સખસ મજકુરને વિશે ઉત્પન્ન થયો એ હકીકતની,

તથા સદરહુ સખસ પાસેથી જે કાયદેસર સબંધ છીનવી લેવામાં આવ્યો હોય, તે સબંધ જે વખતથી બંધ થવાનું ફેંસલા કિંવા હુકમ કિંવા હુકમનામા મજકુરમાં ફરમાવ્યુ હોય, તે વખતે તે સબંધ થયો, અથવા થવો જોઇએ એ હકીકતની,

તથા કોઇ સખસનો હકક જે વસ્તુ ઉપર સદરહુ ફેંસલામાં ઠરાવવામાં આવ્યો હોય, તે વસ્તુ જે વખતે તે સખસની થવાનું, ફેંસલા કિંવા હુકમ કિંવા હુકમનામા મજકુરમાં ઠરાવવામાં આવ્યું હોય, તે વખતે તે વસ્તુ તેની થઈ અથવા થવી જોઈએ એ હકીકતની,

સદરહુ ફેંસલો કિંવા હુકમ કિંવા હુકમનામું નિર્ણયકારક સાબિતી છે.

ટીકા—હુકમનામાં બે પ્રકારનાં હોય છે, એક પ્રકારના હુકમનામાથી ફક્ત પક્ષકારો અને તેમના પ્રતીનીધીઓ બંધાય છે, અને બીજી જાતના હુકમનામાં દુનિયાના તમામ લોકને બંધન કરતા ગણાય છે. પેહેલા પ્રકારના હુકમનામાને 'જજમેન્ટ ઈન્ટર પાર્ટીઝ' અને બીજા પ્રકારનાંને 'જજમેન્ટ ઈન રેમ' કરીને કેહે છે. આ કલમ છેલ્લા પ્રકારના જજમેન્ટ વિશે છે.

પ્રોબેટ એટલે સાબીત થએલાં વસિયતનામાં દરીયાઈ લગન સબંધી અને નાદાર દેવાદાર સબંધી હકુમત ચલાવતાં કરેલા ઠરાવો આખી દુનિયાં વિરૂદ્ધ નિર્ણયકારક ગણેલા છે.

હિંદુ વુઈલ આક્ટ મંજુર થતા પેહેલાં જે પ્રોબેટ આપવામાં આવેલાં હોય તેને આ કલમ લાગુ છે. (ઈ. લા. રી. ૧૪ ક. પાનું. ૮૬૧).

ત્રીજા પક્ષકાર વચ્ચેનાહુકમનો ફેંસલો, કિંવા હુકમ, કિંવા હુકમનામું ક્યારે ગેરલગતુ હોય નેક્યારે ન હોય તે વિશે.

૪૨. કલમ એકતાળીસમાં બતાવ્યા છે તે શિવાયની ફેંસલા, હુકમ, કિંવા હુકમનામાં જે ચાલતી ચોકશીને લગતી સાર્વજનિક પ્રકારની બાબત સબંધી હોય, તો તે ફેંસલા, હુકમ, કિંવા હુકમનામાં લગતાં છે એમ સમજવું, પરંતુ એવા ફેંસલા, હુકમ, કિંવા હુકમનામાં તેમાં લખેલા મજકુરની નિર્ણયકારક શાબિતી છે એમ સમજવું નહીં.

દ્રષ્ટાંત.

પોતાની જમીન ઉપર પ્રવેશ કર્યાબદલ અ. એ બ. ઉપર દાવો કર્યો. બ. નું કેહેવું એવું છે કે તે જમીન ઉપર સાર્વજનિક હકનો રસ્તો છે, પરંતુ એ વાત અ. નાકબુલ કરે છે.

એજ જમીન ઉપર પ્રવેશ કર્યા બદલનો દાવો અ. એ ક. ઉપર કરયો હતો, તે કામમાં ક. એ જવા આવવાનો એવોજ હક છે એવી તકરાર કરી હતી, તે કામમાં પ્રતીવાદી તરફનું થએલું હુકમનામું લગતું છે. પરંતુ જવા આવવાનો સદરહુ હક છે એ વાતની તે હુકમનામું નિર્ણયકારક શાબિતી થતી નથી.

ટીકા—એકતરફી હુકમનામું બજાવવાની મુદત ગયા છતાં પણ તે પુરાવામાં લેઇ શકાય છે. તેના ઉપર કેટલું વજન રાખવું એ સ્વાલનો નીચલી કોર્ટે નિર્ણય કરવાનો છે. (૧૦ વી. રી. ૨૧૫)

એકતરફી હુકમનામાંની અસર બેતરફી તકરાર ચાલી થએલા હુકમનામાના જેટલીજ છે આવું હુકમનામું બજાવવાની મુદત ગયા પછી પણ પુરાવા તરીકે કામ લાગે છે. (ઈં. લા. રી. ૬ ક. ૩૮૩)

આવી જાતના બધા મુકદમામાં કલમ ૩૨ ની રકમ તથા કલમ ૧૩ મુજબ આવો પુરાવો લગતો થાય છે. માટે એવી બાબતના પુરાવા લેવા જોઇએ. પછી પક્ષકાર એના એજ હોય કિંવા બીજા હોય તેની ચિંતા નહીં. (૭ વી. રી. ૨૧૦)

ક્યા ફેંસલા વ ગેરેલગતાનથી.

૪૩. કલમ ૪૦, ૪૧ તથા ૪૨ માં જણાવેલા છે તે શિવાયના બીજા ફેંસલા, હુકમ કિંવા હુકમનામાં થયાં છે કે નહીં. એ મુદાની હકીકત ન હોય, કિંવા આ કાયદાના બીજા કોઇ ઠરાવ મુજબ તે લગતી હકીકત ન હોય, તો તેવા ફેંસલા કિંવા હુકમ કિંવા હુકમનામાં ગેરલગતાં છે, એમ સમજવું.

દ્રષ્ટાંતો.

અ. એક આબરૂ લેવા જેવી વાત ઉપરથી અ. તથા બ. એ બેઊને દોષ લાગે છે, તે બદલ અ. એ તથા બ. એ ક. ઉપર જુદા જુદા દાવા બાંધ્યા છે. જે વાત આબરૂ લેવા જેવી છે એવું કેહેવામાં આવે છે તે ખરી છે એવું ક. બેઊ કામમાં કેહે છે, અને હકિકત એવા પ્રકારની છે કે તે વાત યાતો બેઉ કામમાં ખરી હોવી જોઇએ, યાતો બન્નેમાં ખોટી હોવી જોઇએ, એવો સંભવ થાયછે.

ક એ જે જવાબ આપ્યો તે તેણે શાબીત કર્યો નહીં, એવા કારણ ઉપરથી ક ઉપર અ.નું ખુનનુ હુકમનામું થયું, એ હકીકત બ. તથા ક. વચ્ચેના મુકદ્દમામાં લગતી નથી.

(ચ.) અ.ની સ્ત્રી ક. એની જોડે બ. એ છીનાળું કર્યા બદલ અ. એ બ ઊપર ફોજદારીમાં ફરીયાદી કરી છે.

ક. અ.ની સ્ત્રી છે એ વાત બ. નાકબુલ કરે છે, પરંતુ બ. ઉપર છીનાળાનો ગુન્હો કોર્ટે શાબિત ઠરાવ્યો.

ત્યાર પછી અ. જીવતો છતાં ક. એ બ. સાથે ફરી લગ્ન કર્યું, માટે ક.ના ઉપર ફોજદારીમાં કામ ચાલ્યું છે. ક.નું કહેવું એવું છે જે હું કોઇ પણ કાળે અ.ની સ્ત્રી ન્હોતી. બ.ની વિરુદ્ધ થએલો ઠરાવ ક.ની વિરુદ્ધ ગેરલાગતો છે.

(છ.) પોતાની પાસેથી એક ગાય ચોરી લઈ જવા બાબત અ એ બ. ઉપર ફોજદારીમાં ફરીયાદ કરી છે. બ.ના ઉપર ગુન્હો શાબિત ઠરાવવામાં આવ્યો છે.

[illegible]

[illegible]

ઠરાવ અ. તથા ક. વચ્ચેના કામમાં ગેરલાગતો છે.

(જ.) એક જમીનના કબજાનું અ. એ બ.ના ઊપર હુકમનામું મેળવ્યું છે. બ.નો છોકરો ક. એણે અ.નું ખુન સદરહુ કારણને લીધે કર્યું છે.

સદરહુ ફેસલો છે એ વાત ગુન્હા કરવાનો હેતુ બતાવે છે તે માટે લગતી છે.

ટીકા—ફોજદારી કામમાં થએલાં હુકમનામાં દિવાની કામમાં જે હકીકત ઉપરથી એ ઠરાવ થયો હોય તે હકીકત શાબેત કરવા પુરાવામાં લેઈ શકાતાં નથી. તેમજ દિવાની કામમાં થએલો ઠરાવ ફોજદારી કામ ચલાવવામાં પુરાવામાં આપી શકાતો નથી. (૫ વી. રી. ૭૭)

સરકાર મેહેસુલની ચડેલી બાકી સારૂ થએલા લીલામમાંના એક સખસ ખરીદદાર થએલો, તેને કસુર કરનાર માલેક તરફનો હક મળતો નથી, માટે કસુર કરનાર માલેક [illegible] સદરહુ [illegible] વા બાબત નથી. (ઈં. લા. રી. ૧૨ ક. પાનું. ૮૨)

દગલબાજી, દબાણ ભરેલા સંપ તથા કોર્ટને અધિકારનથી એ વાતની શાબિતી કરી શકાય છે.	૪૪. કોઈ ફેસલો કિંવા હુકમ કિંવા હુકમનામું કલમ ૪૦ ૪૧ કિંવા ૪૨ મુજબ લગતું હોય, તથા તેની શાબિતી સામા પક્ષકારે કરી હોય, તે જે કોર્ટે તેને કરવાનો અખ્તિયાર ન્હોતો, કિંવા તે દગલબાજીથી કિંવા દગા ભરેલા સંપથી મેળવ્યું છે, એવું કોઇ દાવાનો કિંવા બીજા કામનો પક્ષકાર બતાવી શકે છે.

ટીકા—આ કલમ મુજબ કોઈ પણ ઠરાવ વિષે હકુમતની ખામીનો અને દગા ભરેલા સંપથી થવાનો વાંધો લેઇ શકાય છે.

જજમેન્ટ પુરાવામાં રજુ કરવામાં આવ્યું હોય તે વખતે ગુન્હેગાર પક્ષકાર કેહ.

કે તે મારા પોતાનાજ [illegible] મેળવવામાં આવેલું છે, એમ બતાવી તે, તે પુરાવામાંથી બાતલ કરી શકતો નથી.

[illegible] છે કે "હરકોઇ ત્રાહિત માણસ કે જેના વિરૂદ્ધ કોઈ હુકમના- મુ[illegible] કે તે માણસ એ હુકમનામું દગાથી કિંવા [illegible] કરેલા સ[illegible] શકે [illegible] નો [illegible] એટલું [illegible] નામું [illegible] ઠરાવ રદ કરાવવા અરજ કરી શકે છે, પરંતુ એતો નક્કી છે કે તકરારવાળો માણસ [illegible] ખરાપણું બતાવી તે ઠરાવ અટકાવી શકે નહીં.

ત્રાહીત સખસોના અભિપ્રાય કયારે લગતા હોય છે.

કુશળમાણસો [illegible] પરદેશના કાયદાની કોઇ બાબત વિશે, અથવા શાસ્ત્ર કિંવા ના આબતમાં [illegible], અથવા અક્ષર, ઓળખવા વશે, કોર્ટને જ્યારે [illegible] ત્યારે તેવા બીજા દેશના કાયદામાં, કિંવા શાસ્ત્ર- [illegible] અક્ષર ઓળખવા વિશે જે સખસો વિશેષે કરીને [illegible] બાબતવિશેના અભિપ્રાય લગતી હકીકતો છે. એવા સખસને કુશળ માણસ કહે છે.

દ્રષ્ટાંતો.

(અ.) તકરાર એવી છે કે અ નું મરણ ઝેહરથી થયું છે કે કેમ.

[illegible] કરવામાં આવે છે, તે ઝેહેર ખાવાથી જે લક્ષણો થતા હોય [illegible] ના અભિપ્રાય લગતા છે.

(બ.) તક[illegible] કરતા વખતે પોતે કેવા પ્રકારનું કૃત્ય કરે છે અથવા [illegible] કિંવા કાયદા વિરૂદ્ધ છે, એવું સમજવાને અ. દીવાનગીના સબબ [illegible] હતો કે કેમ.

રોગના જે લક્ષણો અ. માં દેખાતાં હતાં તે લક્ષણો જ્યાં માલમ પડે ત્યાં દીવાનાપણું બહુ કરીને હોય છે કે કેમ, તથા એવા, દીવાનાપણાથી પોતે જે કૃત્ય કરે તેનો પ્રકાર સમજવાને કિંવા જે [illegible] કરે છે તે ખોટું કિંવા કાયદા વિરૂદ્ધ છે, એ સમજવાને લોકો ઘણું કરીને [illegible]. એ વિશેના કુશળ માણસોના અભિપ્રાય લગતા છે.

(ક.) તકર[illegible] અ એ લખ્યો છે કે કેમ. બીજો એક દસ્તાવેજ [illegible] આવ્યો છે, કિંવા [illegible] કરવામાં આવ્યો છે, તે [illegible] છે.

બેઉ [illegible] ખ્યા છે કિંવા જુદા જુદા સખસોએ લખ્યા છે એ વિશેના કુશ[illegible] લગતા છે.

ટીકા—પરર[illegible] વિશે (૧) શાસ્ત્ર અમર કળા સાબેત કરવા વિશે. (૨) અમર[illegible] કુશળ માણસની શાક્ષી લેવામાં આવે છે. કુશળ માણસોના [illegible] કેવી રીતે સાબેત કરવા તે બાબત જુઓ. કલમ ૬૦ ફીલ્ડસાહેબ [illegible] રીયા લેવાની છે, તે. [illegible] એટલાજ [illegible], પણ તેઓનો વિચા-

રં ગમે તેટલો અંતઃકરણ પુર્વક બતાવવાનો હોય તોપણ એકતરફી હકીકત જોવાથી તણાઈ જાય છે, અને તેથી તેઓ ખરો અભિપ્રાય આપવાને નાલાયક થાય છે.

ક્રીમીનલ પ્રો. કોડની કલમ ૫૦૯ પ્રમાણે કોઇ સીવીલ સરજન અગર વેદકી જ્ઞાનવાળા શાહેદીની માજીસ્ટ્રેટની રૂબરૂ લેવાએલી જુબાની તેને શાહેદોમાં બોલાવામા આવેલા ના હોય, તોપણ પુરાવમાં લેઈ શકાય છે. (નાર્ટનસાહેબની ટીકા પાનું. ૨૨૧ થી ૨૨૩)

કુશળમાણસના અભિપ્રાય સાથે સબંધ રાખતી હકીકતો.

૪૬ જે હકીકતો બીજી રીતે લગતી ન હોય, તે હકીકતો ઉપરથી જો કુશળ માણસના અભિપ્રાય જ્યારે લગતાં હોય ત્યારે તેને પુષ્ટિ મળતી હોય, કિંવા તે અભિપ્રાય મજકુર વિરૂદ્ધ હોય, તો હકીકત મજકુર લગતી છે, એમ સમજવું.

દ્રષ્ટાંતો.

(અ.) તકરાર એવી છે કે અમુક જાતનું ઝેર અ. ને આપ્યું હતું કે કેમ.

બીજા માણસોને એવી જાતનું ઝેર આપ્યું હતું તેઓમાં જે અમુક લક્ષણો દેખાતાં હતાં તે સદરહુ ઝેરનાં છે કિંવા તેના નથી એવો કુશળ માણસોનો અભિપ્રાય હોય, એ હકીકત લગતી છે.

(બ.) અમુક બંધારાથી બંદરને હરકત થાય છે કે કેમ, એવી તકરાર છે.

બીજાં બંદરો બીજી વાતે આ બંદર જેવાંજ છે; પરંતુ ત્યાં એવા બંધારા નથી, તે બંદરોને પણ તેજ વખતેથી હરકત થવા લાગી, એ હકીકત લગતી છે.

ટીકા—આ કલમના દ્રષ્ટાંત ઉપરથી એમ જણાય છે કે કુશળ સખસોના અભિપ્રાયનો પ્રત્યંતર પુરાવો અગર તે રદ કરવાનો પુરાવો દાખલ થઈ શકે છે.

અક્ષર વિશે અભિપ્રાય.

૪૭ અમુક દસ્તાવેજ કયા સખસે લખ્યો છે, કિંવા તેના ઊપર કોણે સહી કરી છે, એ વિશે કોર્ટને જ્યારે અભિપ્રાય બાંધવાનો હોય, ત્યારે જે સખસ તે દસ્તાવેજ લખ્યાનું કિંવા તેના ઉપર સહી કર્યાનું ધારેવામાં આવતું હોય તે સખસના અક્ષરની જે સખસને માહિતી હોય તે સખસ તે દસ્તાવેજ સદરહુ સખસે લખ્યો છે કિંવા નથી લખ્યો, અથવા તેના ઉપર સદરહુ સખસે સહી કરી છે કિંવા નથી કરી, એવો અભિપ્રાય આપે તે અભિપ્રાય લગતી હકીકત છે.

ખુલાસો.—જ્યારે કોઇ એક સખસે કોઇ બીજા સખસને લખતાં જોયો હોય ત્યારે કિંવા જ્યારે પોતે કિંવા તેના પોતાના હુકમ ઉપરથી જે દસ્તાવેજ લખ્યા હોય અને તે સદરહુ બીજા સખસ ઉપર સરનામું કરીને મોકલ્યા હોય તે દસ્તાવેજના જવાબમાં સદરહુ બીજા સખસે લખેલા છે એવા મજકુરના દસ્તાવેજ તેના ઉપર આવ્યા હોય ત્યારે કિંવા જ્યારે સદરહુ બીજા સખસે લખેલા છે એવા મજકુરના દસ્તાવેજ તેની પાસે કામને ધારણે પ્રસંગે આવવાની રીતે હોય ત્યારે, તે સખસને સદરહુ બીજા સખસના અક્ષરની માહિતી છે એમ સમજવું.

દ્રષ્ટાંત.

તકરાર એવી છે કે અમુક પત્ર અ. નામના લંડનમાંના એક વેહેપારીના હાથનું છે કે કેમ.

બ. એ કલકતા મધ્યે વેહેપારી છે તેણે **અ.** ના નામના પત્રો લખ્યાં છે. તથા **અ.** એ લખ્યા છે એવા મજકુરના પત્ર તેના ઊપર આવ્યા છે. ક. એ **બ.** નો મેહેતે. છે, તે નું કામ **બ.** [illegible] નું છે. ડ. એ **બ** [illegible] **બ** ની પાસે આવતા [illegible]

બ, ક, તથા ડ પૈકી કોઈએ **અ.** ને લખતાં કદી જોયો ન હોય તોપણ તકરારી પત્ર **અ.** ના હાથના લખ્યો છે કે નહીં, એ બાબતે જે અભિપ્રાય **બ,** ક, તથા ડ, આપે તે લગતો છે.

ટીકા.—હરફ શાબેત કરવાનાં પાંચ સાધનો છે.

પુરાવાના વર્જનનો આધાર હરફ લખતાં જે સખસે જોએલા હોય, તેણે કેટલી મરતબે જોયા, ફક્ત કયારે જોયા હતા, અને તે લખનાર ઉતાવળમાં લખતો હતો કે વિચારથી લખતો હતો, અને તે જોનારને લક્ષ આપી જોવાનો મતલબ અને લાગ કેવો હતો તે ઊપર છે.

હકક કિંવા રીવાજ છે કિંવા નથી એ બાબતનો અભિપ્રાય કેવે પ્રસંગે લગતો હોય છે. [illegible] કિંવા હકક છે કિંવા નથી, એ બાબત જે અભિપ્રાય આપે તે લગતા છે.

ખુલાસો.—'સામાન્ય રીવાજ કિંવા હકક' એ શબ્દોમાં જે રીવાજ કિંવા હકક કોઈ એક વર્ગના ઘણા લોકોમાં સામાન્ય હોય તે હકક કિંવા રીવાજનો સમાવેશ થાય છે.

દ્રષ્ટાંત.

અમુક કુવાનું પાણી અમુક ગામના ગામવાળાઓનો વાપરવાનો હકક છે, એ આ કલમના અર્થ મુજબ સામાન્ય હક છે.

ટીકા.—આ કલમ ફક્ત સામાન્ય હકક અગર રીવાજ સબંધી છે અને નથી. વળી તે જે હયાત શાહેદો કોર્ટની રૂબરૂ રજુ થઇ શકતો હોય તેને લાગુ થાય છે સાધારણ રીતે આવા શાહેદોએ મુખ્ય તપાસણીમાં ફક્ત ખરી હકીકત કેહેવાની છે. પરંતુ આ કલમ પ્રમાણે તો સામાન્ય હકક અગર રીવાજ છે કિંવા નહી તે બાબત તે શાહેદોને પોતાનો અભિપ્રાય આપવાનો છે.

ખાનગી બાબતને આ કલમ લાગુ પડતી નથી. હકક એટલે 'નીરાકાર હકકો' સમજવા.

આ કલમના ખુલાસા મુજબ સામાન્યમાં સાર્વજનિક બાબત આવી જાય છે. ગામોની સરહદ, ચીલા ઉપરાવવાના હક, રસ્તા સુધારવાની જવાબદારી, એ બધા સામાન્ય હક તથા રીવાજના દાખલા છે.

વહિવટ, સંપ્રદાયવગેરેબાબ- ૪૯. કોઈ પંકતીના માણસોનો કિંવા કોઇ કુટંબનો વહિવટ તથા સંપ્રદાય કેવા પ્રકારના છે એ બાબત.

તનો અભિપ્રાય
ક્યારે લગતો
હોય છે.

અથવા ધર્મ સબંધીની કિંવા ધર્માદા સબંધીની કોઇસ્થાપનાને અર્થે નિમેલો વ્યવહાર કેવી રીતે સ્થપાએલો છે, તથા તેની વ્યવસ્થા કેવે પ્રકારે ચાલે છે, એ બાબત.

અથવા અમુક જીલ્લામાં કિંવા અમુક વર્ગનાં લોકોમાં જે શબ્દ કિંવા બોલ વપરાતા હોય, તેનો અર્થ શો થાયછે તે બાબત.

કોર્ટને જ્યારે અભિપ્રાય બાંધવાનો હોય, ત્યારે તે બાબતની માહિતી હોવાને જે સખસોને વિશેષ રીતનાં સાધનો હોય તે સખસોના અભિપ્રાય લગતા છે.

ટીકા—હિંદુઓમાં રીવાજ કાયદા જેટલો બળવાન છે. એ વિશે મી૰ સ્ટ્રેન્જસાહેબ કહે છે કે "જેમ આપણામાં છે તેમજ હિંદુઓમાં રીવાજ કાયદાની એક શાખા છે."

એજ પ્રમાણે મનુ કહે છે કે "યાદગીરી ન પોહોંચે તેવા વખતનો રીવાજ કાયદા જેટલોજ બળવાન છે."

દેશાચાર જો ખરેખર હોયતો તે અમુક જાગીર બાબતમાં નહી, પણ આખા દેશમાં ચાલતો હોવાથી, કુળાચાર કરતાં તેનો પુરાવો વધારે સેહેલાઈથી મળી શકે છે.

સગપણ બાબતનો અભિપ્રાય ક્યારે લગતો હોયછે.

૫૦. એક સખસનું બીજા સખસ જોડે શું સગપણ છે, એ બાબત કોર્ટને અભિપ્રાય બાંધવાનો હોય, તો જે સખસને તે કુટંબનું માણસ હોવાને લીધે, કિંવા બીજા કારણને લીધે, સગપણ મજકુર વિશેની માહિતી થવાને વિશેષ રીતનાં સાધનો હોય, તે સખસની સગપણ મજકુર સબંધીની વર્તણુંક ઉપરથી જે અભિપ્રાય દેખાઇ આવે તે લગતો છે; પરતુ "ઇંડિયાના ડાઇવોર્સ (એટલે છુટો આપવા બાબતના) આક્ટ" મુજબ જે કામ ચાલતું હશે તે કામમાં, કિંવા હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૪૯૪, ૪૯૫, ૪૯૭ કિંવા ૪૯૮ મુજબ ચાલતા કામમાં, સદરહુ અભિપ્રાય લગ્ન સાબિત કરવા જેટલો પુરતો ગણવો નહી.

દ્રષ્ટાંતો.

(અ) તકરાર એવીછે કે અ. બ. નુ લગ્ન થયું હતું કે કેમ. તેઓના સ્નેહી તેઓના ધણી ધણીયાણી સમજીને તે પ્રમાણે હમેશાં તેઓની સાથે વર્તતા હતા, એ હકીકત લગતી છે.

(બ.) તકરાર એવી છે કે અ. એ બ. નો કાયદેસર છોકરો છે કે કેમ. તે કુટંબના માણસો અ કાયદેસર છોકરો હોય એ પ્રમાણે તેની સાથે હમેશાં વર્તતા હતા, એ હકીકત લગતી છે.

ટીકા—મી૰ ટેલરસાહેબ કહે છે કે સગપણ ગર્ભિત રીતે કબુલ કરવું અને મીલકત વેહેંચવી અને આપવી એવી કુટંબની વર્તણુક ઉપરથી કુટંબ સબંધી અભિપ્રાય અને માનવું થતાં તેવી વર્તણુક વારંવાર પુરાવામાં લેવામા આવે છે, અને છેવટે કુટંબના ઈતિહાસ તરીકે છે.

જેમ્સ માન્સફીલ્ડે કહ્યું છે કે "જો એમ સાબેત થાય કે બાપે અમુક પક્ષકારને પોતાના ઔરસ છોકરા તરીકે ઊછેરેલો છે તો, વિરૂદ્ધ પુરાવો પુડે ત્યાં સુધી તે છોકરો ખરો છે એવું હમેશ કેહેવામાં આવેલું થાય છે."

ઉપર પ્રમાણે ઔરસપણાના કાયદામાં એવું મજબુત અનુમાન થાય છે કે થોડોક પુરાવ છોકરાની ઔરસ તરીકે બરદાસ કરવામાં આવતી હતી, એવું બતાવવાનો હોય તો, તે બાબત બસ છે. (૧ વીં. સો. પીનુ ૧૭)

લગ્નની શાબીતી સિવાય જારી ભેળા રેહેવાપણું લગનનું એવું અનુમાન કરવાને બસ નથી કે જેથી કરીને તે દરમિયાન થએલો છોકરો કાયદેસર ગણાય. પણ આ કલમની શરત જોતાં એમ લાગે છે કે આવા કામમાં ભેગા રેહેવાપણું લગ્નનો પુરાવો ગણાશે.

સાત માસે અઘરણીની ક્રિયા કરવી અને છોકરાનો જન્મ ઓછવ કરવો એ લગ્નનો અને છોકરાનાં કાયદેસરપણાનો પુરતો પુરાવો છે. (સો. પ્રી. જ. ૬૬૭)

અભિપ્રાયનાં કારણો કયારે લગતાં હોયછે. — ૫૧. જ્યારે કોઈ હયાત હોય એવા સખસનો અભિપ્રાય લગતો હોય, ત્યારે એવા અભિપ્રાયનો આધાર જે કારણો ઊપર હોય તે કારણો પણ લગતાં છે.

દ્રષ્ટાંત.

પોતાનો અભિપ્રાય બાંધવાને સારૂ જે પ્રયોગો કોઈ કુશળ માણસે કરયા હોય તે પ્રયોગોનો હેવાલ તે કુશળ માણસ આપી શકે છે.

ટીકા—કુશળ શાક્ષિ પોતાનો જે અભિપ્રાય બંધાએલો હોય તેજ ફકત કેહે નહી. પણ જો એમ કેહે કે તે પ્રમાણે હું વર્તેલો છું તો, તે વર્તવું તેના અભિપ્રાયને મજબુત પ્રત્યંતરો પુરાવ છે.

અમુક સખસ કાંઈ કેહે તેના કરતાં તે જે કાંઈ કરે તે તેના અભિપ્રાયના સાચાપણાનો વધારે સારો પુરાવો છે, સબબ આવો પુરાવ કલમ ૮ તથા ૧૧ પ્રમાણે બેશક દાખલ થઇ શકે છે

કોઇ સખસની ચાલ ચલણ કયારે લગતી છે.

દિવાનીકામમાં વર્તણુંકશાબિત કરવાને સારૂ ચાલચલ ણલગતીનથી. — ૫૨. કોઈ ચાલતા કામ સાથે સબંધવાળા સખસે અમુક રીતની વર્તણુક કર્યાનું કેહેવામાં આવ્યું હોય, તે સખસની ચાલ ચલણ એવી છે કે તે ઉપરથી તેણે સદરહુ વર્તણુંક કરયાનો સંભવ છે કે નહી એ માલમ પડે છે, એ હકીકત દિવાની કામમાં ગેરલગતી છે, પરંતુ જે હકીકતો બીજી રીતે લગતી હોય તે ઊપરથી સદરહુ પ્રકારની જેટલી ચાલ ચલણ માલમ પડતી હોય તેટલી ચાલ ચલણ લગતી છે, એમ સમજવું.

ટીકા—ચાલ ચલગત બાબતનો પુરાવ બે પ્રકારનો છે. (૧) જ્યારે ચાલ ચલગત અંદેશા ભરેલી અગર ગુન્હા ભરેલી છે એમ અનુમાન થતુ હોય ત્યારે ચાલ ચલગતના પુરાવથી વર્તણુંકનો ખુલાસો થાય છે, અને એવો પુરાવ ના હોય તો જે અનુમાન ઉત્પન થાય તે રદ થાય છે. (૨) કોઈ આરોપનો આધાર એક સખસની પ્રતક્ષ શાક્ષિ ઊપર હોય, અને તોહમતવાળો તે બિલકુલ ના કેહે તો હોય તો. અહિયાં તોહમતવાળાની નીતી ભરેલી સારી ચાલ ઘણી અગત્યની છે.

મી૦ ટેલરસાહેબ કહે છે કે એક સખસની ચાલ ચલગત બાબત તપાસ કરવામાં આવતી હોય, અને તેના જવાબમાં તે સખસની બાબતમાં કાંઇ 'લાયબલ' થાય તેવું હોય તો, તે સખસની ચાલનો સાધારણ રીતે પુરાવ આપી શકાય છે.

આ કલમમાં સબંધવાળાં સખસ એમ જે લખ્યું છે, તે સખસોને પક્ષકાર સમજવા તેમાં શાક્ષિનો સમાસ થતો નથી.

ફોજદારી કામમાં આસલી સારી ચાલ ચલણ લગતી છે.

૫૩. તોહમતવાળા સખસ સારી ચાલ ચલણનો છે, એ હકીકત ફોજદારી કામમાં લગતી છે.

ટીકા—ફોર્મ ક્યુશન તરફના. તોમંજ બચાંવ તરફના શાક્ષીની તપાસણીમાં કેદીની સામાન્ય ચાલ [illegible] પુછી શકાય છે. (કોક્ષ પાનું ૩૩).

કેટલાંક કૃત્ય ઇરાદા સાથે નિસ્બત રાખ્યા શિવાય જાતેજ ગુન્હા ગુણાય છે, એટલે ઇરાદાની જરૂર નથી. જુઓ ક્રિ. પ્રો. કોડની કલમ ૩૪૫ તથા પીનલકોડની કલમ ૨૧૪ નો અપવાદ.

તોહમતવાળાની સારી ચાલનો પુરાવ તોહમતવાળાના શાહેદીઓ બોલાવી ઊલટ તપાસણી કરી આપી શકાય છે. (નાર્ટનસાહેબની ટીકા પાનું ૨૩૧).

મી૦ સ્ટીફનસાહેબ કહે છે કે ખોટી ચાલનો સામાન્ય પુરાવ તોહમતવાળાની વિરૂદ્ધ દાખલ થઇ શકતો નથી, પણ સારી ચાલનો સામાન્ય પુરાવ તેમાં ફાયદામાં દાખલ થઇ શકે છે.

ફીલ્ડસાહેબ કહે છે કે જડજો જ્યુરીને વારે વારે કહે છે કે જ્યારે ગુન્હો સ્પષ્ટ રીતે શાબેત થએલો હોય, ત્યારે ચાલ બાબતનો પુરાવ કાંઈ પણ ઊપયોગનો નથી, પણ તે શિક્ષા ઓછી અગર વધારે કરાવવામાં ઉપયોગી થઈ પડે છે, તોપણ જો તેહેને કાંઇ ગુન્હા બાબત શક હોય તો, તે ચાલ બાબતનો પુરાવ ઘણો અગત્યનો છે.

ગુન્હાની શાબિતી પેસ્તર થઇ હતી એ વાત ફોજદારી કામને લગતી છે; પણ ચાલ ચલણ પેસ્તર ખરાબ હતી એ વાત લગતી નથી, તોપણ પ્રતીકિત્તર તરીકે લગતી છે.

૫૪. તોહમતવાળા ઉપર પેસ્તર કોઈ એક ગુન્હાની શાબિતી થએલી છે એ હકીકત ફોજદારી કામમાં લગતી છે; પરંતુ તેની ચાલ ચલણ ખરાબ છે એ હકીકત ગેરલગતી છે, તથાપી તેની ચાલ ચલણ સારી છે એવો પુરાવો આપવામાં આવ્યો હોય તો, તેની ચાલ ચલણ ખરાબ છે એ વાત લગતી થાય છે.

ખુલાસો.—અમુક સખસની ચાલ ચલણ ખરાબ છે એજ વાત જે કામમાં મુદ્દાની હકીકત હોય તે કામને આ કલમ લાગુ નથી.

ટીકા—આ કલમમાં બે વાતો બનતી આપેલી છે. (૧) તોહમતદારને અગાઉ ગુન્હેગાર ઠરાવ્યાની વાત (૨) અને જ્યાં સારી ચાલનો પુરાવો આપ્યો હોય તેવે પ્રસંગે તેના જવાબ દાખલ ખરાબ ચાલ.

દરેક ફોજદારી કામમાં તોહમતવાળો આગળ પણ ગુન્હેગાર થયો હતો, એવો પુરાવ ફરીયાદ તરફથી ગુજારી શકાય છે, અને તે કારણ સંભવિતપણા બાબત લક્ષ આપવાને [illegible] ફક્ત સારી ચાલનો પુરાવ [illegible]

તે [illegible] તેને વધારે શીક્ષા કરવાના [illegible] આ તોહમતનો ગુન્હો તેણે કર્યો છે તે સાબેત ગણવા બાબત તે કાંઈ પણ કામમાં આવતો નથી.

તોહમતવાળાએ આમળ ચોરી કરી હોય અને હાલ તેના ઉપર બળાત્કાર સંભોગનો આક્ષેપ હોય તો, તે સાથે તે પ્રથમના ગુન્હાનો કાંઇ પણ સબંધ નથી.

તોહમતદારની ખરાબ ચાલનો પુરાવો ગુન્હો સાબિત થયા સુધી લઇ શકાતો નથી. (૭ વી. રી. પાનું. ૭)

શરૂમાં નરસી ચાલનો પુરાવો આપી શકાય નહી. (૬ વી. રી. પાનું ૭૨)

કલમ ૧૫૫ ની શકમ ૪ મુજબ બળાત્કાર સંભોગના ગુન્હામાં ફરીયાદણ બદચાલની છે, એવો પુરાવો આપી શકાય છે.

પ્રથમના કામમાં ગુન્હાની સાબેતી ઠરાવવામાં આવેલી હોય, તે તોહમતવાળા વિરૂદ્ધ તમામ કામોમાં આ કલમ પ્રમાણે પુરાવમાં દાખલ કરવા લાયક છે. (ઈ. લા. રી. ૧૪ ક. ૭૨૧)

જે ચાલ ચલ[illegible] ૫૫. કોઇ સખ્સની ચાલ ચલણ એવા પ્રકારની હોય કે તે ઉપરથી જે [illegible] ઉપરથી નુક[illegible] નુકશાન તેને મળવાનું હોય તે નુકશાનની રકમ કમી, જાસ્તી થાય, તો તે[illegible]શાનની રકમ [illegible]ની ચાલ ચલણ દિવાની કામમાં બનતી છે.

માં કમીજાસ્તી થતું હોયતેચાલ ચલણ બાબત.

ખુલાસો.—ચાલ ચલણ એવો શબ્દ કલમ ૫૨, ૫૩, તથા ૫૪ તથા ૫૫ માં લખેલો છે, તેમાં આબરૂ તથા સ્વભાવ એ બેઉનો સમાવેશ થાય છે; પરંતુ જે પુરાવો આપવાનો તે માત્ર લોકોમાં સાધારણ રીતે આબરૂ કેવી છે તે વાતનો તથા સાધારણ રીતે સ્વભાવ કેવો છે તેનોજ આપી શકાય છે; જે અમુક કૃત્ય ઉપરથી આબરૂ કિંવા સ્વભાવ દેખાઈ આવ્યો હોય તે અમુક કૃત્યનો પુરાવો આપી શકાય નહી.

ટીકા—સાધારણ ખોટી ચાલ બાબતનો ફક્ત પુરાવ નુકશાન ઓછું બતાવવાને લેવામાં આવે છે, એટલુંજ નહી પણ પ્રતીવાદી અમુક અનિતી અગર ખોટું કામ કર્યાનું પણ સાબેત કરી શકે છે.

એક માણસને છીનાળવો કહી તેની પાસેથી નુકશાની લેવા અરજી કરવામાં આવેલી [illegible] સાબેત કરી શકે છે કે અર[illegible] પોતાની ઓરતને પોતાના ઘર

ખાંહાર કાહાડી મુકી છે, તેણીને તે ખોરાકી પોશાકી આપ્તો નથી, અગર બીજી રીતે ખ-રાબ ચાલનો છે, કારણ કે જે લોકોની તે અરજદારજ જ્યારે એટલી બધી થોડી દરકાર રાખે, ત્યારે તે લોકોની બાબતમાં તેને નુકશાન થયું છે, એમ તે ભાગ્યેજ ફરીયાદ કરી શકે છે.

આખરૂ એ શબ્દનો અર્થ એક સખસ વિશે બીજાનો વિચાર અને સાર્વજનિક અ-ભિપ્રાય હોય તે છે, સ્વભાવમાં અમુક કામ કરવાનો આધાર અને હેતુનો સમાસ થાય છે, અને તે કાયમ અને ઠરેલો છે અને મનનું તમામ બંધારણ બને રૂપ છે.

બળાત્કાર સંભોગના કામમાં ફરીયાદણ દુરાચર્ણી કે પ્રતીવ્રતા હતી તે શાબેત થયા-થી ગુન્હાનું ખરૂં સ્વરૂપ જણાઈ આવે. (લા. રી. કા. કે. ૩૭૪), પણ એકકે શાક્ષિના જ-વાબમાં એ ફરીયાદણ જે કાંઇઅતિ ઊતર આપે તે આખરનો સમજવો, ને તેને રદ પા-ડવાનો બીજો પુરાવ આવે નથી.

ભાગ ૨ જો.

શાબિતી બાબત.

બાબ ૩ જો.–કઈ હકીકતો શાબિત કરવાની જરૂર નથી.

કોર્ટ ન્યાયાધિકારની રૂઈએ ધ્યાનમાં રાખે તે હકીકતનો પુરાવો આપવા નીજરૂર નથી.

૫૬. જે હકીકત ન્યાયાધિકારની રૂઈએ કોર્ટ ધ્યાનમાં રાખે, તેવી હકીકતો શાબિત કરવાની જરૂર નથી.

ટીકા—સ્ટીફનસાહેબ કહે છે કે "કેટલીક હકીકતો પોતાની મેળેજ એવી પ્રખ્યાત હોય છે કે તે બાબત કાંઈ શાબેતી જોઈતી નથી, માટે તે બાબત કોઈને ખબર ના હો-ય તોપણ રીતસર પુરાવ લીધા વિના તે બાબત તે માહેતી મેળવી શકે છે. આવી હકી-કતો ન્યાયની રૂઈએ ધ્યાનમાં રાખવાની છે.

દિવાની કામમાં કમીશનથી પુરાવો લેવાને તે કાયદાનો બાબ ૨૫ મો છે, અને ફો-જદારી કામોમાં સન ૧૮૮૨ ના આક્ટ ૧૦ માંની કલમ છે.

કઈ હકીકતો કોર્ટ ન્યાયાધિકારની રૂઇએ ધ્યાનમાંરાખવી.

૫૭. નિચે લખેલી હકીકતો કોર્ટે ન્યાયાધિકારની રૂઇએ ધ્યાનમાં રાખવી.

(૧.) જે કાયદા કિંવા કાયદાના જેટલા અમલવાળા નિયમો બ્રિટિશ ઈંડિયાના કોઇ ભ-ાગમાં હાલ કિંવા હાલ સુધી અમલમાં છે, કિંવા હવે પછી અમલમાં આવે તેવા સર્વે કાયદા કિંવા નિયમો.

(૨.) જે સાર્વજનિક આક્ટો પાર્લામેન્ટે પસાર કર્યા છે કિંવા હવે પછી કરશે તે સ-ર્વે આક્ટો, તથા સ્થાનિક તથા અમુક સખસ સબંધી જે આક્ટો ન્યાયાધિકા-રની રૂઇએ ધ્યાનમાં રાખવાનું સદરહુ પાર્લામેંટે ફરમાવ્યું હોય, તેવા સર્વે આક્ટો.

(૩.) મહારાણીની ખુરશી ઉપરની તથા દરીઆઈ ફોજને સારૂ કરેલા લશ્કરી કાયદા.
(૪.) સદરહુ પાર્લ્યમેંટનું કામ ચલાવવાની, તથા હિંદુસ્તાનની કૌંસીલના આકટ મુજબ અથવા તે બાબત વખતે વખત જે કાંઇ બીજો કાયદો હોય તે મુજબ કાયદા તથા કાનુન કરવા સારૂ સ્થાપન કરેલી કૌંસીલનું કામ ચલાવવાની પદ્ધતિ.

ખુલાસો.—રકમ (૨) તથા (૪) માં પાર્લ્યમેંટ એ શબ્દ છે, તેમાં નીચે મુજબની સભાઓના સમાવેશ થાય છે.

(૧.) ગ્રેટબ્રિટન તથા આયર્લંડના સંયુક્ત રાજ્યની પાર્લ્યમેંટ,
(૨.) ગ્રેટબ્રિટનની પાર્લ્યમેંટ,
(૩.) ઈંગ્લંડની પાર્લ્યમેંટ,
(૪.) સ્કાટલંડની પાર્લ્યમેંટ, તથા
(૫.) આયર્લંડની પાર્લ્યમેન્ટ.

(૫.) [illegible] તથા [illegible]ના સંયુક્ત રાજ્યનો વખતેવખત જે સત્તાધીશ [illegible] પણ તે તથા તેની હસ્તાક્ષરની સહી હોય તે.

(૬.) ઈંગ્લંડ દેશની કોર્ટો જે શિક્કા આબાદ્ધિકારની રૂઈએ ધ્યાનમાં રાખે તે સર્વ શિક્કા, તથા ગવરનર જનરલ ઇન કૌન્સિલની કિંવા કોઇ સ્થાનિક સરકારની કૌન્સિલના હુકમથી સ્થાપન થએલી બ્રિટીશ ઈંડિયા માંહેની કિંવા બ્રિટિશ ઈંડિયા બાહારની સર્વે કોર્ટોના શિક્કા, તથા એડમિરાલ્ટી તથા મેરિટાઈમ એવી હકુમત ચલાવનારી કોર્ટોના શિક્કા તથા નોટરિપબ્લિકના શિક્કા, તથા બ્રિટિશ ઈંડિયા મધ્યે કાયદા જેટલા અમલવાળા પાર્લ્યમેંટના કિંવા બીજા કોઇ પણ આકટ તથા કાયદા ઉપરથી જે શિક્કા કોઇ સખસને વાપરવાનો અધિકાર મળ્યો હોય તેવા સર્વે શિક્કા.

(૭) બ્રિટિશ ઈંડિયાના કોઇ પણ ભાગમાં કોઈ સખસને કોઈ સરકારી હોદ્દો આપવામાં આવે તો જે સખસની નીમનુક એવા હોદ્દા ઊપર થઈ છે એ વાત ઈંડિયાના ગેઝ[illegible]

[illegible]

તેમના નામો તથા ઇલકાબ તથા કામ, અધિકાર તથા સહી.

(૮.) બ્રિટિશ સરકારે જે સંસ્થાન કિંવા સત્તાધીશને માન્ય કર્યો હોય તે સંસ્થા[illegible] તે મુલુકનો સરકારી વાવટો [illegible] પૃથ્વીના વિભાગ, તથા સાર્વ[illegible] રજાના દિવશોની સરકારી ગેઝેટમાં જાહેરખબર આપી હોય તે.

(૧૦) બ્રિટિશ રાજ્યના અમલ તળેના મુલક.

(૧૧) બ્રિટિશ સરકાર તથા બીજી કોઇ સરકાર કિંવા માણસની મંડળી વચ્ચેની લડાઇની શુરૂઆત તથા તે ચાલતી હોય તે વાત, તથા તેનો અંત.

(૧૨) કોર્ટના સભાસદ તથા અમલદારનાં નામો, તથા તેના ડેપ્યુટીઓનાં તથા તાબાના અમલદારોનાં તથા આસિસ્ટંટોનાં નામો, તથા કોર્ટની પ્રોસેસ અમલમાં લાવવાનું કામ કરનાર સર્વે અમલદારોનાં નામો, તથા સર્વે એડવોકેટ તથા આર્ટની તથા પ્રાક્ટર

તેથી વકીલ તથા પ્લીડર તથા કોર્ટની રૂબરૂ હાજર થવાનો કિંવા કામ ચલાવવાનો કાયદા થી જે બીજા સખસોને અધિકાર હોય તેઓનાં નામો

(૧૩.) જમીન કિંવા સમુદ્રના રસ્તા બાબતની રૂલ.

સદરહુ સર્વે બાબતમાં, તથા સાર્વજનિક ઇતિહાસ,•વિદ્યા, શાસ્ત્ર, કિંવા કળા, એ બાબતના સર્વે કામોમાં પણ કોર્ટ યોગ્ય પુસ્તકની કિંવા દાખલા જોવાના દસ્તાવેજની મદદ લેવાને મુખત્યાર છે.

કોઈ હકીકત ન્યાયાધિકારની રૂઇએ ધ્યાનમાં લેવાનું કોઈ સખસ કોર્ટને કહે, તો તે પ્રમાણે કોર્ટ કરી શકે તેને સારૂ કોર્ટને જે પુસ્તકની કિંવા દસ્તાવેજની જરૂર જણાય તે પુસ્તક કિંવા દસ્તાવેજ સદરહુ માણસ હાજર ન કરે તો તથા કરે ત્યાંહાં સુધી, હકીકત મજકુર સદરહુ પ્રમાણે ન્યાયાધિકારની રૂઇએ ધ્યાનમાં લેવાનું નાકબુલ કરવાને કોર્ટ મુખત્યાર છે.

ટીકા.—મો• ટેલરસાહેબ કેહે છે કે જ્યાં લડાઇ ચાલતી હોય ત્યાં અમુક લોકોનો એક ભાગ પોતાની મેળે સ્વતંત્ર રાજ્ય છે, એમ સ્થાપીત કરેલું હોય તો, ન્યાયાધીશોએ જાણવું જોઇએ કે સરકારે તે લોકોને સ્વતંત્ર સ્વસ્થાન તરીકે કબુલ કરેલા છે કિંવા નહીં. આ પ્રમાણે હિંદુસ્તાનના દેશી રાજ્યની અથવા બ્રીટીશ સ્વસ્થાનના ધારાની અથવા કાઇ કોર્ટના હુકમનામાની સહીવાળી મુકાબલ કરેલી નકલો ઊપરના સીક્કા તથા સહીઓ ઇ- એજી કોર્ટ ન્યાયાધિકારની રૂઇએ ધ્યાનમાં લે છે.

અંગીકાર કરેલી હકીકતો બાબત.

૫૮. કોઇપણ કામના પક્ષકારો કિંવા તેઓના મુખત્યારો જે હકીકત મુકદમાની સુનાવણીની વખતે અંગીકાર કરવાનું કબુલ કરે, કિંવા સુનાવણીની પેહેલાં પોતાની સહી સાથેના લખી આપેલા લેખ ઉપરથી જે હકીકત અંગીકાર કરવાને તેઓ કબુલ કરે, કિંવા જે હકીકત તેઓએ પોતાના જાબ જવાબ ઊપરથી અંગીકાર કરી છે એવું એવા જાબ જવાબ બાબતના તે વ- [illegible] પરંતુ [illegible] બીજી કોઈ રીતે સાબિત કરી આપવાનું પક્ષકાર અજકુરને ફરમાવવાને કોર્ટ મુખત્યાર છે.

ટીકા.— આ કલમ મુજબ હકીકત વિષે,(૧) કામની રજુવાત વખતે પક્ષકારે કે તેમના મુખત્યારે મોઢાની કે લખેલી (૨) કામની રજુવાત પેહેલાં પક્ષકારે કે તેમના મુખત્યારે લખીને કરેલી (૩) જવાબના નિયમથી થતી, એ ત્રણ રીતે કરેલી કબુલત સાબીત કરવાની જરૂર નથી, તોપણ એવી શરત રાખી છે કે કોર્ટની મરજીમાં આવે તો તેનો પુરાવો બીજી રીતે માગવાને મુખત્યાર છે. આ જે નિયમ છે તે શિવાય કાઇ નિયમ હોય એમ જણાતુ નથી, પણ આ નિયમ ફકત દસ્તાવેજ વિષે છે. મુખજુબાન વિશે કાંઈ નિયમ થયો નથી.

[illegible] તે કેદીએ જે કબુલતો પ્રથમ કરેલી હોય [illegible] પ્રમાણે પુરાવમાં દાખલ થવા લાયક ન હોય, તે પણ આ કલમ પ્રમાણે દાખલ થાય છે, એમ ધારવું નહી જોઈએ. જ્યારે સુનાવણી થતા પેહેલાં કબુલત કરવામાં આવેલી હોય ત્યારે તે બાબતનો કરાર લખેલો હોવો જોઇએ, અને તે નીચે પક્ષકારો અગર તેમના એજંટની સહીઓ હોવી જોઇએ. પરંતુ

જ્યારે ન્યાયાધીશની રૂબરૂ આવી કબુલત કરવામાં આવે ત્યારે તે બાબત ન્યાયાધીશ દફતરમાં લખી લીધું હોય તે બસ છે.

કોઈ પડદાનસીન સ્ત્રીના કમીશનથી શાક્ષી લેવામાં આવેલી હોય, અને તે શાક્ષી રજુ કરવામાં આવે તો, તે સ્ત્રીને ઓળખવા બાબતનો પુરાવો હોવો જોઈએ. (નાર્ટનસાહેબની ટીકાનું પાનું ૨૩૮)

કોઇ વકીલ પક્ષકાર તરફથી કબુલત આપેલી હોય, તે કબુલત મુકદમાની તપાસ ચાલતાની દરમિયાનમાં હોય તો, તે કરવાને તેમને અખત્યાર હતો એમ કોર્ટ બેશક ગણે.

બાબ ૪ થો—મુખજુબાની પુરાવા બાબત.

મુખજુબાની પુરાવાથી હકીકતો શાબિત કરવા બાબત.

૫૯. દસ્તાવેજમાંના મજકુર શિવાય સર્વે હકીકતો મુખજુબાની પુરાવાથી શાબિત કરી શકાય છે.

ટીકા—આ કલમના શબ્દો જેવા જોઇએ તેવા નથી. દસ્તાવેજનો મજકુર પણ અમુક હકીકત પ્રમાણે મુખજુબાનીના પુરાવાથી શાબેત થાય છે, એટલે જેમકે દસ્તાવેજી પુરાવ બાબત ઉપપુરાવ દાખલ કરવામાં આવે છે.

હિસાબ નક્કી થવાની બાબત મુખજુબાનીના પુરાવથી શાબેત થઇ શકે છે, તેમજ વસુલાતની લખેલી પોહોચ મળી હોય તે રજુ ન થાય તોપણ ભરણાને મુખજુબાની પુરાવ અપાય છે. (ઈં. લા. રી. ૧ અ. પાનુ ૪૯૩)

મુખજુબાની પુરાવો પ્રત્યક્ષ હોવો જોઇએ, એટલે,

૬૦. હરકોઇ જાતના તમામ કામોમાં મુખજુબાની પુરાવો પ્રત્યક્ષ જોઈએ.

જો પુરાવો મજકુર જે હકીકત જોવાઈ શકાતી હતી તે હકીકત વિશે હોય, તો હકીકત મજકુર પોતે જોઇ છે એવું જે શાહેદ કેહે, તેની શાહેદી આપવી જોઈએ.

જો પુરાવો મજકુર જે હકીકત સાંભળી શકાતી હતી તે હકીકત વિશે હોય તો, હકીકત મજકુર પોતે સાંભળી છે એમ જે શાહેદ કેહે, તેની શાહેદી આપવી જોઇએ.

જો પુરાવો મજકુર જે હકીકતનું ગ્નાન બીજી કોઇ ઈંદ્રીવડે કિંવા કાંઈ બીજી રીતે થઇ શકતુ હતું તે હકીકત વિશે હોય, તો હકીકત મજકુરનું ગ્નાન પોતાને તે ઈંદ્રીવડે કિંવા તે રીતે થયું છે એમ જે શાહેદ કેહે તેની શાહેદી આપવી જોઈએ.

જો પુરાવો મજકુર અમુક અભિપ્રાય વિશે કિંવા જે કારણ ઉપરથી તે અભિપ્રાય ઠરાવવામાં આવ્યો હોય તે વિશે હોય, તો જે સખસનો તે કારણ ઉપરથી તેવો અભિપ્રાય હશે તે સખસની શાહેદી આપવી જોઇએ.

પરતુ એવું ઠરાવવામાં આવ્યું છે કે જે ગ્રંથો વેચવા સારૂ મુકવામાં સાધારણ રીતે આવતા હોય તેમા કુશળ માણસોના લખેલા અભિપ્રાયની તથા જે કારણ ઉપરથી તે અભિપ્રાય બંધાયા તે કારણોની શાબિતી તે ગ્રંથો હાજર કરીને કરી શકાય છે; પણ એ મુજબ ક્યારે થાય કે જ્યારે તે ગ્રંથકાર મરણ પામ્યો હોય, કિંવા તે મળી શકતો ન હોય, કિંવા શાહેદી આપવાને તે અશક્ત થયો હોય, કિંવા ઘણો વખત લાગ્યા શીવાય અથવા

ઘણો ખર્ચ કર્યા શિવાય તેને હાજર કરાતો ન હોય, અને તેવું કરવું કોર્ટને યોગ્ય દેખાતું ન હોય ત્યારે.

અને વળી એવું પણ ઠરાવ્યું છે કે મુખજુબાની પુરાવો જો દસ્તાવેજ શિવાય બીજો કોઈ જડ પદાર્થ છે [illegible] નો કોર્ટને યોગ્ય જણાયાથી તે પદાર્થ [illegible] કોર્ટ મુખત્યાર છે.

ટીકા—[illegible] મજકુર શિવાયની તમામ હકીકત તમામ [illegible] એટલે, જે શાક્ષિને પોતાની ઈંદ્રીથી તે હકીકતનું ગ્નાન થએલું હોય તે બાબત તે શાક્ષિની શાહેદી હોવી જોઇએ.

આ કલમનો હેતુ એટલો છે કે જે કાંઈ પુરાવામાં ગુજરવામાં આવે તે પુરાવ તરીકે દાખલ થઇ શકે તેવું છે કિંવા નહી, તે બાબતની સભાળ રાખવી.

ઇનસાફદારનું જાતી ગ્નાન અથવા જાહેરાત અહ્રવાનો પ્રત્યક્ષ પુરાવામાં સમાસ થતો નથી.

આ કલમ પ્રમાણે જે મુખજુબાનીનો પુરાવો લેવાનો છે, તે તમામ કોર્ટની રૂબરૂ ગુજારેલો હોવાની જરૂર નથી.

બાબ ૫ મો.—દસ્તાવેજી પુરાવો બાબત.

દસ્તાવેજના મજકુરની શાબિતી. ૬૧. દસ્તાવેજના મજકુરની શાબિતી અવલ પુરાવાથી કિંવા દોયમ પુરાવાથી કરી શકાય છે.

ટીકા—આ કલમ પ્રમાણે દસ્તાવેજો મજકુર શાબેત કરવાને અવલ કિવા દોયમ પુરાવો દાખલ કરતાં પેહેલાં સ્ટાંપ આકટ અને રજીસ્ટર આકટના જે ઠરાવો છે તે લક્ષમાં રાખવાના છે, કારણ કે આ કલમથી તે કાયદાઓના જે દસ્તાવેજો સંબંધી ઠરાવ છે, તે કાંઈ રદ થએલા નથી.

કેવે પ્રસંગે દસ્તાવેજ રેજીસ્ટર કરાવ્યા વગર ચાલેજ નહી તેને માટે સન. ૧૮૭૭ ના આકટ ૩ જાની કલમ ૧૭ મી, અને કેવે પ્રસંગે તે પ્રમાણે રજીસ્ટર કરાવવા અગર ન કરાવવા એ મરજી ઉપર છે, તેને માટે એજ આકટની કલમ ૧૮ મી જોવી.

કલમ ૬૨ મીથી અવલ પુરાવ અને કલમ ૬૩ મીથી દોયમ પુરાવો શું તે જણાશે, અને કેવે પ્રસંગે દોયમ પુરાવો આપી શકાય છે તે બાબત કલમ ૬૫ જુઓ.

અવલ પુરાવો. ૬૨. કોર્ટ તપાસે તે સારૂ હાજર કરેલા ખુદ દસ્તાવેજને અવલ પુરાવો સમજવો.

ખુલાસો ૧ લો.—કેટલાએક ભાગો મળીને જો એક દસ્તાવેજ થયો હોય, તો દરેક ભાગ દસ્તાવેજ મજકુરનો અવલ પુરાવો છે, એમ સમજવું.

જ્યારે કોઈ દસ્તાવેજ સામા લેખ સહિત થયો હોય, અને તે પ્રત્યેક સામો લેખ પક્ષકારોમાંથી એક કિવા કેટલાએક પક્ષકારોએજ માત્ર કરી આપ્યો હોય, ત્યારે તે પ્રત્યેક સામો લેખ તે કરી આપનાર પ્રત્યેક પક્ષકાર વિરૂદ્ધ અવલ પુરાવો છે, એમ સમજવું.

ખુલાસો ૨ જો.—ઠરસા છાપથી, કિંવા શીળા છાપથી, કિંવા ફોટોગ્રાફીથી જે પ્રમાણે ઘણા દસ્તાવેજ બને છે [illegible] દસ્તાવેજ થયા હોય, ત્યારે તે [illegible]

વલ પુરાવો છે; પરતુ જ્યારે સદરહુ સર્વે દસ્તાવેજો એકજ અસલ દસ્તાવેજોની નકલો હોય, ત્યારે તે દસ્તાવેજો સદરહુ અસલ દસ્તાવેજના મજકુરનો અવલ પુરાવો થતો નથી.

દષ્ટાંત.

એવું બતાવવામા આવ્યું છે કે એક માણુસના કબજામાં ઘણાં જાહેરનામાં છે; અને તે સર્વે એક અસલ ઉપરથી એકી વખતે હરૈસાથી છાપેલાં છે. સદરહુ જાહેરનામાં પૈકી હરકોઇ એક જાહેરનામું બીજા હરકોઇ જાહેરનામાના મજકુરનો અવલ પુરાવો છે; પરંતુ સદરહુ અસલ જાહેરનામાના મજકુરનો સદરહુ જાહેરનામાં પૈકી કોઇ પણ જાહેરનામુ અવલ પુરાવો થતો નથી.

ટીકા—જ્યારે તમામ પક્ષકારોએ એક દસ્તાવેજ બેવડો અગરે ત્રેવડો લખી આપેલો હોય એવા હેતુથી કે તમામ પક્ષકારો તે દસ્તાવેજ પ્રમાણે એકએક નકલ પોતાની પાસે રાખેલ્લો, તે દરેક અસલ પ્રમાણે ગણુવામાં આવે છે, અને તે દરેક બીજાઓ બાબત અસલ પુરાવ છે.

લખેલા દસ્તાવેજો જેમ નકલ થાય છે તેમજ છાપેલા પૃણુ થાય, માટે તે બાબતમાં લખેલા અને છાંપેલાઓમાં કાંઈ ભેદ નથી, સબબ જ્યારે બીજા દૈરજ્જાનો પુરાવ દાખલ થઇ શકતો હોય ત્યારે તે એકસરખી રીતે બીજા દરજ્જા તરીકેના પુરાવમાં દાખલ થઈ શકે છે.

કપટથી કે વગર અખત્યારે કોઇ દસ્તાવેજમાં ફેરફાર કરવાથી તે સર્વ નીરર્થક થાય છે. (ક. પ્ર. ૧૦૪).

પ્રામીસરીનોટમાં 'માગે ત્યારે એ શબ્દો ઉમેર્યા હતા. તેમાં ઠરાવ્યું કે તે ફેરફારથી એ નોટ રદ થતી નથી, કેમકે એ શબ્દો નીરૂપયોગી છે. એ શબ્દો જે વાત કાયદો પુરી પાડત તેજ માત્ર બતાવે છે. (૧૨ મુ. હા ઋી, ૨૦૩)

દોયમ પુરાવો. ૬૩. દોયમ પુરાવાનો અર્થ નિચે લખ્યા પ્રમાણે છે, અને તેમા નિચે લખેલી વસ્તુનો સમાવેશ થાય છે.

(૧) આ ઓક્ટમાં હવે પછી જે નિયમો કહેલા છે તે પ્રમાણે આપેલી દાખલાવાળી નકલો.
(૨) યંત્ર ક્રિયાવડે અસલ ઉપરથી કરેલી નકલો, જ્યારે તે યંત્ર ક્રિયા ઉપરથી ખરીજ નકલ થાય એવું હોય ત્યારે; તથા એવી યંત્ર ક્રિયાવડે કરેલી નકલો સાથે મુકાબલ કરેલી નકલો;
(૩) અસલ ઉપરથી કરેલી કિંવા અસલ જોડે મુકાબલ કરેલી નકલો:
(૪) દસ્તાવેજના સામા લેખ, જે પક્ષકારે તે કરી ન આપ્યા હોય તે પક્ષકાર વિરૂદ્ધ;
(૫) જે સખસે કોઈ દસ્તાવેજ પોતે જાતે જોયો હોય, તેણે તે દસ્તાવેજના મજકુરનો મુખજુબાની કહેલો હેવાલ.

દષ્ટાંતો.

(અ) અસલ દસ્તાવેજ તથા તેનો ફોટોગ્રાફ એ બેઉને મુકાબલ કર્યા ન હોય, તોપણુ સદરહુ અસલ દસ્તાવેજના મજકુરનો ફોટોગ્રાફ મજકુર દોયમ પુરાવો છે; પરતુ જે વસ્તુ ઉપરથી ફોટોગ્રાફ મજકુર લીધો હોય તે અસલ હતી એવુ શાબિત થવું જોઇએ.
(બ) નકલ કરવાના યંત્રવડે કોઈ કાગળની કરેલી નકલ જોડે મુકાબલ કરેલી નકલ

તે કાગળ માંહેના મજકુરનો દોયમ પુરાવો થાય છે; પરંતુ સદરહુ નકલ કરવાના યંત્રે કરેલી સદરહુ નકલ અસલ મજકુર ઉપરથી કરી છે, એવું બતાવવું જોઇએ.

(ક.) નકલ ઉપરથી કરેલી કોઈ નકલ પછાડીથીં અસલ જોડે મુકાબલ કરી હોય તો, તે દોયમ પુરાવો થાય છે; પરંતુ તેને એ પ્રમાણે મુકાબલ કરી ન હોય તો, તે અસલ દસ્તાવેજનો દોયમ પુરાવો નથી, પછી જે નકલ ઉપરથી તે કરવામાં આવી હોય તે નકલ અસલ જોડે મુકાબલ કરી હોય તોપણ.

(ડ) અસલ જોડે મુકાબલ કરેલી નકલનો મુખજુબાની હેવાલ, કિવા અસલ ઉપરથી લીધેલા ફોટોગ્રાફ કિંવા યંત્રવડે કરેલી નકલનો મુખજુબાની હેવાલ, સદરહુ અસલ દસ્તાવેજનો દોયમ પુરાવો નથી.

ટીકા—અસલ વસ્તુનો ફોટોગ્રાફ લેવામાં આવેલો હોય, તે અસલ વસ્તુ શાબેત કરવાને પ્રથમ એમ શાબેત કરવું જોઈએ કે, તેનો ખરીરીતે ફોટોગ્રાફ લેવામાં આવેલો હતો, તો પછી તે ફોટોગ્રાફ બીજા દરજ્જાના પુરાવ તરીકે પુરાવમાં લેઈ શકાય છે, અને મુકાબલ કરેલી આવી નકલની નકલ પણ બીજા દરજ્જાના પુરાવ તરીકે પુરાવમાં લેઇ શકાય છે.

જે સખસે નકલ કરેલી હોય તે તેના સાચાપણા બાબત સોગન ખાઈ શકે છે. જો તેને રજુ કરવામાં ના આવે તો જે [illegible] ગર એક અસલ વાંચનાર અને બીજો [illegible] માં સોગન ઉપર શાક્ષિ લેઈ શકાય છે, પરંતુ એકના એક સખસેજ જો મુકાબલો કરેલો હોય તો, વધારે મેહેનત બચે.

આ કલમમાં ઉપપુરાવના જે પ્રકાર છે તે સર્વ પુરાવ, કાયદા સરખા માન્યા છે, એટલે ઉપપુરાવ આપવા હક્ક ઊત્પન્ન થાય છે.

દસ્તાવેજો અસલ પુરાવાથી શાબિત કરવા જોઇએ.

૬૪. હવે પછી જે પ્રસંગો કહ્યા છે તે શિવાય બીજે પ્રસંગે દસ્તાવેજો અસલ પુરાવાથી શાબિત કરવા જોઈએ.

ટીકા- [illegible] આ કાયદાપ્રમાણે શાબીત થવા જોઈએ, [illegible] શાં તે લેખથીજ શાબેત કરવાના છે.

દસ્તાવેજ પુરાવ બાબત દસ્તાવેજ ઉપર શાક્ષિઓ કરવાનો હિંદુશાસ્ત્ર પ્રમાણે જે નિયમ છે, તે વીલના કામેને બરોબર રીતે લાગુ કરવાનો નથી. (ઈં લા. રી. ૨ અ પાનું ૭)

કેવે પ્રસંગે દસ્તાવેજ વિશે દોયમ પુરાવો આપીશકાયછે.

૬૫. કોઈ દસ્તાવેજ છે કિંવા નથી એ વાતનો તથા તે દસ્તાવેજની સ્થિતિનો, તથા તેમાં મજકુરનો દોયમ પુરાવો નીચે કહેલે પ્રસંગે આપી શકાય છે.

(અ.) [illegible] ઈચ્છા હોય તે સખસના,
કિંવા [illegible] હોય, કિંવા તે હુકમને તે તાબે ન હોય તે સખસના,
કિંવા તે દસ્તાવેજ હાજર કરવાની જે સખસને કાયદાથી ફરજ હોય તે સખસના

કબજામાં કિંવા અખત્યારમાં અસલ દસ્તાવેજ છે, એવું જ્યારે બતાવવામાં આવે, કિંવા એવું માલમ પડે ત્યારે,

તથા જ્યારે કલમ ૬૬ મામાં કહેલી નોટીસ પોહોચ્યા પછી દસ્તાવેજ મજકુર હાજર કરવામાં ન આવે ત્યારે, તે પ્રસંગે;

(બ.) જે સખસ વિરૂદ્ધ દસ્તાવેજ મજકુર શાબિત કરવાનો હોય તે સખસે અસલ છે એ વાત કિંવા તેની સ્થિતી, કિંવા તેનો મજકુર લખીતવાર અંગીકાર કરવાનું જ્યારે શાબિત થયું હોય, ત્યારે તે પ્રસંગે;

(ક.) જ્યારે અસલ દસ્તાવેજનો નાશ થયો હોય ત્યારે, કિંવા તે ખોવાઇ ગયો હોય ત્યારે, કિંવા તેમાં લખેલા મજકુર વિશે જે પક્ષકાર પુરાવો આપવા માગે છે તે પક્ષકાર તેની પોતાની કસુર કિંવા ગફલતથી ઊતપન્ન ન થયું હોય એવા બીજા કોઇ કારણને લીધે યોગ્ય વખતમાં તેને હાજર કરી શકતો ન હોય ત્યારે, તે પ્રસંગે;

(ડ.) જ્યારે અસલ દસ્તાવેજ સેહેલથી ખશેડી શકાય નહીં એવા પ્રકારનો હોય, ત્યારે તે પ્રસંગે;

(ઈ.) જ્યારે અસલ દસ્તાવેજ કલમ ૭૪ મુજબનો સાર્વજનિક દસ્તાવેજ હોય, ત્યારે તે પ્રસંગે.

(ફ.) જ્યારે અસલ દસ્તાવેજ એવો હોય કે આ કાયદા મુજબ કિંવા બ્રિટિશ ઈંડિયામાં કોઇ બીજો કાયદો અમલમાં હોય તે મુજબ તેની દાખલાવાળી નકલ પુરાવામાં આપવાની પરવાનગી હોય, ત્યારે તે પ્રસંગે;

(ગ.) જ્યારે અસલ દસ્તાવેજમાં ઘણા હિસાબ તથા બીજા દસ્તાવેજ હોય અને તેની તપાસણી કોર્ટમાં કરવી સુગમ પડતી ન હોય, તથા સદરહુ સર્વે દસ્તાવેજો મળીને તેનું એકંદર સરવાળે શું પરિણામ થાય છે એજ હકીકત શાબીત કરવાની હોય ત્યારે તે પ્રસંગે.

રકમ (અ.) (ક.) તથા (ડ.) માં કહેલે પ્રસંગે દસ્તાવેજ મજકુરના મજકુરનો હરકોઇ દોયમ પુરાવો લેવા યોગ્ય છે એમ સમજવું.

રકમ (બ.) માં કહેલે પ્રસંગે રકમ મજકુરમાં કહેલો અંગીકાર લેવા યોગ્ય છે, એમ સમજવું.

રકમ (ઈ.) તથા (ફ.) માં કહેલે પ્રસંગે દસ્તાવેજ મજકુરની દાખલાવાળી નકલ લેવા યોગ્ય [illegible]

[illegible] (ગ.) [illegible] એવા દસ્તાવેજની તપાસણી કરવામાં જે સખસ કુશળ હોય, તે સખસની તપાસણીનું એકંદર સરવાળે શું પરીણામ થયું છે, એ બાબતનો પુરાવો આપી શકાય છે.

ટીકા-સામા પક્ષકારના કબજામાં અસલ દસ્તાવેજ હોય તે રજુ કરવાની તેને નોટીસ આપેલી હોય તેમ છતાં તે રજુ કરે નહીં તો, તે બાબત ઊપપુરાવ દાખલ થઈ શકે છે.

કોઈ દસ્તાવેજ ખોવાયો હોય અગર નાશ થએલો છે, એમ કહેવામાં આવતુ હોય તો, તે દસ્તાવેજ એક વખત હતો એ બાબત કેટલોક પુરાવ આપવો જોઇએ, ત્યાર પછી આગ ઈત્યાદીથી નાશ થએલો છે અગર ખોવાએલો છે અગર તેનું અનુમાન થાય છે, એવો પુરાવ આપવો જોઇએ.

એક કામના કાગળો અસલકોર્ટમાંથી અપીલકોર્ટમાં જતા ખોવાયા હોય, તેમાં કલકત્તા હાઇકોર્ટે ઠરાવ્યુ કે આ કાગળો બાબત ઊપપુરાવ લેવામાં આવી શકે છે. (૮ વી રી પાનું. ૩૮)

એક વાદીનું ખત બીજા દસ્તાવેજોની સાથે બળી ગયું, તેથી તેણે પોતાના ગુમાસ્તા પાસે પોતાના લેહેણાનાં અને કોણે લખી આપ્યાં, અને કેટલાનાં લખી આપેલાં વિગરે મતલબનું રજીસ્ટર રખાવેલું તે પુરાવમાં ગુજારવા માંડયુ તેમાં ઠરાવ્યું કે આ રજીસ્ટર કાંઈ બાજા દરજ્જાનો પુરાવ નથી, પણ શાક્ષિ પોતાની યાદદાસ્ત તાજી કરવાને જોઈ શકે છે. (ઈ. લા. રી. ૫ ક. પાનું. ૩૫૩)

અસલ [illegible] દસ્તાવેજના મજકુરનો [illegible] પાનુ. ૪૮૬)

દસ્તાવેજ હાજર કરવાબાબતની નોટીસ વિશેના નિયમો.

૬૬. કલમ ૬૫ ની રકમ (અ) માં બોધ કરેલા દસ્તાવેજોના મજકુરનો દોયમ પુરાવો આપવા જે પક્ષકાર માગતો હોય, તે પક્ષકારે દસ્તાવેજ મજકુર હાજર કરવાની કાયદામાં ફરમાવ્યા મુજબની નોટીસ, અથવા કાયદામાં કાંઈ નોટિસ ફરમાવી નુ હોય તો, તે કામની કેફિયત ઉપરથી કોર્ટને યોગ્ય જણાય એવી નોટીસ જે સખસના કબજામાં કિંવા અખત્યારમાં તે દસ્તાવેજ હોય તે સખસને, કિંવા તેના મુખત્યારને કિંવા વકીલને પેરતરથી ન આપી હોય, તો સદરહુ મુજબનો દોયમ પુરાવો આપવો નહી.

પરંતુ નિચે લખેલા કામો પૈકી કોઈ પણ કામમાં, કિંવા જે બીજા કામમાં એવી નોટીસ આપવાની જરૂર નથી એવુ કોર્ટને લાગે તેવા કામમાં દોયમ પુરાવો લેવાઈ શકાય એટલા સારૂ સદરહુ પ્રમાણેની નોટીસ આપવાની જરૂર નથી; તે કામો નિચે મુજબ,—

(૧.) જે દસ્તાવેજ શાબિત કરવાનો હોય તે દસ્તાવેજ, જાતે નોટીસ હોય તે કામમાં;

(૨.) જે કામમાં પોતાને દસ્તાવેજ મજકુર હાજર કરવાનું કેહેવામા આવશે એમ તે કામના પ્રકાર ઉપરથી સામા પક્ષકારને માલમ પડવુંજ જોઇએ, તેવા કામમાં.

(૩.) અસલ દસ્તાવેજનો કબજો સામા પક્ષકારે દગલબાજીથી કિંવા જબરાઇથી મેળવ્યો છે, એવું દેખાય કિવા શાબિત થાય, તે કામમાં;

(૪.) જ્યારે અસલ દસ્તાવેજ મજકુર સામા પક્ષકારની કિંવા તેના મુખત્યારની પાસે કોર્ટમાં હોય, ત્યારે તે કામમાં;

(૫.) દસ્તાવેજ ખોવાઇ ગયો છે એવું સામાવાળાએ કિંવા તેના મુખત્યારે અંગીકાર કરયું હોય, તે કામમાં;

(૬.) જે સખસને કોર્ટનો હુકમ પોહોંચી શકતો નથી કિંવા તે હુકમને તે તાબે નથી, તે સખસના કબજામાં દસ્તાવેજ મજકુર હોય, તે કામમાં.

ટીકા.-દસ્તાવેજ રજુ કરવા કિંવા તેનું ખરાપણું કબુલ કરવા વિશેની કાયદાની કલમ ૧૨૯, ૧૩૧, ૧૩૨. ૧૩૩ મુજબ એક પક્ષકાર બીજાને નોટીસ આપી શકે છે, અને તેનું ખરાપણું તે માણસ કબુલ ના કરે તો, પછી તે દસ્તાવેજ શાબીત કરવાથી જે કાંઈ ખર્ચ થાય તેના બોજામાં તે આવી પડે છે.

કલમ ૬૫ ની રકમ અ. માં કહેલા ત્રણ પ્રસંગે નોટીસ આપવાની જરૂર છે. ધારાસર નોટીસ આપ્યા છતાં દસ્તાવેજ રજુ ન કરે તો, ઊપપુરાવ આપવાનો સામાન્ય હક મળે છે.

હાજર કરેલા દસ્તાવેજ ઉપર અમુક માણસે સહી કરી છે, કિંવા તે તેણે લખ્યો છે, એવું કહેવામાં આવે, ત્યારે તેની સહીની તથા અક્ષરની શાબિતી થવી જોઈએ.

૬૭. કોઈ દસ્તાવેજ ઉપર કોઈ સખસે સહી કરી છે, કિંવા તે સઘળો કિવા તેનો કાંઇ ભાગ સખસ મજકુરે લખ્યો છે, એવું કેહેવામાં આવતુ હોય, તો તે સહી તે સખસના હાથની છે એવુ, અથવા દસ્તાવેજ મજકુરનો જેટલો ભાગ માણુસ મજકુરના હાથનો છે એમ કેહેવામાં આવતું હોય તેટલો ભાગનું લખાણ તે સખસના હાથનું છે એવું, શાબિત થવું જોઇએ.

ટીકા--અક્ષર કેવી રીતે શાબેત કરવા તે વિશે કલમ ૪૫, ૪૭ ઊપરની ટીકાઓ જુઓ. દસ્તાવેજમાં ફેરફાર વિશે કલમ ૬૨ ઊપરની ટીકા જુઓ.

દસ્તાવેજ કરી આપ્યાની વાત કરી આપનાર પક્ષકાર કબુલ કરે તો, પછી અક્ષર શાબીત કેરવાની જરૂર નથી. જુઓ કલમ ૫૮, ૭૦ અને ૭૨.

હાજી આગળ દસ્તાવેજ લખનારે તથા સાક્ષીએ એ દસ્તાવેજ થયા વિશે લખાવેલી હકીક્ત રજુ કરી તકરારી દસ્તાવેજ શાબેત કરવા પરવાનગી આપવામાં આવી હતી. તેમાં એમ તકરાર લેવામાં આવી હતી કે અક્ષર વિષે સહી કરનારનો પ્રતક્ષ પુરાવો જોઇએ, પણ આ કલમમાં સ્પષ્ટ રીતે તેમ કહ્યું નથી, તેમ કાયદા બાંધનારી સભાનો તેવો ઇરાદો હોય એમ પણ મને જણાતું નથી. (૧૩ બં. લા. રી. પાનું. ૧૮-૧૯).

દસ્તાવેજ ઉપર કાયદા પ્રમાણે સાક્ષી હોવી જરૂર હોય તો તે થયાની શાબિતી બાબત.

૬૮. કોઈ દસ્તાવેજ ઉપર કાયદા પ્રમાણે સાક્ષી થવી જરૂર હોય, અને દસ્તાવેજ મજકુર ઉપરનો કોઇ સાક્ષી કરનાર સખસ હયાત હોય, તથા કોર્ટના અમલમાં હોય, તથા પુરાવો આપવાને શક્ત હોય તો, દસ્તાવેજ મજકુર થયાની વાત શાબિત કરવા સારૂ ઓછામાં ઓછો એક શાહેદ પણ બોલાવ્યા શિવાય તે દસ્તાવેજ પુરાવા દાખલ વાપરવો નહી.

ટીકા—જ્યારે દસ્તાવેજ પુરાવમાં ગુજારવામાં આવે ત્યારે પેહેલો વિચાર એટલો કરવાનો છે કે, તે ઊપર કાયદા પ્રમાણે સાક્ષી થએલી હોવાની જરૂર છે, તેવો તે દસ્તાવેજ છે કિવા નહી. ઇંગ્લાંડમાં આવા દસ્તાવેજો ઘણા હોય છે, પરંતુ હિંદુસ્તાનમાં તો થોડાજ છે.

સાક્ષીકરનાર શાહેદ મળતો નહી હોય તો કેવી શાબિતી જોઇએ.

૬૯. એવો શાહેદ કોઇ મળી શકતો ન હોય, કિંવા સંયુક્ત થએલા ગ્રેટબ્રિટન તથા આયરલંડના રાજ્યમાં તે દસ્તાવેજ થયો છે એવું દસ્તાવેજ મજકુર ઉંપરથી સમજાતું હોય, તો ઓછામાં ઓછા એક શાહેદની પણ સાક્ષી તેનાં હાથની કરેલી છે એવું, તથા જે માણુસે દસ્તાવેજ લખી આપ્યો છે તેની સહી તેનાજ હાથની છે એવું શાબિત થવું જોઇએ.

ટીકા—આ કલમથી બે બાબતો શાબેત થવી જોઇએ, એક તો સાક્ષી કરનાર શાહેદીની શાખ અને બીજી દસ્તાવેજ લખી આપનાર પક્ષકારની સહી તે કલમ ૬૭ મા બતાવ્યા પ્રમાણે શાબેત થઇ શકવી જોઇએ

ખોવાએલો દસ્તાવેજ શોધવામાં જેટલી તત્પરતાની જરૂર છે તેટલી તત્પરતા શાહેદી શોધવામાં હોવી જોઇએ, આ તત્પરતા જે દસ્તાવેજ ઊપર સાક્ષીએ કાયદા પુર્વક હોવી જોઇએ તે દસ્તાવેજના સાક્ષીઓ અને જે દસ્તાવેજ ઊપર શાહેદીઓની કાયદા પ્રમાણે સાક્ષી હોવાની જરૂર નો હોય, પણ તે ઊપર સાક્ષીએ કરવામાં આવેલી હોય તો, તે સાક્ષીઓ શોધવામાં વાપરવી જોઈએ.

જે દસ્તાવેજ ઉપર સાક્ષી થઈ હોય તે દસ્તાવેજ થયાનો અંગીકાર.

૭૦, જે દસ્તાવેજ ઊપર સાક્ષી થઈ હોય તે દસ્તાવેજ જે માણસે લખી આપ્યો હોય તે પોતેજ તે દસ્તાવેજ લખી આપ્યાનું અંગીકાર કરે, તો તે અંગીકાર દસ્તાવેજ મંજુર થયો છે એ વાતની લખી આપનાર મજકુર વિરૂદ્ધ પુરતી શાબીતી છે એમ સમજવું. પછી તે દસ્તાવેજ એવો હોય કે કાયદા પ્રમાણે તેના ઉપર સાક્ષી થવી જોઈએ, તોપણ.

ટીકા—આ કલમમાં જે ઠરાવ છે તે સન ૧૮૫૫ ના આકટ ૨, ની કલમ ૩૮ મીમાં હતો તેજ છે.

પેઢીના નોકર અગર એજંટે હિસાબના ચોપડા રાખેલા હોય તો, તે કબુલત તરીકે ગણતા છે (ઈં લા. રી. ૧ મું. પાનું. ૬૧૦).

દસ્તાવેજ ઊપર સાક્ષી કરનાર શાહેદ દસ્તાવેજ થયાનું ન કબુલ કરે તો બીજી શાબિતી આપી શકાય છે.

૭૧. દસ્તાવેજ થયાની વાત દસ્તાવેજ ઉપર સાક્ષી કરનાર શાહેદ નાકબુલ કરે, કિંવા તેને તે વાત યાદ ન હોય તો સદહુ દસ્તાવેજ થયાની વાત બીજા પુરાવા ઊપરથી શાબિત કરી શકાય છે.

ટીકા—આ કલમ તમામ દસ્તાવેજ ઊપરના શાહીદીઓની બાબતમાં લાગું થાય છે, પછી તે દસ્તાવેજ એવો હોય કે તેના ઊપર સાક્ષીઓની જરૂર હોય કિંવા નહી તેની ચીંતા નહી.

. . . . . સાખની જરૂર છે તેને માટે ઊપરની ચાર કલમો છે.

. . . . . પ્રથમ બતાવી ગએલા વૃશિયતનામાં છે.

જે દસ્તાવેજ ઊપર સાક્ષી થવાની કાયદા મુજબ જરૂર નથી તેની શાબિતી બાબત.

૭૨. જે દસ્તાવેજ ઉપર સાક્ષી થવાની કાયદા મુજબ જરૂર નથી તે દસ્તાવેજ ઊપર સાક્ષી થઈ હોય, તો જાણે તે દસ્તાવેજ ઊપર સાક્ષી થઈજ નથી એમ સમજીને તેની શાબિતી કરી શકાય છે.

ટીકા—જ્યાં કાયદા પ્રમાણે કોઈ દસ્તાવેજમાં સાક્ષી કરાવવાની જરૂર ન હોય, ત્યારે તે દસ્તાવેજ થયાની વાત સાક્ષીની સહી શિવાય બીજી રીતે શાબેત કરવી. જેમકે પક્ષકારની કબુલતથી, સહીની ઓળખાણથી, વિગરે.

અક્ષરના મુકાબલા બાબત. ૭૩. કોઈ સહી કિંવા લખાણ કિંવા શિક્કા જે સખસે કરયાનું તે ઊપરથી સમજાતુ હોય તે સખસે તે સહી કિંવા લખાણ કિંવા શિક્કો કરયો છે કે કેમ, એ વાતનો નિશ્ચય કરવા સારૂ જે સહી કિંવા લખાણ કિંવા શિક્કો સખસ મજકુરનો છે એવો અંગીકાર કરવામાં આવ્યો હોય, કિંવા એવી [illegible] કિંવા શિક્કાનો મુકાબલો, [illegible] કરી શકાય છે; પછી [illegible] બીજા કોઈ કારણને [illegible] આવી ન હોય તોપણ.

કોર્ટમાં હાજર હોય એવા કોઈ સખસે જે શબ્દો કિંવા આંકડા લખ્યાનું કહેવામાં આવતુ હોય, તે શબ્દ કિંવા આંકડા જોડે મુકાબલો કરવા સારૂ સખસ મજકુરને હરકોઈ શબ્દો કિંવા આંકડા લખવાનો હુકમ કરવાનું કોર્ટ મુખત્યાર છે.

ટીકા—આ કલમ પ્રમાણે એક તકરારી સહીનો બીજી બીનતકરારી સહી સાથે મુકાબલો થઈ શકે છે, અને તે મુકાબલો કોઈ અથવા કુશળ શાહેદો કરી શકે છે. કલમ ૪૭ મુજબ જે માણસ અક્ષર ઓળખતો હોય તે ઓળખી શાબેત કરી શકે છે.

આ કલમ દિવાની અને ફોજદારી કામને લાગુ પડે છે. સન ૧૮૫૫ ના ૨ જા આકટની કલમ ૪૮ મી અને આ બાબતમાં ૨૨ વી રી. પાનું ૨૭૨ જુઓ.

ફકત અક્ષરની સરખાવણી ઊપરથી જુઠો દસ્તાવેજ બનાવ્યાનો ઠરાવ કરવામાં આવ્યો હતો તે અભિપ્રાય બરોબર નથી. ૮ બે. લા. રી. પાનુ ૪૯૭

જુડીશીયલ કમીટીએ દેશી હરફ બાબત દેશી ન્યાયાધીશનો ઠરાવ ઈગ્રેજ ન્યાયાધીશના ઠરાવ કરતા વધારે પસંદ કરેલો છે. ૭ બે. લા. રી. પાનુ. ૨૧૭.

સાર્વજનિક દસ્તાવેજ.

સાર્વજનિક દસ્તાવેજ ૭૪. નીચે લખેલા દસ્તાવેજને સાર્વજનિક દસ્તાવેજ સમજવા.

૧. જે દસ્તાવેજ નિચે લખ્યા મુતાબના આકટ હોય અથવા આકટના લેખ હોય તે દસ્તાવેજ.

(૧.) રાજ્યના અત્યાધીશે કાઢેલા આકટ કિંવા આકટના લેખ.

(૨.) સરકારી મંડળીએ તથા ઈનસાફની કોર્ટે કાઢેલા આકટ કિંવા આકટોના લેખ.

(૩.) તથા બ્રિટિશ ઈંડીઆ માંહેના, અથવા મહારાણીના રાજ્યના કોઈ પણ બીજા ભાગ માંહેના; અથવા પરરાજ્ય માંહેના, કાયદા કરનારા, તથા ઈનસાફ કરનારા, તથા રાજ્યકારભાર ચલાવનારા સરકારી અમલદારોએ કાઢેલા આકટ કિંવા આકટના લેખ.

૨. ખાનગી દસ્તાવેજના સાર્વજનિક લેખ બ્રિટિશ ઈંડિયામાં રાખવામાં આવતા હોય તે.

ટીકા—આ કલમની રકમ ૨, જી ઘણીજ અગત્યની છે, કેમકે રજીસ્ટરના કાયદા પ્રમાણે જે ખાનગી દસ્તાવેજની દફતરમાં નોંધ રાખવામાં આવે છે તે નકલ હોય છે, અને ઉપપુરાવ તરીકે તેની ખરી નકલ કામ આવે છે.

સન ૧૮૭૭ ના આકટ ૩ જાની કલમ ૫૭ પ્રમાણે જે નકલો આપવામાં આવે, તે અસલ દસ્તાવેજનો મજકુર સાબેત કરવાને પુરાવા થાય છે.

કોર્ટ આફ વાર્ડસના કામમાં દીસ્ટ્રીકટ અમલદારો વચ્ચે લખાએલા કાગળ પત્રો તે વખત અમુક માણસ હયાત હતો, એમ બતાવવાને માટે પુરાવામાં લેવામાં આવ્યા. ૨૩ વી. રી. પાનું. ૨૭૨

ખાનગી દસ્તાવેજ. ૭૫. બીજા સર્વે દસ્તાવેજોને ખાનગી દસ્તાવેજ સમજવા.

ટીકા—કલમ ૭૪ મીમાં જે દસ્તાવેજો બતાવ્યા છે તે શિવાયના તમામ દસ્તાવેજો ખાનગી દસ્તાવેજ છે.

સાર્વજનિક દસ્તાવેજની દાખલાવાળી નકલો. ૭૬. જે સાર્વજનિક દસ્તાવેજ તપાસવાનો હરેકોઇ સખસનો હકક છે, તે સાર્વજનિક દસ્તાવેજ જે સરકારી અમલદારના હવાલામાં હોય, તે દરએક સરકારી અમલદારે તેની નકલ સદરહુ સખસને માગેથી તથા તેને સારૂ કાયદા મુજબની ફી ભરેથી આપવી, તથા તેની સાથે નકલ મજકુર ની તળે એવું એક સર્ટિફિકેટ લખી આપવું કે એ નકલ દસ્તાવેજ મજકુરની અથવા તેનો ભાગ હોય તો તેના ભાગની, ખરી નકલ છે; એ સર્ટિફિકેટની ઉપર સદરહુ અમલદારે તારીખ નાંખવી, તથા તે નીચે પોતાના સરકારી હોદ્દા સાથે પોતાના નામની સહી કરવી, અને અમલદાર મજકુરને શિક્કો વાપરવાનો કાયદાથી અધિકાર હોય તો તેના ઉપર શિક્કો મારવો. એ પ્રમાણે જે નકલો ઉપર દાખલો લખેલો હોય તે નકલોને દાખલાવાળી નકલો કહેવી.

ખુલાસો.—જે અમલદારોને સરકારી હોદ્દાના કામના સાધારણ રીતે આવતા પ્રસંગથી એવી નકલો સ્વાધિન કરવાનો અધિકાર હોય, તે દરએક અમલદારના હવાલામાં એવા દસ્તાવેજ છે, એવો આ કલમનો અર્થ સમજવો.

ટીકા—જુદી જુદી જાતના દસ્તાવેજોના ઉપર સ્ટાંપ ચોડવા બાબત સન ૧૮૭૦ ના કોર્ટ ફી આકટના પરીશીષ્ટ ૧ લાની કલમો ૬–૯ જોવી. ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાના ઠરાવ મુજબ આપેલી જુદી જુદી જાતના દસ્તાવેજોની નકલો ઉપર તા૦ ૬ જુન સન ૧૮૭૩ ના નંબર. ૯૯૬ ની ઇંડ્યા સરકારની જાહેરખબરથી સ્ટાંપ ન ચોડવાની છુટ છે. એ જાહેરખબરથી નીચેની નકલો ઉપર સ્ટાંપ ચોડવાની જરૂર નથી.

૧. ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૯૯ મુજબ તોહમતદાર સખસને આપેલી તોહમતનામાની નકલ અથવા તરજુમા ઉપર;
૨. કલમ ૨૦૧ અને ૪૪૬ મુજબ તોહમતદાર સખસને આપેલી જુબાનીઓની નકલો ઉપર;
૩. કલમ ૨૭૯ મુજબ જે સખસને તેથી નુકશાન હોય તે સખસને આપેલી ફોજદારી કોર્ટના ફેંસલાની અથવા હુકમની નકલ ઉપર જો તે સખસ જેલમાં હોય, તો અથવા કોર્ટની ધ્યાનમાં આવે તો.

૪. કલમ ૨૫૭ મુજબ તોહમતદારને આપેલી શાહેદોની જુબાનીઓની નકલ ઉપર.
૫. કલમ. ૫૩૮ મુજબ ભરણુ પોષણના હુકમોની નકલો ઉપર.

અનુમતી પત્ર જો કદાપી તે કામના કાગળોમાં હોય, તેથી આ કલમ પ્રમાણે દાખલાવાળી નકલ થતી નથી. ૪. લા. રી. ૧૪ ક. પાનું. ૪૮૫

એવી નકલો ગુજારવા બાબત.

૭૭. જે સાર્વજનિક દસ્તાવેજની અથવા સાર્વજનિક દસ્તાવેજના ભાગની સદરહુ પ્રમાણેની દાખલાવાળી નકલો નકલ છે, એવું તે નકલ ઉપરથી સમજાય, તે સાર્વજનિક દસ્તાવેજમાંના, અથવા દસ્તાવેજના ભાગમાંના, લખાણુની શાબિતીમાં સદરહુ પ્રમાણેના દાખલાવાળી નકલો ગુજારી શકાય છે.

ટીકા—કલમ ૭૬ મુજબ જે નકલો મળી હોય તે આ કલમ પ્રમાણે પુરાવામાં આપી શકાયઁ છે.

માત્ર સાર્વજનિક દસ્તાવેજોની શાબેતી દાખલાવાળી નકલોથી થઈ શકે છે, પણુ ખાનગી દસ્તાવેજો જેવા કે કબાલા, વેચાણ ખતો, ભાડાચીઠીઓ અને બીજા તેવા દસ્તાવેજો બીજા મુકદમામાં દાખલ થએલા હોય, તેની નકલોને એ નિયમ લાગુ પડતો નથી. ૨૨ વી. રી. પાનું. ૩૫૫

દાખલાવાળી નકલો એજ સાર્વજનિક દસ્તાવેજોનો લેવા યોગ્ય માત્ર દોયમ પુરાવો છે, કલમ ૬૫ નો (ઈ) રકમ જોવી.

બીજા સરકારી દસ્તાવેજોની શાબિતી બાબત.

૭૮. નીચે પ્રમાણેના સાર્વજનિક દસ્તાવેજ નીચે પ્રમાણે શાબિત કરી સકાય છે.

(૧.) બ્રિટિશ ઈંડિયાનો રાજ્ય કારભાર ચલાવનાર સરકારના હરકોઇ કારખાનેથી થએલા, અથવા હરકોઈ સ્થાનિક સરકારે કરેલા અથવા હરકોઇ સ્થાનિક સરકારના હરકોઇ કારખાનેથી થએલા આકટો, હુકમો અથવા જાહેરનામાઓ, એ સર્વે
સદરહુ કારખાનાનાં દફતરો જેનાં તે કારખાનાના ઊપરી તરફથી દફતર મજકુરો તેજ કારખાનાનાં છે એવા દાખલા સહિત મોકલવામાં આવે, તે દફતરોથી શાબિત કરી શકાય છે.
અથવા એવી કોઈ સરકારના હુકમથી કોઈ દસ્તાવેજ છપાય છે, એવું તે દસ્તાવેજ ઉપરથી જણાય, તે દસ્તાવેજથી શાબિત કરી શકાય છે.

(૨.) કાયદા કરનારી સભાઓના પ્રોસીડિંગ, એ
સદરહું જેની તે સભાના રોજકામથી અથવા કોઈ પ્રસિદ્ધ કરેલા આકટોથી, અથવા સાર ગ્રંથથી, અથવા કોઇ નકલો સરકારના હુકમથી છપાય છે, એવું તે નકલો ઉપરથી સમજાય તે નકલોથી શાબિત કરી શકાય છે;

(૩.) મહારાણીએ અથવા પ્રિવિકૌંસિલે કરેલા અથવા મહારાણીની સરકારના કોઇ પણુ કારખાનેથી થએલાં જાહેરનામાંઓ, હુકમો અથવા નિયમો, એ સર્વે
લંડન ગેઝેટમાં નકલો અથવા છતેખાંબો હોય તેનાથી, અથવા કોઇ નકલ અથવા છતેખાબ રાણીના છાપનારે છાપ્યાં છે એવું તે નકલ અથવા છતેખાબ ઉપરથી સમજાય તે નકલો અથવા છતેખાબોથી, શાબિત કરી શકાય છે;

(૪.) કોઇ પરરાજ્યની રાજ્ય કારભાર ચલાવનાર સરકારના આકટો અથવા કોઈ પ-
રરાજ્યની કાયદા કરનાર સભાના પ્રોસીડિંગ, એ

સદરહુ સરકાર અથવા સભાના હુકમથી છપાતાં હોય એવાં, અથવા એ પ્રમાણે છ-
[illegible]
[illegible]
[illegible]
અથવા પ્રોસીડિંગને કબુલ રાખ્યાં હોય તો નોંધથી, શાબિત કરી શકાય છે;

(૫.) બ્રિટિશ ઈંડિયામાંની કોઈ મ્યુનિસિપલ મંડળીના પ્રોસીડીંગ
એવાં પ્રોસીડિંગ જેની પાસે કાયદા પ્રમાણે રેહેતાં હોય, તેણે કરી આપેલી દાખલાવાળી સદરહુ પ્રોસીડિંગની નકલથી, અથવા કોઈ છાપેલી ચોપડીઓ એવી મંડળીના હુકમથી પ્રસિદ્ધ થાય છે, એવું તે ચોપડી ઉપરથી સમજાતું હોય તે ચોપડીથી, સાબિત કરી શકાય છે.

(૬.) કોઈ પારકા દેશમાંના કોઇ બીજી જાતના સાર્વજનિક દસ્તાવેજ.
અસલ દસ્તાવેજથી શાબિત કરી શકાય છે; અથવા કાયદા પ્રમાણે તે લેખ જેની પાસે રેહે તો હોય તેણે કરી આપેલી દાખલાવાળી નકલ સાથે, જો કોઇ નોટરિપબ્લિકનું, અથવા બ્રિટિશ કોન્સિલનું, અથવા રાણી તરફથી તે રાજ્યમાં મોકલેલા કોઇ વકીલનું, શિક્કાવાળું એવું સર્ટિફિકેટ હોય, કે અસલ દસ્તાવેજ કાયદા પ્રમાણે જે અમલદારના હવાલામાં છે તે અમલદારે યોગ્ય રીતે નકલ મજકુર ઉપર ખરાપણા નો દાખલો કરયો છે, તો સદરહુ પારકા દેશના કાયદા પ્રમાણે દસ્તાવેજ મજકુરનો પ્રકાર શાબિત થયેથી, સદરહુ દાખલાવાળી નકલથી શાબિત કરી શકાય છે.

દસ્તાવેજ બાબત અનુમાન.

દાખલાવાળી નકલોના ખરા પણાવિશે અનુમાન.

૭૯. કોઈ દસ્તાવેજ ઉપરથી એવું સમજાય કે તે સર્ટીફીકેટ છે, અથવા દાખલાવાળી નકલ છે, અથવા કોઇ અમુક હકીકતના પુરાવામાં કાયદાના ઠરાવ ઉપરથી લેવા યોગ્ય બીજો દસ્તાવેજ છે, તથા દસ્તાવેજ મજકુર ઉપરથી એવું સમજાય કે તે ખરો છે એવો દાખલો, બ્રિટિશ ઈંડિયામાંના હરકોઇ અધિકારીએ, અથવા મહારાણી સાથે દોસ્તી રાખનારા હરકોઇ દેશી સંસ્થાનમાંના કોઇ અધિકારીને ગવરનર જનરલ ઇનકોન્સિલે યોગ્ય રીતે એ બાબત અખત્યાર આપ્યો હોય એવા હરકોઇ અધિકારીએ, યોગ્ય રીતે તેનાપર આપ્યો છે, તેવો પ્રત્યેક દસ્તાવેજ ખરો છે એવું અનુમાન કોર્ટે કરવું; પરંતુ એવા દસ્તાવેજને સારૂ કાયદામાં જે નમુનો ઠરાવ્યો હોય તે નમુના પ્રમાણે તે દસ્તાવેજ મુખ્ય મુદાની વીગતે હોવો જોઇએ, તથા તે દસ્તાવેજ જે રીતે કરવાનું કાયદામાં ઠરાવ્યું હોય તે રીતે થએલો છે, એવું તે દસ્તાવેજ ઉપરથી માલમ પડવું જોઇએ. એવા કોઇ દસ્તાવેજ ઉપરથી જે અધિકારીએ તે ઉપર સહી કીધેલી અથવા દાખલો આપેલો સમજાતો હોય, તે અધિકારીને સદરહુ સહી કરતી વખતે કાગળ મજકુરમાં અધિકારી મજકુરે બતાવ્યા પ્રમાણેનો સરકારી હોદ્દો હતો, એવું પણ કોર્ટે અનુમાન કરવું.

ટીકા—મી૦ ટેલર સાહેબનું કેહે છે કે જ્યારે કાગળના કેટલાક એકઠા તારીખથી મી-

સકતાઓ વ્યવસ્થા કરવામાં આવી હોય, અને છેલ્લા તાર ઉપર સહી અને શાહેદીઓ હોય તો, જ્યાં સુધી વિરૂદ્ધ પુરાવ ના હોય ત્યાં સુધી તે તારોનું લખાણ કેટલુંક ખુલ્લી રીતે એક બીજા વિરૂદ્ધ હોય, તોપણ જે વખતે વીલ કરવામાં આવ્યું તે વખતે તે દરએક તાર તે વીલનો ભાગ છે, એમ કોર્ટે અનુમાન કરવું.

વળી તેજ કેહે છે કે જ્યારે વીલ અગર પુરવણી વીલમાં ફેરફાર, વચમાં ઘાલેલું અને છેકેલું હોય, ત્યારે તે વીલ અગર પુરવણી વીલ થયા પછી કરવામાં આવેલું છે, એમ ઇંગ્રેજી લા પ્રમાણે અનુમાન થાય છે, પરંતુ ડીડ અને વીલની બાબતમાં અસલમાં કોરી જગો રાખવામાં આવેલી હોય તે જગોએ લખાણ કરેલું હોય તો, તે ફરી આપ્યા પેહેલાં તે લખાણ થયું છે એમ અનુમાન થાય છે. તેમજ કેટલાંક ફ્રામેર કે જેમાં પક્ષકારોએ એક બીજા સાથે મળી જઈ દસ્તાવેજો કરેલા છે એવી સુચના થતી હોય, તેવા દસ્તાવેજ ના હોય તો તે દસ્તાવેજમાં જે લખ્યા તારીખો હોય તે તારીખોએજ તે થયા છે, એમ અનુમાન કરવું જોઇએ.

સ્ટીફન સાહેબ કેહે છે કે હકીકતનાં અનુમાનો જે ફક્ત તકરારો છે, સબબ કોર્ટ પોતાની નજરમાં આવે તેટલું તેના ઉપર વજન રાખી શકે છે.

પુરાવાનું દફતર ગુજરવામાં આવે [illegible] તે કેવું [illegible] માન કરવું.

૮૦. જ્યારે હરકોઇ કોર્ટની રૂબરૂ એવો હરકોઇ દસ્તાવેજ ગુજારવામાં આવે કે તે દસ્તાવેજ ઉપરથી એમ સમજાય, કે દસ્તાવેજ મજકુર [illegible] નો કાયદાથી અખત્યાર [illegible] આપેલી શાહેદીનું કિંવા [illegible] તો હરકોઇ કેદીની કિંવા તોહમતવાળા સખસની કાયદા પ્રમાણે લીધેલી જુબાની કિંવા કબુલત છે, તથા દસ્તાવેજ મજકુર ઉપરથી એવું સમજ્યામાં આવે કે તેના ઉપર કોઇ જડજ કિંવા માજીસ્ટ્રેટ કિંવા એવા ઉપર કહેલા કોઈ અધિકારીએ સહી કીધી છે, ત્યારે કોર્ટ મજકુરે એવું અનુમાન કરવું કે,

દસ્તાવેજ મજકુર ખરો છે; તથા સદરહુ શાહેદી કિંવા જુબાની કિંવા કબુલતના ઉપર સહી કરનારે સખસે તે શાહેદી, કિંવા જુબાની કિંવા કબુલત કેવી હકીકતની સાથે લેવામાં આવી હતી તે બાબત જે વાતો લખેલી તે ઉપર થકી સમજાય તે વાતો ખરી છે; તથા એવી રીતે શાહેદી કિંવા જુબાની કિંવા કબુલત યોગ્ય રીતે લેવામાં આવી હતી.

ટીકા—તોહમતવાળાને જે સ્વાલ કરવામાં આવે તેના જવાબમાં તેણે કબુલત આપી હોય તો, તે કબુલતના સબંધમાં તે કેદી જે કાંઇ બોલ્યો હોય તેનો વિચાર કરી અર્થ કરવો જોઈએ. (૧૦ બં. લા. રી. ૩૭૨).

જાણી જોઈને ખોટી સાક્ષી આપવાના ગુન્હાની તજવીજમાં ફરીયાદી તરફથી કેદીએ જે જુબાની આપી હોય તેનું દફતર રજુ કરવામાં આવે, અને તે ખોટું છે એમ કેહેવામાં આવે તો, કેદીએ જુબાની આપતા પેહેલાં જે શબ્દો કહ્યા હતા તેજ તેમાં અગર તેની દેશી ભાષામાં લખાએલા પ્રોસીડીંગમાં છે એમ કોર્ટ અનુમાન કરી શકે. ૨૨ વી. રી. ૨ અને ૨૭ વી. રી. પાનું ૧૮ જુઓ.

આ દેશની સરકારી કોર્ટના જુડીશીયલ દફતરો સાથે આ કલમ નિસ્બત રાખે છે. પરરાજ્યની કોર્ટોનાં દફતરો બાબતમાં જુઓ કલમ, ૮૬.

કાયદા પ્રમાણે કલેકટરને ઈંગ્રેજીમાં યાદદાસ્ત કરવી રહેલી હોય, તેથી દેશી ભાષામાં વિગતવાર જુબાની લખવામાં આવી હોય તો, તે આપનાર તોહમતવાળા વિરૂદ્ધ તેણે જાણી બુજીને જુઠી શાહેદી આપ્યાના કામમાં પુરાવ થવાને અટકાવ થતો નથી. ૯ વી. રી. પાનું ૬૪.

ગેઝેટ બાબત અનુમાન.

૮૧. કોઇ દસ્તાવેજ ઉપરથી એવું સમજાય કે તે લંડન ગેઝેટ છે, [illegible]

હસ્તગત કીધેલા [illegible]

અથવા [illegible] છપનારે છાપેલી નકલ છે, તે પ્રત્યેક દસ્તાવેજ, [illegible] કે તે એવો દસ્તાવેજ છે કે તેને કોઈ સખસે રાખવાનું કાયદામાં ફરમાવ્યું છે, તે પ્રત્યેક દસ્તાવેજ, જો કાયદામાં ફરમાવેલા નમુના પ્રમાણે મુખ્ય મુદ્દાની વાતે રાખવામાં આવતો હોય, તથા જેના હવાલામાંથી રજુ થવો જોઈએ તેના હવાલામાંથી રજુ થાય, તો તે ખરા છે એવું કોર્ટે અનુમાન કરવું.

ટીકા—યોગ્ય હવાલા બાબત કલમ ૫૦ જોવી.

સહી અથવા શિક્કાની શાબિતી થયા વગર ઈંગ્લંડમાં જે દસ્તાવેજ પુરાવામાં લેવા યોગ્ય હોય તે દસ્તાવેજ બાબત અનુમાન.

૮૨. કોઇ દસ્તાવેજ ઉપરથી એમ સમજાય કે તે દસ્તાવેજ ઈંગ્લંડ અથવા આયરલંડમાં તે વખતના ચાલુ કાયદા પ્રમાણે ઈંગ્લંડ અથવા આયરલંડ માંહેની હરકોઈ ઈનસાફની કોર્ટમાં તે ઊપરના તેના બરાબરપ- [illegible] ઉપર જે [illegible] અથવા સરકારી હોદ્દાની, શાબિતી થયા વિના કોઇ વાતની શાબિતીમાં લેવા યોગ્ય હોય એવો દસ્તાવેજ છે, તો તે દસ્તાવેજ જ્યારે કોઇ કોર્ટમાં ગુજારવામાં આવે ત્યારે કોર્ટે અનુમાન કરવું કે એવો શિક્કો કિંવા સ્ટાંપ કિંવા સહી ખરી છે, તથા તે દસ્તાવેજના ઉપર સહી કરનાર સખસને સહી મજકુર કરતી વખતે તેનો બતાવેલો ઈનસાફી કિંવા સરકારી હોદ્દો હતો;

તથા ઇંગ્લંડ અથવા આયરલંડમાં દસ્તાવેજ મજકુર જે વાતના પુરાવામાં લેવા યોગ્ય હોય, તે વાતના પુરાવા સારૂ તેને કબુલ રાખવો.

ટીકા—મી૦ ટેલરસાહેબ કહે છે કે ઈંગ્રેજી કામન લા પ્રમાણે સરકારી રજીસ્ટરો સરકારી આફીસોમાં અમુક વ્યવહાર દાખલ કરવાને રાખેલી ચોપડીઓ અને બીજા સાર્વજનિક દસ્તાવેજો જે સખસોએ તઈયાર કરેલા હોય, તેમની શાહેદી તે દસ્તાવેજના ખરાપણા બાબત લીધા શિવાય પુરાવમાં દાખલ થવા લાયક છે.

હરકોઈ મુકદમાના કામ સારૂ બનાવેલા નકશાની શાબિતીબાબત.

૮૩. કોઈ નકશા અથવા પ્લાન ઉપરથી એમ સમજાય કે સરકારના હુકમથી કરવામાં આવ્યા છે, તો તે નકશા અથવા પ્લાન એ પ્રમાણે કરવામાં આવ્યા છે, તથા બરાબર છે, એવું કોર્ટે અનુમાન કરવું, પરંતુ હરકોઈ મુકદમાના કામને સારૂ જે નકશા અથવા પ્લાન બનાવ્યા હોય, તે નકશા તથા પ્લાન બરાબર છે એવી શાબિતી થવી જોઇએ.

ટીકા—ફક્ત સરકારનાજ હુકમથી જે નકશાઓ થયા હોય તેજ વિશે અનુમાન લેવાય છે. આના સબંધમાં કલમ ૩૬ તથા કલમ ૮૭ જોવી.

સરકારના અધિકારથી જે નકશો કરવામાં આવેલો હોય તેના ખરાપણા બાબત પુ-
સવ આકટ પ્રમાણે જે અનુમાન થાય છે, તે સરકારના અધિકારથી પાછળની જરીફથી
નકશો કરવામાં આવેલો હોય તેથી રદ જતું નથી. (ઈ. લા. રી. ૫ ક. ૮૨૨)

કાયદાનાતથા કોર્ટોના ફેંસલા ઓના સંગ્રહ ગ્રંથ બાબત અનુમાન.

૮૪. કોઈ ગ્રંથ ઉપરથી એમ સમજાય કે, તે હરકોઈ દેશની સ-
રકારના હુકમથી છાપવામાં કિંવા પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે, તથા તેમાં
દેશ મજકુરના કાયદામાંના કોઇ કાયદા છે, તો એવો પ્રત્યેક ગ્રંથ ખરો છે
એવું કોર્ટે અનુમાન કરવું.

તથા કોઇ ગ્રંથ ઉપરથી એવું સમજાય કે તેમાં એવા દેશની કોર્ટોના
ફેંસલાના રિપોર્ટો છે, તો એવો પ્રત્યેક ગ્રંથ ખરો છે એવું કોર્ટે અનુમાન કરવુ.

મુખત્યારના-માબાબત અનુમાન.

૮૫. કોઈ દસ્તાવેજ ઉપરથી એમ સમજાય કે તે મુખત્યારનામું છે,
તથા હરકોઇ નોટરીપબ્લિકની, અથવા કોર્ટની અથવા જડ્જની, અથવા
[illegible] ની, અથવા
[illegible] થએલું છે,
[illegible] તો એવો
પ્રત્યેક દસ્તાવેજ એ પ્રમાણે થએલો છે, તથા તે ઉપર એ પ્રમાણે ખરા-
પણાની સહી કરી છે, એવું કોર્ટે અનુમાન કરવું.

ટીકા—નોંધવાના કાયદા પ્રમાણે જે મુખત્યારનામાની જરૂર છે, તે સદરહુ કલમ ૩૩
પ્રમાણે હોવાં જોઇએ.

ફીલ્ડસાહેબ કેહે છે કે રજીસ્ટર થએલા મુખત્યારનામા બાબત, રજીસ્ટર કરવા સિ-
વાય બીજા કારણસર કાંઇ અનુમાન લેવાતું નથી.

પારકા દેશ-નાઈનસાફના દફતરોની દાખલાવાળી નકલો બાબત અનુમાન.

૮૬. કોઈ દસ્તાવેજ ઉપરથી એમ સમજાય કે તે મહારાણીના તાબા
ના મુલકનો ભાગ ન હોય એવા કોઇ દેશના ઈનસાફના દફતરની દાખલા-
વાળી નકલ છે, ત્યારે તે દસ્તાવેજ ઉપરથી જો એવું જણાય કે દેશ મ-
જકુરમાં ઈનસાફના દફતરની નકલો ખરી કરી આપવા સારૂ જે રીત સા-
માન્ય રીતે ઉપયોગમાં આવતી હોય, તે રીત કઇ છે તેનો દાખલો મ-
હારાણીના અથવા હિંદુસ્તાનની સરકારના એવા દેશમાં રેહેનારા પ્રતિનિધી
[illegible] પ્રમાણે દસ્તાવેજ મજકુર
[illegible] દસ્તાવેજ ખરો તથા બરાબર
છે, એવું અનુમાન કરવાને કોર્ટ મુખત્યાર છે.

ટીકા—પરરાજ્યના ફેંસલા ઉપર આધાર રાખનારનો હોય, ત્યારે ખરાપણાના યોગ્ય
દાખલા સહીત તે ફેંસલો હાજર કરયો, એટલે, તે લેખ ઉપરથી વિરૂદ્ધ પ્રકાર નજરે ન
આવે તો, તે ફેંસલો કરનારી કોર્ટને હકુમત નહોતી, એ વાત શાબેત કરીને તે અનુમાન
રદ થઇ શકશે. જો દફતર ઉપરથી કાંઈ ઊલટું માલમ પડે તો તે જુદી વાત છે, પણ
ઊપર પ્રમાણેનું અનુમાન એ હકુમત નથી, એમ શાબેત કરવાથી તે દુર કરી શકાય છે.

ચોપડી તથા

૮૭. જે વિષયોમાં સાર્વજનિક કિંવા સામાન્ય કાયદા બેરદ્દાયદાનો મ-

નકશા બાબત અનુમાન.

બંધ છે તે વિષયો સબંધી માહિતી સારૂ કોઈ ચોપડી કોર્ટ જુવે તે ચો-પડી, તથા કોઇ પ્રસિદ્ધ થએલો નકશો અથવા ચાર્ટ કોર્ટમાં તપાસવાને સારૂ રજુ કરવાંમાં આવે, અને તેમાં બતાવેલી વાત લગતી હકીકત હોય, તો તે ચોપડી તથા નકશો અથવા ચાર્ટ જે સખસે અથવા જે વખતે જે જગોએ લખ્યા નું અથવા છાપ્યાનું તે ઉપરથી સમજાય તે સખસે તથા તે વખતે તથા તે જગોએ છાપ્યો તથા પ્રસિદ્ધ કીધો, એવું અનુમાન કરવાને કોર્ટ મુખત્યાર છે.

ફોટોગ્રાફ તથા યંત્રવડે થયેલી નકલો તથા તારયંત્ર માર્ગે મોકલેલા સંદેસા બાબત અનુમાન.

૮૮. કોઈ તારયંત્રની કચેરીમાંથી કોઈ સંદેસો તેમાં બતાવ્યા પ્ર- [illegible] તે સંદેસો જે તારયંત્રની [illegible] જાય તે કચેરીમાં તારયંત્ર માર્ગે મોકલવા સારૂ આપેલા સંદેસા સાથે મળતો છે, એવું અનુમાન કરવાને કોર્ટ મુખત્યાર છે; પરંતુ એવો સંદેસો તારયંત્ર માર્ગે મોકલવાને જે સખસે આપ્યો હોય, તે સખસ બાબત કોર્ટે કાંઇ અનુમાન કરવું નહી.

ટીકા—આ કલમ પ્રમાણે કોર્ટને વ્યાજબી લાગે તો અનુમાન લે, પણ તેમ કરવા ફરજ નથી. ઓ આંકટના મુસદામાં તેમ અનુમાન લેવાની ફરજ હતી. તેમજ ફોટોગ્રાફ અને યંત્રવડે કરેલી નકલો વિષે પણ ઠરાવ કરવાનું ધાર્યું હતું, પણ તે બાબતો પાછળ થી કાઢી નાંખી છે, તોપણ આ કલમના માર્જિનમાં તે બાબતો સરત ચુકથી રહી ગ-એલી જણાય છે.

કોર્ટમાં રજુ નહીં થયા હોય એવા દસ્તાવેજ યોગ્યરીતે થયાવગેરે બાબતઅનુમાન.

૮૯. કોઇ દસ્તાવેજ મંગાવ્યો હોય, અને તેને હાજર કરવાની નોટિસ આપ્યા પછી રજુ ન થયો હોય, તો તેવા પ્રત્યેક દસ્તાવેજ ઉપર કાયદામાં ફરમાવેલી રીતી પ્રમાણે સાક્ષી છે, તથા સ્ટાંપ છે, તથા તે થયો છે એવું અનુમાન કોર્ટે કરવું.

ટીકા—આ કલમ સાથે આ આકટની કલમ ૬૬ તથા ૧૬૪ વાંચવી.

મી૦ ક્ની ગહામસાહેબ કહે છે કે જ્યારે દસ્તાવેજ રજુ કરવાને મંગાવવામાં આવેલો છતાં તે રજુ કરવામાં ના આવે તો, આ કલમ પ્રમાણે કોર્ટે અનુમાન કરવાનું છે. બીજા દસ્તાવેજો બાબત કોર્ટની નજરમાં યોગ્ય આવે તો, આ આકટની કલમ ૧૧૪ પ્રમાણે અનુમાન કરવાને તે મુખત્યાર છે, પરંતુ તેમ કરવાને કોર્ટને બંધનકારક નથી.

ત્રીસ વર્ષના જુના દસ્તાવેજ.

૯૦. કોઈ દસ્તાવેજ ઉપરથી એવું સમજાય કે તે ત્રીસ વર્ષનો જુનો છે, અથવા તે ત્રીસ વર્ષનો જુનો છે એવું સાબિત થયું હોય; તેવો દસ્તાવેજ કોઈ એવા હવાલામાંથી રજુ થાય કે તે હવાલો તે અમુક કામમાં કોર્ટની નજરમાં યોગ્ય લાગે ત્યારે તે કામમાં કોર્ટ એવું અનુમાન કરવાને મુખત્યાર છે કે એવા દસ્તાવેજ ઉપરની સહી તથા તેનો બીજો પ્રત્યેક ભાગ કોઇ અમુક સખસને અક્ષરે લખેલો તે ઉપરથી સમજાય તે સખસને અક્ષરે લખેલો છે, તથા કમ મજકૂર સહી અથવા સાક્ષી થએલા દસ્તાવેજની દાકરારનું હોય, તો તે દસ્તાવેજ

ઉપર જે સખસોએ સહી તથા સાક્ષી કરવાનું તે ઉપરથી સમજાય તે સખસોએ તેના ઉપર યોગ્ય રીતે સહી તથા સાક્ષી કરી છે.

ખુલાસો.—જ્યારે દસ્તાવેજ જે જગ્યામાં તથા જે સખસનો સંભાળ તળે સ્વભાવિક રીતે હોવા જોઇએ તે જગ્યામાં તથા તે સખસની સંભાળ તળે હોય, ત્યારે દસ્તાવેજ મજકુર યોગ્ય હવાલામાં છે એમ સમજવું; પરંતુ એવું સાબિત થાય કે કોઈ હવાલાની ઉત્પતી યાને મુળ કાયદેસર છે, અથવા તે અમુક કામની હકીકત ઉપરથી તે હવાલાની ઉત્પતિ સંભવિત ઠરતી હોય, તો તે હવાલો અયોગ્ય નથી.

આ ખુલાસો કલમ ૮૧ મીને પણ લાગુ છે.

દ્રષ્ટાંતો.

(**અ.**) અ.ની પાસે લાંબી મુદતથી કાંઇ જમીનની મીલકતનો કબજો છે, તે પોતાના હવાલામાંથી જમીન મજકુરને સબંધ રાખતા તે ઉપરના પોતાના હકકનાં ખત રજુ કરે છે. એ હવાલો યોગ્ય છે.

(**બ.**) કોઈ જમીનની મિલકતનો અ. ગીરોદાર છે. તે જમીન સબંધીના ખત તે રજુ કરે છે. જમીન મજકુર ગીરો મુકનારના કબજામાં છે. એ હવાલો યોગ્ય છે.

(**ક.**) અ, બ. નો કાંઇ સગો છે: તેને બ. ના કબજામાંની જમીન સબંધીના ખત સંભાળથી સાચવી રાખવા સારૂ બ. એ અનામત આપી મુકેલાં તે અ. રજુ કરે છે એ હવાલો યોગ્ય છે.

ટીકા.—આ કલમ પ્રમાણે અનુમાન લેવા કોર્ટ બંધાએલી નથી, કેમકે વખતે કોઈ કામની એવી પણ કેફીયત હોય કે જેથી તેમ અનુમાન કરવું વ્યાજબી જણાય નહી. (૨૧ વી. રી. પાનું. 130)

ત્રીસ વર્ષના દસ્તાવેજો શાબેત થએલાજ છે, એમ આ કલમ પ્રમાણે સમજવાનું છે; એટલે તે શાબેત કરવાને કોઈ શાહેદી બોલાવવાની જરૂર નથી. (૮ બી. અને સી. પાનું ૨૨), [illegible] નહી, પણ કાગળો, રકમો, [illegible]

પટાના દસ્તાવજ જુના વખતના તારાખ હોવાના સબબથીજ માત્ર ખરો માની શકાય નહી, કેમકે તેની હયાતીનો અને પ્રસિદ્ધ થયાનો પુરાવો નથી. ૧ વી. રી. પાનું. ૧૩૧

અમુક દસ્તાવેજ છેવટ યોગ્ય કબજેદારના કબજામાં હતો, અને તે ખોવાએલો છે, એમ બતાવી શકાય તેવું હોય, અને જો તે ૩૦ વર્ષ કરતાં વધારે મુદત ઉપરનો હોય તો, તે અસલ દસ્તાવેજ થયાનો પુરાવ લીધા વિના તે દસ્તાવેજના મજકુરનો બીજા દરજ્જાનો પુરાવ લેઈ શકાય છે. (ઈ. લા. રી. ૫ ક. પાનું ૯૮૫).

બાબ ૬ ઠો.—દસ્તાવેજી પુરાવો હોય ત્યારે મુખજુબાની પુરાવો નહીં લેવા બાબત.

લખેલા કરારની શરતોનો પુરાવો.

૯૧. જ્યારે કોઇ કરારની, કિંવા કોઈ દાનની, કિંવા મીલકતની બીજી હરકોઈ વ્યવસ્થાની શરતોનો દસ્તાવેજ થયો હોય ત્યારે તથા જે કામોમાં કોઈ બાબતનો દસ્તાવેજ કરવાનું કાયદામાં ફરમાવ્યું હોય તે સર્વે કામોમાં, એવા કરારની, કિંવા દાનની, કિંવા મીલકતની બીજી વ્યવસ્થાની શરતોની શાબેતીમાં, અથવા એવી બાબતની શાબેતીમાં, સદરહુ મુળ દસ્તાવેજ શિવાય,

અથવા આ આક્ટમાં ઊપર કહી ગએલા નિયમો મુજબ જે કામોમાં દેયમ પુરાવો લેઇ શકાતો હોય તે કામોમાં સદરહુ દસ્તાવેજના મજકુરના દેયમ પુરાવા શિવાય, બીજો કાંઈ પુરાવો આપવો નહી.

અપવાદ ૧ લો.—જ્યારે કોઈ સરકારી અમલદારને લખાણુ કરીને નિમવાનું કાયદામાં ફરમાવ્યું હોય, અને જ્યારે એવું બતાવવામાં આવે કે કોઈ અમુક સખસે એવા અમલદારના હોદ્દાનું કામ કીધું છે, ત્યારે જે લખાણથી તે સખસની નિમણૂંક થઈ હોય, તે લખાણુ શાબિત કરવાની જરૂર નથી.

અપવાદ ૨ જો.—બ્રિટિશ ઈંડિયામાં જે મ્રત્યુપત્રો પ્રોબેટ કરવાને કબુલ કરવામાં આવ્યાં હોય, તે મ્રત્યુપત્રો પ્રોબેટ વડે શાબિત કરી શકાય છે.

ખુલાસો ૧ લો.—જે [illegible] મિલકતની બીજી વ્યવસ્થા એક દસ્તાવેજ [illegible] સર્વે એક કરતાં વધારે દસ્તાવેજમાં લખ્યા હોય તે કામોને, એ બેઊને આ કલમ સરખી રીતે લાગુ પડે છે.

ખુલાસો ૨ જો.—જ્યારે અસલ દસ્તાવેજ એક કરતાં વધારે હોય, ત્યારે માત્ર એકજ અસલ દસ્તાવેજને શાબિત કરવાની જરૂર છે.

ખુલાસો ૩ જો.—આ કલમમાં જે હકીકત વિશે લખ્યું છે તે હકીકત શિવાય ની બીજી કોઈ હકીકતનો કોઇ પણ મજકુર કોઇ દસ્તાવેજમાં લખેલો હોય તો, તે પ્રમાણે લખ્યા ઊપરથી સદરહુ બીજી હકીકતનો મુખજુબાની પુરાવો લેવાઇ શકાતો નથી, એમ સમજવું નહીં.

દ્રષ્ટાંતો.

(અ) કોઈ કરાર કેટલાએક પત્રોમાં લખેલો હોય, તો જે જે પત્રોમાં લખ્યો હોય તે સર્વે પત્રો શાબિત થવાં જોઇએ.

(બ.) કોઇ કરાર કોઈ હુંડીમાં લખેલો હોય, તો તે હુંડી શાબિત થવી જોઇએ.

(ક.) જ્યારે કોઈ હુંડીનો ત્રણ નકલનો સેટ લખ્યો હોય, ત્યારે માત્ર એકજ નકલ શાબિત થવાની જરૂર છે.

(ડ.) અમુક શરતે ગળી આપવાનો અ. લખાણુ કરીને બ. ની સાથે કરાર કરે છે. કરારમાં એવી એક હકીકત લખી છે કે કોઈ બીજે પ્રસંગે બીજી ગળી આપવાનો મુખજુબાની કરાર કરવામાં આવ્યો હતો, તે ગળીની કિંમત બ. એ અ. ને આપી હતી.

સદરહુ બીજી ગળીના પૈસા આપ્યા નહોતા એવો મુખજુબાની પુરાવો આપવામાં આવે તો, તે પુરાવો લેવા યોગ્ય છે.

(ઇ.) બ. એ આપેલા પૈસાની પોહોંચ અ. એ બ. ને આપી છે.

સદરહુ પૈસા આપ્યાનો મુખજુબાની પુરાવો રજુ કરવામાં આવે તો તે પુરાવો લેવા યોગ્ય છે.

દીઃ [illegible] આવે છે તે, [illegible] દરેજાનો પુરાવ કેહેવાય છે, તે રજુ કરી શાબેત કરવો જોઈએ.

અંદરનો ભાગ દુરસ્ત કરવાનો લેખી કરાર હોય અને બાહારનો દુરસ્ત કરયો હોય તો, તે બાબતના દાવામાં મુખજુબાની પુરાવો લેઇ શકાય છે, તેમજ ભાડાચીઠીની શર-

તેની તકરાર નહી છતાં તે ઉપરથી થએલા કબજા વિરોની તકરાર હોય તો, તેમાં જુબાની પુરાવો લેઈ શકાય છે. (૨૪ વી. રી. પાનું. ૪૨૫)

મી૦ ટેલરસાહેબ કેહે છે કે જે દસ્તાવેજ રજુ થઈ શકે તેવું હોય તો, દસ્તાવેજ નો મજકુર તે દસ્તાવેજથી સાબેત કરવો જોઈએ.

જે દસ્તાવેજ કાયદા પ્રમાણે લેખી હોવો જોઈએ, તેને બદલે મુખજુબાની પુરાવો દાખલ કરી શકાય નહી.

જે કરાર પક્ષકારોએ લખાણમાં કરયો હોય તેના લેખી પુરાવાને બદલે મુખજુબાની પુરાવો દાખલ કરી શકાય નહી.

[illegible] પ્રકારોની વચે જે બાબત [illegible] ટીપણુ નથી, તેવા સ [illegible]

જે બાબતો કાયદા પ્રમાણે લખાણમાં હોવી જોઈએ તે નીચે પ્રમાણે છે.–દિવાની અને ફોજદારી કામમા જુબાનીઓ દિવાની કામમાં ફેસલા અને છેવટ હુકમનામાં, ફોજ- [illegible] ની જુબાનીઓ, જે કબુલાતથી મુદત- [illegible] લવાદને કામ સોંપવાનો કરાર.

શાક્ષીને અમુક બાબત છાપામાં છપાઇ હતી તે અગર હિસાબના ચોપડામાં જે મજકુર હોય તે પુછી શકાય નહી. પણ તે છાપુ અગર હિસાબના ચોપડા રજુ કરવા જોઈએ.

સન ૧૮૬૫ ના હિંદુસ્તાનના વારસાના આકટની કલમ ૨૦૮, ૨૦૯ અને ૨૧૦ પ્રમાણે અસલ વીલ ના હોય, તોપણ પ્રોબેટ આપી શકાય છે.

હિંદુ લા પ્રમાણે મીલકતની કાંઈ પણ વ્યવસ્થા અથવા બીજી કોઈ જાતનું કાર્ય લખેલું હોવાની જરૂર નથી. (એ. હિ. લો. મે. પાનું ૧૦૦)

મુખજુબાની કરારનો પુરાવો આપવો નહીં. ૯૨. જ્યારે એવા કોઈ કરારની, કિંવા દાનની, કિંવા મીલકતની બીજી વ્યવસ્થાની શરતો, અથવા કોઈ બાબતનો દસ્તાવેજ કરવાનું કાયદામાં ઠરમાવ્યું હોય તે બાબત, ઉપલી છેલ્લી કલમ પ્રમાણે સાબિત કરવામા આવી હોય, ત્યારે એવા કોઇ દસ્તાવેજની શરતો વિરૂદ્ધ કાંઈ વાત સ્થાપન કરવાને કિંવા તે શરતોમાં કાંઈ ફેરફાર કરવાને, કિંવા તેમાં કાંઇ ઉમેરવાને, કિંવા તેમાંથી કાંઈ કમી કરવાને, હરકોઈ મુખજુબાની કરારનો અથવા મજકુરનો પુરાવો દસ્તાવેજ મજકુરના પક્ષકારોની અથવા હકક સુબંધે તે પક્ષકારોના પ્રતિનિધિની વચેના કામમાં લેવો નહી.

શરત ૧ લી. [illegible] હેય તે કિંવા દ- [illegible] કોઇ તરફેન કરાર કરવાને અશકત હોય તે, કિંવા અવજ નહા હાય કિંવા અવજના પ્રાપ્તિ નહી થઈ હોય તે, કિંવા કાયદાની અથવા હકીકતની ચુક, એના જેવી હરકોઈ હકીકતને લીધે કોઇ દસ્તાવેજ ગેરકાયદે થતો [illegible] હુકમનામુ અથવા હુકમ [illegible]

શરત ૨ જી.—જે બાબત વિશે અમુક દસ્તાવેજમાં લખાણ કરેલુ ન હોય, તથા જે બાબત તે દસ્તાવેજની શરતોથી તેવિરૂદ્ધ ન હોય, તે બાબત વિશે હરકોઇ નિરાળો મુ-

ખજુબાની કરાર થએલો છે, એ વાત શાબિત કરી શકાય છે. આ શરત લાગુ પડે છે કે નહી તેનો વિચાર કરતી વખતે દસ્તાવેજ મજકુર કેટલો યથાપદ્ધતિ છે, તે ઉપર કોર્ટે ધ્યાન રાખવું.

શરત ૩ જી.—કોઇ એવો નિરાળો મુખજુબાની કરાર થયો હોય, કે તે ઉપરથી કોઇ શરત પ્રથમથી બજે લાવ કોઇ એવા કરાર, કિંવા દાન, કિંવા મીલકતની વ્યવસ્થાથી ઉત્પન્ન થતી ફરજ લાગુ પડે, તો તે નિરાળો મુખજુબાની કરાર થએલાની વાત શાબિત કરી શકાય છે.

શરત ૪ થી. [illegible] મિલકતની વ્યવસ્થા રદ કરવાને, અથવા [illegible] મુખજુબાની કરાર થયલો [illegible] મિલકતની વ્યવસ્થા લખાણ કરીને કરવાની કાયદાથી ફરજ હોય તે શિવાયના, અથવા જે કામોમાં દસ્તાવેજ નોંધવા બાબતના તે વખતના ચાલુ કાયદા પ્રમાણે તે કરાર કિંવા દાન કિંવા વ્યવસ્થા નોંધાએલી હોય, તે શિવાયના બીજા કામોમાં શાબિત કરી શકાય છે.

શરત ૫ મી.—હરકોઈ કરારમાં સ્પષ્ટ લખેલી નહી હોય એવી તેવા કરારને પ્રસંગે હોનારી કિંવા બનનારી વાત તે પ્રકારના કરાર સાથે બહુ કરીને જોડી રાખવામાં જે વહિવટ કિંવા દસ્તુર ઉપર [illegible] શાબિત કરી શકાય છે; પરંતુ [illegible] સ્પષ્ટ શરતોથી પ્રતિકુળ કિંવા વિરૂદ્ધ હોવું જોઈએ નહીં.

શરત છઠી.—કોઈ દસ્તાવેજનું લખાણ હાલની ચાલતી હકીકત સાથે કેવી રીતે સબંધ રાખે છે, તે બતાવનારી હરકોઈ હકીકત શાબિત કરી શકાય છે.

દ્રષ્ટાંતો.

(અ.) કાંઇ માલ "કલકત્તેથી લંડન જનારાં વાંહાણોમાં" છે, તે ઉપરથી વીમો ઊતારયો છે. માલ કોઈ અમુક વાહાણમાં ચઢાવ્યો છે તે વાંહાણ ગુમ થયું. સદરહુ અમુક વાંહાણ પાલિસિમાંથી મુખજુબાન બાતલ કરયું હતું, એ હકીકત શાબિત કરી શકાતી નથી.

(બ.) અ. લખાણ કરીને તેમાં કોઈ શરત શિવાય કબુલ કરે છે કે મારે રૂ. ૧૦૦૦) બ. ને તા૦ ૧ લી માર્ચ સન ૧૮૭૩ ને રોજ આપવા. તેજ વખતે એવો મુખજુબાની કરાર કરવામાં આવ્યો હતો કે, સદરહુ રૂપીઆ તારીખ ૩૧ મી માર્ચ સુધી આપવા નહીં, એ હકીકત શાબિત કરી શકાતી નથી.

(ક.) "રામપોરનું ચાહેતું ઈસ્ટેટ" એ નામની મિલકત ખતથી વેચવામાં આવી. તે ખતમાં સદરહુ વેચેલી મિલકતનો નકશો કાઢેલા છે સદરહુ નકશામાં દાખલ નહી થએલી જમીન મિલકત મજકુરનો ભાગ છે. એવું હમેશ ગણાતું હતું, તથા તે જમીન સદરહુ ખતથી વેચાણ કરવાનો ઇરાદો હતો, એ વાત શાબિત કરી શકાતી નથી.

(ડ.) અ. એ બ. ની સાથે એવો એક લખેલો કરાર કીધો છે કે અ. એ કાંઈ અમુક શર તે બ. ની માલકીની ખાણ કાઢવી. એ ખાણની કીમત બાબત બ. એ કાંઇ ખોટી સમજુતી કરવા ઊપરથી અ. ને એ પ્રમાણે કરવાની મરજી થઇ હતી, એ હકીકત શાબિત કરી શકાય છે.

(ઈ.) કોઈ કરારનામામાં લખેલું મુકરર કામ કરાવવાને સારૂ અ. બ. ના ઊપર દાવો માંડે છે, અને એવી પણ અરજ ગુજારે છે કે સદરહુ કરારનામામાં લખેલી વાતો

માંથી એક વાત ...
માં ચુકથી લખાયલ ...
છે કે તે ઉપરથી કરાર મજકુર દુરસ્ત કરાવવાનો કાયદાથી પોતાનો હક્ક છે.

(ફ.) અ એ કાગળ લખીને બ.ની પાસે કાંઈ માલ મંગાવ્યો, તે કાગળમાં પૈસા ક્યારે આપવા તે બાબત કાંઈ લખ્યું નથી, અને માલ આપ્યો તે અ.એ કબુલ કરીને રાખ્યો. બ. એ અ.ના ઉપર પઈશા સારૂ દાવો માંડયો, અ. એવું બતાવવાને મુખત્યાર છે કે સદરહુ માલ કેટલીએક મુદત સુધી ઉધાર આપ્યો છે, અને તે મુદત હજુ વીતી ગઇ નથી.

(ગ.) અ. બ.ને એક ઘોડો વેચે છે, અને મુખજુબાની તેની ખાત્રી સારૂ કેહે છે કે એ ઘોડો મજબુત છે, બાદ અ. બ. ને એક કાગળ આપે છે, તેમાં એવા શબ્દો લખેલા છે કે, "અ. ની પાસે રૂ. ૫૦૦) સારૂ એક ઘોડો ખરીદ કરયો." અ. એ મુખજુબાની ખાત્રી કરી આપી, તે વાત શાબિત કરવાને બ. મુખત્યાર છે.

(હ.) બ.ની પાસેથી અ. કાંઈ મુકામની જગ્યા ભાડે રાખેછે, અને બ. ના હાથમાં એક ચિઠ્ઠી આપે છે, તેમાં એવું લખ્યું છે કે "ઓરડાઓ દર મહીને રૂ ૨૦૦) સારૂ" અ. એવું શાબિત કરવાને મુખત્યાર છે કે એ શરતોમાં ઘોડા એક ખાનાનો પણ સમાવેશ થાય છે, એવો મુખજુબાની કરાર થએલો છે.

... વચ ... કરારમાં ખાના વિશે કાંઈ લખાણ નથી.. ખાનાનો સમાવેશ મુખજુબાનીથી સદરહુ શરતોમાં કીધો હતો, એ શાબિત કરવાને અ. મુખત્યાર નથી.

(આઈ) અ નું બ.ની પાસે કાંઇ માગણું છે, તેની પોહોંચ આગળથી મોકલીને અ. બ.ની પાસે રૂપિઆ ... અ ... રૂપિઆ ... નથી ... રૂપિયાની ફરીય ... અ ...

(જે.) અ. અને બ ... બને ત્યારે થવાનો છે. લખાણ મજકુર બ ની પાસે રહ્યું અ. ના ઉપર બ. એ તેના ઉપરથી દાવો માંડયો. જે હકીકતને લીધે લખાણ મજકુર આપવામાં આવ્યું હતું, તે હકીકત શાબિત કરવાને અ. મુખત્યાર છે.

ટીકા— લખાણનો મજકુર રદ કરવાને, તેમાં ફેરફાર કરવાને, તેમાં ઉમેરવાને અથવા કમી કરવાને મુખજુબાની પુરાવો તે લખાણના પક્ષકારો અથવા તેમના હતવાળા પ્રતિનિધિઓ આપી શકતા નથી દસ્તાવેજનો મજકુર બદલાય એવા સમકાલીક કરારનો પુરાવો બીજા સખસો આપી શકે છે. (૯૯ મી કલમ જુઓ), પણ આવા સખસો દસ્તાવેજ રદ કરવાનો અગર તેમાં વધારો અગર ઘટાડો કરવાનો પુરાવો આપી શકે નહી. જો ૯૯ મી કલમ આકટમાં ન હોત તો બેશક આવો પુરાવો આપી શકાત. કેમકે ૯૨ મી ... ફેરફાર કરવાને એ ... એમ લાગે છે.

... ૨૪, ઈંડિયન સકસેસન આકટની કલમ ૧૧૪ મી અને પીનલકોડની કલમ ૪૩ જુઓ.

શબ્દો લખ્યા છે તેથી બીજી બાબત વિશે પુરાવો આપી શકાય નહી, એમ લાગે છે.

જે દેખીતો વેચાણનો દસ્તાવેજ છે, પણ તેને ખરેખરૂં જોતાં પક્ષકારોએ ગીરોના દસ્તાવેજ તરીકે ગણવાનું ધાર્યું હતું, તે બતાવવાને સારૂ મુખજુબાની પુરાવો લેઈ શકાય એવી મતલબના બંગાળાના ફેંસલા છે. આ બાબત આ કલમ નક્કી થઇ ચુકી છે. પણ ૫ વી. રી. ૬૮ પાનું. જુઓ.

ગેરકાયદે કૃત્ય હોય તે બાબતમાં કરાર આકટની ૨૩ અને ૨૪ મી કલમો ઇંડયન સકસેસન આકટની કલમ ૧૧૪ મી અને પીનલકોડની કલમ ૪૩ મી જુઓ, તેમજ કરાર આકટની કલમ ૧૧–૧૨ અને ૨૫ મી જુઓ.

'પ્રકવીટી કોર્ટ' કરાર સુધારવા સિવાયે ચુક બતાવવાને પુરવાનગી આપી શકે છે, તે બાબતમાં 'સગડન્સ વેંડર્સ અને પરચેઝર' ૧૦ મી આવૃતી પાનું ૩૨૪ કલમ ૧૮, ૨૦ અને ૨૪ જુઓ.

પક્ષકારોનો એવો ઇરાદો હોય કે અમારી વચેનો તમામ કરાર લખતમાં આવેલો નહી જોઇએ તો, તે પ્રત્યક્ષ પુરાવથી અગર રીતસર દસ્તાવેજ ના હોય તે ઉપરથી અનુમાન કરી બતાવી શકાય છે. લીક ૧૦૩, નોટ (બી)

દેવના સબબે ત્રીજા માણસ સાથે તકરાર ચલાવવા બાબતનો કરાર રદ કરવામાં આવ્યો. (૧૦ વી. રી. પાનું. ૧૪૦)

ખતમાં બતાવેલો અવેજ પોંહોચ્યાની સાદી રીતે ઈનકારીઅત તે, એ ખત ઉપર [illegible] બસે છે.

[illegible] આપેલી બાકી મુદતના કારણસર લખીત કરાર ગણાતી નથી, પણ તે એવું લખાણ છે કે જે ઉપરથી મોઢાના કરારનું અનુમાન લેવાય. (૧૦ મું. હા. રી. ૩૭૫).

લખેલા કરારને ખોટો પાડવા મોઢાનો પુરાવો જો કે લેઇ શકાતો નથી, તોપણ કોઇ વેચાણ કાંઈ બનાવ બનવાની શરતે કરવું કે કેમ તે બાબતમાં કરારના પક્ષકારનો ખરેખર ઇરાદો શું હતો તે દરેક કેસની બાબતે પડ્યાની હકીકત ઉપરથી જોવું જોઇએ. (૫ સ. વી. રી પાનું. ૩૨૦).

ખીનામી કાર્યો હિંદુઓમાં એક મંજુર થએલી રીત તરીકે ગણવાં જોઈએ. (૬ મુસેઝ ઇ. અ. પાનું. ૫૩.

સાદા કાગળ ઊપરની પ્રામીસરીનોટની રૂઈના દાવામાં ઠરાવવામાં આવ્યું કે તેના અવેજ બાબત સ્વતંત્ર પુરાવ આપવાને કાંઇ હરકત નથી. (ઈ. લા. રી. ૩ ક. પાનું. ૩૧૪).

આ કલમ પ્રમાણે અમુક કરારમાં અમુક રીતનો અવેજ આપવામાં આવેલો છે, એવો મજકુર હોય, તેથી જુદા પ્રકારનો તે કરારનો અવેજ છે, એમ બતાવવાને મનાઈ નથી (ઈ. લા. રી. ૫ મ. પાનું. ૯)

હુંડી શીકારનાર સખસ બેશક પેહેલે દરજે જવાબદાર પક્ષકાર છે, પણ તે સખસને તે હુંડીનો અવેજ કદી પણ મળ્યો નથી, અને તેને હુંડી લખનાર અથવા બીજા સખસ ના સગવડનાં ખાતર તે હુંડી સ્વીકારી હતી એમ તે બતાવી શકે છે.

સંશય ભરેલા દસ્તાવેજ- ૯૩. જ્યારે કોઇ દસ્તાવેજની ઈબારત ઊપરથીજ એમ માલમ પડે કે ઇબારત મજકુર સંશય ભરેલી અથવા અપુર્ણ છે, ત્યારે જે હકીકત

નો અર્થ બતાવવાને અથવા તેને દુરસ્ત કરવાને પુરાવો નહેવાબાબત.

ઉપરથી તે ઈબારતનો અર્થ માલમ પડે, અથવા તેની અપુર્ણતા પુરી પડે, તે હકીકતનો પુરાવો આપી શકાય નહીં.

દ્રષ્ટાંતો.

(અ) અ. એ લખાણ કરીને એવો કરાર કરયો કે અ. એ એક ઘોડો બ. ને 'રૂપીયા ૧૦૦૦) અથવા ૧૫૦૦) સારૂ' વેચવો.

એમાંની કઈ કિમત આપવાની હતી તે બતાવવાને પુરાવો આપી શકાતો નથી.

(બ.) કોઈ ખતમાં ખાલી જગ્યાઓ રાખી છે, તેમાં શું લખવાનો ઈરાદો હતો તે બતાવે એવી હકીકતનો પુરાવો આપી શકાતો નથી.

ટીકા—જ્યારે ભાષા દેખીતીજ અંદેશા ભરેલી હોય, ત્યારે તે જે બાબત સબંધી હોય તે બાબત સાથે જોતાં તે અંદેશા ભરેલી નથી, એવું બતાવવાનો પુરાવ આપી શકાય છે.

કરાર આકટની કલમ ૨૯ પ્રમાણે જે કરારનો અર્થ નક્કી ના હોય અગર નક્કી થઈ શકવા લાયક ના હોય તે કરાર રદ બાતલ છે.

ચાલુ હકીકતને દસ્તાવેજ લાગુ પડતો નથી એવા પુરાવો ન લેવા બાબત.

૯૪. જ્યારે કોઇ દસ્તાવેજમાં લખેલી ઇબારત સ્વતઃ સ્પષ્ટ હોય, અને જ્યારે તે તે વખતની ચાલુ હકીકતને બરાબર લાગુ પડતી હોય, ત્યારે તે ઈબારત એવી હકીકતને લાગુ પડવાનો ઇરાદો નહોતો, એવું બતાવવાને પુરાવો અપાય નહીં.

દ્રષ્ટાંત.

અ. એ બ. ને ખત કરી આપ્યું, અને તેમાં એવું લખ્યું કે "રામપોરમાંની મારી વીઘા ૧૦૦ ની મિલકત" વેચું છું. અ. ની પાસે રામપોરમાં વિઘા ૧૦૦) ની મીલકત મોજુદ છે. બીજી જગ્યામાંની ઓછા વધતા વિઘાની મિલકત વેચવાનો ઇરાદો હતો, એ હકીકત પુરાવો આપી શકાય નહીં.

ટીકા—જ્યારે કાંઈ દેખીતો અંદેશો ના હોય, અને આ કલમના શબ્દો પ્રમાણે દસ્તાવેજ સ્પષ્ટ હોય, અને ખુલ્લી રીતે કાંઇ ગુપ્ત અંદેશો પણ ના હોય, અને તે હાલની ચાલુ હકીકતને લાગુ થતો હોય તો, પછી મુખજુબાની પુરાવો લેવાનું કાંઈ કારણ રેહેતું નથી. ૭ સ. કી. ૨ પાનું. ૧૪૪

ચાલુ હકીકતને સબંધે અર્થ રહિત દસ્તાવેજ સબંધી પુરાવો.

૯૫. જ્યારે કોઈ દસ્તાવેજમાં લખેલી ઇબારત સ્વતઃ સ્પષ્ટ હોય, પરંતુ ચાલુ હકીકતને સબંધે તેનો અર્થ થતો ન હોય, ત્યારે તે ઈબારત કોઇ અમુક અર્થ રાખીને વાપરેલી હતી, એવું બતાવવાને પુરાવો આપી શકાય છે.

દ્રષ્ટાંત.

અ. એ બ. ને "પોતાનું કલકત્તામાંનું ઘર" વેચીને ખત લખી આપ્યું.

અ. ને કલકત્તામાં કાંઈ ઘર ન્હોતું; પરંતુ એવું માલમ પડે છે કે હાવરામાં તેનું એક ઘર હતું. તે ઘરનો કબજો ખત થયુ ત્યારથી બ. ની પાસે છે.

ખત હાવરાવાળા ઘરને સારૂ હતુ, એવું બતાવવાને સદરહુ હકીકત શાબિત કરી શકાય છે.

ટીકા–કાયદાની એવી કેહેવત છે કે દસ્તાવેજમાં ખોટું વર્ણન લખાએલું હોય, તેથી તે દસ્તાવેજ રદ થતો નથી, અને તેનું ધોરણ એવી રીતે લીધું છે કે જે વર્ણન લાગુ પડતું નથી તેટલું બાજુપર રાખી બાકીનું સંભાળુ કેઈ બરોબર વસ્તુ બાબત લેખ છે એમ સમજવાને બસ છે.

કેટલાએક સખસામાંથી માત્ર એકજ સખસને લાગુ પડી શકે એવી ઇબારતના અર્થ સબંધી પુરાવા બાબત.

૯૬. જ્યારે હકીકત એવી હોય કે ખુલેલી ઈબારત કેટલાએક સખસો અથવા પદાર્થોમાંથી ગમે તે હરકોઈ એક સખસ અથવા પદાર્થને લાગુ પાડવાનો ઈરાદો હોઈ શકે, પરંતુ એક કરતાં વધારે સખસોને અથવા પદાર્થોને લાગુ પાડવાનો ઈરાદો હોઇ શકે એમ નથી, ત્યારે સદરહુ સખસો અથવા પદાર્થોમાંથી કયા સખસ કિંવા પદાર્થને ઇબારત મજકુર લાગુ પાડવાનો ઈરાદો હતો, એવું બતાવનારી હકીકતોનો પુરાવો આપી શકાય છે.

દ્રષ્ટાંતો.

(અ.) અ. "પોતાનો સફેત ઘોડો" રૂપિયા ૧૦૦૦) સારૂ બ. ને વેચવાનો કરાર કરે છે. અ. ની પાસે બે સફેત ઘોડા છે, એ બે ઘોડામાંથી કયો ઘોડો વેચવાનો ઇરાદો હતો, તે બતાવનારી હકીકતોનો પુરાવો આપી શકાય છે.

(બ) અ. બ. ની સાથે હેદ્રાબાદ જવાનો કરાર કરે છે. એ હેદ્રાબાદ સિંધમાંનું કે દક્ષીણમાંનું, તે બતાવનારી હકીકતોનો પુરાવો આપી શકાય છે.

ટીકા—આ કલમની ભાષા નિશ્ચય છે. જ્યારે અમુક બે સરખી વસ્તુઓ અગર ર. બસો માટે અંદેશો હોય, ત્યારે બાહારનો પુરાવ આ કલમના શબ્દો પ્રમાણે ઉપયોગી થઈ શકે છે.

હકીકતોના બે સમુદાયમાંથી એક સમુદાયને એકંદર ઈબારત લાગુ ન પડે, ત્યારે તેમાંના એક સમુદાયને તે લાગુ પાડવા સંબંધી પુરાવો.

૯૭. જ્યારે ઉઘેલી ઈબારત પૈકી થોડી એક ચાલુ હકીકતોના એક સમુદાયને લાગુ પડતી હોય, અને થોડાએક ચાલુ હકીકતોનાં બીજા સમુદાયને લાગુ પડતી હોય, પણ તે એકંદર બેમાંથી એક સમુદાયને બરાબર લાગુ પડે નહીં, ત્યારે બેમાંથી કયાં સમુદાયને તે લાગુ પાડવાનો ઇરાદો હતો, તે બતાવવાને સારૂ પુરાવો આપી શકાય છે.

દ્રષ્ટાંત.

અ. "પોતાની એકસ માંહેની વાઈના કબજામાંની જમીન" બ. ને વેચવાનો કરાર કરે છે. અ. ની એકસમાં જમીન છે, પણ તે વાઈના કબજામાં નથી, અને તેની જમીન વાયના કબજામાં છે તે એકસમાં નથી. એમાંથી કઇ જમીન વેચવાનો તેને

ઇરાદો હતો, તે માલમ પડે એવી હકીકતોનો પુરાવ આપી શકાય છે.

ટીકા—આ કલમ, કલમ ૯૬ થી ઊલટ નિયમ બાંધે છે. તે કલમ જ્યારે દસ્તાવેજની ભાષા હકીકતના બે સમુદાયને સરખી રીતે લાગુ પડતી હોય, ત્યારે પુરાવો આપવા છુટ આપે છે, જેમકે આ કલમનો જ્યારે થોડો ભાગ એક સમુદાયને અને થોડો ભાગ બીજા સમુદાયને લાગુ થાય, પણ તમામનું હકીકત કોઈને લાગુ ના પડે ત્યારે પુરાવ આપવાની છુટ છે.

કલમ ૯૫, ૯૬ તથા આ કલમમાં આપેલો નિયમ સન ૧૮૬૫ ના આકટ ૧૦ મા મુજબ કરેલા વશિયતનામાને લાગુ નથી, કાયદાના નિયમ પ્રમાણે એક સખસનું વર્ણન બરોબર આપેલું હોય તેના કરતાં એક સખસનુ બરોબર નામ બતાવ્યું હોય તો તે નાપસંદ કરવું જોઇએ.

નહીં વંચાય એવા અક્ષર વિગેરેના અર્થ સંબંધી પુરાવો.

૯૮. નહીં વંચાય એવા, કિવા સાધારણ રીતે નહીં સમજાય એવા અક્ષરનો અર્થ, તથા પરદેશના, તથા વપરાતા બંધ પડેલા, તથા કોઈ અમુક હુન્નર વિદ્યા કિંવા રોજગારને પ્રસંગેજ માત્ર વપરાતા, તથા કોઇ અમુક જગોએ વપરાતા, તથા ગામડી, શબ્દો કિવા વાક્યોનો અર્થ, તથા સંક્ષેપે લખેલા લખાણનો અર્થ, તથા કોઇ અમુક અર્થમાં વાપરેલા શબ્દોનો અર્થ, એ જણાવવાને માટે પુરાવો આપી શકાય છે.

દ્રષ્ટાંત.

અ. નામના એક મુર્તી કરનાર સખસે કરાર કર્યો કે માહારે માહારી સર્વે "મુર્તિ" વેચવી. અ,ની પાસે મુર્તિ તથા મુર્તિ કરવાની સામગ્રી બેઉ છે. એમાંથી શું વેચવાનો તેનો ઇરાદો હતો, એ બતાવવાને પુરાવો આપી શકાય છે.

ટીકા—આ કલમ પ્રમાણે જુબાનીનો પુરાવ દાખલ કરવાથી સાધારણ જે નિયમ છે, તેમાં કંપેશ થતું નથી.

આ કલમમાં કહેલા પ્રસંગે પુરાવો આપવાની છુટનું કારણ એટલુંજ છે કે જ્યાં સુધી કોઈ દસ્તાવેજ માંહેના શબ્દોના અર્થ જાણવામાં ના આવે ત્યાં સુધી તે દસ્તાવેજનો ખરો અર્થ થવો અસંભવિત છે. ન્યાય કરનારની આ ઘણી અગત્યની ફરજ છે.

વળી હરકોઈ શબ્દનો અર્થ તે શબ્દની આગુબાજુ જોડાએલા શબ્દોને લેઈને ચોકસ કરવો જોઈએ. (બ્ર. લી. મે. ૫ આ. પાનું ૫૮૮.)

દસ્તાવેજની શરતોમાં ફેરફાર થાય એવા કરારનો પુરાવો કોણ આપી શકે છે.

૯૯. જે સખસો કોઈ દસ્તાવેજના પક્ષકાર ન હોય કિંવા તે પક્ષકારોના હક્ક સબંધિ પ્રતિનિધિ ન હોય તે સખસો, દસ્તાવેજ મજકુર થયો તે વખતે એવો બીજો એક કરાર થયો છે કે તેથી દસ્તાવેજ મજકુરની શરતોમાં ફેરફાર થાય છે, એવું બતાવનારી હકીકતોનો પુરાવો આપવાને મુખત્યાર છે.

દ્રષ્ટાંત.

અ. તથા **બ.** એ લખેલો કરાર કરયો કે **અ.** એ **બ.** ને કાંઈ અમુક રૂ વેચવું, અને તેના પૈસા રૂ સ્વાધીન કરેથી આપવા. તેજ વખતે તેઓએ એવો મુખજુબાની

કરાર કરેલો કે રૂ. ૫૦૦ મજકુર ત્રણ મહીના સુધી અ. ની પાસે ઉધાર રેહેવા દેવા. અ. અને બ. ની વચ્ચે ચાલતા કામને પ્રસંગે એ વાતનો પુરાવો આપી શકાતો નથી, પરંતુ તેથી ક ને કાંઈ નહિ નુકશાન થતું હોય તો, તે સદરહુ વાતનો પુરાવો આપી શકે છે.

ટીકા—જે પક્ષકારો વચે લેખી દસ્તાવેજ થએલો હોય, તેમાંનો કોઈ એમ કેહેવા માગે કે [illegible] તારી વચે મુખજુબાનીનો કરાર થએલા [illegible] આપી શકતો નથી, તેનુ કારણ એજ છે [illegible] ; જે જે બાબત હોય તે તમામ સ્પષ્ટ રીતે તે દસ્તાવેજમાં બતાવવી જોઈએ, અને જો તે ના બતાવે તો તે પક્ષકારનીજ કસુર છે, સબબ તે પોતાની કસુરનો ફાયદો લેઈ શકતો નથી.

હિંદુસ્થાનના વારસા બાબતના આકટમાં મૃત્યુપત્ર સબંધી લખેલા નિયમો માં કાંઈ ફેરફારથયોનથી.

૧૦૦. મૃત્યુપત્રનો અર્થ કરવા બાબત હિંદુસ્થાનના વારસા બાબતના આકટ (સન ૧૮૬૫ ના ૧૦ મા)માં જે નિયમો આપેલા છે, તેમાં આ બાબથી કાંઈ કમ જ્યાદે થયું સમજવું નહીં.

ટીકા—વીલનો અર્થ કરવાબાબતમાં હિંદુસ્તાનના વારસાના કાયદાની કલમ ૬૧-૭૭, ૮૨, ૮૩, ૮૫, ૮૮ અને ૧૦૩ સુધીના ઠરાવો લાગુ થાય છે.

રજીસ્ટ્રેશન આકટની કલમ ૪૯ પ્રમાણે જો કે જે દસ્તાવેજને રજીસ્ટરની જરૂર છે તેવા દસ્તાવેજ તેમાં લખેલી માલકતના કે અધિકારના સબંધમા પુરાવમાં લેઈ શકાતા નથી, તોપણ બીજા કારણોને સારૂ તે પુરાવમાં દાખલ થઇ શકે છે. (૪ બેં. હા. રી. પૃ. પાનું. ૨)

રજીસ્ટર થવા જોગનો લેખ રજીસ્ટર થએલો નહીં, પણ કબજો સુપ્રી ચુકેલો હોય તો તે બાબત રજીસ્ટર આકટની કલમ ૪૮ પ્રમાણે થાય છે. જ્યારે દસ્તાવેજ પુરાવામાં દાખલ કરવાની જરૂર હોય, ત્યારે રજીસ્ટ્રેશનનો સ્વાલ અગત્યનો થઈ પડે છે.

ભાગ ૩ જો.

પુરાવો ગુજારવા તથા તેના પરીણામ બાબત.

બાબ ૭ મો.—શાબિતીના બોજા વિશે.

શાબિતી નો બોજો.

૧૦૧. કોઈ હકીકત છે એવું જાહેર કરીને, તે હકીકતના ઉપર આધાર રાખનાર કોઇ કાયદેસર હક કિંવા જવાબદારી બાબત, જે સખસ કોર્ટ પાસે ઠરાવ કરાવવાની ઈચ્છા બતાવતો હોય, તે સખસે તે હકીકત છે એવું શાબીત કરવું જોઈએ.

હરકોઈ હકીકત છે એવું શાબિત કરવાની જ્યારે કોઇ સખ્ખસની ફરજ હોય, ત્યારે તે સખસના ઊપર શાબિતીનો બોજો છે, એવુ કેહેવામાં આવે છે.

દ્રષ્ટાંતો.

(**અ.**) **બ.** એ કાંઈ ગુન્હો કીધો છે, એવું કહીને **અ.** કોઈ કોર્ટને ઈચ્છા બતાવે છે કે તે ગુન્હા વાસ્તે **બ.** ને શીક્ષા કરવા વિશેનો ઠરાવ કરો.

અ. એ શાબિત કરી આપવું જોઇએ કે **બ.** એ ગુન્હો મજકુર કરયો છે.

(**બ.**) કોઇ હકીકત છે એવું જાહેર કરીને, **અ.** કોઈ કોર્ટ પાસે એવી દાદ માગે છે કે તે હકીકતને લીધે **બ.** ના કબજામાંની અમુક જમીન ઊપર પોતાનો હકક છે, એવો ઠરાવ કરો, **બ.** હકીકત મજકુર ખરી નથી એવો ઇનકાર કરે છે.

સદરહુ હકીકત છે એવું **અ.** એ શાબીત કરવું જોઈએ.

ટીકા—મુકરદમામાં જે ઈશ્યુ હોય તેમાં જે પક્ષકાર અમુક હકીકત બની છે અગર થઈ છે એ પ્રમાણે હકારમાં જે કેહેતો હોય તેને સીર પુરાવનો બોજો છે. ૪ ટી. આર. પાનું. ૩૩.

હિંદુ કુટંબ ખોરાકી પોશાકી, પુંજી તથા મીલકતની અંદર અવિભક્ત હોવાનું અનુમાન સિવાય છે, અને પુરાવાનો બોજો વિરૂદ્ધ કેહેનાર ઊપર છે. ૨૨ વી. રી. પાનું. ૨૪૮.

દિવાની કાયદાની કલમ ૩૪૪ પ્રમાણે જે સખસ અરજ કરે, તેણે કોર્ટની ખાત્રી પુર્વક બતાવવું જોઇએ કે મારી હકીકતનો કલમ ૩૫૧ માં સમાસ થાય છે, સબબ પુરાવનો બોજો તેને સીર છે. (ઈ. લા. રી. ૪ ક. પાનું. ૮૮૮.)

શાબિતીનોબોજો કોના ઉપર છે.

૧૦૨. કોઇ દાવામાં અથવા કામમાં બેમાંથી એકુ પક્ષકારના તરફથી બીલકુલ પુરાવો ગુજારવામાં ન આવે તો, જે સખસની હાર થાય તે સખસના ઊપર શાબિતીનો બોજો છે, એમ સમજવું.

દ્રષ્ટાંતો.

(**અ.**) **અ.** કોઇ જમીનને માટે **બ.** ના ઉપર ફરીયાદ માંડે છે. એ જમીન **બ.** ના કબજામાં છે. [illegible] તેમાં જમીન [illegible]

બેમાંથી એકુ પક્ષકારના તરફથી કાંઇ પુરાવો ગુજારવામાં ન આવે તો, જમીન મજકુર **બ.** ના કબજામાં રાખવાનો **બ.** નો હકક છે.

સબબ શાબિતીનો બોજો **અ.** ના ઊપર છે.

(**બ.**) કોઇ ખત ઊપર લેહેણા થએલા રૂપિયાને માટે **અ** **બ.** ના ઉપર ફરીયાદ માંડે છે. ખત થયલી વાતનો અંગીકાર કરવામાં આવ્યો છે, પણ **બ.** કેહે છે કે તે દગાથી મેળવેલું છે. **અ.** એ દગાનો ઈનકાર કરે છે.

બેઉમાંથી એકુ પક્ષકારના તરફથી પુરાવો આપવામાં ન આવે, તો **અ.** જીતે, કારણ કે ખત થયું એ વાતની તકરાર નથી, અને દગો શાબિત થયો નથી.

સબબ શાબિતીનો બોજો **બ.** ના ઊપર છે.

ટીકા—સગીરનો વાલી તે સગીરની મીલકતને જોખમમાં નાંખે, અને તેથી જે સખસ તે ઉપર આધાર રાખતો હોય તેણે બતાવવું જોઇએ કે, તે મીલકત સગીરના ફાયદા સારૂ જોખમમાં નાંખવામાં આવી હતી.

હિંદુ કુટુંબનો મજીઆરો વંહેચાયો છે, એવું જે કેહેતો હોય તેને માથે પુરાવનો બોજો છે. ૯ મુર્સ. ઇ. અ. ૫૩૯, ૨૪ વી. ૩૬૫, અને ૬ બે. લા. રી. પ્રીવીકાંઊસીલ પાનું. ૨૩૨

હિંદુ કુટુંબમાં મજીઆરાનું અનુમાન થાય છે, માટે અમુક મીલકત મારી સ્વઊપાર્જિત છે, એમ જે કુટુંબનો કેહેતો હોય તેને માથે પુરાવનો બોજો છે. ૧૩ મુર્સ. ઈ. અ. ૩૩૩ અને ૧૦ વી. રી. પાનું. ૨૯.

મુદતના અંદર દાવો છે. એમ વાદીએ શાબેત કરવું જોઇએ. ૨૩ વી. રી. પાનું. ૪૪૩

મોદે તો, તે ખોદવાનો

બોજો તે ખેડુતને શીર

છે. ૮ બં. લા. રી. અ. પાનું. [illegible]

હિંદુ વિધવા મીલકત ગીરો મુકે અગર વેચે તો જે કાર્ય સારૂ તેણે મીલકત વેચવાનો અગર ગીરો મુકવાનો અધિકાર છે તે કાર્ય સારૂ તે વેચી અગર ગીરો મુકી હતી, એમ ખરીદદારે શાબીત કરી આપવું જોઈએ. ૧૧ મું. ઈ. અ. પાનું. ૬૧૫.

જે સખસ એમ કેહેતો હોય કે અમુક જમીનદારી ભાગ પાડી શકાય નહીં તેવું રાજ્ય છે, તો તે શાબેત કરવાનો બોજો તેને શીર. છે. ૧૧ મું. ઈ. અ. પાનું. ૩૪૪.

એક સખસ અમુક દસ્તાવેજ મને કેદ કરી, ધમકી દેઈ વિગરે મારા ઉપર જાસ્તી કરી મારી પાસેથી લખાવી લીધો છે કેહેતો હોય તો, તે વાત શાબેત કરવાનો બોજો તેને શીર છે. ૧ મું. ઈ. અ. પાનું. ૧

જરીફની વખતે અમુક જમીનની હદ સરકારના અધિકારીએ ભુલથી ખોટી ઠરાવેલી છે, એવું જે સખસ કેહેતો હોય તેનું સીર તે વાત શાબેત કરવાનો બોજો છે. ૧૦ મુર્સ. ઈ. અ. ૮૧ તથા ૧૩ મુ. ઈ. અ. પાનું. ૫૭.

આબરૂને નુકશાન થવા બાબતના દાવામાં પ્રતીવાદીએ શુદ્ધ અંતઃકરણથી વાદી ઉપર દોષ મુકેલો છે એવું તેણે બતાવવું, એમ કેહેતાં અવલ વાદીએ બતાવવું જોઈએ કે જે દોષ મારા ઉપર મુકેલો છે તેનો હું ગુન્હેગાર નથી. ૧૧ વી. રી. પાનું. ૫૩૪.

દેણદાર એવી તકરાર કરે કે મેં નાણાં આપવા માંડેલાં હતાં, માટે વ્યાજનો હું જવાબદાર નથી તો, તે આપવા માંડ્યાની વાત શાબેત કરવાનો બોજો તે દેણદારને સીર છે. ૫ વી. રી. આકટ ૧૦ પાનું. ૬૯.

કોઇ પણ કાર્યમાં પેહેલે દરજ્જે કપટનું અનુમાન લેવાનું નથી. માટે જે માણસ કોઇ કાર્ય કપટ, ધમકી કે તેવી બીજી રીતે બન્યાનું કેહેતો હોય તેણે તે વાત શાબેત કરવી જોઇએ. ૨ મું. ઈ. અ. પાનું. ૧૮૧

ખતમાં બતાવેલો અવેજ પોહોચ્યાની સાદી ઈનકારીઅત બધા કામોમાં એ ખતના આધારે માગણી કરનાર ઉપર પુરાવનો બોજો નાંખવાને બસ છે. ૧૨ મું. ઇ. અ. ૨૮૨

જ્યાંહાં સુધી હિંદુ કુટુંબ અવિભક્ત રેહે છે ત્યાં સુધી કોઇ મેંબરના નામથી મેળવેલી મીલકત પણ મજીયારી ગણાય છે. માટે જાતે મેળવ્યાનું કોઇ કેહેતો, તે વાત શાબેત કરવાનો બોજો તેના ઉપર છે. ૧૩ મુર્સ. ઈ. અ. પાનું. ૩૩૩

જ્યારે મજીયારી મીલકતનો હિસ્સો લેવા વાદીનો દાવો હોય, ત્યારે તે મીલકત મજીયારી છે એટલું જ નહીં, પરંતુ મુદતની અંદર તેનો ઉપભોગ લીધો છે, એમ શાબેત કરી આપવું જોઈએ. ૧૨ બે. લા. રી. પાનું. ૨૧૯.

કોઇ ફલાણી હકીકતની શાબિતીના બોજા વિશે.

૧૦૩. કોઇ ફલાણી હકીકત છે એમ કોર્ટ માને એવું જે સખસ ઇચ્છતો હોય તે સખસના ઊપર તે હકીકતની શાબિતીનો બોજો છે પરંતુ એવી હકીકત વિશે કોઈ અમુક સખસેજ શાબિતી કરવી એવું કોઈ કાયદામાં ફરમાવ્યું હોય, તો તે કાયદામાં ફરમાવ્યા પ્રમાણે કરવુ

દ્રષ્ટાંત.

(અ.) અ. બ. ના ઉપર ચોરીને માટે ફોજદારીમાં ફરીયાદ માંડે છે. બ. એ ચોરીની વાત ક. આગળ કબુલ કીધી હતી એમ કોર્ટ માને એવું અ. ઇચ્છે છે, તો સદરહુ કબુલતની વાત અ. એ શાબિત કરવી જોઈએ.

તકરારી વખતે બ. બીજી જગોએ હતો એમ કોર્ટ માને એવું બ. ઈચ્છે છે, તો તે વાત તેણે શાબિત કરવી જોઈએ.

ટીકા—એક કામમાં વેંહેચણ બાબતનો સ્વાલ હતો, તેમાં એવી તકરાર કરવામાં આવી કે બેઊ ફુટંબો જુદો જુદો વેહેપાર કરતા હતા, માટે વાદી ઉપરનો બોજો પુક્ત રીતે ગએલો દેખાય છે. તેમાં ઠરાવવામાં આવ્યું કે આવી તકરાર ચાલી શકતી નથી. ઈ. લા. રી. ૨ મ. પાનું. ૧૯

કુટંબ મજીયારૂં હોય તે દરમિયાનમાં જે મીલક્ત મેળવવામાં આવી હોય તે તમામ મજીયારા ફંડમાંથી મેળવી એવું અનુમાન થાય છે. માટે જે સખસ એમ કેહેતો હોય કે તે મેં જાતે મેળવી છે તો, તે શાબેત કરવાનો બોજો તે કેહેનારને સીર છે. ઈ. લા. રી. ૮ ક. પાનું. ૫૧૭.

કાગની હકીક્ત પ્રમાણે વાદીને કપટ થયાની માહેતી તેણે કહેલી તારીખ પેહેલાં હતી, તે શાબેત કરવાનો બોજો પ્રતીવાદીને સીર છે. ઈ. લા. રી. ૬ અ, પાનું. ૪૦૬.

પુરાવો લેવા યોગ્ય થાય તેને સારૂ જે હકીકત શાબિત કરવાની જરૂર હોય તે હકીકત શાબિત કરવાના બોજા બાબત.

૧૦૪. કોઈ હકીકતનો પુરાવો કોઈ સખસ આપી શકે તેને સારૂ પ્રથમ કાંઇ બીજી હકીક્ત શાબિત કરવાની જરૂર હોય, તો તે હકીક્ત શાબિત કરવાનો બોજો જે સખસ એવો પુરાવો આપવાને ઇચ્છતો હોય તે સખસના ઊપર છે.

(અ.) બ. એ મરતી વખતે કાંઇ એકરાર કરયો, એ હકીક્ત શાબિત કરવાને અ. ઇચ્છે છે. બ. મરી ગયો એ હકીકત અ. એ શાબિત કરવી જોઇએ.

(બ.) કોઈ ખોવાઈ ગયલા દસ્તાવેજનો મજકુર દોયમ પુરાવાથી શાબિત કરવાને અ. ઇચ્છે છે.

દસ્તાવેજ મજકુર ખોવાઇ ગયો એ હકીકત અ. એ શાબિત કરવી જોઈએ.

તોહમતવાળાના કામનો સમાવેશ અપવાદમાં થાય છે એવું શાબિત

૧૦૫. જ્યારે કોઇ સખસના ઊપર કાંઈ ગુન્હાનું તોહમત હોય, ત્યારે જે કેફિયત ઊપરથી તે કામનો સમાવેશ હિંદુસ્થાનના ફોજદારી કાયદા માંહેના સાધારણ અપવાદોમાંના કોઇ એક સાધારણ અપવાદમાં અથવા સદરહુ કાયદાના હરકોઈ બીજા ભાગમાં લખેલા કિંવા ગુન્હા

કરવાનો બોજો બાબત

મજકુરનું સઘળું જે કાયદામાં લખ્યું હોય તે કાયદામાં લખેલા કોઈ વિશેષ અપવાદ કિંવા શરતમાં થતો હોય, તો તે કૈફિયત છે એવું શાબિત કરવાનો બોજો સદરહુ તોહમતવાળા સખસના ઊપર છે, અને કોર્ટે તો એવું અનુમાન કરવું કે સદરહુ કૈફિયત નથી.

દૃષ્ટાંતો.

(અ) અ. ના ઉપર ખુનનું તોહમત છે, તે જાહેર કરે છે કે દિવાનગીના સબબથી સદરહુ કામ કેવી રીતનું હતું તે હું જાણતો ન્હોતો.

શાબિતીનો બોજો અ. ના ઊપર છે.

(બ.) અ. ના ઊપર ખુનનું તોહમત છે, તે જાહેર કરે છે કે ભારે તથા આકસ્મિક ક્રોધ ઊત્પન્ન થવાથી મ્હારી મ્હારો જીવ વશ રાખવાની શક્તિ ગઈ હતી.

શાબેતીનો બોજો અ. ના ઊપર છે.

(ક.) ફોજદારી કાયદાની કલમ ૩૨૫ મીમાં ફરમાવ્યું છે કે ૩૩૫ મી કલમમાં લખેલી બાબત શિવાય બીજી કોઈ પણ બાબતમાં જે સખસ બુદ્ધિપુર્વક મહાવ્યથા કરે તે સખસ અમુક શિક્ષાને પાત્ર છે.

અ. ના ઊપર કલમ ૩૨૫ મુજબ બુદ્ધિપુર્વક મહાવ્યથા કરવાનું તોહમત છે જે કૈફિયત ઊપરથી સદરહુ ક.મંના ગુનાહ કલમ ૩૩૫ મીમાં થાય, તે કૈફિયત શાબિત કરવાનો બોજો અ. ના ઊપર છે.

ટીકા—તોહમતવાળા ઉપર તોહમત રાખવામાં આવે તો, કાયદા પ્રમાણેના અપવાદોમાં તેનો સમાસ થાય છે, એ બતાવવાનું કામ તે તોહમતવાળાનું છે. કોર્ટ તો અમુક કામમાં કાંઈ પણ અપવાદ છે નહીં એવું અનુમાન કરવાના છે, માટે જે કેદી અપવાદ છે એમ કરી તેના ઉપર આધાર રાખતો હોય, તેને તે અપવાદ શાબેત કરવાનો છે.

વિશેષે કરીને હકીકત જાણ્યામાં હોય તે હકીકત શાબિત કરવાનો બોજો.

૧૦૬. જ્યારે હરકોઈ હકીકત વિશેષે કરીને કોઇ એક સખસના જાણ્યામાં હોય ત્યારે તે હકીકત શાબિત કરવાનો બોજો તે સખસના ઊપર છે.

દૃષ્ટાંતો.

(અ.) કોઇ સખસે કાંઈ કામ કર્યું તે કામની કૈફિયત તથા સ્વરૂપ ઊપરથી જે ઇરાદેથી કીધાનું અનુમાન થાય તે ઈરાદા શિવાય બીજા ઇરાદેથી કીધું હોય, તો તે બીજો ઈરાદો શાબિત કરવાની જવાબદારી તે સખસના ઊપર છે.

(બ.) લોઢાની સડક માર્ગે ટિકેટ વગર જવાનું અ. ના ઊપર તોહમત છે. તેની પાસે ટિકેટ હતી એ શાબિત કરવાની જવાબદારી તેના ઊપર છે.

ટીકા--મી॰ ટેલરસાહેબ કેહે છે કે "જ્યારે કોઇ હકીકત ખાસુસે કરીને એક પક્ષકારના જાણ્વામાં હોય, ત્યારે તે હકીકત નકાર રૂપે હોય કે હકાર રૂપે હોય, અને કાયદાનું અનુમાન તેની તરફ હોય, તોપણ તે હકીકત શાબેત કરવાનો બોજો તેના ઊપર રેહે છે.

કોઇ ભાડાના કરારમાં ભાડે રાખનારે ભાડાવાળી મીલકત અમુક સ્થીતીમાં રાખવાનું

માથે લીધું હોય, ત્યારે તે સબંધી તકરારમાં તે શરતો તેણે પુરી કરી છે એમ સાબેત કરવાનું કામ તેનું છે. ૩ બં. લા. રી. પાનું. ૧૬૧.

ત્રીસ વર્ષ ઊપર કોઈ માણસ હયાત હોવાનું જાણ્યામાં હોય તે માણસ મર્ણ પામ્યાની વાત સાબિત કરવાનો બોજો.

૧૦૭. અમુક માણસ હયાત છે કે મર્ણ પામ્યો છે એવી તકરાર પડે, અને એવું માલમ પડે કે ત્રીસ વર્ષના દર્મિયાનમાં તે માણસ હયાત હતો, ત્યારે તે માણસ મર્ણ પામ્યો છે, એવું સાબિત કરવાનો બોજો, મર્ણ પામ્યો છે એમ કેહેનાર સખસના ઉપર છે.

ટીકા—આ કલમ પ્રમાણે મનુષ્યની હયાતી છે, એવું અનુમાન જો કાંઇ વિરૂદ્ધ બતાવવામાં આવ્યું ના હોય તો થાય છે. જે મૃત્યુ થવાનું કેહે છે તે સદરહુ અનુમાન વિરૂદ્ધ હુમલો કરે છે માટે તે કાયદેસર અનુમાન ખસેડવાને તે કેહેવું સાબેત થવું જોઈએ.

હિંદુશાસ્ત્ર પ્રમાણે ૧૨ વર્ષ સુધી જે સખસની ખબર અંતર જાણવામાં ના આવે તે સખસ મરણ પામ્યાનું અનુમાન થાય છે. અને બનારસમાં આ બાબત ૧૫ વર્ષની હદ છે.

સાત વર્ષ થયાં ખબર અંતર ન સાંભળી એવા સખસ હયાત છે એ વાત શાબીત કરવાનો બોજો.

૧૦૮. એવું ઠરાવવવામાં આવ્યું છે કે જ્યારે અમુક માણસ હયાત છે કે ગુજરી ગયો છે એવી તકરાર પડે, અને એવું સાબિત થાય કે તે માણસ હયાત હોત તો જે સખસોને તેની ખબર અંતર સ્વભાવિક પણે આવી હોત, તે સખસોએ સાત વર્ષ થયાં તે માણસની ખબર અંતર કાંઈ સાંભળી નથી, ત્યારે માણસ મજકુર હયાત છે એ વાત સાબિત કરવાની જવાબદારી તે હયાત છે એમ કેહેનાર સખસના ઊપર જાય છે.

ટીકા—આ કલમો હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૪૯૪ ને આધારે ચાલતા કામમાં ઉપયોગી થઇ પડે છે, અને તે પ્રસંગે હિંદુ લા કે મુસલમાની સરેહના ધારા કામ આવતા નથી.

એક વિધવાએ તેની મીલકતના વારસા તરીકે કરેલી વ્યવસ્થા રદ કરાવવા બીજા ... કે પેહેલા દરજ્જાનો ... ને તે હયાત છે એવો કાંઇ પુરાવ નથી. માટે તે મરણ પામ્યાનું આ કલમ પ્રમાણે અનુમાન લેવું જોઇએ. જો વારસા સબંધી અથવા વહિવટ ચલાવવા સબંધી દાવો હોત તો, હિંદુ લાનો અમલ કરવાની જરૂર થાત. ઈં. લા. રી. ૧ અ. પાનું. ૫૩

કોઇ સખસ પંત્યાળો કિંવા ગણોતિઓ કિંવા આડતિઓ છે તે બાબત શાબીતી કરવા નો બોજો.

૧૦૯. અમુક સખસો પંત્યાળા ભાગિયા છે, કિંવા માલિક અને ગણોતિયા અથવા ભાડુત છે, કિંવા મુખ્ય અને આડતિયા છે એવી તકરાર પડે, અને એવું બતાવવામાં આવ્યું હોય કે સદરહુ જેના તે સબંધે તે સખસો કામ ચલાવતા આવ્યા છે, ત્યારે સબંધ મજકુર નથી, કિંવા છુટ્યો છે, એ વાત શાબિત કરવાનો બોજો એ પ્રમાણે કેહેનાર સખસના ઉપર છે.

ટીકા—આ કલમ પ્રમાણે ભાગીદારી, મુખ્ય અને મુનીમનો સબંધ, જમીનના માલેક અને ખેડુતનો સબંધ હતો એ વાત એક વખતે સાબેત થઈ એટલે પછી તેઓનો તેવો સબંધ નથી, તે સાબેત કરવાનો બોજો તે કેહેનારને શીર છે.

જયારે મુખ્ય અને મુનીમના સબંધમાં મુખ્ય પડદાનસીન સ્ત્રી હોય, ત્યારે દસ્તાવેજ લખી આપવાની 'એજન્સી બરોબર' રીતે સાબેત થવી જોઇએ. ૧૦ બં. લા. રી. પાનું. ૨૦૫

એક જમીન ઊપર બે ખેડુતો ખેડુત તરીકેનો દાવો રાખતા હોય, તેમાં એક ખેડુત એમ કેહે કે એ બીજો પ્રથમ ખેડુત હતો, તેણે પોતાનો હક છોડી દીધાથી માલેકે મને ખેડવા આપી છે તો, અગાઉના ખેડુતે પોતાનો હક છોડી દીધો છે એમ કેહેનારે તે સાબેત કરવું જોઇએ. સન ૧૮૬૪ વી. રી. પાનું. ૪૦.

હિંદુ કુટંબની બાબતે પણ પૈત્રાળાને મળતી છે, કેમકે એક વખત તે કુટંબ ભેળું છે એમ બતાવવામાં આવ્યું તો, વેહેચણની વાત શાબેત કરવાનો બોજો તેમ કેહેનાર ઊપર રેહે છે.

માલિકી વિશે પુરાવો કરવાનો બોજો.

૧૧૦. કોઈ પદાર્થ કોઈ સખસના કબજામાં છે એવું બતાવવામાં આવે તો તે સખસ તે પદાર્થનો માલિક છે કે નહી એવી તકરાર પડે ત્યારે, સદરહુ સખસ માલિક નથી એ વાત સાબિત કરવાનો બોજો, તે માલિક નથી એમ કેહેનાર સખસના ઉપર છે.

ટીકા—કબજાથી માલેકપણાનું પ્રથમ દર્શનિક અનુમાન થાય છે, કારણ કે જે મનુષ્યના કબજામાં જે હોય છે તે ઉપર ઘણું કરીને પોતે માલેકપણું રાખે છે. ૭ ડી. આર. પાનું. ૩૯૭. આ પ્રમાણે કોઇ અપકૃત્ય કરનાર વિરૂદ્ધ પ્રવેશ કરવાનું કામ ચલાવવાને કબજો બસ છે. ૭ એમ. અને ડબલ્યુ. ૩૧૨.

જબરાઇથી અગર કપટથી કબજો લીધો હોય તેને આ ધારો લાગુ પડી શકે. તોપણ પોતાના અપકૃત્યનો ફાયદો પોતાને મળી શકતો નથી. ૧૨ વી. રી. પાનું. ૪૭૨ વીશેશ ન્યાયના આકટ ૧ લાની કલમ ૯ મુજબ છ મહીના અંદર ગએલો કબજો પાછો લેઈ શકાય છે, ને તેમાં હકની તપાસ થઇ શકતી નથી.

કબજો ગયો હોય તે ફોજદારી કોર્ટના હુકમથી કયારે મેળવી શકાય, તે બાબતમાં સન ૧૮૮૨ ના ક્રીમીનલ પ્રોસીજરકોડની કલમ ૧૪૫–૧૪૮ જુઓ.

પક્ષકારોમાંથી એક પક્ષકારના ઊપર ભરોંસો રાખવામાં આવતો હોય તેવા પ્રસંગોમાં અમુક કાર્ય શુદ્ધબુદ્ધિથી થયું કે નહીં તેની શાબિતી વિશે.

૧૧૧. જ્યારે કાંઇ કાર્ય થયું હોય અને તે જે પક્ષકારો વચ્ચે થયું હોય, તેમાંથી એક પક્ષકારનો સબંધ બીજા પક્ષકાર સાથે એવો હોય કે તે બીજા પક્ષકારનો ફાયદો કરવાની તેની ફરજ હોય, તો તે ફરજના સબંધથી સદરહુ એક સખસ ઉપર ભરોંસો રાખવામાં આવતો હોય, ત્યારે એવા પક્ષકારની વચ્ચે અમુક કાર્ય શુદ્ધબુદ્ધિથી થયું છે કે નહીં, એવી તકરાર પડે, ત્યારે સદરહુ કાર્યની શુદ્ધબુદ્ધિ સાબીત કરવાનો બોજો જે પક્ષકારના ઊપર સદરહું પ્રમાણે ભરોંસો રાખવામાં આવતો હોય તેના ઊપર છે.

દ્રષ્ટાંતો.

(અ.) એક અસીલે માંડેલી ફરિયાદના કામમાં એવી તકરાર પડી છે કે અસીલ મજકુરે પોતાના એક અટરનીને વેચાણ કરેલું તે વેચાણ શુદ્ધબુદ્ધિથી થયું છે કે

નહીં, [illegible]

(અ.) [illegible]

ફરિયાદ માંડી. તે કામમાં છોકરાએ બાપને વેચાણ કરેલું તે બુદ્ધબુદ્ધિથી કરેલું કે નહીં તે વાતની તકરાર પડી. એ કાર્યની શુદ્ધબુદ્ધિ સાબિત કરવાની જવાબદારી સદરહુ છોકરાના બાપ ઉપર છે.

ટીકા—કાર્ય શબ્દનો સાધારણ અર્થ બે અથવા વધારે માણસોની વચ્ચે ચાલેલું કામ અથવા વેહેપાર છે. જો કોઇ દાવાનો પક્ષકાર તેમની વચ્ચેની તકરારોનું પોતે સમાધાન કરે તો, તે સમાધાન કાર્ય ગણાય. [illegible] કર્યુ તે એવો અર્થ ? [illegible]

પડદાનસીન ઓરતે પોતાના સગા સબંધીથી જુદી રહીને પ્રસંગોપાત પોતાના મુખત્યાર તરીકે કામ કરનાર સખસની તરફેનમાં એક દસ્તાવેજ કરી આપ્યો હતો, તે પ્રસંગે [illegible] શુદ્ધબુદ્ધિ ભરેલું હતું, અને તે ઓરત પુરેપુરું સમજી [illegible] કરવા તે સખસની ફરજ હતી. લા. રી. ૧૯ અ. ૧૯૨

લગ્ન સબંધ જારી હોય તે દરમીયાન કોઇ સખસનો જન્મ થયો એ વાત સખસ મજકુરકાયદેસર પુત્ર છે એ વાતની નિશ્ચયકારક સાબિતી છે.

૧૧૨ કોઈ ન્યુખસની માતા કોઈ પુરૂષ સાથે કાયદેસર થએલો લગ્ન સબંધ જારી હોય તે દરમિયાનમાં, અથવા તે લગ્ન સબંધ તુટ્યા પછી સખસ મજકુરની મા વગર પરણેલી રહી હોય તો લગ્ન સબંધ તુટ્યા બાદ બસે ને એંશી દિવસ સુધીમાં, સદરહુ સખસનો જન્મ થયો, એ હકીકત, તે સખસ પુરૂષ મજકુરનો કાયદેસર પુત્ર છે એ વાતની નિશ્ચયકારક સાબિતી સમજવી; પરંતુ જો એવું બતાવી શકાય કે સદરહુ લગ્નવાળા સદરહુ સ્ત્રી પુરૂષ સદરહુ એ બેઉને એક બીજાનો સમાગમ કોઈ એવે સમયે થયો નથી કે સખસ મજકુરની ગર્ભ ઉત્પત્તિ થઈ શકે, તો પછી એ પ્રમાણે સમજવું નહીં.

ટીકા—હિંદુધર્મ પ્રમાણે ગેરકાયદેસર પુત્રનો ફક્ત ખોરાકીપોશાકી શિવાય બીજો કાંઈ હક્ક નથી. મે. હી. પ્રા. પાનું. ૬૯૯.

કોઈ સખ[illegible] મધ્યથા કોઇ ઓરતને છોકરું [illegible] પ્રતિબંધ ન હોય તો, લગ્ન થયાની તરફેણમાં અનુમાન લેવાય છે, અને તે છોકરો કાયદેસર પુત્ર ગણાય છે. સ. પ્રી. જ. પાનું. ૧૫૭.

મુસલમાન માબાપથી થએલા છોકરાના કાયદેસરપણા વિશે તેમના લગ્નનો અથવા કાયદેસરપણાના પ્રત્યક્ષ પુરાવા શિવાય, ફક્ત આજુબાજુની હકીકત ઉપરથી અનુમાન લેવાય છે. સ. પ્રી. જ. પાનું. ૪૦૦.

મુલકસ્વાધિન કરવામાં આવ્યો હોય તેની સાબિતી બાબત.

૧૧૩. બ્રિટિશ સરકારના મુલકનો કાંઇ ભાગ કોઈ દેશી સંસ્થાનને કિંવા રાજા કિંવા હાકેમને સ્વાધિન કરવામાં આવ્યો છે, એવું જાહેરનામું ગેઝેટ આફ ઈંડિયામાં છાપવામાં આવે, તો એવા જાહેરનામામાં લખેલી [illegible] યો એ વાતનું [illegible]

[illegible]

જે આકટવડે હિંદુસ્તાનનું રાજ્ય ઈસ્ટ ઇંડયા કંપની પાસેથી લેઈ મહારાણીસાહેબને તાબે કરવામાં આવ્યુ, તે આકટની રૂઈએ જે અધિકાર હિંદુસ્તાન ખાતાના સ્ટેટ સેક્રેટરીસાહેબને હાસલ થયા, તેમાં મુલક આપી દેવાની સત્તા મળી નથી. ૧૦ મું. હા રી પાનું. ૩૭

કેટલીએક હકીકત છે એવું કોર્ટ અનુમાન કરવાને મુખત્યાર છે.

૧૧૪. કોઇ અમુક કામની હકીકતને સબંધે કુદરતી બનાવની, તથા મનુષ્યનિ વર્તણુંકની, તથા સરકારી તથા ખાનગી કામકાજની સાધારણ ગતી ઉપર વિચાર રાખતાં કોઈ હકીકત બન્યાનો સંભવ છે, એવું કોર્ટની નજરમાં આવે તો, તે હકીકત બનેલી છે એવું અનુમાન કરવાને કોર્ટ મુખત્યાર છે.

દ્રષ્ટાંતો.

નિચે પ્રમાણેના અનુમાન કરવાને કોર્ટની મુખત્યારી છે

(અ.) ચોરી થયા પછી થોડીવારે ચોરીનો માલ કોઈ માણસના કબજામાં હોય, અને તે માણસ સદરહુ ચોરીનો માલ પોતાના કબજામાં શી રીતે આવ્યો તે ન બતાવી શકે તો, માણસ મજકુર ચોરી કરનાર છે અથવા તેણે ચોરીનો માલ જાણીને તે લીધો છે, એવું અનુમાન કરવાને કોર્ટ મુખત્યાર છે.

(બ.) ગુન્હાના કામમાં ગુન્હેગારની શામતીની જુબાનીને મુખ્ય મુદ્દાની વાતે બીજા પુરાવાથી પુષ્ટિ ન મળે તો, તે શાબતીનુ કેહેવું ભરોસો રાખવા યોગ્ય નથી, એવું અનુમાન કરવાને કોર્ટ મુખત્યાર છે.

(ક.) હુંડી શિકારી અથવા તેના ઉપર શેરો થયો, તો પછી સારા અવેજ ઉપરથી શિકારી અથવા શેરો થયો, એવું અનુમાન કરવાને કોર્ટ મુખત્યાર છે.

(ડ.) કોઈ પદાર્થ કિંવા પદાર્થની સ્થિતી જેટલી મુદતે સાધારણ રીતે નાશ પામે છે, તે મુદતની અંદર કોઈ વખતે તે પદાર્થ કિવા પદાર્થની સ્થિતી કાયમ હતી એવું શાબીત કરવામાં આવ્યું હોય, તો સદરહુ પદાર્થ કિંવા પદાર્થની સ્થિતી હજીપી પર્યંત [illegible] છે.

(ઈ.) [illegible] એવું અનુમાન કરવાનં કોર્ટ મુખત્યાર છે.

(ફ.) કામકાજની સાધારણ રીતી પ્રમાણે અમુક કામોમાં થયું છે, એવું અનુમાન કરવાને કોર્ટ મુખત્યારૂ છે.

(ગ. [illegible]

(હ [illegible] લનો તે સખસ જવાબ ન આપે, ત્યારે જવાપ આપ્યો હોય તો. તે સખસને પ્રતિકુળ પડશે એવું અનુમાન કરવાને કોર્ટ મુખત્યાર છે.

(આઈ.) કોઇ દસ્તાવેજ ઉપરથી ફરજ ઉત્પન્ન થતી હોય તેવો દસ્તાવેજ લખી આપનાર સખસના હાથમાં હોય, ત્યારે તે ફરજ અદા થઈ છે એવું અનુમાન કરવાને કોર્ટ મુખત્યાર છે.

પરંતુ કોર્ટની રૂબરૂ ચાલતા અમુક કામોમા સંદરહુ વચનો લાગુ પડે છે કે નહીં, તેનો વિચાર કરતી વખતે નીચે બતાવી છે તેના જેવી હકીકતોના ઉપર કોર્ટે ધ્યાન રાખવું.

દ્રષ્ટાંત. (અ.) બાબત.—એક નિશાણીવાળો રૂપિઓ ચોરીએ ગયો. ત્યાર પછી થોડી વારે એક દુકાનદારની પાસે તેના ગલ્લામાં તે રૂપિઓ માલમ પડયો. હવે તે રૂપિયો [illegible]

[illegible]

દ્રષ્ટાંત. (આ.) બાબત.—[illegible] સારી પ્રતિષ્ઠાવાળા [illegible] પ્રતિષ્ઠાના સખસ [illegible] તેનું બરાબર [illegible] ફિરાઈ કબુલ કરી તેનો ખુલાસો બતાવે છે.

દ્રષ્ટાંત. (બ.) બાબત.—કેટલાએક સખસોએ મળીને એક ગુન્હો કીધો. ગુન્હેગારમાંના ત્રણ અ. બ. અને ક. એ ગુન્હો થયો તેજ જગોએથી પકડાયા, અને તેઓને એક એકથી જુદા રાખ્યા. હરએક જણ ગુન્હાનો હેવાલ આપે છે તેમાં ડ. ને મેળે છે. એ સર્વેના હેવાલોને એક બીજાથી હેવી પુષ્ટિ મળે છે કે આગળ તેઓને મસલત થઈ હોય એ ઘણું અસંભવિત લાગે છે.

દ્રષ્ટાંત. (ક.) બાબત.—હુંડી આપનાર અ. એ વેહેપાર રોજગાર કરનાર વાકેફગાર માણુસ હતો. બ. એ કાચી ઉમરનો અંજાણ્યુ સખસ હતો, અનેતે કેવળ અ. ને વશ હતો.

દ્રષ્ટાંત. (ડ.) બાબત.—[illegible] થયું છે કે એક નદીનો પ્રવાહ પાંચ વર્ષે ઉપર [illegible] જાણ્યામાં છે કે ત્યાર પછી રેલો આવી હતી, અને તેથી રસ્તો બદલાય.

દ્રષ્ટાંત. (ઈ.) બાબત.—જે ઈનસાફનું કામ નિયમ પુર્વક છે કે નહીં એવી તકરાર છે, તે કામ દસ્તુર કરતાં જુદી તરેહની કેફિયતથી કરવામાં આવ્યું હોય.

દ્રષ્ટાંત. (ફ.) બાબત.—તકરાર એવી પડી છે કે અમુક કાગળ પોંહોંચ્યો કે નહીં. એવું તો સાબિત થયું છે કે તેને ટપાલમાં નાંખવામાં આવ્યો હતો, પણ બંડ બખેડાથી હમેશ માફક ટપાલ જવામાં અટકાવ થયો હતો.

દ્રષ્ટાંત. (ગ.) બાબત.—એક જુનાં કિંમતના કરારનામાની રૂએ અ. ના ઉપર ફરીયાદ થઈ છે, તે કરારનામાને સબંધ રાખે એવો એક દસ્તાવેજ રજુ કરવાને અ. નામનો સખસ ના કેહે છે, પણ તે દસ્તાવેજ રજુ કરેથી અ. ના કુટંબની ઇજ્જતને ખલેલ પોહોંચે છે, તથા તેમના મનને દુઃખ થાય છે.

દ્રષ્ટાંત. (હ.) બાબત.—કાયદાથી જેનો જવાબ દેવાની ફરજ નથી તેવા સ્વાલનો જવાબ આપવાની અ. નામનો સખસ ના કેહે છે; પરંતુ જે કામને સબંધે તેને સ્વાલ પુછ્યો છે, તે કામને સબંધ નહી રાખનારી બાબતમાં તેને તે સ્વાલનો જવાબ દેવાથી નુકશાન થાય છે.

દ્રષ્ટાંત. (આઈ.) બાબત.—ખત લખી આપનાર સખસના કબજામાં એક ખત છે; પરંતુ તે કામની હકીકત એવી છે કે તેણે તે ખત ચોર્યું હોય.

ટીકા.—લોકોની વર્તણુંકનો તેમની રીતભાત અને સ્વભાવ ઉપર આધાર રેહે છે. માટે તે બાબતો અનુમાન કરવામાં જોવાની છે.

આ દેશના ભાગમાં જ્યાં મીતાક્ષરા ચાલુ હોય ત્યાં રેહેનાર હિંદુ કુટંબ, આ દેશના બીજા ભાગમા જ્યાં દાયવિભાગ લાગુ હોય ત્યાં રેહેવા જાય, તોપણ તે કુટંબ પોતાના જુના મીતાક્ષરાના શાસ્ત્ર પ્રમાણે ચાલે છે, એમ અનુમાન થાય છે ૯ મ. હા. રી. પાનું ૨૫

તેમજ છીનાળાની વાત જાણ્યા પછી લાંબી મુદત તે બાબત કાંઇ મણુગારવામા આવેલી ના હોય તો, તે બાબત અખાડા કરવાનું અગર કબુલત છે એવું અનુમાન થાય છે.

કબજા ઉપરથી ચોરીનો માલ રાખ્યાનું અનુમાન વ્યાજબી રીતે થઇ શકે, એટલા માટે બીજા કોઈએ ચોરી કરવાનો પુરાવો હોવો જોઈએ. કે. અને પે. રી. પાનું. ૩૯૯

અમુક માણસને દત્ત લીધાની હકીકત ઘણા વર્ષ સુધી કબુલ કરવામાં આવેલી હોય, ત્યારે અનુમાન એવું થાય છે કે તે બાબતમાં તમામ યોગ્ય ક્રિયા કરવામાં આવેલી હતી, પણ તે પ્રમાણે કરવાથી દત્ત લેવાની પરવાનગી હતી એવું અનુમાન થતું નથી.

જેવાં કાયદાનાં અનુમાન છે તેવાં હકીકતનાં પણ અનુમાન છે. ખરી રીતે ફક્ત તકરારો છે, અને તેમાં મુખ્ય બાબત કાયદાની નથી હતી. દરેક અને બધી બાબતમાં તે હોય છે. માટે તેના નિર્ણયનો આધાર અમુક નિયમની કબુલત કરેલી અજમાશ અને તકરારના બળવાનપણા ઉપર છે.

કોઇ સખસને કાંઈ દસ્તાવેજ રજુ કરવાની ખબર છતા તે રજુ કરવાની ના પાડે તો, તે દસ્તાવેજ પાછળથી પોતાના પુરાવ તરીકે વાપરવા કલમ ૧૬૪ પ્રમાણે પ્રતિબંધ છે.

વિલાયતના ધારામાં આ કલમના દ્રષ્ટાંતોમાં બતાવેલા નિયમ કાયદાનાં અનુમાન ગણેલાં છે. પણ આ કલમવડે તેથી જુદો વિચાર લેઈ તેવું અનુમાન કરવા મુખત્યારી રાખી છે. તે મુખત્યારીનો કેવી રીતે અમલ કરવો તે આજ દ્રષ્ટાંતોના ખુલાસામાં બતાવ્યું છે.

હિંદુ કુટંબની બધી મીલકત મજીયારી હોવાનું અનુમાન લેવાય છે, તેથી જેસખસ પોતાની આગવી મીલકત કહી દાવો રાખતો હોય, તેણે તે વાત શાબીત કરવી જોઇએ. ૬ મુસ. ઈ. અ. પાનું. ૫૩

મુસલમાની ધારાનું અનુમાન હમેશાં પુત્રના કાયદેસરપણા તરફ છે. તેવું કાંઈ અનુમાન લગ્ન થયાની તરફેનમાં નથી. ઈ. અં. સન ૧૮૭૨—૭૩ પાનું. ૨૦૦

જ્યારે કોઈ કુટંબ રેહેવામાં અને ખાવા પીવામાં જુદુ હોય, ત્યારે મીલકતમાં પણ જુદુ છે એમ અનુમાન લેવાય છે. ૩ બં. લા. રી. ૭ અને ૧૦ વી. રી. ૦૧૪૮.

પોતાનો ધણી બીજી વાર પરણવાથી જુદી રેહેતી હિંદુ ઓરતને તેના ધણીને ખાતે કરજ કરવા અધિકાર હોવાનું કાંઇ અનુમાન થતું નથી. ૧ ગ. હા. રી. પાનું. ૩૭૫.

વિરૂદ્ધ કરાર શાબેત થતાં સુધી મુસલમાની મેહેરની રકમ ત્યારે માગણી કરી શકાય, એમ અનુમાન લેવાય છે. ૬ મ. હા. રી. પાનું. ૯

પ્રોસીક્યુટર તકરારી કામ સાથે સબંધ રાખનારી કાંઇ વાતનો શાહેદ રજુ કરે નહી, ત્યારે પ્રોસીક્યુટર વિરૂદ્ધ અનુમાન લેવાય છે. ઇ. લા. રી. ૮ ક. પાનું. ૧૨૧.

કુટંબ મજીયારૂં હોય તે દરમિયાનમાં જે મીલકત મેળવવામાં આવી હોય તે તમામ મજીયારા ફંડમાંથી મેળવી છે એવું અનુમાન થાય છે. માટે જે સખસ એમ કેહેતો હોય કે તે મેં જાતે મેળવી છે તેના ઉપર પુરાવનો બોજો શાબેત કરવાનું રેહે છે. ઈ. લા. રી. ૮ ક. પાનું. ૫૨૭.

ભાગ ૮ મો.—પ્રતિબંધ વિષે.

પ્રતિબંધ. ૧૧૫. જ્યારે કોઈ એક સખસે પોતે ઇકરાર કરીને, કિંવા કોઈ કૃત્ય કરીને કિંવા કાંઇ કરવાનું તે ન કરીને, કોઈ બીજા સખસ પાસે અમુક વાત ખરી છે એવી ધારણા કરાવી હોય, અથવા કરવા દિધી હોય, તથા તે ધારણા ઉપરથી કાંઇ અમલ કરાવ્યો હોય, અથવા કરવા દિધો હોય, તો તે સખસની તથા સદરહુ બીજા સખસ કિંવા તેના પ્રતિનિધિની વચ્ચે ચાલતી ફરીઆદમાં અથવા કામમાં, સદરહુ વાતનાં ખરાપણાનો પુનકાર કરવાની પરવાનગી સખસ મજકુરને કિંવા તેના પ્રતિનિધિને આપવી નહી.

દૃષ્ટાંત.

અ જાણી જોઈને એવું કોઈ કરે છે કે તે ઉપરથી અમુક જમીન **અ.** ની છે એવું **બ.** એ માન્યું, અને તેથી જમીન મજકુર ખરીદ કરીને તેના રૂપિયા આપવાને લલચાયો.

પાછળથી જમીન મજકુર **અ.** ની માલકીમાં આવી ત્યારે **અ** સદરહુ વેચાણ એવા સબબ ઉપરથી રદ કરાવવા માગે છે કે, વેચાણ થયું તે વખતે તે જમીન ઉપર મ્હારો કાંઈ હક ન્હોતો, પોતાનો હકક ન્હોતો એ વાત **અ.** ને શાબિત કરવા દેવી નહીં.

ટીકા—આ કલમમાં જે નિયમ આવેલો છે તે પ્રમાણે ઘણી મુદતથી અમલ થતો આવે છે ઇંગ્રેજી ગ્રંથકારો કેટલીક વખત પ્રતિબં[illegible] થી થતો પ્રતિબંધ (૨) વર્તણુંકથી થતો [illegible] વર્ગના પ્રતિબંધનો સમાવેશ આ કલમમાં વાસ્તવિક રીતે થઇ જાય છે. ઇકરારના પ્રતિબંધની બાબતમાં ૨૪ વી. રી. પાનું. ૮૩ જુઓ.

વર્તણુંકથી થતા પ્રતીબંધના દાખલા હિંદુસ્તાનમાં ઘણા છે, તેમાં મુખ્ય બીનાની ખરીદદારનો જો ખરો માલેક બીનામી ખરીદદારને ખરા માલેક તરીકે વહિવટ કરવા દે અને લોકો તેને ખરો માલેક ગણી જમીનની જામીની ઉપર પૈસા ધીરે તો, ખરો માલેક પછીથી તકરાર કરી શકતો નથી. ૯ વી. રી. પાનું. ૫૯૩ અને ૨૪ વી. રી. પાનું. ૭૯.

ડીડથી પ્રતિબંધ થાય છે, એવો નિયમ હિંદુસ્તાનમાં લાગુ પડતો નથી. ૨૦ સ. વી. રી. પાનું. ૭૫૨.

નાર્ટનસીહેબ કેહે છે કે દફતરથી પ્રતિબંધ થાય છે. તે બાબતમાં કલમ ૪૦, ૪૪ જેવી જજમેંટો જે કામમાં પ્રતિબંધ થાય છે તે ફકત કલમ ૪૧ પ્રમાણેનાં છે. જે [illegible] પ્રમાણે ચાલવામાં આવેલું ના હોય તો, તે પ- [illegible] નથી.

કોઈ વાદીના દાવા સામો પ્રતિવાદીઓએ કરેલો જવાબ જવાબ તેમનાં વચ્ચે પ્રતિબંધ તરીકે કામે લાગતો નથી. ૬ મ. જ્યુ પાનું. ૧૧૮.

પંચાતના ઠરાવ પ્રમાણે વર્તવા પક્ષકારો વચ્ચે થએલી કબુલત અને પંચાતનો ઠરાવ તે ઠરાવનું ગેરવ્યાજબીપણું બતાવવા, પક્ષકારોને અટકાવવા નિર્ણયકારક પુરાવ નથી. સ. પ્રી. જ. પાનુ. ૧૬૪

કોઇ પક્ષકારની દાવામાં દાખલ થવાની અરજી કાઢી નાંખવામાં આવે, તે પક્ષકાર તે દાવામાં થએલા હુકમનામાથી બંધાતો નથી. સ. પ્રી. જ. પાનું. ૬૩૧

કસુરથી થતા પ્રતિબંધ, જેમકે કોર્ટમાં અસીલના દેખતાં તેનો વકીલ કાંઇ સમાધાન

કરે અને તે જોયાં કરી તે વિષે કાંઇ પણ વાંધો ન ઉઠાવે તો, પછી તે સમાધાન રદ કરવાને તેને છુટ નથી. ૨૪ વી. રી. પાનું. ૫૫૯

અગ્રક્રિયાધિકારનો જેનો હક હતો તેને અમુક જમીન વેચાણ લેવાનું કેહેવામાં આવ્યું, પણ તેણે ના પાડી અને ત્રાહિતને વેચાણ આપવાની સમ્મતી આપી. તેમાં ઠરાવ્યું કે પાછળથી અગ્રક્રિયાધિકારના હકનો દાવો તે ઉઠાવી શકતો નથી. બં. હા. રી. પાનું. ૧૯

મુખત્યાર કે આડતીયાએ વગર અધિકારે કરેલા કામો મુખીને પ્રતિબંધ ક્યારે થાય છે. તે સબંધી કરારની કલમ ૨૩૭, ૨૩૮ જુઓ, તથા પંચીઆના ભાગીયાની વર્તણુંક થી થતા પ્રતિબંધ વિષે કરાર આકટની કલમ ૨૪૫–૨૪૬ જુઓ.

બાપે કરી આપેલા ગીરોની હકીકત છોકરાએ જાહેર પાડી ના હોય, તેથી બાપ તે ગીરોની રૂઇએ પોતાનો દાવો માગે, તેમાં તેને પ્રતિબંધ થવાને તે બસ નથી. ઈ. લા રી. ૨ મું. ૬૫૦

બજાવણીમાં થએલા લીલામમાંથી ખરીદ કરનાર હુકમનામાના દેણદારેનો આ કલમના હેતુ પ્રમાણે પ્રતિનિધી નથી. ઈ. લા. રી. ૧૪ ક. પાનું. ૪૦૧

હિંદુસ્તાનના સોગનના આકટના ઠરાવ પ્રમાણે પક્ષકારોની વચમાંના ઇસ્યુનો નિકાલ કરવામાં આવેલો હોય, તેજ ઇસ્યુવાળા હકનો બીજા દાવામાં ફરીથી સ્વાલ ઉત્પન્ન થએલો હોય તો, સદરહુ નીકાલ પ્રતિબંધ તરીકે થઇ પડતો નથી. ઈ. લા. રી. ૫ મ. પાનું. ૨૫૯

ગણોતિયાને પ્રતિબંધ નડે છે તે બાબત. ૧૧૬. સ્થાવર મિલકતના ગણોતિયા કિંવા ભાડુતને, અથવા તે ગણોતિયા કિંવા ભાડુતના હક ઉપરથી જે સખસનો હક ઉત્પન્ન થયો હોય તે સખસને, સદરહુ ગણોતિયાનો કિંવા ભાડુતનો સબંધ જારી હોય તે દરમિયાનમાં, એવો ઇનકાર કરવાની પરવાનગી આપવી નહીં, કે સદરહુ સ્થાવર મિલતના માલીકનો તે મિલકત ઊપર ગણોતિયા કિંવા ભાડુત મજકુરનો સબંધ શીરૂ થયો તે વખતે કાંઇ હક હતો નહીં; અને હરકોઇ સ્થાવર મિલકતના કબજેદારના પરવાનાથી તે મિલકત જે સખસે પોતાના તાબામાં લીધી હોય, તે સખસને એવો ઈનકાર કરવાની પરવાનગી આપવી નહીં, કે સદરહુ પરવાનો આપતી વખતે એવા કબજેદારનો એવા કબજા ઉપર હક હતો નહીં.

ટીકા—મી૦ કનીંગહામસાહેબ કેહે છે કે ઈંગ્રેજી લા પ્રમાણે ભાડુઆત અગર સાંથે રાખનારનો કબજો હોય તો, તે બાબતમાં પ્રતિબંધનો નિયમ લાગુ થાય છે. આ કલમથી તે નિયમ ભાડા અગર સાંથનો હક શીરૂ થાય ત્યાં સુધી લાગુ કરવામાં આવેલો છે.

મી૦ ફીલ્ડસાહેબ કેહે છે કે ભાડુ અગર સાંથ આપ્યાની કબુલતથી ભાડે અગર સાંથે રાખ્યાની કબુલત કર્યા બરોબર થાય છે.

મા૦ નાર્ટનસાહેબ કેહે છે કે ભાડે અગર સાંથે રાખનારની બાબતમાં જેવો પ્રતિબંધ છે, તેવોજ જેણે કબજો રાખવાની પરવાનગી આપવાની હોય તેનો હક છે.

ભાડુ આપ્યાની વાત વિરૂદ્ધ સાબેત થતાં સુધી ભાડુતનો સબંધ બતાવે છે. માટે તે ધણીને ચુકથી ભાડુ આપણું છે અથવા તે બેના બીજો સખસ હકદાર હતો એવો કાંઇ ખુલાસો કરી શકે નહી ત્યા સુધી તેણે જે સખસને ભાડુ આપ્યું છે તેનો એ જમીન ઉપર નો હક ઇનકાર કરવાને તેને પ્રતિબંધ થાય છે. ૯ વી. રી. પાનું. ૭૧–૧૯૨.

હુંડી શીકાર- ૧૧૭. કોઇ હુંડી શીકારનારને એવો ઇનકાર કરવાની પરવાનગી નારને અથવા આપવી નહીં, કે હુંડી આપનાર સખસને એવી હુંડી આપવાનો કિંવા

નિક્ષેપીને અ- તે ઉપર શેરો કરવાનો અધિકાર ન્હોતો. અને કોઇ નીક્ષેપીને અથવા જે
થવા પરવાનો [illegible]
લેનારને પ્રતિ- [illegible]
બંધ નડે છે તે નીક્ષેપ્તાને અથવા પરવાનો આપનાર સખસને એ પ્રમાણે નીક્ષેપ કર-
તે બાબત. વાનો અથવા એવો પરવાનો આપવાનો અધિકાર ન્હોતો.

ખુલાસો ૧ લો.—હુંડી શીકારનાર એવો ઈકાર કરવાને મુખત્યાર છે કે હુંડી મ-
[illegible]
[illegible]
આપે તો, નિક્ષેપી એવું શાબીત કરવાને મુખત્યાર છે કે જે સખસને તેણે માલ આપ્યો
છે, તે સખસને નિક્ષેપ્તા વિરૂદ્ધ માલ મજકુર ઉપર હક્ક ન્હતો.

ટીકા—મી૦ નાર્ટનસાહેબ કેહે છે કે હુંડી શીકારવાથી તે શીકારનાર વિરૂદ્ધ હુંડી
લખનારની સહી તથા તે લખવાની તેની લાયકી બાબત નિશ્ચયકારક કબુલત થાય છે,
અને જો તે હુંડી લખનાર જેને તેનાં નાણાં આપવાનું લખે તેને આપવાની હોય તો, તે
લખનારને તે ઉપર શેરો કરવાનો અખત્યાર છે.

પ્રકરણ ૯ મો.—શાહેદ બાબત.

શાહેદી કોણ આપી શકે છે. **૧૧૮.** સર્વે આઈ સખસ શાહેદી આપવાને શક્ત છે, એમ સમજવું,
પરંતુ કોર્ટની નજરમાં એમ આવે કે કાચી ઉમરને લીધે, અથવા અતિ-
શય જઇફીને લીધે, અથવા શરીરના કિંવા મનના કાંઈ રોગને લીધે, અ-
થવા એવા પ્રકારના બીજા કોઈ કારણને લીધે, તેને જે સવાલ પુછવામાં આવે, તે તે સ-
મજી શકતા નથી, અથવા તે સવાલોના સમજણવાળા જવાપ આપી શકતા નથી, તો
તે સખસો શાહેદી આપવાને શક્ત છે એમ સમજવું નહીં.

ખુલાસો.—દિવાનો માણસ શાહેદી આપવાને અશક્ત નથી; પરંતુ તેને સવાલ પુ-
છવામાં આવે તે જો દીવાનાપણાના સબબથી તે સમજી શકતો ન હોય, અથવા તેના સ-
મજણવાળા જવાબ આપી શકતો ન હોય તો, તે અશક્ત છે.

ટીકા—હિંદુ લા પ્રમાણે ઓરત, બાળક, વૃદ્ધ, જુગારી, મદોનમત્ત, રંગભુમીપર રમ-
નાર, પાખંડી, ખોટા દસ્તાવેજ બનાવનાર, જાતી ભ્રષ્ટ, મીત્ર, દાવામાં હિત રહેલું હોય તે,
ભાગીયો, દ્વેષી, ચોર, સાહાસીક, પ્રસિદ્ધ ખોટા બોલો બોલનાર, નાત્ય બાહાર થએલો અને
તેવા બીજાને શાક્ષીમાં લેવાને નાલાયક ગણેલા છે.

[illegible] ધાર્મીક, પ્રમાણીક,
પુત્રવાન, [illegible] તેવા સાક્ષીને લા-
યક ગણેલ [illegible]; અને તેવાજ નિ-
યમો" મુસલમાની ધારામાં છે, તે બધા નિયમો આ આકટથી રદ કરયા છે.

ફીલ્ડસાહેબ કેહે છે કે હાલના કાયદાનું વલણ એવું જણાય છે કે દરેક શાહેદીસા-
ક્ષી પુરવા લાયક છે કિંવા નહીં, તે કોર્ટે પોતે નક્કી કરવું જોઈએ, અને તે નક્કી કરવાનું
સાધન કોર્ટે તે શાહેદીને પોતાની રૂબરૂ બોલાવી તપાસવાનું છે.

મુંગા શાહેદ બાબત. **૧૧૯.** જે શાહેદ બોલી શકતો ન હોય, તે સાહેદ લખાણવડે, કિંવા
ચિન્હોવડે એવી જે રીતે પોતાની જુબાની સમજાઈ શકે એવી કરી શ-

ક્તો હોય તેવી કોઈ રીતે જુબાની આપવાને મુખત્યાર છે; પરંતુ એવું લખાણ તથા એવાં ચિન્હો ખુલ્લી કોર્ટમાં થવાં જોઈએ. એ પ્રમાણે આપેલા પુરાવાને મુખજુબાની પુરાવો સમજવો.

ટીકા—પ્રથમ બેહેરા અને મુગા સખસોને સાક્ષીમાંથી બાતલ કરવામાં આવેલા હતા, તે આ કલમથી રદ કરેલું છે, તોપણ તેમના વિશે કોર્ટની એટલી ખાત્રી થવી જોઈએ કે તે માણસને જે સવાલ પુછવામાં આવે તે સમજી શકે અને તેનો બરોબર જવાબ દેઇ શકે તેવો છે.

દિવાની તથા ફોજદારી કામોમાં પરણેલા સખસો શાહેદી આપી શકે કે નહીતે બાબત.

૧૨૯. તમામ દિવા[illegible] હર- કોઇ પક્ષકારનો ધણી અથ[illegible]ત છે, એમ સમજવું. ફોજદારી [illegible] આપ- [illegible]વાને એવા સખસનો ધણી અથવા તેની ધણીઆણી અનુક્રમે શકત છે, એ[illegible]મ સમજવુ.

ટીકા—ફોજદારી કામમાં ધણી ધણીયાણી એક બીજા વિરૂદ્ધ શાહેદી આપી શકે છે, એવો આ કલમમાં ઠરાવ છે, તે ઇંગ્રેજી લાના નિયમથી વિરૂદ્ધ છે. ૬ વી. રી. ક્રિ. પાનું ૨૧.

જડજ તથા માજીસ્રેટ બાબત.

૧૨૧. હરકોઈ જડજ અથવા માજીસ્રેટને, કોર્ટમાંની તેની એવા જડજ અથવા માજીસ્રેટ તરીકેની વર્તણુંક વિશેના, અથવા એવા જડજ અથવા માજીસ્રેટની રૂઇએ જે વાત તેના જાણ્યામાં કોર્ટમાં આવી હોય તે વિશેના, હર કાંઈ સવાલો પુછવામાં આવે તેના જવાબ દેવાની સદરહુ જડજ અથવા માજીસ્રેટને તે જે કોર્ટને તાબે હોય તેવી કોર્ટના ખાસ હુકમ શિવાય ફરજ પાડવી નહીં; પરંતુ એ પ્રમાણે કામ કરતાંના દરમિયાનમાં પોતાની રૂબરૂ કોઇ બીજી બીનાઓ બની હોય તે વિશે તેને સવાલ પુછી શકાય છે.

દ્રષ્ટાંતો.

(અ.) સેશન કોર્ટની રૂબરૂ અ. ના ઊપર તજવીજ ચાલે છે. તે વખતે અ. જાહેર કરે છે કે બ. નામના માજીસ્રેટે એક જુબાની ગેરરીતે લીધી. કોઇ ઊપલી કોર્ટના ખાસ હુકમ શિવાય એ વિશેના સવાલોના જવાબ આપવાની બ.ને ફરજ પાડી શકાતી નથી.

(બ.) બ. નામના માજીસ્રેટની રૂબરૂ ખોટી શાહેદી આપ્યાનું અ. ના ઊપર સેશન કોર્ટમાં તોહમત છે. ઊપલી કોર્ટના ખાસ હુકમ શિવાય અ. એ શું કહ્યું તે બ. ને પુછી શકાતું નથી.

(ક.) બ. નામના સેશન જડજની રૂબરૂ તજવીજના દરમીયાનમાં એક પોલીસ અમલદારનું ખુન કરવાની કોશીસ કરવાનું અ. ના ઊપર સેશનકોર્ટમાં તોહમત છે. શી બીના બની તે વિશે બ. ને સવાલ પુછી શકાય છે.

ટીકા—આ કલમમાં આપેલી છુટ, કામ ચલાવતાં જડજ અથવા માજીસ્રેટના પોતાના હોદ્દાની રૂઇએ જે કાંઈ જાણવામાં આવ્યું હોય તેને માટે તથા તે દરજ્જે પોતાની

સ્વાદોનો ઈંગ્લંડમાં 'કોર્ટમાં' સમાસ કરેછે, પરંતુ" જુગવના આકટમાં 'કોર્ટ' શબ્દની વાખ્યામાં લવાદોનો સમાસ કરેલો નથી. જડજ શબ્દની આ આકટમાં વ્યાખ્યા નથી'

જે જડજ અથવા માજીસ્રેટ પોતે જે કામ ચલાવતો હોય તે કામમા જુબાની આપી શકે નહી. મી૦ ટેલરસાહેબ કેહે છે કે તેને સોગન આપવામાં આવે નહી ત્યાંહા સુધી જડજે અથવા માજીસ્રેટ તે બીના છુપી રાખવી જોઈએ, અને તેથી એમ જણાય છે કે જો તે એકલોજ કામનો ચુકાદો કરતો હોય તો, તેની શાક્ષી લેઇ શકાય નહી, પણ બીજા જડજ અથવા માજીસ્રેટ સાથે બેઠો હોય તો શાક્ષિ તરીકે તેને તપાસાય છે. ૪ બં. લા. રી. ક્રી. રૂ. પાનું. ૧૫

તેમણે કેદીને કેહેવી જોઈએ, અને કેદીની આવો જડજ તજવીજ કરતો હોય તેને તે જડજની ઊલટ તપાસ કરવાનો હકક છે, પણ આવા કારણથી ન્યાયાધિકારી પોતે કામ ચલાવવાની ના પાડી શકે છે. ૨૦ વી. રી. ક્રી. રૂ. પાનું. ૭૬

સરને માહેતી હોય તો, તેની પણ સાક્ષી તરીકે જુબાની લેવી જોઇએ.

જે કામમાં જરૂરીયાત ન હોય અને જેમાં ગુન્હો બનતાં પોતે જોઓ છે, અને જેમાં પોતે પ્રાસીક્યુશન શરૂ કરયું છે, અને જેમાં પ્રાસીક્યુશન તરફથી પોતે એક મુખ્ય શાહેદ છે, તે કામમાં માજીસ્રેટ જુડીશીયલ રીતે કાંઈ કરવુ જોઇએ નહીં. ઈં. લા. રી. ૨ ક. પાનું. ૨૩-૪૦૫

લગ્ન સબંધના દરમિયાન બાબત. — ૧૨૨. જે સખસનું લગ્ન થએલું છે કિંવા થએલું હતું તેવા હરકોઇ સખસને લગ્ન સબંધના દરમિયાનમાં જેની સાથે લગ્ન થએલું છે અમાં કહેલી વાત થવા થયલું હતું તેણે હર કોઇ વાત કહી હોય તે વાત સદરહુ કેહેનાર

સખસને સદરહુ પ્રમાણેની રજામંદી શીવાય પરવાનગી આપવી નહીં; પરંતુ પરણેલા સખસોની વચેની માંહોમાંહેની ફરીયાદીયોના કામોમાં, અથવા કોઈ પરણેલા સખસે પોતાનું જેની સાથે લગ્ન થયુ છે તેના વિરૂદ્ધ કાંઈ ગુન્હો કર્યો હોય તે બદલ તેના ઊપર ફોજ- ... પ્રગટ કરવાની તે સ- ... સમજવું નહીં.

ટીકા—એક ઓરતને એક સખસે પરણતા પેહેલાં કાંઈ વાત કહેલી હોય, પછી તે સખસ તે ઓરત સાથે પરણે અને પરણ્યા બાદ એક દીવાની કામમાં તે વાત અગત્યની થાય, તેથી તે ઓરતને સાક્ષીમાં ... કેહેવાને તે બંધાએલી છે, એમ જણ... રેહે છે. ૧૨ બં. લા. રી. પાનું. ૨૪૫.

રાજ્ય પ્રકરણ સબંધી રાવો.

૧૨૩. રાજ્યપ્રકરણ સબંધી પ્રસિદ્ધ નહીં થયલા સરકારી દફતર ઉપરથી મળેલો પુરાવો આપવાને કોઈ પણ સખસને પરવાનગી આપવી નહીં, પરંતુ જે ખાતાનું સદરહુ દફતર હોય તે ખાતાના ઉપરી અધિકારી પરવાનગી આપે તો સદરહુ પ્રમાણે પુરાવો આપવા દેવો. ઉપરી અધિકારી મજકુરને યોગ્ય જણાય તે પ્રમાણે તેણે પરવાનગી આપવી કિંવા ન આપવી.

ટીકા—પોલોક સી. બી. એ કહ્યું છે કે "મ્હારા અભિપ્રાયમાં આવે છે કે સરકારી કાગળ રજુ કરવાથી સરકાર નોકરીને હરકત થતી હોય તો, ન્યાયની કોર્ટમાં એક સખસના હિત કરતાં સાર્વજનિક હિત વધારે બળવાન ગણવું જોઇયે."

રાજ્ય પ્રકરણ તે શું એ જાણવું અગત્યનું છે. પાર્લામેન્ટમાં જે કાંઇ કામો થાય છે, તે બાબતમાં તેમની પરવાનગી શિવાય કોઇની તે બાબતમાં સાક્ષી લેઈ શકાતી નથી.

સરકારી હોદ્દાની રૂઈએ સરકારી અધિકારીને કહેલી વાત બાબત.

૧૨૪. કોઈ પણ સરકારી અધિકારીને સરકારી હોદ્દાની રૂઈએ ભરોંસાની વાત કેહેવામાં આવી હોય, તે વાત પ્રગટ કરવાથી સાર્વજનિક હિતને નુકશાન છે, એવું તે સરકારી અધિકારીની નજરમાં આવે, ત્યારે વાત મજકુર પ્રગટ કરવાની ફરજ અધિકારી મજકુરને પાડવી નહીં.

ટીકા—શ્રી૰ ફીલ્ડસાહેબ કેહે છે કે, "ઉપરની કલમ ૧૨૩, ૧૨૪ એ બેઉ કલમો તથા કલમ ૧૨૧, ૧૨૨, ૧૨૫, ૧૨૬, ૧૨૭, ૧૨૮, ૧૨૯, ૧૩૦ અને ૧૩૧ મુખજુબાનીના અને દસ્તાવેજી પુરાવને એકસરખી રીતે લાગુ છે.

આ કલમમાં અને કલમ ૧૨૩ માં ભેદ એ છે કે, આ કલમ સરકારી નોકરબાબતજ છે, પણ કીયા સરકારી નોકર તેની વાખ્યા બતાવવામાં આવી નથી. કલમ ૧૨૩ પ્રમાણે ખાતાનાં ઉપરીની મરજી ઉપર રાખેલું છે.

ગુન્હો બન્યા બાબતની ખબર વિશે.

૧૨૫. કોઈ પણ માજીસ્રેટે અથવા પોલીસ અમલદારે કોઇ પણ ગુન્હો બન્યા બાબતની કાંઈ પણ ખબર ક્યાંથી મેળવી તે કેહેવાને તે માજીસ્રેટને અથવા પોલીસ અમલદારને ફરજ પાડવી નહીં, તથા કોઈ પણ મુલકી અમલદારે સાર્વજનિક મેહેસુલ વિરૂદ્ધ કોઈ પણ ગુન્હો બન્યા બાબતની કોઈ પણ ખબર ક્યાંથી મેળવી તે કેહેવાને તે મુલકી અમલદારને ફરજ પાડવી નહીં.

આ કલમ સન ૧૮૮૭ ના આક્ટ ૩ જાથી સુધરી છે.

ટીકા—ચીફજસ્ટીસ ફ્રાયરે કહેલું છે કે "કેદી વિરૂદ્ધના પુરાવના સાચાપણા બાબત તકરાર કરવાને તમામ લાગ આપવો જોઈએ, એ સંપુર્ણ રીતે બરોબર છે. પરંતુ એ નિયમ બધે ઠેકાણે ચાલે છે કે ગુન્હા શોધી કાહાડવામાં રહેલી સાર્વજનિક હિતની એ અગત્યની વાત છે, માટે જે સખસોની મારફતે ગુન્હાનો પત્તો લાગતો હોય તેમને વગર જરૂરીયાતે ખુલ્લા પાડવા નહી."

રોજગારને સબંધે કહેલી વાત બાબત.

૧૨૬. કોઈ પણ બારિસ્ટર કિંવા અટરની કિંવા પ્લીડર કિંવા વકીલને, જે વાત તેને તેના અસીલે અથવા તેની તરફથી કોઇએ એવા બારિસ્ટરનું, કિંવા અટરનીનુ, કિંવા પ્લીડરનું, કિંવા વકીલનુ કામ કરવાને પ્રસંગે તથા કામ મજકુર કરાવવાને માટે કહી હોય, તે વાત પ્રગટ કરવાની પરવાનગી, અથવા કોઈ પણ દસ્તાવેજની સ્થિતિ કિંવા મજકુરથી તે પોતાના રોજગારનું

કામ કરવાને પ્રસંગે તથા કામ મજકુર કરવાને માટે વાકેફ થયો હોય તે સ્થિતિ કિંવા મજકુર પ્રગટ કરવાની પરવાનગી; અથવા એવું કામ કરવાને પ્રસંગે તથા કરવાને મા તેણે પોતાના અસીલને કાંઇ પણ સલાહ આપી હોય તે પ્રગટ કરવાની પરવાનગી, તેના અસીલની સ્પષ્ટ રજામંદી શિવાય કોઇ પણ સમયે આપવી નહીં.

પરંતુ આ કલમ માંહેના કોઈ પણ મજકુરને આધારે નિચે લખેલી વાત પ્રગટ થતી બચે છે, એમ સમજવું નહીં.

(૧.) કોઈ પણ એવી વાત હરકોઇ ગેરકાયદાનું કામ સાધવા સારૂ કહી હોય તે.

(૨.) હરકોઈ બારિસ્ટરનું કિંવા પ્લીડરનું કિંવા અટર્નિ કિંવા વકીલનુ કામ કરવાને પ્રસંગે બારિસ્ટર કિંવા પ્લીડર, કિંવા અટરની કિંવા વકીલ મજકુરના જોવામાં એવી હકીકત આવી હોય, કે તે ઉપરથી એમ માલમ પડે કે કામ મજકુર કરવું શરૂ કરયા પછી હરકોઈ ગુન્હો અથવા દગો થયો છે, તે હકીકત.

[illegible] વકીલના ધ્યાન ઉપર [illegible] કે નહીં તે કાંઇ જોવાની જરૂર નથી.

ખુલાસો.—આ કલમમાં જે ફરજ કહી છે તે સદરહુ કામ ઉપરથી બારિસ્ટર, કિંવા પ્લીડર, કિંવા અટરની, કિંવા વકીલ મજકુર દુર થયા પછી જારી રેહે છે.

દ્રષ્ટાંતો.

(**અ.**) **અ.** નામનો એક **અસીલ બ.** નામના એક અટરનીને કેહે છે કે "મેં ખોટો લેખ બનાવવાનો ગુન્હો કર્યો છે. મ્હારી ઈચ્છા એવી છે કે તમે મ્હારી તરફથી એ તોહમતનો જવાબ કરો."

ગુન્હેગાર જાણેલા માણસની તરફથી તોહમતનો જવાબ આપવો એ કાંઈ ગુન્હાનું કામ નથી, તેથી સદરહુ વાત પ્રગટ થતી બચે છે.

(**બ.**) **અ.** નામનો એક અસીલ **બ.** નામના એક અટર્નીને કેહે છે કે "એક બનાવટના લેખનો ઉપયોગ કરીને મ્હારે કોઇ મિલકતનો કબજો લેવાની ઇચ્છા છે. એ લેખ ઉપર તમે ફરીયાદી માંડો." આ વાત ગુન્હાનું કામ સાધવા સારૂ કહી તેથી તે પ્રગટ થતી બચતી નથી.

(**ક.**) **અ.** ના ઉપર ઉચાપતનું તોહમત છે. તેણે **બ.** નામના એક અટરનીને જવાબ આપવા રાખ્યો. મુકરદમાનું કામ ચાલતાના દરમીયાનમાં **અ.** ની હિસાબની ચોપડીમા એક રકમ દાખલ થયલી **બ.** ના જોવામાં આવી. એ રકમમાં ઉચાપતવાળી રકમ **અ** ના ઉપર લેહેણું બતાવી હતી, અને તે રકમ પોતે કામ લીધું તે વખતે તે ચોપડીમાં ન્હોતી.

આ હકીકત એવી છે કે તે **બ.** એ પોતાનું સદરહુ કામ કરવાને પ્રસગે જોઈ; અને તે ઉપરથી એવું માલમ પડે છે કે મુકરદમાનું કામ શુરૂ થયા પછી કાંઈ દગો થયો છે. સબબ એ હકીકત પ્રગટ થતી બચતી નથી.

ટીકા—આડવોકેટ અને સાલીસીટરોને આ કલમના નિયમ લાગુ પડે છે. ઈંગ્લંડમાં જેઓ બારિસ્ટર કેહેવાય છે તેઓને બીજા દેશમાં આડવોકેટ અને લાઇસેનસીએટ કેહે છે. પ્લીડર અને વકીલ વચે કાંઇ તફાવત નથી. હાલ જે હાયકોર્ટના પ્લીડરની પરીક્ષા લેવાય છે તેને બદલે સદરકોર્ટના વખતમાં વકીલની પરીક્ષા લેવામાં આવતી હતી.

અસીલના મરવાથી કાંઈ હકક બંધ પડતો નથી, પણ તે અસીલના તરફથી હકક પ્રાપ્ત થએલા બે સખસો વચે તકરાર હોય તો તે કામમા આ હકકનો દાવો તેમાંના એકનોજ છે, ને બીજાનો નથી એમ ઠરાવવું ગેરવાજબી છે, તેથી તે ગમે એવા અટર્ની કિંવા વકીલ વિગરેને શાહેદીમાં બોલાવી શકે છે.

વકીલને અસીલે કાંઈ વાત કહી હોય, દસ્તાવેજ બતાવેલો હોય, અગર સમજુતી આપી હોય, તે તમામનો આ કલમમાં સમાસ થાય છે. જે દસ્તાવેજ વકીલને રજુ કરવાને મનાઇ કરવામાં આવી હોય તે દસ્તાવેજના મજકુર બાબત કાયદાનો હિમાયતી મુખજુબાનીનો પુરાવ આપી શકે એ બરોબર નથી, તેણે અમુક દસ્તાવેજ જોયો હોય તો તે ઉપર સ્ટાંપ હતો કિંવા નહી તે તેમને પુછી શકાતું નથી, કારણ કે તે એક શરત છે.

એક કાયદાના હિમાયતીને કાંઈ વાત ભરૂંસાથી કહી હોય, અગર દસ્તાવેજ બતાવેલો હોય, પરંતુ કાંઈ અકસ્માત કારણથી તે હિમાયતીને રોકવામાં ના આવે તો, તે હકકવાળો વ્યવહાર નથી, એમ ઠરાવવામાં આવેલું છે, અને તેજ પ્રમાણે તે હિમાયતીને રોકતા પેહેલાં કાંઇ કેહેવામાં આવ્યું હોય અગર દસ્તાવેજ બતાવવામા આવેલો હોય તો છે.

એક પક્ષકાર પોતાના ધારાના હીમાયતીને તે બેઊની વચમા ભરૂંસાથી થએલો વ્યવહાર બાહાર પાડવાની ના કેહે, ત્યારે તે [illegible]
કારણ કે આ નિયમ સુનિતીના કારણસર [illegible]
આવે તો, તેને આપેલા આ હકકમાંથી હરકત થાય તેવી રીતે તેને બાતલ કરયો થાય છે.

કલમ ૧૨૬ દુભાષીયા વિગેરેને લાગુ છે. — ૧૨૭ કલમ ૧૨૬ મીમાં કહેલા નિયમો બારીસ્ટરોના તથા પ્લીડરોના, તથા અટરનીઓના, તથા વકીલોના દુભાષીઆ તથા કારકુનો કિંવા નોકરોને લાગુ પડે છે, એમ સમજવું.

ટીકા—પુરાવો એકઠો કરવાનું કામ અસીલ કરતાં સાલીસીટરની કાંઈ વધારે ફરજ નથી, તેમ કાંઈ ખબર મેળવવાને તે બંધાએલો નથી. પોતાની વતી તે કામ કરવા પોતાના કારકુનો અથવા બીજા નોકરોને તે કામે લગાડી શકે છે. અને જે નિયમના આધારે તેના કારકુન અગર નોકરે મેળવેલી ખબરનો એકસરખી રીતે બચાવ કરવામાં આવે છે તેજ કારણસર પક્ષકારોના પોતાના કારકુનોને આ નિયમ શા માટે લાગુ નહી પાડવો તે સમજાતું નથી.

પોતાની ખુશીથી કોઈ પક્ષકારે શાહેદી આપેથી હકક ઉઠી જતો નથી. — ૧૨૮. કોઈ દાવાનો પક્ષકાર પોતાનીજ દરખાસ્ત ઉપરથી અથવા બીજી રીતે તે ફરીયાદીમાં શાહેદી આપે, તો તેણે કલમ ૧૨૬ મીમાં લખ્યા પ્રમાણેની બાબતો પ્રગટ કરવાની રજામંદી તે ઉપરથી આપી એમ ગણવું નહી; અને કોઈ દાવાનો અથવા મુકદમાનો હરકોઇ પક્ષકાર એવા કોઇ બારીષ્ટર, પ્લીડર, અટરની કિંવા વકીલને શાહેદ તરીકે બોલાવે તો, તેણે સદરહુ પ્રમાણે પ્રગટ કરવાની રજામંદી આપી એમ માત્ર ત્યારેજ ગણવું કે, જ્યારે સદરહુ બારીષ્ટર, પ્લીડર, અટરની અથવા વકીલને એવી બાબતો વિશે તે સ્વાલ પુછે કે તે એવો સ્વાલ ન પુછત, તો તે બાબત તે બારિસ્ટર, પ્લીડર, અટરની કિંવા વકીલ પ્રગટ કરી શકત નહીં.

ટીકા—નાર્ટનસાહેબ કેહે છે કે પક્ષકાર પોતે પોતાની મેળે શાહેદી આપવાને તૈયાર થાય, અગર વકીલ બારીસ્ટરની સાક્ષી અપાવવાથી તે પોતાનો હકક ખોતો નથી.

[illegible] બોલાવવામાં પક્ષકારને પ્રતિબંધ નથી.
[illegible] વચે તથા તેના કાયદા સબંધી રોજગાર કર-

સલાહકાર સાથે ભરોંસાની વાત થઈ હોય તે બાબત.

નાર સલાહકારની વચ્ચે કાંઈ ભરોંસાની વાત થઇ હોય તે પ્રગટ કરવાને તે સખસને ફરજ પાડવી નહીં; પરંતુ તે સખસ શાહેદ તરીકે શાહેદી આપવા પોતાની મેળેજ ઉભો થાય, તો તેણે જે કાંઇ પુરાવો આપ્યો હોય, તે પુરાવાનો ખુલાસો કરવાને એવી જેટલી વાત જાણવાની કોર્ટની નજરમાં જરૂર જણાય તેટલી વાત પ્રગટ કરવાની તેને તે ફરજ પાડી શકાય છે, પણ બીજી વાત પ્રગટ કરવાની ફરજ પાડી શકાતી નથી.

ટીકા—વકીલની વચમાં ભરોંસાથી કાંઇ લખત અગર કાગળપત્રનો વ્યવહાર રજુ કરવામા આવે . . . . . માણે તે શાહેદીની સાક્ષીના . . . . . છે.

શાહેદના ખત કબાલા ગુજારવા બાબત.

૧૩૦. જે શાહેદ ફરીયાદીમાં પક્ષકાર નથી તેવા શાહેદને હરકોઇ મિલકતના પોતાના ખત કબાલા, અથવા જે દસ્તાવેજ ઉપરથી તે હરકોઇ મિલકત ઉપર ગીરોદાર તરીકે અથવા ઘરેણે રાખનાર તરીકે હકક રાખતો હોય તેવો હરકોઇ દસ્તાવેજ, અથવા જે દસ્તાવેજ રજુ કરવા ઉપરથી તે ગુન્હામાં આવે એવું હોય તે દસ્તાવેજ ગુજારવાને ફરજ પાડવી નહીં; પરંતુ જે સખસ એવા ખત રજુ કરાવવા માગતો હોય તે સખસ સાથે અથવા તે સખસ ઉપરથી જે સખસનો હકક ઉત્પન્ન થયો હોય એવા કોઇ સખસ સાથે સદરહુ શાહેદે ખત મજકુર ગુજારવાને લખાણ કરીને કબુલ કીધું હોય, તો સદરહુ પ્રમાણે ફરજ પાડી શકાય છે.

ટીકા—શાહેદીને ઘણુ કરીને તેના ખત કબાલા રજુ કરવાની ફરજ પાડી શકતી નથી. દસ્તાવેજ રજુ કરવાથી રજુ કરનાર સખસ ફકત દીવાનીરાહે જવાબદાર થતો હોય તો, તેથી તે રજુ કરવાની ના કેહેવાને તે કાંઇ વ્યાજબી કારણ છે એમ નથી.

જ્યાં શાહેદને તેના ખત કબાલા રજુ કરવાની ફરજ પાડી શકાતી ન હોય, ત્યાં તેને ખત કબાલા મજકુરના મજકુર વિશે જવાબ આપવાની ફરજ પણ પાડી શકાતી નથી.

. . . . . કલમ ૯૧ જોવી.

. . . . . પછી તેમના જાણવામાં આવેલી દસ્તાવેજની મતલબ પ્રગટ કરવા કલમ ૧૨૬ થી પ્રતિબંધ છે. પણ સાક્ષીએ દસ્તાવેજ કોર્ટમાં લાવવો જોઇએ, અને તે રજુ કરવાની હરકત બાબત જડજે નિશ્ચય કરવો જોઇએ.

કોઈ દસ્તાવેજો બીજા કોઈ સખસ પાસે હોત તો તે સખસને તે દસ્તાવેજ હાજર કરવાની ના કેહેવાનો હકક હોત એવા દસ્તાવેજ હાજર કરવા બાબત.

૧૩૧. કોઈ પણ સખસને તેના કબજામાંના એવા દસ્તાવેજો ગુજારવાની ફરજ પાડવી નહીં, કે તે દસ્તાવેજ, હરકોઈ બીજા સખસના કબજામાં હોત તો તે ગુજારવાની ના પાડવાનો તેનો હકક હોત; પરંતુ સદરહુ બીજો સખસ દસ્તાવેજો મજકુર ગુજારવાને રજામંદી આપતો હોય, તો સદરહુ પ્રમાણે ફરજ પાડી શકાય છે.

ટીકા—આ કલમમાં કહેલા દસ્તાવેજો જ્યારે એકના કબજામાંથી બીજાના કબજામાં જાય, ત્યારે તે બીજો સખસ પણ તે રજુ કરવા ના પાડી શકે છે. પણ તે બીજો સખસ રજુ કરવા ખુશી હોય તો કાંઈ હરકત નથી.

આ કલમ જે શાહેદો પક્ષકાર નથી તેમને માટે છે. જે પક્ષકાર હોય તે આવો વાંધો લેઈ શકતા નથી. પણ જે દસ્તાવેજો આખા કામને કોઇ રીતે લાગતા ના હોય તેવા દસ્તાવેજ રજુ કરવાની પક્ષકારને ફરજ પાડવા આ કલમ છુટ આપે છે, એમ કોઈ રીતે સમજવા [illegible]

અ [illegible]

અને એજંટોને પણ લાગુ પડે છે.

જવાબ દીધાથી ગુન્હામાં આવીશું એ સબબઉપરથી સાહેદને જવાબ દેવાની માફીઆપવીનહીં.

૧૩૨. હરકોઈ ફરીયાદીમાં, અથવા દિવાની કિંવા ફોજદારી કામમાં તકરારી બાબતને લગતી હરકોઇ બાબત વિશેના સવાલનો કોઈ શાહેદ જવાબ આપે, તો તે જવાબ તે શાહેદને ગુન્હામાં આણશે, અથવા તે જવાબ ઉપરથી પ્રત્યક્ષ કિંવા પરપરા સબંધે સાહેદ મજકુર ગુન્હામાં આવે [illegible] તોડવા [illegible] જફુર [illegible] ની ગુન્હેગારીને પાત્ર થાય એવું થશે, એવા સબબ ઉપરથી સદરહુ શાહેદને સદરહુ સ્વાલનો જવાબ આપવાની માફી આપવી નહીં.

શરત.

પરંતુ એવો જે જવાબ આપવાની શાહેદને ફરજ પાડવામાં આવી હોવ તે જવાબ ઉપરથી ખોટી શાહેદી આપવા બદલ તેના ઉપર જે ફોજદારી મુકદમો ચાલે તે શિવાય બીજો ફોજદારી મુકદમો તેના ઉપર ચલાવવો નહીં, કિવા તેને પકડવો નહીં, કિવા કોઇ પણ ફોજદારી કામમાં જવાબ મજકુર તેની વિરૂદ્ધ શાબિત કરવો નહીં.

ટીકા—પોલીસ અ [illegible] ન્હેગાર થાય તેવા જવાબ [illegible]

મી૦ નાર્ટનસાહેબ [illegible] દુસ્તાનના ફોજદારી કાયદ [illegible] તેજ કાયદાની કલમ ૧૯૩ માં શિક્ષા ઠરાવેલી છે.

મી૦ કનીંગહામસાહેબ કેહે છે કે શાહેદી આપવાને અથવા દસ્તાવેજ ગુજારવાની ના પાડનાર શાહેદ સન ૧૮૬૩ ના આકટ ૧૮ માની કલમ ૨૬ મુજબ નુકશાનના દાવાને પાત્ર છે.

માફીવાળા સાક્ષીઓની શાહેદી તે કેદીઓને ઓળખવાની બાબતમાં પ્રત્યંતરી પુરાવ નથી, સહકેદીઓની કબુલત જે તેમને ગુન્હામાં સામેલ ગણુવીની હોય તે માફીવાળા શાહેદને પ્રત્યંતરી તરીકે પુરાવ નથી. ઈ. લા. રી. ૧ મું. પાનું. ૪૭૫.

તોહમતવાળાની શાહેદી ગેરકાયદે માફ કરયા વિષે વિચાર કરવામાં આવ્યો છે. ઇ. લા. રી. ૧ મુ. પાનું. ૬૧૦

ગુન્હેગારના સોબતી બા-

૧૩૩. ગુન્હાના કામમાં તોહમતવાળા સખસનો સોબતી તોહમતવાળા સખસની વિરૂદ્ધ શાહેદી આપવાને લાયક છે; અને કોઇ ગુન્હો શાબિત

ય૧. કસ્બાનો ઠરાવ એવા સોબતીની વગર પુષ્ટીની શાહેદી ઉપરથી કરયો છે, એજ કારણને લીધે માત્ર સદરહુ ઠરાવ ગેરકાયદે છે, એમ સમજવું નહીં.

ટીકા—ગુન્હાના સોબતીની સ્થીતી બધે પ્રસંગે સરખી હોતી નથી. માટે બધા સોબતીઓની ત[illegible]

ગુન્હાના [illegible] કામમાં તેમનાં વિરૂદ્ધ ર [illegible]

ગુન્હાના સોબતીઓ હમેશાં સ્વાર્થી અને હલકામાં હલકા શાહેદો છે, તેમની જુબાની ફક્ત જરૂરીના કારણથી લેવાય છે, તેમ કરયા શિવાય મુખ્ય ગુન્હેગારોને ઈનસાફ આપવાને અસંભવિત થઇ પડે.

એક સખસ વિરૂદ્ધની કબુલાત હોય તેને પ્રત્યંતરી પુરાવની જરૂર નથી. પરંતુ મુદ્દાની બાબતમાં કલમ ૧૧૪ નુ બ. દ્રષ્ટાંત જોતાં મેળાપીની બાબતમાં પ્રત્યંતરી પુરાવ હોવાની જરૂર છે.

મારીઆપવા બાબત ક્રીમીનલ પ્રોસીજરકોડની કલમ ૩૩૭, ૩૩૮, અને કલમ ૩૫૯ જોવી.

તોહમુતવાળો સખસ એજ છે કે નહી, તે વિશે મેળાપીની સાક્ષીથી પુષ્ટી મળવી જોઇએ. ઈ. લા. રી. ૧ મું પાનું. ૪૭૫.

શાહેદોની સંખ્યા. ૧૩૪. હરકોઈ કામમાં હરકોઇ હકીકત સાબિત કરવાને સારૂ શાહેદોની અમુક સંખ્યા જોઈએ, એમ સમજવું નહીં.

ટીકા—નાર્ટનસાહેબ કેહે છે કે ઈંગ્લંડના કામન લા પ્રમાણે રાજદ્રોહના કામમાં બીજા કોઇ કામ પ્રમાણે કોર્ટ અથવા જ્યુરીને ભરૂસો રેહે તો, કાંઈ હકીકતની શાબેતી માટે એક સાક્ષીનો પુરાવો બસ ગણવામાં આવે છે.

મી० ક્નીંગસાહેબ કેહે છે કે ઈંગ્રેજી લા પ્રમાણે રાજદ્રોહના કામમાં બે સાક્ષીઓ- [illegible]

[illegible]

એક શાહેદીની સાક્ષી ઉપરથી ગુન્હાની શાબેતી ઠરાવવી તે જ્યારે કાંઈ ખાસ હકીકત હોય ત્યારેજ નિર્ભયતાથી ઠરાવી શકાય છે.

આ આકટ પૅસાર થતા પેહેલાં કાંઇ વાતની શાબીતીને માટે એક સાક્ષીની જુબાની કરતાં કાંઇ વિશેષ વાતની જરૂર હતી.

પુષ્ટી મળયા વગર એક શાહેદીની જુબાની જુઠી પ્રતિજ્ઞા કરયાનું શાબીત ગણવા માટે બસ નથી, કારણ કે તે બાબતમાં ઇંગ્લંડના નિયમ પ્રમાણે વહિવટ ચાલે છે. ૫ વી. રી. પાનું. ૨૬.

સહીના મુકાબલાથી હતી પુષ્ટી ગુન્હાની શાબેતી ગણવાને માટે બસ છે. ૫ વી. રી. ૯૮

એક બીજાથી વિરૂદ્ધ જુબાનીઓ શાહેદે આપી હોય તો, બેમાંની એક જુઠી છે, તેથી તેના ઉપર જુઠી સાક્ષી પુરયાનું કામ ચાલી શકે છે. ૮.૧ વી. રી. પાનું. ૭૨.

બાબ ૧૦ મો—શાહેદોની તપાસણી બાબત.

શાહેદ કેવે અનુક્રમે ગુજારવા. ૧૩૫. શાહેદો કેવે અનુક્રમે ગુજારવા તથા તેની શાહેદી કેવે અનુક્રમે લેવી, એ બાબત દિવાની તથા ફોજેદારી કામ ચલાવવાની રીત સ-

[illegible] તેની હવે અનુક્રમે [illegible] દી લેવી તે બાબત. અથી વખતો વખત જે કાયદો તથા વહીવટ હોય, તે મુજબ જેના તે કામ પક્ષ તથા વહિવટ પ્રમાણે અમલ કરવો, અને એવો કાંઇ કાયદો ન હોય તો કોર્ટની નજરમાં દુરસ્ત લાગે તેમ કરવું.

ટીકા—જે સ્ત્રી અગર પુરૂષને કોર્ટમાં હાજર થવાની ફરજ નથી અને માફી છે, તેમની શાહેદી કમીશનથી લેઇ શકાય છે.

પરંતુ આવી માફી ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદામાં નથી, સબબ જે સ્ત્રીને જાહેરાતમાં બાહાર ફરવાનો રીવાજ ના હોય તે સ્ત્રી કહેવામાં આવે છે એજ છે કે બીજી, એ વિશે પ્રથમ કોર્ટની ખાત્રી થયા પછી પાલખીમાં બેશી, કોર્ટમાં શાહેદી આપવાનો દાવો કરી શકે છે. પરંતુ તે પોતેજ છે એવી કોર્ટને પ્રથમથી ખાત્રી કરવી જોઈએ. ૧ બ. હા. રી. પાનું. ૬

સમન ખુદને પોહોચાડયા છતાં કોઈ સાક્ષી હાજર ના થાય અથવા તેનું માન્ય ન [illegible] ક્ટ ૧૦ માની ક્લમ ૯–૧૦ છે.
[illegible] આ તપાસવામાં આવે છે,
[illegible] જરૂર રહેલી છે.

ફોજદારી કામમાં સાક્ષીઓને તોહમતવાળાની અગર તેના એજંટની રૂબરૂમાં તપાસવા જોઇએ, પણ તોહમતવાળાના એજંટની રૂબરૂ ફક્ત જે કામો માજીસ્ટ્રેટની આગળ ચાલતાં હોય તે કામોમાં તપાસી શકાય છે, અને સેશનકોર્ટમાં તેમ થઇ શકતું નથી. ક્રીમીનલ પ્રોસીજરકોડની કલમ ૩૫૩ અને ૨૫૨ જોવી.

કોઇ બાબત કોર્ટની આગળ ગમે તેટલી વખત આવી ગઈ હોય, તોપણ દરેક પ્રસંગે તોહમતદાર જુદા જુદા હોય તો, પ્રોસીક્યુશનના સાક્ષીઓને દરેક વખતે નવેસરથી તપાસવા જોઈએ. ૨૨ વી. રી. પાનું. ૩૮

આગલ્યા સેશન જડજે જે પુરાવો લીધો હોય તે ઉપરથી પાછળ આવનારો સેશન જડજ તોહમતદારને શીક્ષા કરી શકે નહી. ૨૩ વી. રી. પાનું. ૫૯

પુરાવો લેવા યોગ્યછે કે નહીં તે વાત જડજે ઠરાવવી. ૧૩૬. જ્યારે હરકોઇ હકીકતનો પુરાવો આપવાનું હરકોઈ પક્ષકાર કહે ત્યારે જાહેર કરેલી હકીકત સાબિત થાય તો તે લગતી શી રીતે [illegible]
[illegible]
[illegible]
આ ન આવે તો તે લેવો નહીં.

જે હકીકત શાબિત કરી આપવાનું કેહેવામાં આવે તે હકીકત એવી હોય, કે કોઈ બીજી હકીકત શાબિત થાય તોજ માત્ર તેનો પુરાવો લેવાઇ શકાય, ત્યારે સદરહુ પ્રથમ કહેલી હકીકતનો પુરાવો આપતા પેહેલાં સદરહુ પાછળથી કહેલી બીજી હકીકત શાબિત થવી જોઈએ; પણ પક્ષકાર મજકુર એવી હકીકતની શાબિતી આપવાનું પોતાને માથે લે એ અને તે વિશે કોર્ટની ખાત્રી થાય તો તેમ થવાની જરૂર નથી.

એક જાહેર કરેલી હકીકત લગતી છે કે નહીં એ વાત બીજી જાહેર કરેલી હકીકત પ્રથમ શાબિત થએથી આધાર પડે એવી હોય, ત્યારે જડજની નજરમાં યોગ્ય જણાય

તે પ્રમાણે, સદરહુ બીજી વાત શાબિત કરતા પેહેલાં સદરહુ પેહેલી વાતનો પુરાવો આપવાની પરવાનગી આપવાને, અગર સદરહુ પેહેલી વાતનો પુરાવો આપતા પેહેલાં સદરહુ બીજી વાતનો પુરાવો આપવાનો હુકમ કરવાને જડજ મુખત્યાર છે.

દ્રષ્ટાંતો

(અ.) એક લગતી હકીકતુ વિશે એક જાહેર કરયા પ્રમાણે ગુજરી ગએલા સખસે કહેલો મજકુર શાબિત કરી આપવાનું કેહેવામાં આવ્યું છે. એ મજકુર કલમ ૩૨ મુજબ લગતો છે.

એ મજકુરનો પુરાવો, આપતા પેહેલાં, એવો પુરાવો આપવાનું કેહેનાર સખસે સ ...

(બ.) ... નકલવડે શાબિત કરી આપવાનું કેહેવામાં આવ્યું છે.

નકલ મજકુર ગુજારતા પેહેલાં તે નકલ ગુજારવાનું કેહેનાર સખસે સદરહુ અસલ દસ્તાવેજ ખોવાઈ ગયો છે તે શાબિત કરવું જોઈએ.

(ક) અ. ના ઉપર એ ... તોહમત છે.

માલ મજકુર ... ચોરી કીધો હતો, એવું શાબિત કરી આપવાનું કેહેવામાં આવ્યું છે.

ઈનકારની વાત લગતી છે કે નહીં, એ વાત ચોરીએ ગએલો માલ રજુ છે તેજ છે, એ વાત શાબિત થએથી માલમ પડે એવી છે. કોર્ટની નજરમાં યોગ્ય આવે તે પ્રમાણે કબજાનો ઈનકાર શાબિત કરતા પેહેલાં માલ મજકુર ચોરીએ ગએલો તેજ છે ... ચોરીએ ગએલો તેજ છે ... પરવાનગી આપવાને કોર્ટ મુખત્યાર છે.

(ડ.) અ. નામની એક હકીકત જાહેર કરયા પ્રમાણે એક તકરારી વાતનું કારણ અથવા ફળ છે. એ અ. નામની હકીકત શાબિત કરી આપવાનું કેહેવામાં આવ્યું છે. હકીકત અ. તકરારી હકીકતનું કારણ કિંવા ફળ છે એવું માની શકાય, તે પેહેલાં વચમાં દરમીયાન બ, ક, ડ. એવી ત્રણ હકીકત છે તે બનેલી છે એમ શાબિત કરવું જોઈએ, અ, ક, અથવા ડ. ... શાબિત કરવાની પરવાનગી આપવાને, ... પણ પેહેલાં બ. ક. તથા ડ. શાબિત કરવાનો હુકમ આપવાને કોર્ટ મુખત્યાર છે.

મુખ્ય તપાસણી. ૧૩૭. જે પક્ષકારે શાહેદને બોલાવ્યો હોય તે પક્ષકાર તે શાહેદને તપાસે, તેને મુખ્ય તપાસણી કેહેવી.

ઉલટ તપાસણી. સામો પક્ષકાર શાહેદને તપાસે તેને ઉલટ તપાસણી કેહેવી.

ફરી તપાસણી. ઉલટ તપાસણી થયા પછી જે પક્ષકારે શાહેદને બોલાવ્યો હોય, તે પક્ષકાર શાહેદને તપાસે તેને ફરીતપાસણી કેહેવી.

ઉપલી કલમમાં કહેલી ૧૩૮. શાહેદોની પ્રથમ મુખ્ય તપાસણી કરવી. પછી (જો સામા પક્ષકારની ઈચ્છા હોય તો) ઉલટ તપાસણી કરવી, અને ત્યાર બાદ (શાહેદને

તપાસણી કેવે (બોલાવનાર પક્ષકારની ઈચ્છા હોય તો) ફરી તપાસણી કરવી.

અનુક્રમે લેવી, તથા ફરીતપાસણીમાંપુછવું તે બાબત.

મુખ્ય તપાસણી તથા ઉલટ તપાસણી સગતી હકીકત બાબત હોવી જોઈએ, પણ ઉલટ તપાસણીમાં જે હકીકત શાહેદે મુખ્ય તપાસણીમાં લખાવી હોય તેજ હકીકત વિશે માત્ર સ્વાલ પુછવા એવી જરૂર નથી.

ઊલટ તપાસણીમાં જે બાબતોનો બોધ થયો હોય, તે બાબતનો ખુલાસો થવાના કારણુસર સ્વાલો ફરીતપાસણીમાં પુછવા; અને ફરીતપાસણીમાં કોર્ટની પરવાનગીથી કાંઇ નવી બાબત નિકળે, તો તે બાબત વિશે ફરી ઊલટ સ્વાલ પુછવાને સામો પક્ષકાર મુખત્યાર છે.

ટીકા—મુખ્ય તપાસણીમાં સાધારણ નિયમ પ્રમાણે શાહેદ પોતાની સ્વના માહેતી અને યાદદાસ્તમાં જે હકીકત હોય, તે બાબત ફક્ત શાહેદી આપી શકે છે, અને તે તપાસણીમાં જે હકીકત આપેલી હોય તેજ બાબતમાં ઊલટ સ્વાલ થઈ શકે છે.

ઉલટ તપાસમાં પણ જે હકીકતની તપાસ કરવી હોય તે લગતી જોઇએ, અને તે તપાસ કરવાની શક્તી, અને લાગ એ સચાઈ નક્કી કરવાને કાયદા પ્રમાણે મુખ્ય અજમાશોમાંની એક અજમાશ છે, અને જરૂર તે અજમાશ ઘણી અસરકાર્ક છે.

સાક્ષીની પોતાની હયાતીમાં આગળ જે જે વ્યવહાર તેણે કરેલો હોય તે તમામ કેહુવાની તૈયારી સાથે સાક્ષી કોર્ટમાં આવતો નથી. અને જ્યારે ખીનહરકતે ઇસ્યુવાળી બાબતની નહી પણ તેના જેવી બાબતની તપાસ કરવામાં આવે ત્યારે જેવો પુરાવ હોય તેવો લેવો જોઈએ, તે પુરાવ ઉલટાવી શકાતો નથી.

સાક્ષીની વર્તણુંક લાગતી હકીકત નથી, એમ કોઇ દીવસ થતું નથી, કારણ કે તેની શાહેદીનું [illegible]

ફરીતપાસ [illegible]

ઉલટ તપાસણીમાં કામને લગતી ગમે તે બાબતના સ્વાલ પુછી શકાય છે. મુખ્ય તપાસણીમાં પુછેલી વાતને વળગી રેહેવાની જરૂર નથી, તેજ પ્રમાણે આ કલમનો નિયમ બાંધવામાં આવ્યો છે. (૬ બ. લા. રી. ૮૮).

[illegible] ખોટી [illegible] શકાતી નથી. ૯ વી. રી. પાનું. ૫૮૭.

જ્યારે કાંઇ કામ પ્રતિવાદીની ગેરહાજરીના સબબથી એકતરફી ચુકવવામાં આવ્યું હોય, અને તેથી કરીને વાદીઓના શાહેદીની ઉલટ તપાસણી કરવાની તેને જોગવાઈ મળી ન્હોતી, તે કામ ફરી દાખલ કરવામાં આવ્યું, અને તેની સુનાવણી કરવામાં આવી. તેમા ઠરાવ્યું કે મુળ કોર્ટે વાદીના સાક્ષીઓને ફરી બોલાવવા જોઇતા હતા, અને તેની ઊલટ તપાસણી કરવાની પ્રતિવાદીને જોગવાઇ આપવી જોઈતી હતી. ૩ બં. લા. રી. પાનું. ૨૭૩

દસ્તાવેજ રજુ કરવાને કોઇ સખસને સમનથી

૧૩૯. જે સખસના ઉપર કાંઇ દસ્તાવેજ રજુ કરવાનો સમન થાય તે સખસે તે દસ્તાવેજ રજુ કરયો, એ હકીકત ઉપરથીજ માત્ર સખસ મજકુર શાહેદ બન્યો એમ સમજવું નહીં; અને તેને જ્યાં સુધી શાહેદ

મોહોય તે સખ્સ તરીકે બોલાવવામાં આવ્યો નથી ત્યાં સુધી તેની ઉલટ તપાસણી કરી શ-
કાતી નથી.

સાહેદની ઉલટતપાસણી બાબત.

ટીકા—કનીંગસાહેબ કેહે છે કે દિવાની કાયદાની કલમ ૧૬૪ પ્રમાણે દરેક સખસે દસ્તાવેજ રજુ કરવાને જાતેજ હાજર થવું જોઈએ, એમ જરૂર નથી. ગમે તે સખસ પાસે તે કોર્ટમા રજુ કરાવે એટલે તે રજુ કરાવનારે તે બાબતનો સમન્સ માન્ય કરેલો થાય છે.

દસ્તાવેજ રજુ કરવાથી શાહેદ થતા નથી, એવું આખું આ કલમ કેહે છે, માટે દસ્તાવેજ રજુ કરવાને સોગન આપતા નથી.

ચાલ ચલણ બાબતના શાહેદો બાબત.

૧૪૦. ચાલચલણ બાબતના શાહેદોની ઉલટ તપાસણી તથા ફરીતપાસણી કરી શકાય છે.

ટીકા—ફીલ્ડસાહેબ કેહે છે કે જે સાક્ષીઓને કેદીની ચાલ બાબતમાં બોલાવેલા હોય, તેમની કાંઈ ખાસ હકીકત હોવા શિવાય ઉલટ તપાસ થતી નથી, એવો વિલાયતમાં રીવાજ છે, પરંતુ તેવા શાહેદોની ઉલટ તપાસ નહી કરવી એવો કાંઈ પણ નિયમ નથી.

સુચક સ્વાલ.

૧૪૧. સ્વાલ પુછનાર સખસ જે જવાબ મળવાની ઈચ્છા રાખતો હોય અથવા આશા રાખતો હોય તે જવાબ જે સ્વાલ ઉપરથી નિકળી આવે તેવા સ્વાલને સુચક સ્વાલ કેહેવામાં આવે છે.

ટીકા—મી॰ નાર્ટનસાહેબ કેહે છે કે સુચક સ્વાલ પુછવા નહી, તેવા સ્વાલ પુછવાની બાબતમાં વારવાર જે હરકત લેવામાં આવે છે તેવી વારવાર હરકત બીજી કોઈ બાબતમાં લેવામાં આવતી નથી. તોપણ ઉપર બતાવેલા કામમાં લાર્ડ એલનબરોએ કહ્યું છે કે બીજી કોઇ હરકતો હમેશાં વધારે તુચ્છ નથી.

જે તમામ બાબત આરંભની હોય તે બાબતમાં સાક્ષીને સુચવવું તે બરોબર છે, પરંતુ તેવા સ્વાલ હરકતકારક છે કિવા નહી એનો આધાર હકીકત ઉપર રહેલો છે.

ઘણા સ્વાલ એવા હોય છે કે જેનો જવાબ 'હા' કે 'ના' ની અંદર આવે, છતાં પણ તે સુચક હોતા નથી, અને ઘણા એવા પણ હોય છે કે જેનો જવાબ 'હા' કે 'ના' ની અંદર ના આવે તે છતાં પણ તે સુચક હોય છે.

સુચકસ્વાલો ક્યારે પુછવા નહી.

૧૪૨. મુખ્ય તપાસણીમાં અથવા ફરીતપાસણીમાં સુચકસ્વાલ સામો પક્ષકાર હરકત લે તો, કોર્ટની પરવાનગી શિવાય પુછવા જોઈએ નહી.

જે બાબતો પ્રસ્તાવના રૂપે હોય અથવા બીનતકરારી હોય અથવા કોર્ટના અભિપ્રાયમાં પુરતી રીતે શાબિત થઈ ચુકી હોય, તે બાબતો વિશે સુચક સ્વાલો પુછવાની કોર્ટે પરવાનગી આપવી.

ટીકા—સુચક સ્વાલ પુછતાં વખતેજ હરકત લેવામાં ન આવતાં જડજની નોટમાં જવાબ લખી લેવામાં આવે, અને ત્યાર પછી તે જવાબ સુચક સ્વાલથી કાહાડવામાં આવેલો છે, એવી હરકત લેવામાં આવે તો, તે હરકત ઘણી મોડી લીધી થાય છે

એક પક્ષકારને સામો પક્ષકાર શાહેદ તરીકે બોલાવે, ત્યારે તેને મુખ્ય તપાસમાં હકક ના રીતે સુચક સ્વાલ પુછી શકાય છે. ૧૨ મુસ. ઈ. અ. પાનું. ૩૮૦

ક્યારે પુછી શકાય.

૧૪૩. ઉલટ તપાસણીમાં સુચક સ્વાલો પુછી શકાય છે.

ટીકા—અમેરીકાના કાયદા પ્રમાણે જે સાક્ષી તેને બોલાવનાર પક્ષકાર વિરૂદ્ધ અને ઉલટ સ્વાલ કરનાર પક્ષકારના તરફમાં માલમ પડે, તેને ઉલટ તપાસમાં સુચક સ્વાલ કરવા બંધ કરી શકાય છે, અને કોર્ટ પણ સુચક સ્વાલ પુછવાની મને કરી શકે છે.

જસ્ટીસ બુલરે કહ્યું છે કે "મુદ્દાનો જવાબ આપે તેટલે સુધી કોઈ શાહેદને દોરી લેઈ જઈ શકાય છે, પણ જે પ્રયત્ન કરવામાં આવ્યો હતો તે પ્રમાણે શાહેદોના મોઢામાં શબ્દો મુકવા નહી જોઈએ, કે જેથી તેજ શબ્દો પડઘા તરીકે પાછા મળે."

લખાણુથયલી બાબતો વિશે નો પુરાવો.

૧૪૪. હરકોઈ શાહેદની શાહેદી લેવાતી હોય તે દરમિયાનમાં તેને એવું પુછી શકાય છે કે જે કરાર કિંવા દાન કિંવા મિલકતની બીજી રીતની વ્યવસ્થા બાબત તે શાહેદી આપે છે, તે કરાર કિંવા દાન કિંવા મિલકતની બીજી રીતની વ્યવસ્થા, કોઇ દસ્તાવેજમાં લખેલી હોતી કે કેમ; અને જો તે એમ કેહે કે લખેલી હતી તો, અથવા જે દસ્તાવેજ કોર્ટના અભિપ્રાય પ્રમાણે રજુ થવો જોઈએ એવા હરકોઈ દસ્તાવેજના મજકુર વિશે તે સખસ કાંઈ વાત કેહેવા જતો હોય તો, સામો પક્ષકાર એવી હરકત લેવાને મુખત્યાર છે કે દસ્તાવેજ મજકુર રજુ થતાં સુધી અથવા જે હકીકતો શાબિત થયે સદરહુ શાહેદને બોલાવનાર પક્ષકારનો દસ્તાવેજ મજકુરનો દોયમ પુરાવો આપવાનો હકક થતો હોય, તે હકીકતો શાબિત થાય ત્યાંહાં સુધી એવો પુરાવો લેવો જોઈએ નહીં.

ખુલાસો.—દસ્તાવેજના મજકુર વિશે બીજા સખસોએ કહેલી વાત સ્વતઃ લગતી હોય તો તે વાતોની મુખજુબાની શાહેદી શાહેદ આપી શકે છે.

દ્રષ્ટાંત.

તકરાર એવી છે કે **અ.** એ **બ.** ના ઉપર હુમલો કીધો કે નહીં.

ક. એવી શાહેદી આપે છે કે **અ.** એ ડ.ને એવું કેહેતાં ક એ સાંભળ્યું કે "**બ.**એ કાગળ લખ્યો તેમાં મ્હારા ઊપર ચોરીનું તોહમત મુકયું છે, અને તેનું વેહેર હું લઈશ" આ વાત લગતી છે; કારણ કે હુમલો કરવાનો **અ.** નો શું હેતુ હતો તે તે ઉપરથી માલમ પડે છે; સબબ કાગળ વિશે કાંઇ પુરાવો આપવામા ન આવે, તો-પણ સદરહુ વાતનો પુરાવો આપી શકાય છે.

ટીકા—ફીલ્ડસાહેબ કહે છે કે જ્યારે દાખલ થવા લાયકનો હોય તેવો પુરાવો ગુજારવામાં આવે, અને તે બાબત પક્ષકારો હરકત લેતા હોય કે નહી, તોપણ જડજની ફરજ છે કે, જો તેમની નજરમાં આવે તો તેવો પુરાવો રજુ કરતાં તેઓ અટકાવી શકે.

પેસ્તરનાલખે લામજકુર બા બતઉલટતપા સણી.

૧૪૫. કોઈ શાહેદે પેસ્તર કાંઈ મજકુર લખેલો હોય, અથવા કહયો હોય તે લખી લેવામાં આવ્યો હોય, તથા તે તકરારી બાબતને લગતો હોય તો તે લખાણ તેને બતાવ્યા શિવાય અથવા શાબિત કર્યા શિવાય સદરહુ

હેલાં લખાણ મજકુરના જે ભાગો તેને ખોટા પાડવાના કામમાં લેવાના હોય,

તે ભાગો તેના લક્ષ ઉપર આણવા જોઈએ.

[illegible] લખી લેવા-
એલા [illegible] આવ્યું કે તે
મજકુરો વિષે ઊલટ તપાસણી થઈ શકે છે, અને માજીસ્ટ્રેટે તે પુછવાની ના પાડવામાં એક અગત્યની ભુલ કરી છે. (૧૧ મું. હા. રી. પાનું. ૧૨૦)

ઉલટ તપાસણીમાં કયા સવાલ પુછવા કાયદેસર છે.

૧૪૬. જ્યારે કોઈ શાહેદની ઉલટ તપાસણી લેવામાં આવે, ત્યારે આ આકટમાં ઉપર બોલ કરી ગયા પ્રમાણેના સવાલોની સાથે, જે સવાલોથી નીચે લખેલી બાબતોનો ખુલાસો થાય તેવા સવાલો પણ તેને પુછી શકાય છે.

૧. શાહેદ મજકુર સાચું બોલેછે કે નહીં તેની પરીક્ષા લેવા બાબત.

૨. તે કોણ છે તથા તેની સંસારમાં કેવી સ્થિતિ છે તે બાબત, અથવા.

૩. તેની ચાલ ચલણને હાનિ લગાડી તેના ઊપરનો ભરોસો નબળો પાડવા બાબત.

આવા સવાલોના જવાબ ઊપરથી પ્રત્યક્ષ કિંવા પરંપરા સબંધે શાહેદ મજકુર ગુન્હામાં આવે એવું થતું હોય, અથવા જવાબ મજકુર તેને દ્રવ્ય દંડને કિંવા કેદનો ડોળવાની ગુન્હેગારીને પાત્ર કરનાર હોય, અથવા તે ઊપરથી પ્રત્યક્ષ કિંવા પરંપરા સબંધે તે દ્રવ્ય દંડને કિંવા નાપરી તેવાના ગુન્હેગારને પાત્ર થાય એવું થતું હોય, તોપણ સ્વાલ મજકુર પુછી શકાય છે.

ટીકા—આ કલમ ઊલટ તપાસણીમાં (૧) સાક્ષીની સત્યતા, તેની સંસારીક સ્થિતી અને તેની આબરૂ એ ત્રણ બાબતોસર સ્વાલ પુછવાનું બતાવે છે. આ કલમમાં કહેલી બાબતો કામને લગતી હોય કે ન હોય તેની ચીંતા નહીં. જો લગતી હોય તો કલમ ૧૪૭ મુજબ ગુન્હામાં આણે તેવા સ્વાલના પણ જવાબ દેવા ફરજ છે, અને તેને ખોટો પાડવાનો પુરાવ લઈ શકાય છે જો તે સ્વાલો કામ સાથે લગતી બાબત વિશેના ના હોય તો તેનો [illegible]

[illegible] શકાય છે. [illegible] કલમ ૧૪૫ પ્રમાણે થઇ શકે છે. પણ પોલીસ અમલદાર પાસે શાહેદે કહેલો મજકુર લખી લેવામા આવેલો હોય તેનો ક્રી. પ્રોસીજરકોડની કલમ ૧૬૨ મુજબ તેહમતદાર ઉપયોગ કરી શકતો નથી, પણ તેવા મજકુરો વિશે આ કલમ મુજબ વજન ઘટાડવા સ્વાલ થઈ શકશી, અને કલમ ૯૧ પ્રમાણે પ્રતિબંધ થશે નહીં. ૨૫ મું. હા. રી. પાનું. ૧૨૦.

આ કલમ પ્રમાણે મુખ્ય તપાસમા અગર ફરીતપાસમાં સાક્ષીને કોર્ટની પરવાનગી સાથે સ્વાલ થઇ શકે છે.

કર્નાલ મહામસાહેબ કહે છે કે સાક્ષી ઊપરના ભરૂસા બાબત અસલકોર્ટે જે નિશ્ચય કરેલો હોય તે નિશ્ચય રદ કરવામાં અપીલકોર્ટે ઘણુંજ સાવધ રહેવું જોઈએ, કારણ કે તે બાબતમાં મજબુત અભિપ્રાય બાંધવાને અપીલકોર્ટ કરતાં અસલકોર્ટ ઘણી સારી સ્થીતીમાં હોય છે. માટે હકીકતના સંબંધતપાસણી ઊપર નજર રાખતાં અસલકોર્ટે ફેસલો આપેલો છે તે ખોટો છે, એવું સ્પષ્ટ રીતે માલમ પડે નહીં ત્યાં સુધી અપીલકોર્ટે અસલકોર્ટનો ફેસલો કબુલ કરવો જોઈએ.

શાહેદને જવાબ આપવાની ફરજ ક્યારેપાડવી.

૧૪૭. જો હરકોઈ એવો સ્વાલ દાવાને કિંવા કામને લગતી હોય તેવી બાબત વિશે હોય તો, કલમ ૧૩૨ મીમાં લખેલા નિયમો તેને લાગુ પડે છે.

સ્વાલ ક્યારે પુછવો અને તેનો જવાબ દેવાની શાહેદને ફરજ ક્યારે પાડવી તે કોર્ટે ઠરાવવું.

૧૪૮. એવો હરકોઇ સ્વાલ એવી બાબત વિશે હોય તે ઉપરથી શાહેદની ચાલ ચલણુને હાની પોહોચ્યાથી તેના ઊપરના ભરૂંસામાં અંતર પડે, તે શવાય બીજી રીતે તે બાબત દાવામાં કિવા કામમાં લગતી ન હોય, તો તે સ્વાલનો જવાબ દેવાની શાહેદને ફરજ પાડવી કે નહીં તે કોર્ટે ઠરાવવું, અને જો કોર્ટની નજરમાં યોગ્ય જણાય, તો સ્વાલ મજકુર નો જવાબ દેવાની શાહેદની ફરજ નથી એવી તે શાહેદને સુચના આપવાને કોર્ટ મુખત્યાર છે. સદરહુ મુજબ ઠરાવ કરતી વખતે નીચે લખેલી બાબતો ઉપર કોર્ટે ધ્યાન રાખવું.

(૧.) સદરહુ સ્વાલ જો એવા પ્રકારના હોય કે તે ઉપરથી જે આરોપ મુકવામાં આવતો હોય તે આરોપ જો સાચો પડે તો, જે બાબતની શાહેદ મજકુર શાહેદી આપતો હોય તે બાબતમાં તેના ઉપર ભરોંસો રાખવા સબંધીના કોર્ટના અભિપ્રાયમાં ભારે ફેર પડે, તો તે સ્વાલ મુનાસિબ છે એમ સમજવું.

(૨) સદરહુ સવાલ ઉપરથી જે આરોપ મુકવામા આવતો હોય તે એવા લાંબા કાળની બાબતો સબધીનો કિંવા એવા પ્રકારનો હોય કે, તે સાચો પડે, તો જે બાબતની શાહેદ મજકુર શાહેદી આપતો હોય તે બાબતમાં તેના ઉપર ભરોંસો રાખવા સબંધીના કોર્ટના અભિપ્રાયમાં ફેર પડે એવું ન હોય, કિંવા જુજ ફેર પડે એવું હોય, તો તેવા સ્વાલોને ગેરમુનાસબ સ્વાલ સમજવા.

(૩.) શાહેદની ચાલ ચલણુ ઉપરે જે આરોપ મુકવામાં આવે તેના ને ફેંસલાને [illegible] છે, તથા શાહેદ મજકુરની શાહેદી કેટલી અગત્યની છે, [illegible] કરતાં તે બેઊ વચે મ્હોટો અતર માલમ પડે, તો એવા સ્વાલ ગેરમુનાસબ જાણવા.

(૪.) શાહેદ જવાબ આપવાની ના કેહે તો, તે ઉપરથી કોર્ટની નજરમાં યોગ્ય જણાય તો એવી ધારણા કરવાને કોર્ટ મુખત્યાર છે કે, જવાબ આપ્યો હોય તો તે પ્રતિકુળ પડે.

ટીકા—આ કલમ પ્રમાણે કોર્ટને બે સત્તા છે. એક તો સ્વાલો પુછવાની મનાઇ કરવા ન કરવાની, અને બીજી સાક્ષી જવાબ આપવાની ના પાડે તે ઊપરથી અનુમાન કરવા ન કરવાની. આથી કરીને આ કલમ એવો સામાન્ય નિયમ બાંધે છે કે ગેરલગતી બાબતના સ્વાલના જવાબ આપવા શાહેદની ફરજ નથી.

શાહેદ કોર્ટનું માન રાખી કોર્ટમાં સાક્ષી પુરવા આવે તેટલા ઉપરથી તેની આગળની ખોટી બનેલી બધી વર્તણુંક જાહેરમાં લાવવાની નથી.

લજ્જા રહીત હુમલો અથવા બળાત્કાર સંભોગના કામમાં ફરીયાદ કરનાર ઓરતને એવો સ્વાલ પુછો શકાય નહી કે તારે પેસ્તર કોઇ માણસ સાથે સમાગમ થએલો કે નહી? કેમકે એ સ્વાલ મુદાનો વાતને લગતો નથી. ૧ લા. રી ક્રી. કે. પાનું. ૩૩૪.

યોગ્ય કારણ

૧૪૯. કલમ ૧૪૮ મીમાં બોધ કરયો છે તેવા સ્વાલ ઉપરથી જે

વગર સ્વાલ આરોપમુક્વામાં આવતો હોય, તે આરોપ સારા પાયા ઉપર છે એવું ધારવાને પુછવો નહીં. તે પુછનાર સખસને યોગ્ય કારણ ન હોય, તો તેવો સ્વાલ પુછવો મુનાસબ નથી.

દ્રષ્ટાંતો.

(અ.) એક બારીસ્ટરને એક અટરનીએ એવી સમજુત આપી કે એક અગત્યનો શાહેદ ડાકાઈટી કરનાર છે શાહેદ મજકુર ડાકાઈટી કરનાર છે કે શી રીતે તે તે શાહેદને પુછવાનું આ એક યોગ્ય કારણ છે.

(બ.) એક વકીલને કોર્ટમાંના એક સખસે ખબર આપી કે એક અગત્યનો શાહેદ ડાકાઈટી કરનાર છે. વકીલે તે ખબર આપનારને પુછપાછ કીધી તો પોતે કહેલી વાતનાં તેણે ખાત્રી લાયક કારણ બતાવ્યાં. શાહેદ મજકુર ડાકાઈટી કરનાર છે કે શી રીતે, એવું તેને પુછવાનું આ એક યોગ્ય કારણ છે.

(ક.) એક શાહેદને વિશે કશી વાત જાણ્યામાં નથી તેને વગર સાધને પુછયું કે તે ડાકાઈટી કરનાર છે કે નહી. આ સ્વાલ પુછવાને યોગ્ય કારણ નથી.

(ડ.) એક શાહેદને વિશે કશી વાત જાણ્યામાં નથી તેને પોતાની ઉપજીવિકાનાં સાધન શું છે, તથા ગુજારો શી રીતે કરે છે, તે બાબત પુછયું, તે ખાત્રી લાયક જવાબ આપતો નથી. એ સખસ ડાકાઈટી કરનાર છે કે શી રીતે એવું તેને પુછવાનું આ એક યોગ્ય કારણ ગણી શકાય.

ટીકા-યોગ્ય કારણ હોવાનું ક્યારે માનવું તેનો આ કલમના દ્રષ્ટાંતો સારી રીતે ખુલાસો કરે છે.

યોગ્ય કારણ વગર સ્વાલ પુછવામાં આવે ત્યારે કોર્ટે શું કરવું.

૧૫૦. જ્યારે કોર્ટનો અભિપ્રાય એવો હોય કે હરકોઇ એવો સ્વાલ યોગ્ય કારણ વગર પુછયો, ત્યારે જો તે સ્વાલ હરકોઇ બારીસ્ટરે અથવા અટરનીએ અથવા પ્લીડરે અથવા વકીલે પુછયો હોય, તો કામ મજકુર હકીકતનો રિપોર્ટ હાઈકોર્ટમાં, અથવા સદરહુ બારીસ્ટર કિંવા અટરની કિંવા પ્લીડર કિંવા વકીલ પોતાનું રોજગારનું કામ કરવાને પ્રસંગે જે અધિકારીને તાબે હોય તેને કરી મોકલવાને કોર્ટ મુખત્યાર છે.

ટીકા—કોઈ સખસની ચાલને હરકત લાગે તેવા સ્વાલ કોર્ટની રૂબરૂ જે બાબત લાગતી ના હોય તેમાં પુછવા નહી; પરંતુ તે પુછવા હોયતો તે બાબત અસીલ તરફથી લખેલી હકીકત મળેલી જોઇએ, અને જો કોર્ટની નજરમાં તે સ્વાલ અયોગ્ય લાગે તો તે લખેલી હકીકત કોર્ટ માગવી, અને તેવી હકીકત આપવી એ પેનલકોડ પ્રમાણે લાયબલનો ગુન્હો થયો સમજવો.

લજ્જા રહિત તથા નિંદા યુક્ત સ્વાલ.

૧૫૧. કોર્ટની નજરમાં જે સ્વાલ અથવા તપાસણી લજ્જા રહિત કિંવા નિંદા યુક્ત લાગે, તે સ્વાલ કિંવા તપાસણી કોર્ટની રૂબરૂ ચાલતી તકરારો સાથે કાંઈ લાગતી વળગતી હોય, તોપણ તે કરવાની મના કરવાને કોર્ટ મુખત્યાર છે, પરંતુ તે જો તકરારી હકીકતની સાથે સબંધ રાખતી હોય, અથવા તકરારી હકીકત હતી કે નહીં તે મુકરર કરવાને જાણવાની જરૂર હોય એવી બાબતો સાથે સબંધ રાખતી હોય, તો સદરહુ પ્રમાણે મના કરી શકાય નહી.

ટીકા—જો લજ્યા રહિત, અને નિંધા યુકત સ્વાલો મુદ્દાની હકિકત સાથે નિસ્બત

સમજતા હોય, અથવા મુદ્દાની હકીકત બની છે કે નહી, એ નક્કી કરવા માટે જે વાત જાણવાની જરૂર હોય તે વિશે ના હોય તો, તેવા સવાલો પુછવા કોર્ટ મને કરી શકતા નથી.

જે સ્વાલ અપમાન કરવા અગર મન દુખાવવાને કરવામાં આવ્યો હોય, અગર તે જરૂર વિના ખોટું લાગે તેવા રૂપમાં કરયો હોય તો, શાક્ષિના બચાવ સારૂ કોર્ટે વચે પડવું એ કોર્ટની ફરજ છે.

અપમાનકર વાના અથવા મનને દુઃખ ઉત્પન્ન કરવાના ઈરાદાથી કીધેલા સ્વાલ.

૧૫૨. કોર્ટની નજરમાં એવું આવે કે કોઈ સ્વાલ અપમાન કરવા ના કિંવા મનને દુઃખ ઉત્પન્ન કરવાના ઇરાદાથી કીધો છે, અથવા સ્વાલ મજકુર સ્વતઃ મુનાસબ હોય તોપણ કોર્ટની નજરમાં એમ આવે કે તેનું રૂપ વગર જરૂરે મન દુખવવા જેવું છે, તો તે સ્વાલ કોર્ટે કરવા દેવો નહીં.

ટીકા—મી૦ સ્ટીફનસાહેબ કેહે છે કે આ કલમનો હેતુ સાક્ષીઓની ચાલ ચલગતને નુકશાન કરી તેમની આબરૂને નુકશાન પોહોચાડવાના વિચારથી તેમને તપાસવામાં તમામ દરજ્જાના વકીલોની ફરજો વધારેમાં વધારે સહાઈથી મુકરર કરવાની છે.

શાહેદની સાચવટ જોવાના સ્વાલના જવાબ ખોટા પાડવાને પુરાવો આપવો નહીં.

૧૫૩. જ્યારે કોઈ શાહેદને કાંઈ સ્વાલ પુછયો હોય તથા તેનો તેણે જવાબ આપ્યો હોય, તે ઉપરથી તેની ચાલ ચલણને હાની પોહોચ્યાથી તેના ઉપરનો ભરોંસો નબળો થાય એટલોજ માત્ર સ્વાલ મજકુર થતી તજવીજમાં લગતો હોય, ત્યારે તે શાહેદને ખોટો પાડવા સારૂ કાંઈ પણ પુરાવો આપવો નહી. પણ તેણે જો ખોટો જવાબ દીધો હોય તો તેના ઉપર પાછળથી ખોટી શાહેદી આપવાનું તોહમત મુકી શકાય છે.

અપવાદ ૧ લો.—કોઈ શાહેદને એવો સ્વાલ પુછયો હોય કે તમારા ઉપર પેસ્તર કાંઈ ગુન્હો શાબીત થયો છે કે નહી, અને તેના જવાબમાં તે ના કેહે, તો પેસ્તર ગુન્હો શાબીત થયાની વાતનો પુરાવો આપી શકાય છે.

અપવાદ ૨ જો.—કોઈ શાહેદના [illegible]

સ્વાલ [illegible] ઈનકાર

દ્રષ્ટાંતો.

(અ.) એક વીમેદારના ઉપર દાવો થયો, તેના જવાબમાં તેણે દગાનો સબબ બતાવ્યો.
દાવેદારને એવો સ્વાલ પુછયો કે પેસ્તરના એક કામમાં તમે દગલબાજીનો દાવો કીધો હતો કે નહીં; દાવેદાર ના કેહે છે;
દાવેદાર મજકુરે એવો દાવો કીધો હતો તે બતાવવાને પુરાવો આપવા માંડયો.
એ પુરાવો લેવાઇ શકાતો નથી.

(બ.) એક શાહેદને એવો સ્વાલ પુછવામાં આવ્યો કે તમે કોઈ જગ્યોએથી અપ્રમાણીકપણાને સારૂ બરતરફ થયા હતા કે નહીં, શાહેદ ના કેહે છે.
અપ્રમાણીકપણાને માટે બરતરફ થયો હતો તે બતાવવાને પુરાવો આપવા માંડયો.
એ પુરાવો લેવાઈ શકાતો નથી.

(ક.) અ. એવું કેહે છે કે મેં અમુક દીવશે બ. ને લાહોરમાં દીઠો હતો.

અ. ને એવો સ્વાલ પુછયો કે તમે પોતેજ તે દીવસે કલકત્તામાં હતા કે નહીં.
અ. ના કેહે છે.

દિવસ મજકુરે અ. કલકત્તામાં હતો તે બતાવવાને પુરાવો આપવા માંડયો.
એ પુરાવો લેવાઇ શકાય છે. તેનું કારણ એ કે બ. તે દિવસે લાહોરમા જોવામાં આવ્યો હતો, એ વાત વિરૂદ્ધ તે ઊપરથી પુરાવો થાય છે. અ. ઉપરનો ભરોંસો ફગી થાય એવી હકીકત બાબતે અ. વિરૂદ્ધ પુરાવો થાય છે એ કારણ નથી.
અ. એ ના કહી તે ખોટી હોય તો સદરહુ દરેક વાતને સારૂ તેના ઉપર ખોટી શાહેદી આપવાનું તોહમત મુકી શકાય છે.

(ડ.) અ. ને એવો સ્વાલ પુછયો કે તમે બ. ની વિરૂદ્ધ પુરાવો આપો છો તે બ. ના કુટબને તથાં તમારા કુટબને માંહો માંહે હાડવેર ચાલુ આવે છે કે નહીં.
અ. ના કેહે છે. સ્વાલ મજકુર ઊપરથી તેના નિષ્પક્ષપાતીપણાને દોષ. પોહોચે એવું છે, એવા સબબથી તેને ખોટો પાડી શકાય છે.

ટીકા—શાહેદીના નિષપક્ષપાતીપણાને દોષ દેવા, જેમકે શાહેદ મુકદમાના એક પક્ષકાર ની વિરૂદ્ધ ખોટા શાહેદો ખડા કરવાની કોશીસ કરે છે.

પક્ષકારે પોતાનાજ શાહેદ ને પ્રશ્ન પુછવા બાબત.

૧૫૪. ઊલટ તપાસણીમાં સામા પક્ષકારથી પુછી શકાય એવા સ્વાલો કોઇ શાહેદને પુછવાની પરવાનગી તે શાહેદ બોલાવનાર સખસને કોર્ટને યોગ્ય લાગે તો, આપવાને કોર્ટ મુખ્તાર છે.

ટીકા—મી૦ કનીંગહામસાહેબ કેહે છે કે જે પક્ષકારે સાક્ષીને બોલાવેલો હોય તે, તે કોર્ટની પરવાનગી સાથે તે સાક્ષીની સાધારણ ખરાબ ચાલ બાબત તેને સ્વાલ કરી શકે છે, પણ ઈંગ્રેજી લો પ્રમાણે આવી પરવાનગી આપી શકાતી નથી.

એકાદા શાક્ષીએ માજીસ્ટ્રેટની રૂબરૂ જે હકીકત કહેલી હોય તેથી તે સેશનની તપાસમાં જુદી કેહે, તેજ ફક્ત કારણથી તે સાક્ષી અવશ્ય કરીને વિરૂદ્ધ દીલનો છે, એમ થતુ નથી.

શાહેદ ઊપર નાભરોંસા ઊપર દોષ આણવા બાબત.

૧૫૫. કોઇ શાહેદ ઉપરના ભરોંસાને નિચે લખેલી રીતીયોએ સામો પક્ષકાર, અથવા કોર્ટ પરવાનગી આપે તો, તે શાહેદને બોલાવનાર સખસ, દોષ આપી શકે છે.

(૧.) જે સખસો એવી શાહેદી આપે કે શાહેદ મજકુરને હમે પીછાનીએ છીએ, તે ઉપરથી હમે તેને ભરોંસાને પાત્ર માનત [illegible].

(૨.) પુરાવો આપવાને શાહેદ [illegible] છે, અથવા આપવા માંડેલું ત કબુલ કરવામાં આવ્યું, છે, અથવા તેને હરકાઇ બાજી અયોગ્ય લાલચ મળી છે, એવું શાબિત કરયાથી,

(૩.) શાહેદ મજકુરની શાહેદીના જે ભાગ વિરૂદ્ધ પુરાવો આપી શકાતો હોય, તે ભાગ પેસ્તર તેના કહેલી અથવા લખેલી વાતથી વિરૂદ્ધ છે એવું શાબિત કરયાથી;

(૪. જ્યારે કોઇ સખસના ઉપર બળાત્કાર સંભોગ કરવાને માટે, અથવા બળાત્કાર સ્ત્રી ગમન કરવાની કોશીસને માટે, ફોજદારી મુકદમો ચાલતો હોય, ત્યારે ફરીયાદ કરનાર ઔરત બહુ કરીને બદચાલની છે એવો પુરાવો આપી શકાય છે.

ખુલાસો.—અમુક શાહેદ ભરોંસાને પાત્ર નથી એવું કેહેનાર શાહેદ એ પ્રમાણે પોતાને માનવાનાં કારણો મુખ્ય તપાસણી વખત ન આપે, તો તે મુખત્યાર છે. પરંતુ ઉલટ તપાસણી વખતે કારણો મજકુર પુછી શકાય છે, અને તે જે જવાબ આપે તેની વિરૂદ્ધ પુરાવો આપી શકાતો નથી; પરંતુ જો તે ખોટો હોય તો તેના ઉપર પાછળથી ખોટી શાહેદી આપ્યાનું તોહમત મુકી શકાય છે.

દ્રષ્ટાંતો.

(**અ.**) કાંઈ માલ વેચીને **બ.** ને આપ્યો તેની કિમતને સારૂ તેના ઉપર **અ.** એ દાવો માંડયો.

ક. કહે છે કે માલ મજકુર મેં **બ.** ને સોંપી આપ્યો હતો.

પેસ્તર એક પ્રસંગે તેણે એવું કહ્યું હતું કે મેં માલ મજકુર **બ.** ને સોંપી આપ્યો નથી, એવું બતાવવાને પુરાવો આપવા માંડયો.

એ પુરાવો લેવાઈ શકાય છે.

(**બ.**) **અ.** ના ઉપર **બ.** નું ખુન કરયાનું તોહમત છે.

ક. કહે છે કે **બ.** એ મરતી વેળા એવું કહ્યું હતું કે જે જખમથી **બ.** મરી ગયો તે જખમ **અ.** એ મારયો હતો.

ક. એ પેસ્તર એક પ્રસંગે એવું કહ્યું હતું કે જખમ મજકુર **અ.** એ મારયો નથી, અથવા તેની રૂબરૂ મારવામાં આવ્યો નથી, એવું બતાવવાને પુરાવો આપવા માંડયો.

એ પુરાવો લેવાઇ શકાય છે.

ટીકા—ઉલટ તપાસ ફકત શાક્ષિ ઉપરનો ભરૂસો કમી કરવાનો ઈલાજ છે, એમ [illegible] ત્ર શાહેદોથી નાશાબેત થઇ શકે [illegible] રાખી શકતો નથી.

શાહેદ ઊપરના ભરૂસાને નીચેની ત્રણ રીતે દોષ લગાડી શકાય છે, એટલે કે ઉલટ [illegible]

[illegible]

મી० ટેલરસાહેબ કેહે છે કે શાક્ષી કાંઈ હકીકત વિશે શાક્ષી આપે અને એ હકીકતની વિરૂદ્ધ તેણે કામના ગુણ દોષ ઉપરથી પ્રથમ પોતાનો કાંઇક અભિપ્રાય બતાવ્યો હોય તો તે લગતો નથી, અને તેવો અભિપ્રાય બતાવ્યાનું પુછતાં ઈનકાર કરે તો, તેને ખોટો પાડવાનો પુરાવ આપી શકાય નહી.

લગતી હકીકતના પુરાવાને પુષ્ટી મળે એવા સ્વાલો પુછી શકાય છે.

૧૫૬. જ્યારે જે શાહેદની શાહેદીને પુષ્ટિ આપવાનો ઈરાદો હોય તે [illegible] ના અરસામાં બની તે જગોએ કિંવા જગોની પાસે અથવા તે વખતે કિંવા વખતના અરસામાં બની તે જગોએ કિંવા જગોની પાસે અથવા તે વખતે કિંવા વખતના અરસામાં બીજી કાંઇ વાત તેના જોવામાં આવી હોય તે શાબિત થએથી જો લગતી હકીકત વિશે શાહેદ મજકુર શાહેદી આપતો હોય તે લગતી હકીકત સબંધે શાહેદ મજકુરની શાહેદીને પુષ્ટિ મળશે એવો કોર્ટનો અભિપ્રાય હોય, તો તેવી વાત બાબત સદરહુ શાહેદને સ્વાલ પુછી શકાય છે

દ્રષ્ટાંતો.

અ. નામનો ગુન્હાના કામમાં ગુન્હેગારનો એક સોબતી પોતે જે અપહરણમાં સામિલ હતો તે અપહરણનો હેવાલ આપે છે. જે ઠેકાણે અપહરણ મજકુર બન્યું તે ઠેકાણે પોતાના ગયા આવ્યાના રસ્તા ઉપર અપહરણ મજકુર સાથે સુબંધ ન રાખતી કેટલી એક બીનાઓ બની તેનું તે બ્યાન કરે છે.

મુળ અપહરણ મજકુર બાબતના તેના પુરાવાને પુષ્ટી આપવા સારૂ સદરહુ હકીકતોનો ઇન્સાફદો પુરાવો આપી શકાય છે

ટીકા—મારી મળેલ ગુન્હાના સોબતીની જુબાનીને મુદ્દાની વાતના એટલે કે તોહમત રાખવામાં આવતા સખ્સને ગુન્હાના કાર્ય સાથે જોડી આપે એવા પુરાવાથી પુસ્ટી મળયા શિવાય ફક્ત સમય અથવા સ્થળના સબંધથી સદરહુ જાતની હકીકતો ગુન્હાની સાબીતી અર્થે જોઈએ તેવી પુસ્ટીકારક થઇ પડતી નથી. ૧૨ સ. વી. રી. પાનું ૧૫

શાહેદે પેસ્તર કહેલી વાત તેની પાછળની તેજ હકીકત વિશેની શાહેદીને પુષ્ટી આપવાને શાબિત કરી શકાય છે.

૧૫૭. કોઇ શાહેદની શાહેદીને પુષ્ટિ આપવા સારૂ તે હકીકત જે [illegible]

ટીકા—મી. સ્ટાર્કી કહે છે કે "શાક્ષિએ ઉલટી હકીકત જાહેર કરી હોય તેથી કાંતો [illegible]

કોઈ માણસે લુટાયા પછી [illegible] ટલું નુકશાન થયું. આ વાત [illegible]

કલમ ૩૨ કિંવા ૩૩ મુજબ લગતી વાતો શાબિત થાય તે સબંધે કેવી બાબતો શાબિત કરી શકાય છે.

૧૫૮. [illegible] હોય તે શાબિત થાય, ત્યારે તે વાતને ખોટી પાડવાને કિંવા તેને પુષ્ટિ આપવાને, કિંવા જે સખસે તે મજકુર કહ્યો અથવા લખ્યો હોય તે સખસના ઉપરના ભરોંસાને દોષ આપવાને કિંવા તે ભરોંસાને કાયમ કરવાને, જો સખસ મજકુરને શાહેદ તરીકે બોલાવ્યો હોત. અને તેણે ઉલટ તપાસણીમાં સુચવેલી બાબતના ખરાપણાની ના કહી હોત, તો જે બાબતો શાબિત કરી શકાત, તે બાબતો શાબિત કરી શકાય છે.

યાદદાસ્ત તાજી કરવા બાબત.

૧૫૯. કોઈ શાહેદને જે કાર્ય સબંધી સ્વાલ પુછ્યો હોય તે કાર્ય બન્યું તે વખતે શાહેદ મજકુરે પોતાને હાથે કાંઈ લખાણ કરયું હોય તે લખાણવડે, અથવા સદરહુ કાર્ય બન્યું ત્યાર પછી એટલા તો નજદીક વખતમાં કાંઈ લખાણ કર્યું હોય કે તે લખાણ કરતી વખતે કાર્ય મજકુર તેની યાદદાસ્તમાં તાજુ હતું એવો કોઈની નજરમાં સંભવ લાગે તો, તે લખાણવડે શાહેદ મજકુર શાહેદી આપતો હોય તે દરમ્યાનમાં, પોતાની યાદદાસ્ત તાજી કરી શકે છે.

એવું લખાણ હરકોઇ બીજા સખસે કર્યું હોય તથા તે શાહેદ મજકુરે ઉપર કહેલાવખતમાં વાંચ્યું હોય, અને તે ખરૂં છે એમ તે વાંચતી વખતે જાણતો હતો એવું હોય, તો તેવા લખાણને પણ શાહેદ મજકુર જોઈ શકે છે.

શાહેદ યાદદાસ્ત તાજીકરવા તેનકલ ક્યારે જોઈ શકે છે.

જે જે કામોમાં હરકોઈ દસ્તાવેજ જોઈને શાહેદ પોતાની યાદદાસ્ત તાજી કરી શકે છે, તે તે કામોમાં, કોર્ટની પરવાનગીથી એવા દસ્તાવેજની નકલ પણ તે જોઇ શકે છે; પરંતુ કોર્ટની ખાત્રી થવી જોઇએ કે અસલ દસ્તાવેજ રજુ ન થવાનું પુરતું કારણું છે.

કુશળ માણસો પોતાની યાદદાસ્ત પોતાના રોજગાર સંબંધીના ગ્રંથોવડે તાજી કરી શકે છે.

ટીકા.—આ કલમ પ્રમાણે શાહેદને કોઇ દસ્તાવેજ ઉપરથી કોઈ કાર્ય યાદદાસ્તીમાં લાવવાને છુટ છે, પણ તે દસ્તાવેજ તે કાર્ય વખતે અથવા ત્યાર પછી યાદદાસ્ત તાજી હોય એવે વખતે કરેલ હોય, તોજ તેમ થઈ શકે છે.

વળી જ્યારે શાહેદ કોઈ દસ્તાવેજ ઊપરથી કાંઈ કાર્ય યાદ કરે છે ત્યારે કલમ ૧૬૧ મુજબ તે દસ્તાવેજ સામો પક્ષકાર માગે તો રજુ કરી બતાવવો જોઈએ, અને તેની મરજીમાં આવે તો તે દસ્તાવેજ ઊપરથી યાદ કરેલી બાબતો વિષે ઉલટ પાલટ સવાલ પુછી શકે.

માત્ર યાદદાસ્ત તાજી કરવાને વાપરેલો દસ્તાવેજ પુરાવામાં લેવા યોગ્ય હોવો જોઈએ, એમ જરૂરનું નથી, એ પ્રમાણે જે દસ્તાવેજ સ્ટાંપની ખામી અથવા નોંધવાની ખામીને લીધે પુરાવામાં લેવા યોગ્ય ન હોય તે દસ્તાવેજ યાદદાસ્ત તાજી કરવા સારૂ વાપરી શકાય છે.

કલમ ૧૫૯માં કહેલા દસ્તાવેજમાં લખેલી હકીકતનો પુરાવો.

૧૬૦. કલમ ૧૫૯ માં કહેલા છે એવા હરકોઈ દસ્તાવેજમાં લખેલી હકીકત ખુદ તપસીલવાર શાહેદને યાદ ન હોય, તોપણ જો તેની ખાત્રી હોય કે દસ્તાવેજ મજકુરમાં તે બરાબર લખી હતી, તો તે હકીકતની શાહેદ મજકુર શાહેદી પણ આપી શકે છે.

દ્રષ્ટાંત.

કોઇ હિસાબ રાખનાર સખસે પોતાના રોજગારને પ્રસંગે નિયમ પુર્વક રાખેલા હિસાબ બરાબર ખરા રાખવામાં આવ્યા હતા એવું જો તે જાણતો હોય, તો તેમાં તેણે લખેલી હકીકતની શાહેદી સખસ મજકુર આપી શકે છે, અગર તેમાં દાખલ કરેલી અમુક લેવડદેવડની બાબતો પોતે ભુલી ગયો હોય તોપણ.

ટીકા.—દસ્તાવેજની યાદગીરીના ત્રણ વર્ગ છે: (૧) દસ્તાવેજ જોતાંજ તે વિશેની હકીકત તરત યાદ આવે (૨) દસ્તાવેજ વાચવાથી હકિકત બન્યાનું કાંઈ યાદ આવતું ના હોય, તોપણ શાહેદી એમ કહી શકે કે મેં તે હકીકત બરાબર લખાણમાં દાખલ કરી છે, (૩) દસ્તાવેજ ઉપરથી કાંઈ યાદ આવતુ ન હોય, પણ તેની એટલી ખાત્રી થતી હોય કે તે હકીકત ખરી ના હોય તો, તેણે પોતે લખી ના હોત.

મી૰ નાર્ટનસાહેબ કહેછે કે દસ્તાવેજ થયાની વાત તેની યાદગીરીમાંથી બીલકુલ જતી રહી હોય, પણ તે એમ કહી શકે કે જો બરાબર રીતે થયું ના હોત તો તેમાં તે પોતે શાખ કરે નહી.

યાદદાસ્તતાજી કરવાનાકામમાં લીધેલા દસ્તાવે

૧૬૧. છેલ્લી બે કલમો મુજબ હરકોઈ લખાણ જોવામાં આવ્યું હોય તે જો સામો પક્ષકાર માગે, તો તે હાજર કરવું જોઇએ, અને તે તેને બતાવવું જોઇએ; એવો પક્ષકાર પોતાની નજરમાં આવે તો, તે શાહેદ મ-

જ બાબત સા જકુરની તે બદલ ઊલટ તપાસણી કરી શકે છે.

સામા પક્ષકારના હક્ક બાબત.

ટીકા—મી૦ સ્ટાર્કી કેહે છે કે જો કે શાક્ષિને અમુક હકિકત યાદ ના હોય, તોપણ તેને મુખ્ય સ્વાલ થઈ શકતા નથી, પણ જરૂરસર તેની તપાસ થતી હોય તે દરમિયાનમાં તે પોતાની યાદદાસ્ત તાજી કરવાના કારણુસર અમુક દસ્તાવેજ વાંચી શકેછે, અગર તે બીજાને વાંચતા સાંભળી શકે છે. અને તે પ્રમાણે કરવાથી સદરહુ યાદદાસ્તથી તેની યાદગરી જુદી થાય, તોપણ તે પુરાવમાં દાખલ કરવા લાયક છે.

અસલ દસ્તાવેજ રજુ નહી કરવાનું કારણ ખાત્રીપુર્વક બતાવવામાં આવે નહી ત્યાં સુધી જે નિયમ છે કે સરસમાં સરસ પુરાવ રજુ કરવો જોઈએ, તે મુજબ તે અસલ યાદ જ રજુ કરવી જોઈએ, અને તેની નકલ રજુ થઇ શકતી નથી.

મી૦ નાર્ટનસાહેબ કેહે છે કે જ્યારે શાક્ષિની યાદદાસ્ત તાજી કરવાના કારણુસર કોઇ દસ્તાવેજ તેના હાથમાં આપવામાં આવે, ત્યારે સામા પક્ષકારના વકીલનો તે દસ્તાવેજ જોવાનો હક્ક છે. અને તે તમામ બાબતમાં તેનો ઉલટ તપાસ કરવાનો પણ હક્ક છે.

યાદદાસ્ત તાજી કરવા સારૂ જે લખાણ વાપરવામાં આવ્યું હોય, તે કારણથી તે પુરાવો થતું [illegible]

દસ્તાવેજ હાજરકરવાબાબત. [illegible]

દસ્તાવેજ રજુ કરવાને અથવા પુરાવામાં લેવા યોગ્ય ગણવાને હરકોઈ હરકત હોય, તોપણ તે જો તેના કબજામાં અથવા સત્તામાં હોય, તો તેણે કોર્ટમાં હાજર કરવો; એવી કાંઈ હરકત કાયદેસર બરાબર છે કે શી રીતે તે બાબત કોર્ટે ઠરાવ કરવો.

દસ્તાવેજ મઝકુર રાજ્યપ્રકરણ સંબંધી ન હોય તો કોર્ટની નજરમાં આવે તો તેને તપાસવાને, અથવા તે પુરાવામાં લેવા યોગ્ય છે કે નહીં તે ઠરાવી શકાય તેને માટે પુરાવો લેવાને, કોર્ટ મુખત્યાર છે.

દસ્તાવેજોનો તરજુમોકરવા બાબત. જો એવા કામ સારૂ કોઈ દસ્તાવેજનો તરજુમો કરાવવાની જરૂર હોય તો, તે દસ્તાવેજ જ્યારે પુરાવામાં ગુજારવાનો ન હોય ત્યારે, કોર્ટની નજરમાં યોગ્ય જણાએથી તેનો મજકુર ગુપ્ત રાખવાનો હુકમ તે તરજુમો કરનારને કોર્ટ કરી શકે છે, અને જો તે ભાષાંતર કરનાર તે હુકમ તોડે તો તેણે હિંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૬૬ મુજબનો ગુન્હો કીધો એમ સમજવું.

ટીકા—માલેકની તરફથી બીજા સખસની કબજામાં દસ્તાવેજ હોય તો, તે બેમાંથી દરેકના કબજામાં તે દસ્તાવેજ છે, એમ કહી શકાય છે.

એક પેઢીના ભાગીદારને તે પેઢીના તાબાનો દસ્તાવેજ રજુ કરવાને ફરજ પાડી શકાય છે. ઈ. લા. રી ૧ મુ. પાનું ૪૫૬.

યાદદાસ્ત તાજી કરવાના ધોરણ ઊપરથી કમીટીંગ મૅજીસ્ટ્રેટના રૂબરૂ સાહેદે આપેલી જુબાની સેશનકોર્ટ એ સાહેદને બતાવી પુછી શકે. અને તેમજ પોલીસે તજવીજના વખતમાં કરેલી નોંધ જો કે કાયદા પ્રમાણે પુરાવમાં દાખલ થવાને અયોગ્ય છે, તોપણ યાદદાસ્ત તાજી કરવાની બાબતમાં તેનો ઉપયોગ થઇ શકે છે.

દસ્તાવેજનોટિસકરીનેહાજર કરાવ્યોહોયતે તેપુરાવામાંગુજારવાબાબત

૧૬૩. જ્યારે કોઇ પક્ષકારે સામા પક્ષકારને કાંઇ દસ્તાવેજ હાજર કરવાની નોટીસ આપીને તે દસ્તાવેજ મગાવ્યો હોય, તથા દસ્તાવેજ મજકુર તે મુજબ રજુ થયો હોય અને મંગાવનાર સખસે તેને તપાસી જોયો હોય, ત્યારે જો દસ્તાવેજ રજુ કરનાર સખસ મંગાવનાર સખસને દસ્તાવેજ મજકુર પુરાવામાં ગુજારવાનું કેહે તો, તેને પુરાવામાં ગુજારવાની સદરહુ મંગાવનાર સખસની ફરજ છે.

ટીકા—મી૦ ટેલરસાહેબ કેહે છે કે એક પક્ષકારે સામા પક્ષકારને અમુક દસ્તાવેજ રજુ કરવાની નોટીસ આપે, અને તેથી તે સામો પક્ષકાર રજુ કરે, પણ નોટીસ આપનાર પક્ષકારને એવી રીતે તપાસે નહી કે, જેથી તેના મજકુરથી તે માહિત થાય તો, તે કામમાં તે દસ્તાવેજ પુરાવ થતો નથી.

નોટીસ ઉપરથી દસ્તાવેજ ગુજારવાની ના કહી હોયતે દસ્તાવેજ પુરાવામાં ગુજારવા બાબત.

૧૬૪. કોઈ દસ્તાવેજ રજુ કરવાની નોટીસ કોઇ પક્ષકારને મળી હોય તે પક્ષકાર તે દસ્તાવેજ રજુ કરવાની જો ના કેહે તો પાછળથી પક્ષકાર મજકુર દસ્તાવેજ મજકુરનો પુરાવાના કામમાં સામા પક્ષકારની રજામંદી શિવાય કિંવા કોર્ટના હુકમ શિવાય ઉપયોગ કરી શકતો નથી.

દૃષ્ટાંત.

કોઈ કરાર ઉપરથી અ. એ બ. ના ઉપર ફરીયાદી માંડી, અને તે કરાર રજુ કરવાની બ. ને નોટીસ આપી. તજવીજ વખત દસ્તાવેજ મજકુર અ. એ માગ્યો ત્યારે બ. એ તે રજુ કરવાની ના કહી, તે ઉપરથી તે દસ્તાવેજ મજકુરનો અ. એ દોયમ પુરાવો આપ્યો. બાદ તે પુરાવો ખોટો પાડવાને અથવા તેના ઊપર [illegible] નથી એવું બતાવવાને દસ્તાવેજ મજકુર અસલ રજુ કરવાની બ. ખાએસ રાખે છે; પરંતુ તે મુજબ તે કરી શકતો નથી.

ટીકા—મી૦ નાર્ટનસાહેબ કેહેછે કે જો સામાવાળાનો ગૌણ સુબત આપવાનો હક થયો હોય તો નકલ સાબેત કરવી, તેથી તે બંધનમાં છે.

આ કલમનો નિયમ આજ પ્રમાણે છે તફાવત એટલોજ છે સામો પક્ષકાર કબુલ કરે અથવા કોર્ટ હુકમ કરે તો, પછી એ દસ્તાવેજ રજુ કરવાને હરકત નથી.

સ્વાલ પુછવાનો તથા દસ્તાવેજ રજુ કરવાનો હુકમ કરવાનોજડજને કેટલોઅખત્યાર છેતે બાબત.

૧૫૫. લગતી હકીકતોની સાબિતી ખોળી કાઢવા સારૂ કિંવા તે મેળવવા સારૂ લગતી હોય કિંવા ન હોય તેવી હરકોઈ હકીકત વિષે જડજ [illegible] હરકોઈ રૂપે હરકોઇ વખતે હરકોઈ [illegible] પુછવાને જડજ મુખત્યાર છે; તથા [illegible] મુખ- [illegible] હરકત [illegible] બા- [illegible] પક્ષ-
કારોનો કિંવા તેના મુખત્યારોનો હક નથી.

પરંતુ એવું ઠરાવ્યું છે કે આ આકટમાં લગની ઠરાવેલી છે તેવી હકીકતો યોગ્ય રીતે સાબિત થઇ હોય. તેના ઊપર આધાર રાખીને ફેસલો કરવો જોઇએ.

અને વળી એવું પણ ઠરાવ્યું છે કે સામા પક્ષકારે સ્વાલ પુછ્યો હોય, અથવા દસ્તાવેજ મંગાવ્યો હોય, તો એકસો એકવીસથી એકસો એકત્રીસ સુધીની સદરહુ બેઉ કલમો સુદ્ધાંની કલમો મુજબ, જે સ્વાલનો જવાબ દેવાની અથવા જે દસ્તાવેજ રજુ કરવાની ના [illegible] દેવાની અથવા તેવો હર- [illegible] આ કલમ ઉપરથી જડજને [illegible]

તેમજ જે સ્વાલ કલમ ૧૪૮ અથવા કલમ ૧૪૯ મુજબ બીજા કોઈ સખસે પુછવો ગેરમુનાસિબ છે, તેવો કોઇ પણ સ્વાલ જડજે પુછવો નહી; તથા આ આકટમાં ઉપર અપવાદ આપ્યા છે તે શિવાય બીજા કામોમાં હરકોઇ દસ્તાવેજનો અવલ પુરાવો ગુજારવાની તેણે માફી આપવી નહીં.

ટીકા—આ કલમ ઘણીજ અગત્યની છે. મી૦ ફીલ્ડસાહેબ કેહે છે કે આ કલમના ઠરાવો કેટલીક બાબતમાં અંગ્રેજી વિચારો સાથે કેટલેક દરજ્જે મળતા નથી, તોપણ હિંદુસ્તાનમાં ઈલાકાના શેહેરોની બાહાર જે સ્થીતી છે તેને બલકુલ સુગમ પડે તેવા છે.

આ કલમ દિવાની અને ફોજદારી બેઊ પ્રકારના કામને લાગુ છે, પણ ફોજદારી કામમાં ક્રી. પ્રો. કોડની કલમ ૨૫૮ મુજબ અગાઊ પુરાવો સેશનકોર્ટ દાખલ કરવા ના દે, પણ તેવો નિયમ દિવાનીમાં સ્પષ્ટ નથી.

[illegible]

ચારથી સ્વાલ કરે તો, તે સ્વાલોનો જવાબ દેવાને, શાક્ષી બંધાએલો નથી, અને તે જવાબ નહી દેવાથી પેનલકોડની કલમ ૧૭૯ પ્રમાણે તેને શીક્ષા થઇ શકતી નથી. ઇ. લા. રી. ૧૦ મું. ૨૮૫.

જ્યુરીના અથવા આસેસરના સ્વાલ પુછવા બાબત.

૧૬૬. જ્યુરી અથવા આસેસરોથી થતી તજવીજના કામોમાં, જે સ્વાલો જડજ પોતે પુછી શકે છે, તથા જે સ્વાલો તેને યોગ્ય લાગે, તેવા હરકોઇ સ્વાલો જ્યુરી અથવા આસેસર મજકુર શાહેદોને જડજ મારફત અથવા જડજની રજાથી પુછી શકે છે.

બાબ ૧૧ મો.

નહીં લેવા [illegible] યોગ્ય [illegible]

લેવાયોગ્ય પુરાવો નહીં લીધો હોય અથ

૧૬૭. જ્યારે નહીં લેવા યોગ્ય પુરાવો લીધો હોય, અથવા લેવા યોગ્ય પુરાવો નહીં લીધો હોય, ત્યારે જે કોર્ટની રૂબરૂ એ બાબત હરકત ઊઠાવવામાં આવી હોય, તે કોર્ટની નજરમાં જો એમ આવે કે હરકતવાળા લીધે-

બાતલી લેવાયેલા આ પુરાવોની બાહોય તેટલા અગ મઉપરથી ફરીતઃ/વાજ નો હુકમ કરવો નહીં.

લા પુરાવા શિવાય ઠરાવ મજકુર ટકાવને જોઈએ પુરાવો જોઈએ તેટલો પુ- રાવો [illegible] ફેર પડ્યા [illegible] ટલાજ [illegible] કામનો કુરકોઈ ઠરાવ રદ કરવો નહીં.

ટીકા—આ કલમનો નિયમ દિવાની તેમ ફોજદારી કામોને એકસરખી રીતે લાગુ પડેછે. (ઇ. લા. રી. ૧ ક. પાનું. ૨૦૭), તેમજ હાયકોર્ટમાં જે જે કામનો ઇનસાફ જ્યુ- રીથી થાય છે, તેવા કામોને પણ [illegible] રી. પાનુ. ૩૫૮

જો પુરાવ અયોગ્ય રીતે [illegible] છોડી દેવામાં આ- વેલો હોય, તોપણ જે પુરાવ દફતરમાં હોય તે અસલકોર્ટના ઠરાવને પુક્ત રીતે ગ્રહણ ક- રતા હોય તો, અપીલકોર્ટે તે ફેરાવવો નહીં જોઈએ. ૧૫ મુંબ. ઈ. અ. પાનું. ૩૨૫

નીચેના બેઉ કોર્ટો મળતા આવ્યા હોય, પછી અગત્યની શાહેદીઓની જુબાનીઓ અ- વલકોર્ટે લક્ષમાં લીધી ના હોય, તોપણ પ્રીવીકૌંસીલ તેમાં હાથ ઘાલતા નથી. ૮ મું. જ્યુરી. પાનું. ૧૦૩, ૧૪૯

નીચલી કોર્ટોએ યોગ્ય રીતે નહી લેવા યોગ્ય પુરાવો લીધેલો, તેથી જુડીશીયલ કમીટીએ બધો પુરાવો તપાસ્યો, અને નહી લેવા યોગ્ય પુરાવો લીધા શિવાય નીચલી કોર્ટોનો ઠરાવ કરવાને જેટલો પુરાવો જોઇએ તેટલો પુરાવો હતો, એવી તેમની ખાત્રી થવાથી તેમણે અ- પીલ નામંજુર કરી. ૧૪ મુંસ. ઈ. અ. પાનું. ૮૬

શાહેદો ઉપર ભરૂંસો રાખવાના સંબંધમાં અવલકોર્ટે કહેલું અનુમાન નામંજુર કર- વામાં અપીલકોર્ટે ઘણી સાવધાની રાખવી જોઇએ. આ બાબત પાકો અભિપ્રાય બાંધવાને અપીલકોર્ટ કરતાં અવલકોર્ટ ઘણી વધારે સારી સ્થિતિમાં છે, અને મુકદમામાં અમુક કફીયતને લાગુ પડતી સંભવ વાતો ઉપરથી, ખુલ્લી રીતે સ્પષ્ટ માલમ પડે કે અવલકોર્ટે ગેરવ્યાજબી કર્યું છે તે શિવાય તે બાબતઉપર અવલકોર્ટનો ફેંસલો અપીલકોર્ટે મંજુર રાખવો જોઈએ. ૬ મુંસ ઇ. અ. પાનું ૨૭

સાર મેળવેલાં છે.

નંબર તથા સાલ.	નામ.	કેટલો રદ કર્યો.
ત્રીજા જાર્જના રાજ્યના ૨૬ મા વર્ષમાં થયેલા સ્ટેટ્યુટનો બાબ ૫૭	ઇસ્ટઈંડિયાનાં બનેલા અમુક ગુન્હાના તોહમતવાળા સખ્સોની તજવીજમાં જાસ્તી નીયમો બાબતનો, હાલના મહારાજાના રાજ્યના ૨૪ મા વર્ષમાં થયલા ઇસ્ટ ઈંડિયાકંપનીનું તથા હિંદુસ્થાન માંહેલા બ્રિટિશ સરકારના તાબાના મુલકના [illegible] કર્યા બાબતનો કાયદો.	કલમ ૩૮મીનો જેટલો ભાગઇસ્ટ ઈંડિયામાંની ઇનસાફની કો- [illegible]
વિક્ટોરીયાના રાજ્યના ૧૪ મા તથા ૧૫ મા વર્ષમાં થયલા સ્ટેટ્યુટનો બાબ ૯૯	પુરાવાનો કાયદો સુધારવા બાબત..........................	કલમ ૧૧મીનો તથા કલમ ૧૯ મીનો જેટલોભાગ ઇસ્ટ ઇંડિયાને વિશે છે તેટલો ભાગ.
સન ૧૮૫૨ નો ૧૫ મો.	પુરાવાનો કાયદો સુધારવા બાબતનો આક્ટ	[illegible] ભાગ.
સન ૧૮૫૩ નો ૧૯ મો	બંગાળ ઈલાકામાં ઈસ્ટ ઈંડિયા કંપનીની કોર્ટોના પુરાવાનો [illegible]	કલમ ૧૯મી.
સન [illegible] આક્ટ [illegible]	[illegible] સુધારવા બાબતનો આક્ટ	જેટલો ભાગ હાલ પેહેલાંરદ થયો નથીતેટલો ભાગ.
સન ૧૮૬૧ નો ૨૫ મો આક્ટ.	બાદશાહી ફરમાનથી સ્થાપવામાં આવેલી નહી એવી ફોજદારી કોર્ટોનું કામ ચલાવવાની રીત સેહેલી કરવા બાબતનો આક્ટ.	કલમ૨૩૭મી.
સન ૧૮૬૮ નો ૧ લો.	સન ૧૮૬૮ નો સામાન્ય કલમોનો આક્ટ..................	કલમ ૭મી તથા ૮ મી.

હ. સ. કનીંગહામ,

ગવરનર જનરલની કાયદા અને કાનુ કરવા સારૂ જે કૌંસીલ તેના આફીશિએટીંગ સેક્રેટરી.

(True Translation.)